૬. ભવનમાં કામ કરતા શિક્ષકો પોતે પીએચ.ડી. થવા માગતા હોય, પણ આપણી યુનિવર્સિટીમાં તેમના વિષયને માટે માન્ય 'ગાઈડ' હયાત ન હોય તો મુશ્કેલી પડે છે અને પીએચ.ડી.નો અભ્યાસ કરી શકાતો નથી. આવી સ્થિતિમાં યુનિવર્સિટી બહારના ક્ષેત્રમાંથી પણ ત્યાંના માન્ય 'ગાઈડ' હોય તેમનો સંસર્ગ સાધીને યુનિવર્સિટીના અધ્યાપકો પોતાનું પીએચ.ડી. કામ કરી શકે છે તે નિયમ તરફ અમે ધ્યાન દોર્યું હતું. તેના જવાબમાં અમને એવી મુશ્કેલી બતાવવામાં આવી કે, આવા શિક્ષકો પોતાને ત્યાંના જ વિદ્યાર્થીઓને માટે રોકાઈ રહેલા હોય છે તથા ભાગ્યે જ બહારનું કામ લેવા તત્પર થાય છે. આ સંજોગોમાં શું કરવું તે સવાલ જરૂર ઊભો થાય છે. આવા વ્યક્તિગત કેસ હોય તેમણે પોતાની વિશિષ્ટ સ્થિતિ બતાવીને યુનિવર્સિટી પાસે રાહત માગવી જોઈએ એ જ માર્ગ બાકી રહે છે. આ પ્રશ્ન અમે સિન્ડિકેટના ધ્યાન પર લાવીએ છીએ.

૭. અમને જણાવવામાં આવ્યું કે, આંકડાશાસ્ત્રનો વિભાગ આવતા વર્ષથી ગણિત ભવનના ભાગ તરીકે આ ભવનમાંથી તે ભવનમાં લઈ જવામાં આવશે. આજે સમાજવિદ્યાઓનું ખેડાણ, સંશોધન વગેરે જે રીતે થાય છે તે જોતાં, આંકડાશાસ્ત્ર આ ભવનનો પણ એક મહત્ત્વનો ભાગ છે તેમાં શંકા નથી. એમ કહીએ તો ચાલે કે 'એપ્લાઇડ' આંકડાશાસ્ત્રનો વિભાગ સામાન્ય રીતે આ ભવનમાં જરૂરનો ગણાય, જોકે એક વિદ્યા તરીકે તે ગણિતવિદ્યાનો ભાગ છે તેમાં શંકા નથી. ભવનમાં સંશોધન વગેરેનું કામ થાય તેમાં અમુક કક્ષાએ અમુક આંકડાશાસ્ત્રનું કામ અને તેની જરૂરિયાત ઊભાં થાય જ છે. આ સગવડ ભવન પાસેથી જઈ, તેના ભાગ તરીકે ન રહે તો, બીજું કાંઈ નહિ તોપણ કામમાં વિલંબ તો પડે જ. સંશોધન અંગે આવા વખતે તે તે અધ્યાપકોએ અવારનવાર મળીને પણ કામ કરવાનું જરૂરી બને છે. આંકડાશાસ્ત્રનો વિભાગ જુદા ભવનની વ્યવસ્થામાં જાય તો આવાં કારણોથી અમને મુશીબત પડશે એ પ્રકારની રજૂઆત ભવનના સ્ટાફે અમારી આગળ કરી હતી. અમને લાગે છે કે, અમુક જાતની તકલીફ જરૂર અહીં બતાવી શકાય, પરંતુ ગણિત ભવન પણ યુનિવર્સિટી 'કૅમ્પસ' પર સાથે જ છે, તેથી એમાં કાંઈક ઘટાડો થતો માનવો જોઈએ. એટલે એમ કરવું રહ્યું કે, આંકડાશાસ્ત્રને અંગે ગણિત ભવન અને સમાજવિદ્યા ભવન, કોઈક રીતે, ભેગાં મળીને વ્યવસ્થા કરી લે એવો બંદોબસ્ત વિધિસર થવો જોઈએ. અમારી ભલામણ છે કે, આ બાબતમાં જે તકલીફ ભવન તરફથી અમને વર્ણવી બતાવવામાં આવી તે અંગે, નવી ગોઠવણી થાય ત્યારે કાંઈક સમાધાનકારક રસ્તો યોજવો જોઈએ.

૮. ભવનના કામકાજમાં અધ્યાપન ઉપરાંત, મહત્ત્વનું કામ સંશોધનની પ્રવૃત્તિ ગણાય છે, અને ભવન સામાન્ય શિક્ષણના કામ ઉપરાંત, સંશોધનમાં પણ યોજનાપૂર્વક કામ કરે એ આવશ્યક અને તેના માટે શોભારૂપ પણ મનાય છે. આ બાબતમાં પણ અમે ભવનના અધ્યક્ષ તથા સ્ટાફ જોડે લંબાણથી ચર્ચા કરી હતી. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા નિરીક્ષણમાં પણ આ વિષે અમે સામાન્યપણે કેટલીક બાબતો નોંધી છે કે જે અહીં પણ લાગુ પડે છે. ભવનમાં અત્યારે સંશોધન અંગે જે કામકાજ ચાલે છે તેનો અધ્યાપકવાર અહેવાલ અમને મળ્યો છે તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨ તરીકે) * અમે જોડી આપ્યો છે. આ કામ દરેક અધ્યાપક પોતાની અંગત રુચિ અને ઇચ્છા પ્રમાણે અંગીકાર કરે છે અને તે પોતાની રીતે આગળ ચલાવે છે. ભવન તરફથી અને સમયરૂપે કરવાના કામ તરીકે કોઈ યોજનાબદ્ધ સંશોધન-કાર્યક્રમ હોતો નથી. આજે આપણા દેશના યુનિવર્સિટીઓમાં સંશોધનનું કામ આ ઢબે જ મુખ્યત્વે ચાલે છે.

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા રિપોર્ટમાં સંશોધનકાર્યને ત્રણ ભાગમાં અમે વહેંચી બતાવ્યું છે તે અહીં ફરીથી લખવાની જરૂર નથી. આ ભવનના અધ્યક્ષે બીજા દૃષ્ટિબિંદુથી સંશોધનકાર્યને નીચેની ત્રણ રીતોમાં વહેંચી શકાય એવું અમારી આગળ જણાવ્યું :

(૧) કોઈ પણ મુદ્દાનું, તપાસ કે સરવેની દૃષ્ટિએ કરાતું તપાસકાર્યની ઢબનું સંશોધન;

(૨) મુખ્યત્વે ગ્રંથાલયની મદદથી દસ્તાવેજી આધારે અભ્યાસ કરીને રજૂ થતું પ્રબંધની ઢબનું સંશોધનકાર્ય; અને

(૩) કોઈ વિદ્યાના પ્રશ્નનું મૌલિક સંશોધન.

આ વર્ગીકરણ નોંધપાત્ર છે. પહેલા પ્રકારનું કામ ભવનમાં 'ટીમ વર્ક' તરીકે અને આયોજનપૂર્વક ઉપાડી શકાય એવું છે. કાંઈક અંશે બીજા પ્રકારનું કામ પણ એ ઢબે યોજવાનું શક્ય હોય. ત્રીજા પ્રકારનું કામ એવું છે કે, જ્યાં સંશોધનની અંગત કામગીરી પ્રસ્તુત બને છે. એટલે અમે ભવનના અધ્યક્ષને એમ સૂચવ્યું કે, ભવન અધ્યાપન ઉપરાંત સંશોધનની પણ સંસ્થા છે, તથા અધ્યાપકો પાસે રોજ એક-બે સમયના અધ્યાપનકામ પછી અભ્યાસ તથા સંશોધન માટે નવરાશ પણ હોય છે. એટલે ભવને એક સંશોધન સંસ્થા તરીકે સંશોધન માટે વ્યવસ્થિત કાર્યક્રમ પણ યોજવા જોઈએ. ભવનના અધ્યક્ષે આ વસ્તુ વિચારવા જેવી છે એમ કહીને જણાવ્યું કે, આ અંગે આગળ ઘટતી યોજના કરીશું.

૯. ભવનની જુદી જુદી વિદ્યાશાખાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે તેના ૧૯૬૦, ૧૯૬૧ અને ૧૯૬૨ના ત્રણ વર્ષના ક્રમિક કોઠા આ સાથે (પરિશિષ્ટ ૩ માં) * આપ્યા છે તે જોતાં જણાય છે. ૧૯૬૦-૬૧માં જુનિયર-સીનિયર એમ.એ. થઈને કુલ ૧૫૮, ૧૯૬૧-૬૨માં ૨૫૧ અને ૧૯૬૨-૬૩માં ૨૭૦ વિદ્યાર્થીઓની સંખ્યા જોવા મળે છે; અને પીએચ.ડી.માં ૧૯૬૦-૬૧માં ૨, અને ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩માં ૪ વિદ્યાર્થીઓ હતા, એમ જણાય છે. અમદાવાદમાં કામ કરતાં આ વિષયો અંગેનાં અનુસ્નાતક કેન્દ્રો કયાં કયાં અને કેટલાં છે તથા તેમાં કેટલી સંખ્યા તેનો લાભ લે છે તે માહિતી અમે મેળવી શક્યા નથી. પણ કેટલાક વિષયોમાં આ ભવન જ આખી યુનિવર્સિટીમાં કામ કરતું હોય એમ જણાય છે. 'યુનિવર્સિટીનાં ભવન તથા તેમને મળતું કામ કરતાં' બહારનાં કેન્દ્રો વચ્ચે અમુક પ્રકારનો સંબંધ જોડાય એ વિષે અમે ગુજરાતી ભવનના નિરીક્ષણના અમારા રિપોર્ટમાં કયાંક ચર્ચા કરી છે તે અહીં બેવડાવતા નથી. ત્યાં કરેલું સૂચન અહીં પણ રજૂ કરીએ છીએ.

૧૦. પરીક્ષાનાં પરિણામો બતાવતો કોઠો, અમને જે મળ્યો તે, આ સાથે અલગ (પરિશિષ્ટ ૪ તરીકે) * જોડયો છે. તેમાં ત્રણેય વર્ષોનાં પરિણામ આપવામાં આવેલાં છે. ત્રણેય વર્ષ, ૬૨ વર્ષે ૭૦ ટકા ઉપર પરિણામ આવેલું જોવા મળે છે. સિવાય કે, ૧૯૬૧માં, D.L.W. પરીક્ષામાં, તે કાંઈક ઓછું છે. પરિણામ જોતાં એ પણ ધ્યાનમાં આવે છે કે, એમ.એસસી. આંકડાશાસ્ત્ર સિવાય બીજી પરીક્ષાઓમાં ત્રણે વર્ષમાં કોઈ પહેલા વર્ગમાં આવ્યું નથી. બીજા વર્ગમાં ૧૯૬૦-૬૧માં ૨૫ ટકા જેટલું પરિણામ છે, જ્યારે ત્રીજા વર્ગમાં (૧૯૬૨માં) તેના ટકા ૧૬-૧૭ જેટલા છે.

૧૧. ભવનના વિદ્યાર્થીઓનું વિદ્યાર્થીમંડળ ચાલે છે, તથા તેની અંતર પ્રવૃત્તિઓમાં તેનું (અને અમદાવાદની બધીય કોલેજોનું પણ) "પ્લાનિંગ ફોરમ" ચાલે છે. વિદ્યાર્થીઓની અંતર પ્રવૃત્તિઓમાં રમત-ગમતો, વાર્ષિક દિન સંમેલન વગેરે જોવામાં આવે છે. શરૂમાં જણાવ્યું તેમ અમે વિદ્યાર્થીઓને મળી શક્યા નહોતા, એટલે એ વિષે કાંઈ વધુ જણાવી શકાએ તેમ નથી.

૧૨. ભવનને માટે છાત્રાલયની વ્યવસ્થા યુનિવર્સિટીના છાત્રાલયમાં થયેલી છે. ભવનના વિદ્યાર્થીઓ તેનો ઠીક ઠીક લાભ લેતા જણાય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સંખ્યા જુનિયર-સીનિયર મળીને ૧૯૬૦-૬૧માં (૨૩+૫૧) ૭૪, ૧૯૬૧-૬૨માં (૩૨+૩૫) ૬૭ અને ૧૯૬૨-૬૩માં (૩૩+૩૮) ૭૧ હતી.

૧૩. પીએચ.ડી. માટે ૪ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, તેમાંના ૨ અર્થશાસ્ત્ર અને ૨ સમાજશાસ્ત્રમાં કામ કરે છે. અર્થશાસ્ત્રના બેમાંથી એક વિદ્યાર્થીએ પોતાનો પ્રબંધ પૂરો કરીને આ વર્ષે પરીક્ષા માટે સોંપ્યો છે, અને બીજા વિદ્યાર્થીનો પ્રબંધ લગભગ પૂરો થવા આવ્યો છે. આ બે વિદ્યાર્થીઓ ૧૯૬૦-૬૧થી ચાલુ થયા છે. સમાજવિજ્ઞાનની અંદર ગયા વર્ષે ત્રણ વિદ્યાર્થીઓ હતા, તેમાંથી આ વર્ષે બે ચાલુ છે.

પીએચ.ડી. માટેના વિદ્યાર્થીઓની સંખ્યા અંગે અમે ભવનના અધ્યક્ષ સાથે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, અર્થશાસ્ત્ર માટે માર્ગદર્શક તરીકે જેઓ મારી પાસે આવે છે તેમની હું અમુક ધોરણની કસોટી લઉં છું અને તેમાં જો મને કામચલાઉ સંતોષ થાય કે જેથી પીએચ.ડી.નું ધોરણ સચવાઈ રહે તો તે હિસાબે તેને દોરવણી આપવાનું કામ માથે લઉં છું. તે મુજબ કામ કરતાં મેં એને લીધેલા છે. કસોટીમાંથી પસાર ન થાય તો હું સામાન્યપણે લેતો નથી. સંખ્યાની બાબતમાં આ પ્રમાણે અમને તેમણે પોતાના વિષય અંગે જણાવ્યું. સમાજવિદ્યામાં ત્રણમાંથી એક ઓછો કેમ થયો તેનું કારણ એવું જાણવા મળ્યું કે, એક સત્ર દરમિયાન તેનું કામ આગળ ચાલતું ન લાગ્યું તેથી યુનિવર્સિટીમાં નવા વરસે તેની ફી લેવામાં આવી નહોતી, અને એ રીતે વિદ્યાર્થી કમી થયેલો છે.

યુનિવર્સિટીની પીએચ.ડી. પરીક્ષા અને તેટલા ઉત્તમ ધોરણે અને ઉત્કૃષ્ટ કક્ષાએ રહે એ જળવવું જોઈએ. ઉપર સંશોધન અંગે જે રીતો અમે નોંધી છે તેમાંની અમુક તપાસકામ લઈને કરવામાં આવતા સંશોધનની રીતને પીએચ.ડી. જેવા લેવલ માટે પૂરતી ગણાય કે કેમ એવો સવાલ પ્રમાણિકપણે કેટલાક વિદ્વાનો સેવે છે. અર્થશાસ્ત્રના વિષયમાં તો આ જાતનું સંશોધન પ્રાથમિક કક્ષાનું જ ગણાય, કે જે આદરપાત્ર સંશોધનો માટે તૈયારીરૂપે કરવાનું હોય. આ દૃષ્ટિએ જોતાં, બનવાજોગ છે કે, 'ગાઈડ'ની આ વિષે પોતાની જેવી કસોટી હોય તે પ્રમાણે વર્તે. આથી કરીને, કદાચ અર્થશાસ્ત્રમાં પ્રો. શિનોયને બે વિદ્યાર્થીઓ જ મળી શક્યા હોય એવું બને.

સમાજશાસ્ત્રમાં એક વિદ્યાર્થી કમી થયો તેના કારણ વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. એ કક્ષાએ કામ કરતો વિદ્યાર્થી, કૉલેજમાં ભણતો વિદ્યાર્થી, વિદ્યાર્થીનો પેઠે, પોતાના સંજોગોવશાત્ એકધારું કામ ન કરી શકે. યુનિવર્સિટી તેમને ચારથી પાંચ વર્ષનો ગાળો એ દૃષ્ટિએ આપે છે, કે જે વીત્યા પછી પણ કામ ન પરવારે તો તેણીએ ફરીથી નોંધાવું પડે. એટલે ઉપર જણાવેલા કારણે, કોઈ વિદ્યાર્થીને ફી ભરતો રોકવામાં આવે, એ ઠીક? એવો સવાલ, અમે તેમની આગળ વિચારવા માટે મૂક્યો હતો.

૧૪. શિક્ષણની પદ્ધતિ બાબતમાં અમને જાણવા મળ્યું છે કે, દર વર્ષે સત્રમાં થયેલા કામકાજને અંતે સત્રાંતમાં અને વાર્ષિક પરીક્ષાઓ લેવાય છે, તે ઉપરાંત 'ટ્યુટોરિયલ', સેમિનાર વગેરે દરેક વિષયમાં યોજવામાં આવે છે.

૧૫. અધ્યાપકોના વિષયો તરફ જોતાં જણાયું કે, ઇતિહાસના અનુસ્નાતક અભ્યાસને માટે ભવનમાં જોગવાઈ આપી શકાતી નથી. પરિણામે, ઇતિહાસનું કેન્દ્ર અહીં ચાલતું નથી. અમે આ વિષે ભવનના સ્ટાફ જોડે ચર્ચા કરી હતી. આવું કેન્દ્ર, અને તે પણ ઇતિહાસ જેવા પાયાના મહત્ત્વના અભ્યાસના વિષયને માટે ન હોય, એ એક ઊણપ લાગે. હવે પછી ઇતિહાસના અધ્યાપક નિમાશે, એટલે અમે માનીએ છીએ કે આ ઊણપ દૂર કરવાની જોગવાઈ થઈ શકશે.

લિ.
ડોલરરાય માંકડ
મગનભાઈ દેસાઈ.

તા. ૩૦મી માર્ચ, ૧૯૬૩.

ભાષા-સાહિત્ય ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૧૫-૧-૧૯૬૩ના આપના પત્રાંક સિં./ટ્રાયે. ૧૯૫૧ મુજબ અમે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણને માટે તા. ૮-૬-૧૯૬૩ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે ગયા હતા. ભવનના વિદ્યાર્થીઓને મળવાને અને તેમની જોડે વાતચીત કરવાને માટે તા. ૯મીએ બીજે દિવસે એક કલાક વધુ ગયા હતા; જે દરમિયાન વિદ્યાર્થીઓએ ભવનના તેમના અભ્યાસ અંગે વિગતે પ્રશ્નોત્તરી કરી હતી. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી. કેટલીક બીજી, અમે માગી તે બધી, તે બાદ અમને પહોંચતી કરી હતી. એ માટે તથા સ્ટાફના અધ્યાપકગણને માટે તથા વિદ્યાર્થીઓને મળવાની અને તેમની જોડે ચર્ચા કરવાની સવડ પણ અમને આપી, તે માટે આભારી છીએ. એ બધા પરથી અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. ભવનનું સંચાલન યુનિવર્સિટી પોતે તેના સંચાલકશ્રી મારફતે કરે છે. મકાન કે તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ કરી છે તે સારી પેઠે પૂરતી છે. મકાનનો અમુક ભાગ અત્યારે વિજ્ઞાન વિદ્યાભવન વાપરે છે. તે ભવન જ્યારે પોતાના અલાયદા મકાનમાં જશે, ત્યારે એ જગા ખાલી થશે. ભાષા-ભવનમાં ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, ફારસી ઇત્યાદિ કેટલીક ભાષાઓના અભ્યાસને માટે હવે પછી ઉમેરો થશે, એવી યોજના છે, તો ખાલી થતું મકાન તેને માટે ખપમાં આવી શકશે. ગ્રંથાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને જરૂરી બધી રીતે મળી શકે તે માટે યુનિવર્સિટીનો ગ્રંથાલય વિભાગ ધ્યાન રાખે છે અને તેને સારુ ઘટતી વ્યવસ્થા આપે છે. તેમાં જે ઘટે તે રીતે સુધારોવધારો થતો રહેશે તેથી ગ્રંથાલયની સવડ વિષે કોઈ ચિંતા નહિ રહે એમ અમે જોયું.

૨. અનુસ્નાતક અધ્યાપન તથા સંશોધનને માટે ભવનમાં હાલ ગુજરાતી (મુખ્ય અને ગૌણ) તથા ભાષાવિજ્ઞાન (ગૌણ)—એમ બે વિષયોના (એમ.એ. વર્ગના) શિક્ષણની જોગવાઈ છે, તથા સંશોધન અર્થે કામકાજ ચાલે છે જેને માટે ભવનના સંચાલક શ્રી. ઉમાશંકર તથા ભાષાવિજ્ઞાનના રીડર-પ્રોફેસર પંડિત—બંને 'ગાઈડ' તરીકે માન્ય થયેલા છે. તેમની મદદમાં શિક્ષણ-સંશોધન અર્થે બીજે જે સ્ટાફ છે તે તથા તેમના કામકાજને વિષે ભવનના અધ્યક્ષે અમને જે વિગતવાર નોંધ આપી છે તે આની સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડી છે; તેમાંથી આ વિષેની માહિતી મળી રહેશે.

૩. એ માહિતીમાંથી જણાશે કે અધ્યાપકો એમ.એ.ના અધ્યાપન પેટે અઠવાડિયે ચાર-પાંચ સમય લે છે. આથી શિક્ષણકાર્યને સંભાળી લેવામાં બહારના અધ્યાપકોની મદદની જરૂર સામાન્યપણે રહેતી નથી. કોઈ વિશેષ પ્રસંગ કે ચર્ચા યા પરિસંવાદની દૃષ્ટિએ બહારની વ્યક્તિઓને બોલાવાય તે જુદી વાત. બાકીનો સમય અધ્યાપકો પોતાના અભ્યાસ તથા સંશોધન અને તેના માર્ગદર્શનના કાર્યમાં આપે છે. તે અંગે હાલમાં જે ચાલે છે તે વર્ણવતી નોંધ ભવનના સંચાલકશ્રીએ આપી, તે પણ સાથેના પરિશિષ્ટ ૧માં* મળે છે.

૪. ભવનમાં થતા કામકાજનો અમે ઉપર બે ભાગમાં વર્ણવ્યું છે: (૧) એમ.એ. વર્ગનું અધ્યાપન વર્ગ કાર્ય, અને (૨) ભવન તથા તેમાં કામ કરતા અધ્યાપકોનું સંશોધન અને પીએચ.ડી.નું માર્ગદર્શન કાર્ય — એમાં સંશોધન અંગે અમે બે ભાગમાં વિચાર કરીએ છીએ: (૧) ભવન તરફથી સમન્વિતરૂપે વિચારેલ કાર્ય, અને (૨) અધ્યાપકો પોતાની રુચિ અને ઇચ્છા મુજબ અંગતરૂપે અંગીકાર કરે તે કાર્ય. આ બેમાંના પહેલા પ્રકારમાં એ જાતનું કામ પણ ગણી લેવું જોઈએ, કે જે યુનિવર્સિટીને બહારથી સોંપાતું હોય અને જે ભવન દ્વારા કરવા માટે લેવામાં આવ્યું હોય, જેમ કે, ભારત સરકારના કેળવણી ખાતાએ ગુજરાતી ભાષાની 'મોફ્રિમ' અને 'ફ્રેનિમ' ફરીતા (ફિકવન્સી) અંગે ભારવેલું કામ અથવા સાહિત્ય અકાદમીની રાષ્ટ્રીય 'ગ્રંથસૂચિ'ના ગુજરાતી વિભાગનું કામ ભવન તરીકે તેણે પોતે આપણા પ્રાચીન કાવ્ય-ગ્રંથોનું સંપાદનકામ કેટલાંક વર્ષથી હાથ ધર્યું છે, તેમાંનું 'દશમસ્કંધ' કામ ગઈ ત્રિવર્ષીથી ચાલુ છે. આ ત્રિવર્ષીમાં તેમાં 'અષ્ટગીતા'નું સંપાદન ઉમેરાયું છે. આ બે ગ્રંથોના સંપાદન વિષે માહિતી આપતી અલગ નોંધ ભવનના અધ્યક્ષ પાસેથી મળી તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨ તરીકે)* જોડી છે.

૫. ઉપર જણાવ્યું તેમ ભવનના સંશોધનકાર્યને નીચેના ત્રણ ભાગમાં વહેંચીને તપાસી શકાય:

(૧) પીએચ.ડી.ના વિદ્યાર્થીનું સંશોધન — તેનું માર્ગદર્શન;

(૨) અધ્યાપકોએ અંગત અંગીકાર કરેલું; અને

(૩) ભવન તરફથી આયોજન કરીને આદરવામાં આવતું સંપાદન-સંશોધનકાર્ય.

આમાંનું ત્રીજું કાર્ય મહત્ત્વનું છે. અને તે એ રીતે કે, તે દ્વારા ગુજરાતી પ્રજાની ભાષા, સાહિત્ય વગેરે ક્ષેત્રે સેવાનાં કામો, તેની એક સંસ્થા તરીકે યુનિવર્સિટી ઉપાડીને કરી શકે. અધ્યાપનના કામ ઉપરાંતના આ સંશોધનકાર્ય વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ઠીક ઠીક ચર્ચા કરી હતી. તેથી અમને સંતોષ થયો કે ઉપરની દૃષ્ટિ તેમને ગમે અને તે પોરણે ભવનનું આગામી કામકાજ યોજવા પ્રયત્ન થશે. એ બાબતમાં અમારી જોડે તેમણે વિચારણા પણ કરી હતી. તેને અંગે તેમણે જે એક યોજના વિચારી તે અમારી માગણી પરથી તેમણે એક નોંધરૂપે અમને આપી છે, તે (પરિશિષ્ટ ૩ તરીકે)* જોડી છે, તેમાં તેમણે સૂચવેલાં કામો તથા તેના ખર્ચ વિષે ઘટતું કરવા અમારી ભલામણ છે.

આમ સંશોધન અને સંપાદનકાર્ય યોગ્યતા તો ભાષાના અધ્યાપન કામકાજ પૂરતું જ જોતાં જે નવરાશ લાગવા સંભવ છે તે યુનિવર્સિટી ભવનના બીજા અને મહત્ત્વના એવા સંશોધનકાર્યમાં લેખે લાગશે એટલું જ નહિ, પણ ભવનને શોભારૂપ નીવડશે એમ અમો માનીએ છીએ.

૬. ભવનમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લાં ત્રણ વર્ષમાં કેવી હતી તે બતાવતું તારણ આની જોડે (પરિશિષ્ટ ૪ તરીકે)* આપ્યું છે. તે ઉપરથી જણાશે કે આ વર્ષે (૧૯૬૨-૬૩) ભવનમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ છે, જેનો ફોડ એમ છે કે, તેમાંના ૫૦ એમ.એ.ના મુખ્ય વિષય તરીકે અને ૫૫ ગૌણ વિષય તરીકે, તથા ૩ પીએચ.ડી. માટે ભણે છે. અગાઉનાં ત્રણ વર્ષની સંખ્યા સાથે જોતાં ગયા વર્ષ અગાઉ તે વધારે હતી. બે વર્ષથી તે ૧૦૭-૮ જેટલી સ્થિર ચાલે છે.

ભવનમાં વિદ્યાર્થી-સંખ્યાની બાબતમાં એક વસ્તુ ધ્યાનમાં લેવી જોઈએ કે, યુનિવર્સિટી વિસ્તારમાં અમદાવાદ બહાર ગુજરાતીનાં અનુસ્નાતક કેન્દ્રો બીજાં આઠ ચાલે છે, જેમાં લગભગ ૪૫૦ જેટલા

વિદ્યાર્થીઓ ભણે છે એવી માહિતી જાણવા મળી. ભવનનો સમય રોજ અને કામકાજના સામાન્ય રીતના બપોરના કલાકોનો હોય છે. કેન્દ્રોનો સામાન્ય સમય અઠવાડિયામાં શનિ-રવિવારે હોય છે. આથી વિદ્યાર્થીઓ પોતપોતાની અનુકૂળતા મુજબ સગવડભર્યા કેન્દ્રમાં કે ભવનમાં જોડાય છે. એમ.એ. ગુજરાતી અભ્યાસને માટે કેન્દ્રની અને ભવનની એમ બન્ને પ્રકારની વ્યવસ્થા યુનિવર્સિટી ચલાવે છે. તેમનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો ગણાય એમ અમને ભવનનું નિરીક્ષણ કરતાં લાગ્યું. ભવનની પેઠે કેન્દ્રનું નિરીક્ષણ થાય છે કે કેમ તે અમને ખબર નથી. જો ન થતું હોય તો તે સિન્ડિકેટે કરાવવું જોઈએ એવી અમારી ભલામણ છે, જેથી બે પ્રકારના ગુણદોષ તપાસીને અરસપરસ સુધારણા કરવા માટે મદદરૂપ વિચારબિંદુઓ અને સૂચનો મળી શકે.

૭. ભવનના વિદ્યાર્થીઓ સાથેની અમારી વાતચીતમાં એકબે સૂચનો અમને મળ્યાં હતાં કે જે આમ તો નવાં નથી, છતાં નોંધપાત્ર લાગે છે. ઘેરથી અભ્યાસ કરીને બારોબાર બેસાય તેવું 'એકસ્ટર્નલ' એમ.એ. હોય તો કેમ? અને જો ભવનના કામકાજનો સમય સવારનો હોય તો સારું. આની અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. બી.એ. એકસ્ટર્નલ છે તેથી આગળ ન જવું, એવો અમારો મત છે. અને સવારનો સમય ભવનનું કામ સાંગોપાંગ રીતે કરવાને માટે ઓછો પડે એમ બતાવવામાં આવ્યું. અમને એ બરોબર લાગે છે.

૮. શિક્ષણની પદ્ધતિ અંગે અમને કહેવામાં આવ્યું કે, આ વર્ષે સત્રમાં થયેલા કામની કસોટી-રૂપે, સત્રાંત પરીક્ષા લેવામાં આવી હતી તથા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સ્વાધ્યાયની વ્યવસ્થા કરવામાં આવી છે. એક એવો વિચાર પણ અમે ચર્ચ્યો હતો કે બી.એ.થી આગળ વધી એમ.એ.માં પણ ત્રીસેક ગુણનું કામ ભવનના આંતરિક પરીક્ષણ પેઠે કરી શકાય તો કેવું? આ સૂચન સ્વીકારાય તો ભવનનો અભ્યાસક્રમ વધારે સમયનો અને સંગીન યોજવો ઘટે, એ ફાયદો ગણાય. બીજી તરફ જોતાં, તે કેટલું સફળ કહી શકાય, તે પ્રયોગ કરી જોયો જણાય. કેન્દ્રોમાં જ્યાં કેવળ એકબે દિવસ અને તે કેવળ વ્યાખ્યાન પૂરતું જ કામ થાય છે ત્યાં આવું આંતરિક પરીક્ષણ કેમ ફાવે એ પણ જોવાનું રહે. તથા એમ.એ. જેવા ઉચ્ચ અભ્યાસના વિદ્યાર્થીઓને માટે આવી વ્યવસ્થા કરવી જરૂરી ખરી? એ સવાલ થાય. આ વિષે ચોક્કસ સૂચન કરી શકતા નથી.

૯. છેલ્લાં ત્રણ વર્ષોમાં ભવનના વિદ્યાર્થીઓની પરીક્ષાનું પરિણામ બતાવતો કોઠો (પરિશિષ્ટ ૫ તરીકે)* આ સાથે જોડ્યો છે. પરિણામ વિષે એક નોંધપાત્ર વસ્તુ એ ધ્યાનમાં આવી કે ત્રણ વર્ષમાં કોઈ પ્રથમ વર્ષમાં પાસ થયું નથી. પાસ સંખ્યા લગભગ ૭૦ ટકા આસપાસ જેટલી છે.

૧૦. ભવનને છાત્રાલયની સવડ યુનિવર્સિટી છાત્રાલયમાં મળી રહે છે, પરંતુ બહુ ઓછા વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. એક પીએચ.ડી.નો વિદ્યાર્થી જ આ વર્ષે છાત્રાલયમાં રહે છે.

વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓ સંભાળવા માટે તેમનું વિધિસર મંડળ રચાતું નથી, પણ અમને જણાવવામાં આવ્યું કે આપોઆપ તેઓમાંથી બેત્રણેક જણા એમના મુખી પેઠે કામ કરે એવું તેઓ યોજી લે છે. રમતગમત ઇત્યાદિ જેવી પ્રવૃત્તિઓ આ કક્ષાના વિદ્યાર્થીઓમાં ખાસ જામી શકતી નથી એમ લાગે છે. યુનિવર્સિટીનાં બધાં ભવનોના વિદ્યાર્થીઓનું એક મંડળ બની, તેમની કોઈ વિદ્યાર્થીપ્રવૃત્તિ યોજાતી જણાતી નથી.

૧૧. ભવનના સંચાલક જોડે એમ.એ.ના ચાલુ અભ્યાસક્રમ વિષે થોડી ચર્ચા નીકળી હતી. અમને લાગ્યું કે હવે શરૂ થતા ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના સંદર્ભમાં એમ.એ.ના અભ્યાસક્રમને સળંગ કરી વિચારવાનું આવશે. તથા આપણી મુખ્ય ભારતીય પ્રદેશ-ભાષાઓ અને તેમના સાહિત્ય વિષે સામાન્ય પરિચય એમ.એ. કક્ષાએ પહોંચતાં વિદ્યાર્થીને મળે એ ઇષ્ટ અને આવશ્યક પણ કહેવાય. ભાષાની દૃષ્ટિએ તેમનો પરસ્પર તુલનાત્મક અભ્યાસ પણ તે તે ભાષાના યુનિવર્સિટી ભવનમાં થવો જોઈએ. આ વસ્તુને નવો અભ્યાસક્રમ વિચારતી વખતે ઘટતું સ્થાન આપવા જેવું લાગે છે. હવે પછી ગુજરાતી ઉપરાંત બીજી ભાષાઓને માટે પણ ભવનમાં જોગવાઈ થશે, ત્યારે આવા અભ્યાસ માટે સારી સગવડ પણ થશે એમ કહેવાય.

યુનિવર્સિટીમાં આ વિષય ભણતા બધા વિદ્યાર્થીઓ (કેન્દ્રો અને ભવનમાં બધે) અને તેમના અધ્યાપકો માટે વર્ષમાં એકાદ વાર અને અનુકૂળ સમયે થોડા દિવસનો શિબિરક્રમ યોજાય તો કેમ એવી એક સૂચના હતી. આ એક પ્રયોગ કરી જોવા જેવું સૂચન છે. એ જ.

લિ.

તા. ૨૦મી માર્ચ, ૧૯૬૩.

ડોલરરાય માંકડ
ભગનભાઈ દેસાઈ.

---

* પરિશિષ્ટો સામેલ નથી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯

G.U.P. 788-350-11-65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટીના નવા સેનેટ-ખંડમાં શુક્રવાર, તા. ૧૫-૧૦-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી, અને શનિવાર, તા. ૧૬-૧૦-૧૯૬૫નો રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. સભાનું પ્રમુખસ્થાન, બન્ને દિવસોએ, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૧૦-૧૯૬૫	તા. ૧૬-૧૦-૧૯૬૫
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૩.	શ્રી. કં. ચં. પરીખ, મહામાત્ર	હાજર	હાજર
૪.	ડૉ. ટી. બી. પટેલ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. ટી. એમ. દેસાઈ	હાજર	હાજર
૬.	પ્રો. ઉમાશંકર જે. જોશી	હાજર	હાજર
૭.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૮.	આચાર્ય ય. ગુ. નાયક	હાજર	હાજર
૯.	આચાર્ય બી. સી. દેસાઈ	હાજર	હાજર
૧૦.	આચાર્ય એ. આર. રાવ	હાજર	હાજર
૧૧.	આચાર્ય એચ. ડી. નોરોન્હા	હાજર	હાજર
૧૨.	આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર	હાજર
૧૩.	આચાર્ય આર. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૪.	આચાર્ય એમ. એન. કોરેગાંવકર	હાજર	હાજર
૧૫.	આચાર્ય એન. એન. ભરૂચા	હાજર	હાજર
૧૬.	આચાર્ય એન. બી. નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય એ. આર. દેસાઈ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૧૦-૧૯૬૫	તા. ૧૬-૧૦-૧૯૬૫
૧૮.	ડૉ. ઈ. એમ. બેસ્ટ	હાજર	ગેરહાજર
૧૯.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર
૨૦.	આચાર્ય આર. એન. પંડ્યા	હાજર	હાજર
૨૧.	આચાર્ય વી. એ. વ્યાસ	હાજર	હાજર
૨૨.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૨૩.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૨૪.	આચાર્ય એસ. સી. પાઠક	હાજર	ગેરહાજર
૨૫.	આચાર્ય પી. એસ. કલવચવાલા	હાજર	હાજર
૨૬.	આચાર્ય કે. જી. દેસાઈ	હાજર	ગેરહાજર
૨૭.	આચાર્ય ડૉ. પી. વાય દેશપાંડે	હાજર	ગેરહાજર
૨૮.	આચાર્ય વાય. પી. શુક્લ	હાજર	હાજર
૨૯.	આચાર્ય કે. વી. દેસાઈ	હાજર	હાજર
૩૦.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર
૩૧.	આચાર્ય એચ. ઈ. હકીમ	હાજર	હાજર
૩૨.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૩૩.	આચાર્ય આર. એચ. શાહ	હાજર	હાજર
૩૪.	આચાર્ય ડૉ. જી. પી. ભટ્ટ	હાજર	હાજર
૩૫.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	હાજર
૩૬.	આચાર્ય જે. બી. સાવિડલ	હાજર	હાજર
૩૭.	આચાર્ય સી. એન. હકાણી	હાજર	હાજર
૩૮.	આચાર્ય કે. જી. નાયક	હાજર	હાજર
૩૯.	આચાર્ય આર. એલ. સંઘવી	હાજર	હાજર
૪૦.	આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર
૪૧.	આચાર્ય પી. જી. માવળંકર	હાજર	હાજર
૪૨.	આચાર્ય એલ. એન. ઠક્કર	હાજર	હાજર
૪૩.	આચાર્ય વી. આર. રણદીવે	હાજર	હાજર
૪૪.	આચાર્ય પી. એમ. જાની	હાજર	હાજર
૪૫.	આચાર્ય સી. જે. પટેલ	હાજર	ગેરહાજર
૪૬.	આચાર્ય ડૉ. ડી. પી. ઠાકર	હાજર	હાજર
૪૭.	આચાર્ય આર. એમ. શુક્લ	હાજર	હાજર
૪૮.	આચાર્ય એ. જી. મુનશી	હાજર	હાજર
૪૯.	આચાર્ય આઈ. વી. ત્રિવેદી	હાજર	હાજર
૫૦.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર
૫૧.	આચાર્ય બી. કે. રાવલ	હાજર	હાજર
૫૨.	આચાર્ય ડૉ. આર. એસ. બેટાઈ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૧૦-૧૯૬૫	તા. ૧૬-૧૦-૧૯૬૫
૫૩.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	હાજર
૫૪.	આચાર્ય ડૉ. આર. જી. ભટ્ટ	હાજર	હાજર
૫૫.	આચાર્ય એ. વી. દોશી	હાજર	હાજર
૫૬.	આચાર્ય ડૉ. જે. જે. ત્રિવેદી	હાજર	હાજર
૫૭.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૫૮.	આચાર્ય એસ. વી. સ્વાદિયા	હાજર	હાજર
૫૯.	આચાર્ય જી. સી. પટેલ	હાજર	હાજર
૬૦.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૬૧.	આચાર્ય સી. સી. શાહ	હાજર	ગેરહાજર
૬૨.	આચાર્ય એન. એમ. શાહ	હાજર	હાજર
૬૩.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	ગેરહાજર
૬૪.	આચાર્ય ડી. એલ. મુનીમ	હાજર	હાજર
૬૫.	આચાર્ય એચ. કે. બુખારી	હાજર	હાજર
૬૬.	આચાર્ય જે. જે. દેસાઈ	હાજર	હાજર
૬૭.	આચાર્ય વી. જે. જાની	હાજર	હાજર
૬૮.	આચાર્ય વી. જી. ઉપાધ્યાય	હાજર	હાજર
૬૯.	આચાર્ય જે. એલ. દવે	હાજર	હાજર
૭૦.	આચાર્ય સી. કે. ભટ્ટ	હાજર	હાજર
૭૧.	આચાર્ય ડૉ. એલ. ડી. દવે	હાજર	હાજર
૭૨.	આચાર્ય એમ. એન. તોલાની	હાજર	ગેરહાજર
૭૩.	આચાર્ય એન. એમ. પરીખ	હાજર	હાજર
૭૪.	આચાર્ય એમ. ડી. ત્રિવેદી	હાજર	હાજર
૭૫.	આચાર્ય પ્રિયબાળા જે. શાહ	હાજર	હાજર
૭૬.	આચાર્ય ડી. પી. [illegible]ર	હાજર	હાજર
૭૭.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૭૮.	આચાર્ય બી. પી. કોઠારી	હાજર	હાજર
૭૯.	આચાર્ય એન. બી. જોષી	ગેરહાજર	હાજર
૮૦.	આચાર્ય વી. એસ. રાવલ	હાજર	હાજર
૮૧.	આચાર્ય આઈ. કે. દવે	હાજર	હાજર
૮૨.	આચાર્ય વી. પી. પરીખ	હાજર	હાજર
૮૩.	આચાર્ય કે. આર. દવે	હાજર	હાજર
૮૪.	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	હાજર	હાજર
૮૫.	આચાર્ય એચ. પી. પંડ્યા	હાજર	હાજર
૮૬.	આચાર્ય એસ. એમ. નાગામિયા	હાજર	હાજર
૮૭.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૧૦-૧૯૬૫	તા. ૧૬-૧૦-૧૯૬૫
૮૮.	આચાર્ય એસ. ટી. જેસલપુરા	હાજર	હાજર
૮૯.	આચાર્ય ડી. એસ. જોષી	હાજર	હાજર
૯૦.	આચાર્ય એ. એચ. ઇબ્રાહીમ વોરા	હાજર	હાજર
૯૧.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર
૯૨.	આચાર્ય એચ. એમ. શુકલ	હાજર	હાજર
૯૩.	આચાર્ય વી. એચ. જોષી	હાજર	હાજર
૯૪.	આચાર્ય જી. બી. પરીખ	હાજર	હાજર
૯૫.	આચાર્ય એચ. જે. પંડિત	હાજર	હાજર
૯૬.	આચાર્ય જે. ડી. પાઠક	ગેરહાજર	હાજર
૯૭.	આચાર્ય આઈ. એમ. પટેલ	હાજર	હાજર
૯૮.	આચાર્ય જે. એસ. જેતલી	હાજર	હાજર
૯૯.	આચાર્ય જે. ડી. ઓઝા	હાજર	હાજર
૧૦૦.	આચાર્ય એન. પી. વ્યાસ	હાજર	ગેરહાજર
૧૦૧.	આચાર્ય સી. એમ મહેતા	હાજર	હાજર
૧૦૨.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર
૧૦૩.	આચાર્ય પી. પી. ચંદ્રવાકર	હાજર	હાજર
૧૦૪.	આચાર્ય બી. પી. મેનન	હાજર	હાજર
૧૦૫.	આચાર્ય એસ. આર. મારફતિયા	હાજર	હાજર
૧૦૬.	આચાર્ય ડૉ. એચ. જી. પંડયા	હાજર	હાજર
૧૦૭.	આચાર્ય ડૉ. એલ. એચ. ટેંગશે	હાજર	હાજર
૧૦૮.	આચાર્ય ડૉ. કે. એ. ઠક્કર	હાજર	હાજર
૧૦૯.	આચાર્ય એચ. એસ. સંઘવી	હાજર	ગેરહાજર
૧૧૦.	ડૉ. જે. એમ. પાઠક	હાજર	હાજર
૧૧૧.	ડૉ. ટી. એન. દવે	હાજર	ગેરહાજર
૧૧૨.	પંડિત ડી. ડી. માલવણિયા	હાજર	હાજર
૧૧૩.	શ્રી. બી. એન. ચૌધરી	હાજર	હાજર
૧૧૪.	શ્રી. જે. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૧૫.	શ્રી. જી. બી. ઓઝા	હાજર	હાજર
૧૧૬.	શ્રી. ડી. એમ. શાહ	હાજર	ગેરહાજર
૧૧૭.	શ્રી. સી. કે. પટેલ	હાજર	હાજર
૧૧૮.	શ્રી. એન. ડી. શુકલ	હાજર	હાજર
૧૧૯.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૧૨૦.	શ્રી. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૨૧.	શ્રી. એમ. પી. પંડયા	હાજર	હાજર
૧૨૨.	શ્રી. આર. એમ. ભટ્ટ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૧૦-૧૯૬૫	તા. ૧૬-૧૦-૧૯૬૫
૧૨૩.	શ્રી. એચ. સી. શુક્લ	હાજર	હાજર
૧૨૪.	ડૉ. સી. એમ. દેસાઈ	હાજર	હાજર
૧૨૫.	શ્રી. એન. જે. પટેલ	હાજર	હાજર
૧૨૬.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર
૧૨૭.	ડૉ. કે. સી. ક્ષત્રિય	ગેરહાજર	હાજર
૧૨૮.	શ્રી. સી. એચ. શાહ	ગેરહાજર	હાજર
૧૨૯.	ડૉ. એચ. એચ. શાહ	હાજર	ગેરહાજર
૧૩૦.	ડૉ. એન. સી. શાહ	હાજર	ગેરહાજર
૧૩૧.	ડૉ. પી. એલ શાહ	હાજર	ગેરહાજર
૧૩૨.	શ્રી. જી. આર. દેસાઈ	હાજર	હાજર
૧૩૩.	શ્રી. જે. સી. ત્રિવેદી	હાજર	હાજર
૧૩૪.	ડૉ. એમ. જી. પટેલ	હાજર	ગેરહાજર
૧૩૫.	શ્રી. કે. એસ. ઠાકર	હાજર	હાજર
૧૩૬.	શ્રી. બી. એન. વલ્લભટ્ટ	હાજર	હાજર
૧૩૭.	શ્રી. સી. એમ. ભટ્ટ	હાજર	ગેરહાજર
૧૩૮.	શ્રી. બી. એ. જ્યૂ	હાજર	હાજર
૧૩૯.	શ્રી. એમ. ટી. શુક્લ	હાજર	હાજર
૧૪૦.	શ્રી. જે. આર. દેસાઈ	હાજર	હાજર
૧૪૧.	શ્રી. બી. એમ. નવલખા	હાજર	હાજર
૧૪૨.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૧૪૩.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર
૧૪૪.	શ્રી આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૪૫.	શ્રી. એન. એન. દલાલ	હાજર	હાજર
૧૪૬.	શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૪૭.	શ્રી. એ. કે. ઝવેરી	હાજર	હાજર
૧૪૮.	શ્રી. બી. એચ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૪૯.	ડૉ. જે. જે. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૫૦.	ડૉ. એસ. સી. કુસુમગર	હાજર	હાજર
૧૫૧.	શ્રી. સી. આર. પટેલ	હાજર	હાજર
૧૫૨.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૧૫૩.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર	હાજર
૧૫૪.	શ્રીમતી કમલિની સારાભાઈ	હાજર	ગેરહાજર
૧૫૫.	શ્રી. આર. ટી. લેઉવા	હાજર	ગેરહાજર
૧૫૬.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર	ગેરહાજર
૧૫૭.	શ્રી. બી. પી. શાહ	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૧૦-૧૯૬૫	તા. ૧૬-૧૦-૧૯૬૫
૧૫૮.	ડૉ. એલ. સી. શાહ	હાજર	હાજર
૧૫૯.	શ્રી. પી. જી. શાહ	હાજર	હાજર
૧૬૦.	શ્રી. વી. સી. શાહ	હાજર	હાજર
૧૬૧.	શ્રી. વી. બી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૧૬૨.	શ્રી. ડી. આર. માંકડ	હાજર	હાજર
૧૬૩.	શ્રી. સુલેમાન યુસુફ ઉનિયા	હાજર	ગેરહાજર.

૧. તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ના રોજ મળેલી સેનેટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ના રોજ મળેલી સેનેટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

તે પછી યાદી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં, પ્રમુખસ્થાનેથી નીચેના બે શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

શોકદર્શક ઠરાવ નં. ૧

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા, ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી તથા આ યુનિવર્સિટીની સેનેટના એક વખતના સભ્ય શ્રી. બળવંતરાય મહેતાના તા. ૧૯-૯-૧૯૬૫ના રોજ થયેલા અકાળ અવસાન બદલ ઊંડા ખેદની લાગણી વ્યક્ત કરે છે, અને તેઓશ્રી જે વિમાનમાં પ્રવાસ કરી રહ્યા હતા તે વિમાન પર પાકિસ્તાને કરેલા અમાનુષી આક્રમણ સામે ભારે રોષ અને નફરતની લાગણી વ્યક્ત કરે છે.

દેશના એક રચનાત્મક કાર્યકર તરીકે અને ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી તરીકે તેઓશ્રીએ શિક્ષણ અને સંસ્કારનાં ક્ષેત્રોમાં બજાવેલી મૂલ્યવાન સેવાઓને આ સભા કૃતજ્ઞતાપૂર્વક અંજલિ આપે છે.

આ ઠરાવની નકલ ગુજરાત રાજ્યને અને સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે."

ઉપરનો ઠરાવ સૌ સભ્યોએ ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

શોકદર્શક ઠરાવ નં. ૨

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા, જાણીતા હરિજન કાર્યકર અને આ યુનિવર્સિટીની સેનેટના એક વખતના સભ્ય શ્રી. પરીક્ષિતલાલ મજમુદારના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે.

તેઓશ્રીએ સમાજસેવા તથા શિક્ષણના ક્ષેત્રમાં બજાવેલી સેવાઓને આ સભા કૃતજ્ઞતાપૂર્વક અંજલિ આપે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા ઉપકુલપતિશ્રીને સત્તા આપે છે."

ઉપરનો ઠરાવ સૌ સભ્યોએ ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

૧-અ. પ્રશ્નોત્તરી :

(નોંધ.— પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવેલ છે.)

(અ) પ્રો. કુંજવિહારી મહેતાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી અને તેના ઉત્તર નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : ચાલુ વર્ષે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કેટલી સ્થાનિક તપાસસમિતિઓ નીમવામાં આવી ?

ઉત્તર ૧ : ચાલુ વર્ષે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં નવી કૉલેજોના જોડાણ માટે અને જોડાયેલી કૉલેજોમાં નવી વિદ્યાશાખાના અભ્યાસક્રમ માટે વધારાના જોડાણ માટે આવેલાં અરજીઓ બાબતમાં કુલ્લે વીસ સ્થાનિક તપાસસમિતિઓ અત્યાર સુધીમાં નીમવામાં આવી છે.

પ્રશ્ન ૨ : (ક) આ તપાસસમિતિઓ ઉપર કેટલા આચાર્યો નિમાયા હતા ? કેટલા અધ્યાપકો નિમાયા હતા ?

(ખ) એક આચાર્ય એક કરતાં વધારેમાં વધારે કેટલી સમિતિઓ ઉપર નીમવામાં આવ્યા ?

ઉત્તર ૨ : (ક) આ તપાસસમિતિઓ ઉપર કુલ ૨૧ આચાર્યો તથા બે અધ્યાપકો નિમાયા હતા.

(ખ) ત્રણ.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

એવો કોઈ નિયમ છે કે, અમુક આચાર્યોને નીમવા અને અમુક અધ્યાપકો નીમવા ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, ના, એવો કોઈ નિયમ નથી કે અમુક જ નીમવા.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

તો શા માટે અધ્યાપકોને સમિતિમાં નીમવામાં આવતા નથી ? જો જોડાણ એક વિષયનું માગ્યું હોય તો તે વિષયના અધ્યાપક હોય તેવી અપેક્ષા રાખવામાં આવે છે ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, સામાન્ય રીતે "ફેકલ્ટી" જોવામાં આવે છે.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વિષય નહિ ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, વિષય નહિ એમ નહિ કહી શકું, પણ સામાન્ય રીતે ફેકલ્ટી જોવામાં આવે છે.

પ્રશ્ન ૩ : દ્વિતીય વર્ષ બી.એ.ના મુખ્ય વિષયના ત્રણ પ્રશ્નપત્રોના કુલ ૨૧૦ ગુણમાંથી વિદ્યાર્થીઓને પાસ થવાને ૧૭૫ નહિ પણ ૭૬ ગુણ લાવવા જરૂરી છે એ જાતની સૂચના પરીક્ષકોને આપવામાં આવી હતી ખરી ?

ઉત્તર ૩ : દ્વિતીય વર્ષ બી.એ.ના મુખ્ય વિષયના ત્રણ પ્રશ્નપત્રોના કુલ ૨૧૦ ગુણમાંથી વિદ્યાર્થીને પાસ થવા માટે દરેક વિષયમાં ૩૬ ટકા ગુણ લાવવા જરૂરી છે તેવી સૂચના આપવામાં આવી હતી.

પ્રશ્ન ૪ : (ક) દ્વિતીય વર્ષ બી.એ.માં નાપાસ થનાર અને એ.ટી.કે.ટી. પ્રાપ્ત કરનારા કેટલા વિદ્યાર્થીઓને મુખ્ય વિષયમાં ૭૫ માર્ક્સ છે ?

(ખ) એક જ માર્કની અધૂરપ ખાતર આ વિદ્યાર્થીઓને ત્રણ પ્રશ્નપત્રોમાં ફરી બેસવું પડશે એની યુનિવર્સિટીને ખબર છે?

ઉત્તર ૪ : (ક) દ્વિતીય વર્ષ બી.એ.માં નાપાસ થનાર અને એ.ટી.કે.ટી. પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાંથી ૪૮ વિદ્યાર્થીઓને મુખ્ય વિષયમાં ૭૫ ગુણ છે.

(ખ) હા, નાપાસ થયેલા વિદ્યાર્થીઓને જે વિષયમાં મુક્તિ-ગુણ ન મળ્યા હોય તે વિષયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર બેસવું પડે.

પ્રશ્ન ૫ : (ક) પરીક્ષકો અને વિદ્યાર્થીઓની પરીક્ષામાં થયેલી ભૂલો માટે શુદ્ધિ સમિતિએ કરેલી ભલામણો અને તે અંગે સિન્ડિકેટે લીધેલા નિર્ણયો તેની મિનિટ્સમાં સામેલ કરવામાં નથી આવતા છતાં ચાલુ વર્ષે તે વર્તમાનપત્રોમાં પ્રગટ થયા છે એની યુનિવર્સિટીને ખબર છે?

(ખ) જો હોય તો એ માટે કોણ જવાબદાર છે તે યુનિવર્સિટીએ શોધી કાઢયું છે?

(ગ) જવાબદાર સામે શાં પગલાં લેવામાં આવ્યાં છે?

ઉત્તર ૫ : (ક) હા, એ હકીકત યુનિવર્સિટી કાર્યાલયના ધ્યાનમાં આવી છે.

(ખ) એ માટે કોણ જવાબદાર છે તે જાણી શકાયું નથી.

(ગ) ઉપર (ખ)નો જવાબ જોતાં આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

યુનિવર્સિટીનાં વિવિધ "બોર્ડીઝ"ની સભાઓ ખાનગી હોય છે, અને તેના અહેવાલો છાપાંમાં બહાર આપવા નહિ, તેવો શિરસ્તો યુનિવર્સિટીએ કર્યો છે, અને તે પળાય છે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, પળાવો જોઈએ. આ બાબત લાગતાવળગતા સભ્યોએ સમજવાની છે.

(બ) આચાર્ય જિ. સું. જેતલીએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી અને તેના ઉત્તરો નીચે મુજબ આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : (ક) હિંદીના વિષયનો ઓછામાં ઓછો ખંડ સમયનો વ્યાખ્યાતા અલગ કોઈ વિદ્યાર્થી હિન્દી લેનાર હોય કે ના હોય તોપણ નીમવો તેવો યુનિવર્સિટીનો નિયમ છે?

(ખ) આ નિયમનું કઈ કૉલેજોએ પાલન નથી કર્યું?

(ગ) આ પ્રમાણે વ્યાખ્યાતા ન નીમનાર કૉલેજની સામે યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં?

ઉત્તર ૧ : (ક) પ્રશ્નમાં અભિપ્રેત છે, એવો કોઈ નિયમ યુનિવર્સિટીએ ઘડેલો નથી.

(ખ) (ગ) } ઉપર નં. ૧(ક)નું વિધાન જોતાં આ પેટાપ્રશ્નોના ઉત્તરો આપવાના રહેતા નથી.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

હિન્દી વિષય કૉલેજે ના રાખ્યો હોય તોપણ હિન્દીનો લેક્ચરર રાખવો જોઈએ, એ વાત સાચી છે?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, વિનયનની પ્રત્યેક કૉલેજમાં હિન્દીનો વિષય શીખવાય તે માટે હિન્દીનો લેક્ચરર રાખવો જોઈએ તેમ જોડાણની શરત તરીકે સૂચવવામાં આવ્યું છે.

આચાર્ય જિ. સું. જેતલીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

વિદ્યાર્થી હોય કે ના હોય તોપણ શિક્ષક રાખવો, એવી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ છે? ઍકેડેમિક કાઉન્સિલમાં શું નિર્ણય થયો હતો ?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, પ્રશ્નમાં અભિપ્રેત છે તેવો નિર્ણય થયો નથી, પણ કેટલીક કૉલેજોના જોડાણની બાબત પર ઍકેડેમિક કાઉન્સિલમાં ચર્ચાવિચારણા થતાં હિન્દીનું શિક્ષણ આપી શકાય તે માટે હિન્દીના લેક્ચરરની નિમણૂકની શરત મૂકવામાં આવી હતી.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

On that day I was present, and hence I want to know whether the Academic Council decided or not decided ?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, જોડાણની શરત તરીકે મૂકવાનો નિર્ણય થયો હતો.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

If that is so, is it not a condition ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, હિન્દીને માટે કાંઈક પ્રોવિઝન રાખવું પડશે, એમ સૂચવાયું હતું; પરંતુ પાછળથી એમ થયેલું કે, પાર્ટ-ટાઇમ હિંદીનો લેક્ચરર રાખવો, એવી ચર્ચા થયેલી અને જોડાણની શરત તરીકે હિન્દીના લેક્ચરરની નિમણૂક કરવા માટે નિર્ણય થયો હતો.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો ત્રીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :

કોઈ વિદ્યાર્થીને હિન્દી લેવા માટે ના પાડવામાં આવેલી છે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, ના પાડવામાં આવેલી હોય તેવી માહિતી મળેલી નથી.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો ચોથો પૂરક પ્રશ્ન પૂછ્યો :

That when a particular decision has been taken by responsible bodies of the University and the reply is that it was not taken, where do we stand ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે, હિંદીના શિક્ષકની બાબત એક શરતરૂપે રાખેલી હોઈ તે વિષય ના શીખવાય તો તેના શિક્ષક રાખવા માટે દબાણ ના કરી શકાય.

પ્રશ્ન ૨ : સરકારી કૉલેજોએ યુનિવર્સિટીનાં પગારધોરણો ન સ્વીકાર્યાં હોય તો યુનિવર્સિટી આ બાબતમાં કેટલી આગળ વધી છે ?

ઉત્તર ૨ : સરકારી કૉલેજોમાં યુનિવર્સિટીનાં પગારધોરણ અપાય તે અંગે રાજ્ય સરકાર સાથે પત્રવ્યવહાર ચાલુ છે. દરમિયાન સરકારી કૉલેજોને અપાતી ત્રિવાર્ષિક અભ્યાસક્રમ અંગેની આવર્તક આર્થિક સહાય જે અટકાવવામાં આવી છે તે હજુ સુધી આપવામાં આવી નથી.

આચાર્ય જિ. સું. જેટલીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
જે સહાય અટકાવવામાં આવી છે, તેને કેટલો સમય થયો હશે ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, બે-એક વર્ષ થયાં હશે.

આચાર્ય જિ. સું. જેતલીએ નીચેનો બીજો પૂરક પ્રશ્ન પૂછ્યો :
કેટલા સમય સુધી ગ્રાન્ટ અટકાવવી ચાલુ રહેશે ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, તે હું કહી શકું નહિ.

પ્રશ્ન ૩ : ગુજરાત યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં મુખ્ય તથા ગૌણ વિષયો પૈકી મુખ્ય વિષય અલગ હોવા છતાં ગૌણ વિષય એક સામાન્ય હોય એ પ્રકારના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની વર્ગમાં બેસનારની સંખ્યા જુનિયર તથા સીનિયર બન્ને વર્ષ ભેગાં મળીને કોઈ પણ શાખામાં ૧૧૦ કરતાં વધારે થાય છે ખરી ?

ઉત્તર ૩ : પ્રશ્નમાં અભિપ્રેત છે તેવા એકજ વર્ગમાં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧૦થી વધારે નથી. વિષય-જૂથ "સી" (અર્થશાસ્ત્ર)માં જુનિયર અને સીનિયર વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યાને અનુલક્ષીને તે વિષયના વર્ગો અલગ અલગ લેવાય છે.

પ્રશ્ન ૪ : જો આ સંખ્યા ૧૧૦ ઉપરની થતી હોય તો યુનિવર્સિટીએ આ માટે વિદ્યાભવનોમાં અલગ શિક્ષકની નિમણૂક દ્વારા અથવા બહારથી આમંત્રણ દ્વારા વધારાની સંખ્યાને પહોંચી વળવા અલગ વર્ગોની વ્યવસ્થા કરી છે ?

ઉત્તર ૪ : પ્રશ્ન નં. ૩નો ઉત્તર જોતાં આ પ્રશ્નનો જવાબ આપવાપણું રહેતું નથી.

પ્રશ્ન ૫ : (ક) ત્રિવાર્ષિક અભ્યાસક્રમમાં કૉલેજના આંતરિક ગુણાંકન અને યુનિવર્સિટીની પરીક્ષાના ગુણાંકન વચ્ચે સારો એવો તફાવત જણાતો હોય એવી કૉલેજના આંતરિક ગુણાંકનની યુનિવર્સિટીએ કોઈ વાર પણ તપાસ કરી છે ખરી ?
(ખ) નહિ, તો શા માટે ?

ઉત્તર ૫ : (ક) એવી તપાસ કરવામાં આવી નથી.
(ખ) એવી તપાસ કરવાનું મુનાસિબ જણાયું નથી.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :
તપાસ કરવામાં આવી નથી, તો કયારે તપાસ કરવામાં આવશે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, જરૂર જણાશે ત્યારે.

૨. નીચે જણાવેલો કૉલેજોના જોડાણ અંગે આવેલી અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર લેવામાં આવેલાં પગલાં બાબતના મજકૂર ધારાની પેટાકલમ (૪) મુજબ શ્રી. રજિસ્ટ્રારે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણ મળેલા વિષયો
(૧)	વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત	... એફ.વાય.બી.એ. સુધી (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણ મળેલા વિષયો
(૨)	સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	... એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધી (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૩)	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, અમદાવાદ	... એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.એસસી. સુધી (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૪)	સર્વોદય કેળવણી સમાજ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, રાજકોટ	... એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધી (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૫)	બી. પી. બલ્લભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	... એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધી (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૬)	શ્રી. એસ. એમ. મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગર	... એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધી (તા.૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૭)	સાયન્સ કૉલેજ, કડી	... એફ.વાય.બી.એસસી. સુધી (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૮)	એન. એમ. એગ્રિકલ્ચર કૉલેજ, નવસારી	... એફ.વાય.બી.એસસી. (એગ્રિ.) સુધી (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૯)	સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	... એફ.વાય.બી.એ. સુધી (તા.૧૫-૬-૧૯૬૫થી તા.૧૪-૬-૧૯૬૬ સુધી).
(૧૦)	ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર	... બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિંદીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સંયો.)માં ઇતિહાસ, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને ગુજરાતીનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી) (પશ્ચાદ્‌વર્તી).
(૧૧)	માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ	... બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; બી.એ. (સંયો.)માં ભૂગોળનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૧૨)	શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	... બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર; બી.એ. (સંયો.)માં માનસશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી).

ક્રમાંક	કૉલેજનું નામ		જોડાણ મળેલા વિષયો
(૧૩)	ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	...	એફ.વાય.બી.એ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (સમો.)માં સંસ્કૃત, હિંદી, ઇતિહાસ અને માનસશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૧૪)	યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી	...	બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં હિંદી, રાજ્યશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને આંકડાપદ્ધતિનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી).
(૧૫)	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત	...	બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી).
(૧૬)	આર્ટ્સ કૉલેજ, સંખેડા	...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી).
(૧૭)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	...	બી.એ. (સમો.)માં માનસશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૧૮)	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	...	બી એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ; બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન; અને બી.એસસી (જન.)માં આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી).
(૧૯)	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	...	એફ.વાય. બી.એ. તથા એફ.વાય. બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી); બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ, ગણિત, અંગ્રેજી, હિન્દી; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૨૦)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	...	એફ.વાય. બી.એ તથા એફ.વાય બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણ મળેલા વિષયો
(૨૧)	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ ...	બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી તથા અર્ધમાગધીનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી); તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૨૨)	અમદાવાદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ...	એફ.વાય.બી.એ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર તથા ગુજરાતી; તથા બી.એ. (સંયો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર તથા એફ.વાય.બી.એસસી. સુધીનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૨૩)	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ ...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (જન.)માં હિન્દી; તથા બી.એ. (સંયો.)માં અંગ્રેજી, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી).
(૨૪)(અ)	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ ...	બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
	(બ) સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ; બી.એ. (સંયો.)માં ફારસી, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૨૫)	બી. ડી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ...	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રાકૃત અને ફારસી; તથા બી.એસસી (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ.
(૨૬)	યુ. પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ...	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી).

ક્રમાંક	કૉલેજનું નામ		જોડાણ મળેલા વિષયો
(૨૭)	ભવન કૅ.લેજ, ડાકોર	...	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિન્દી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (રપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી); બી એ (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર; અને બી.એસસી. (રપે.)માં ગણિતશાસ્ત્રનું તા. ૧૪-૬-'૬૪થી તા. ૧૪-૬-'૬૬ સુધીનું પશ્ચાદ્‌વર્તી જોડાણ; તથા બી.એસસી. (રપે.)માં આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ(તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૨૮)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ	...	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૨૯)	શ્રી. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા	...	એફ.વાય.બી.એ. સુધીનું તથા બી.એ (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં હિન્દી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃતનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી); બી.એસસી. (રપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૩૦)	આર્ટ્સ એન્ડ સાયન્સ. કૉલેજ, કપડવંજ	...	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી).
(૩૧)	કે. એચ. ભાયવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર	...	બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતનું વધારાનું જોડાણ (તા.૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી).
(૩૨)	એન. કે. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વલસાડ	...	એફ.વાય.બી.કૉમ. સુધીનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૩૩)	શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	...	એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણ મળેલા વિષયો
(૩૪)	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ (તા.૧૫-૬-૧૯૬૫થી તા.૧૪-૬-૧૯૬૬ સુધી); તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત; અને બી.એ. (સમો.)માં તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાપદ્ધતિ; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી).
(૩૫)	એસ. એસ. પી. જૈન આર્ટ્સ ... એન્ડ કૉમર્સ કૉલેજ, ક્રાંગધ્રા	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં અંગ્રેજી, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ અને આંકડાપદ્ધતિ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૩૬)	દેસાઈ ચંદુલાલ આર્ટ્સ ... એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં માનસશાસ્ત્ર, સંસ્કૃત તથા આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૩૭)	આર્ટ્સ એન્ડ કૉમર્સ ... કૉલેજ, બોરસદ	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૩૮)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ... ખેડા	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૩૯)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ... દાહોદ	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત હિંદી, માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૪૦)	મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ ... કૉમર્સ કૉલેજ, મહેસાણા	એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૪૧)	જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ ... કૉમર્સ કૉલેજ, જમ્બુસર	એફ.વાય.બી.એ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સમો.)માં હિન્દી, માનસશાસ્ત્ર અને રાજ્યનીતિશાસ્ત્ર; તથા એફ.વાય.-બી.કૉમ. સુધીનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણ મળેલા વિષયો
(૪૨)	રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	... બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, અર્થશાસ્ત્ર તથા પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ. (સમે.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, ઉર્દૂ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્ધમાગધી; તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭); તથા બી.કૉમ.માં એકાઉન્ટન્સી, ઑડિટિંગનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૩-૬-૧૯૬૬ સુધી).
(૪૩)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોરાજી	... બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી.)
(૪૪)	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	... બી.એડ.ના અભ્યાસક્રમનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી).
(૪૫)	માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર	... બી.એડ.ના અભ્યાસક્રમનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી).
(૪૬)	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર	... બી.એડ.નું તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ.
(૪૭)	સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત	... બી.એડ.નું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી)
(૪૮)	પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ	... બી.એડ.નું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી).
(૪૯)	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	... બી.એસસી. (રસે.)માં કીટાણુવિજ્ઞાનનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૫૦)	મહારાજા મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી	... બી.એસસી. (રસે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-'૬૫ થી તા. ૧૪-૬-'૬૭ સુધી); તથા બી.એસસી. (રસે.)માં આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૫૧)	એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટ	... બી.એસસી. (રસે.)માં વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ.
(૫૨)	બી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	... એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૫૩)	એમ. પી. શાહ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર	... દ્વિતીય એલએલ.બી. સુધીનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૫-૬-૧૯૬૮ સુધી).

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણ મળેલા વિષયો
(૫૪)	એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગર ...	પ્રથમ એલએલ.બી.નું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૫૫)	મોતીલાલ નેહરુ લૉ કૉલેજ, અમદાવાદ ...	દ્વિતીય એલએલ.બી. સુધીનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી)
(૫૬)	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ ...	દ્વિતીય એલએલ.બી. સુધીનું તથા ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ અને ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી).
(૫૭)	ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત ...	ફર્સ્ટ એમ.બી.,બી.એસ.નું ચાલુ જોડાણ; તથા સેકન્ડ એમ.બી.,બી.એસ. અને થર્ડ એમ.બી.,બી.એસ.નું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૫૮)	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ...	સેકંડ બી.ડી.એસ સુધીનું ચાલુ જોડાણ; તથા થર્ડ બી.ડી.એસ.નું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૫૯)	એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત ...	થર્ડ બી.એ.એમ.એસ. સુધીનું ચાલુ જોડાણ (તા.૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી).
(૬૦)	પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ ...	એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા એફ.વાય.-બી.એસસી. સુધીનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).
(૬૧)	એલ. એચ. સાયન્સ ઍન્ડ એચ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા ...	બી.એ. (સમો.)માં સંસ્કૃત ઇતિહાસ; તથા બી.એસસી. (સપે.)માં ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી); બી.એ (પ્રિન્સિ.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિન્દી; તથા બી.એ. (સમો.)માં અંગ્રેજીનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી).

સદરહુ રિપોર્ટની સભાગૃહે નોંધ લીધી.

૩. સિન્ડિકેટે સુધારેલા, નવા ઘડેલા અને રદ કરેલા નીચેના ઑર્ડિનન્સો :

(અ) સુધારેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. આર્ટ્સ-૪, ઑર્ડિ. કૉમર્સ-૫(બી), ઑર્ડિ. આર્ટ્સ-૬, ઑર્ડિ. એક્સ્ટ. આર્ટ્સ-૬, ઑર્ડિ. ટેક. ૭, ઑર્ડિ. ટેક. ૮, ઑર્ડિ. ટેક. ૧૫, ઑર્ડિ. ટેક. ૧૬, ઑર્ડિ. ટેક. ૨૨, ઑર્ડિ. ટેક. ૨૩, ઑર્ડિ. સાયન્સ-૮(એ), ઑર્ડિ. ૫૭-એ (૯), ઑર્ડિ. ૬૨-ડી(૧), (૨) અને (૩), ઑર્ડિ. ૬૫-એફ, ઑર્ડિ. ૬૫-એફ (ઈ), ઑર્ડિ. ૬૫-એફ(એફ)(૪), ઑર્ડિ. ૬૫-એમ (બી)(૫), ઑર્ડિ. ૬૫-એમ(ડી), નોટ-૨, ઑર્ડિ. ૬૫-એમ, ઑર્ડિ. ૭૫(૧), ઑર્ડિ. ૭૮, ઑર્ડિ. ૯૬, ઑર્ડિ. ૧૨૦, ઑર્ડિ. ૧૨૦, ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ), ઑર્ડિ. ૧૪૮, ઑર્ડિ. ૧૫૧-એ(૧) અને (૨),

ઑર્ડિ. ૧૫૧-સી, ઑર્ડિ. ૧૭૪(ઈ), ઑર્ડિ. ૧૭૪(એલ), ઑર્ડિ. ૧૯૦, ઑર્ડિ. ૧૯૦(સી), ઑર્ડિ. ૨૫૯, ઑર્ડિ. ૨૮૨, ઑર્ડિ. ૨૯૫, ઑર્ડિ. ૩૦૦-એ, ઑર્ડિ. ૩૦૦-બી, ઑર્ડિ. ૩૦૨ એફ(ફાર્મ-ઑ. ૬), ઑર્ડિ. ૩૦૯, ઑર્ડિ. ૩૭૩, ઑર્ડિ. ૩૭૪ (એ)થી (ઈ).

ઉપર જણાવેલા ઑર્ડિનન્સો એક પછી એક વિચારણા માટે હાથ ધરવામાં આવ્યા, અને તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ઑર્ડિ. આર્ટ્સ-૪ અને ઑર્ડિ. કૉમર્સ-૫ (બી) મંજૂર કરવામાં આવ્યા.

ઑર્ડિ. આર્ટ્સ-૬ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવા માટે આચાર્ય એસ. આર. ભટ્ટે આચાર્ય ચિમનભાઈ જે. પટેલના ટેકાથી પ્રસ્તાવ રજૂ કર્યો, તેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઑર્ડિ. એકરટ. આર્ટ્સ-૬ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવા આચાર્ય એસ. આર. ભટ્ટે આચાર્ય ચિમનભાઈ જે. પટેલના ટેકાથી પ્રસ્તાવ રજૂ કર્યો, તેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઑર્ડિ. ટેક. ૭, ઑર્ડિ. ટેક. ૮, ઑર્ડિ. ટેક. ૧૫, ઑર્ડિ. ટેક. ૧૬, ઑર્ડિ. ટેક. ૨૨, ઑર્ડિ. ટેક. ૨૩, ઑર્ડિ. સાયન્સ-૮ (એ), ઑર્ડિ. ૫૭-એ (૯), ઑર્ડિ. ૬૨-ડી (૧), (૨) અને (૩), ઑર્ડિ. ૬૫-એફ (એ), ઑર્ડિ. ૬૫-એફ (ઈ) મંજૂર કરવામાં આવ્યા.

ઑર્ડિ. ૬૫-એફ (એફ) (૪) આચાર્ય મનહરલાલ સી. દેસાઈએ, ડૉ. એ. એમ. ત્રિવેદીના ટેકાથી પ્રસ્તાવ રજૂ કર્યો કે, સદરહુ ઑર્ડિ. સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઑર્ડિ. ૬૫-એમ (વી) (વી) આચાર્ય મનહરલાલ સી. દેસાઈ, ડૉ. એ. એમ. ત્રીવેદીના ટેકાથી પ્રસ્તાવ રજૂ કર્યો કે, સદરહુ ઑર્ડિ. સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઑર્ડિ. ૬૫-એમ (ડી), નોટ-૨ અને ઑર્ડિ. ૬૫-એમ મંજૂર કરવામાં આવ્યા.

ઑર્ડિ. ૭૫ (૧) : શ્રી. રમેશ ભટ્ટે આચાર્ય એસ. સી. પાઠકના ટેકાથી પ્રસ્તાવ રજૂ કર્યો કે, સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટને પુનર્વિચારણા માટે મોકલવામાં આવે.

તે પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઑર્ડિ. ૭૮ : આચાર્ય એસ. આર. ભટ્ટે ડૉ. એ એમ. ત્રિવેદીના ટેકાથી પ્રસ્તાવ રજૂ કર્યો કે, સદરહુ ઑર્ડિ. સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઑર્ડિ. ૯૬ અને ઑર્ડિ. ૧૨૦ મંજૂર કરવામાં આવ્યા.

(નોંધ.—ઑર્ડિ. ૧૨૦ એ વખત જુદે જુદે સમયે સુધારવામાં આવેલ હોઈ તેના સુધારેલા પાઠ મંજૂરી માટે એ વખત રજૂ કરવામાં આવ્યા છે, પણ ઑર્ડિ. ૧૨૦નો પાઠ જે બીજી વખત આપવામાં આવેલો છે, તે હાલ અમલમાં છે તેમ સ્પષ્ટતા કરવામાં આવે.)

ઑર્ડિ. ૧૨૯ (સંબંધકર્તા ભાગ): આચાર્ય એસ. આર. ભટ્ટે, આચાર્ય જે. બી. સાવિડલના ટેકાથી પ્રસ્તાવ રજૂ કર્યો કે, સદરહુ ઑર્ડિનન્સ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઑર્ડિ. ૧૪૮, ઑર્ડિ. ૧૫૧-એ (૧) અને (૨), ઑર્ડિ. ૧૫૧-સી. ઑર્ડિ. ૧૭૪ (ઈ), ઑર્ડિ. ૧૭૪ (એલ.), ઑર્ડિ. ૧૯૦, ઑર્ડિ. ૧૯૦ (સી), ઑર્ડિ. ૨૫૯, ઑર્ડિ. ૨૯૫, ઑર્ડિ. ૩૦૦-એ, ઑર્ડિ. ૩૦૦-બી, ઑર્ડિ. ૩૦૨ (એફ) (ફાર્મ.-ઓ.૬), ઑર્ડિ. ૩૦૯, ઑર્ડિ. ૩૭૩, ઑર્ડિ. ૩૭૪ (એ)થી (ઈ) મંજૂર કરવામાં આવ્યા.

(ખ) નવા ઘડેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. સાયન્સ ૩(સી), ઑર્ડિ. એકસ-૭

ઑર્ડિ. ૩ (સી) અને ઑર્ડિ. એકસ-૭ મંજૂર કરવામાં આવ્યા.

(ક) રદ કરેલા ઑર્ડિનન્સો

ઑર્ડિ. ૧૭૪, ૨૦૧, ૩૦૨(ઈ) (ફાર્મ. ઑર્ડિ.-૫) અને ૩૦૯.

ઑર્ડિ. ૧૭૪, ૨૦૧, ૩૦૨ (ઈ) (ફાર્મ. ઑર્ડિ. ૫) અને ૩૦૯ રદ કર્યાનું મંજૂર કરવામાં આવ્યું.

(સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલાવેલ, નવા ઘડેલા તથા રદ કરેલા ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪. સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલાવેલ ઑર્ડિ. ૧૨૦-એ પર સિન્ડિકેટનો રિપોર્ટ.

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૦-એ, આ સાથે જોડેલા પરિશિષ્ટમાં આપ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. ગુ. નાયકે નોટિસ આપી હતી:

"ઑર્ડિ. ૧૨૦-એ પરિશિષ્ટ "ખ" પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબતનો સિન્ડિકેટનો રિપોર્ટ મંજૂર કરવામાં આવે."

(પરિશિષ્ટ "ખ"ની નકલ સામેલ છે.)

સદરહુ પ્રસ્તાવ ડૉ. ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ ટેકો આપ્યો.

તે પછી આચાર્ય એસ. સી. પાઠકે શ્રી. રમેશ ભટ્ટના ટેકાથી પ્રસ્તાવ રજૂ કર્યો કે, સદરહુ બાબત સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલવામાં આવે.

સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, તે બહુમતે મંજૂર કરવામાં આવ્યો.

9. Notwithstanding anything contained above, it is hereby provided that it shall be competent for the Principal of a college to grant exemption from Physical Training on medical grounds to a candidate who is otherwise required to undergo a course of Physical Training under clauses (3), and (6) above.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૦

જોડાણઅરજી અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિઓને સૂચનાઓ

૧. કોઈ પણ એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૨૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછી ૩૫૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ દાખલ થયા ન હોય ત્યાં સુધી તે વિદ્યાશાખાની અથવા વિદ્યાશાખાઓની બીજી કૉલેજની જરૂરિયાત અસ્તિત્વ ધરાવતી કૉલેજની આસપાસના ૫ માઇલની ત્રિજ્યાના વિસ્તારમાં સામાન્યપણે સ્વીકારવી નહિ.

૨. એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૪૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૬૫૦ વિદ્યાર્થીઓ ન થાય ત્યાં સુધી એ જ વિદ્યાશાખા અથવા વિદ્યાશાખાઓવાળી નવી કૉલેજની આવશ્યકતા સામાન્યપણે સ્વીકારવી નહિ.

નીચેની બાબતો અપવાદરૂપે ગણાશે :

(૧) વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને — જેવી કે, અધ્યાપન કૉલેજને — આ નિયમ લાગુ પડશે નહિ.

(૨) સ્ત્રી-શિક્ષણની એક વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૨૦૦ વિદ્યાર્થિનીઓ હોય અગર બે વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૨૦૦ વિદ્યાર્થિનીઓ હોય અગર બે વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૩૫૦ વિદ્યાર્થિનીઓ હોય તો સ્ત્રી-શિક્ષણની નવી સંસ્થાની આવશ્યકતા સ્વીકારી શકાય.

(૩) અમદાવાદ શહેરમાં આ નિયમ વિષે અપવાદ કરવાની જરૂર વિચારીને અને તેનાં કારણો જણાવીને નિરીક્ષણસમિતિ તેવી ભલામણ કરી શકશે.

૩. અરજી કરનાર સંસ્થા પાસે અરજી કરતી વેળા તેમની પાસે અસ્કયામત અને/અથવા રોકડ રકમ કે ફંડફાળા અંગે શી સ્થિતિ છે તે વિષે સ્થાનિક તપાસસમિતિએ જાણી લઈને વિગતે રિપોર્ટ કરવો.

આમ કરતાં વિનયન કે વાણિજ્યની એક વિદ્યાશાખાથી શરૂ થતી કૉલેજ માટે ઓછામાં ઓછા એક લાખ રૂપિયાની અને વિજ્ઞાનની વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે ઓછામાં ઓછા બે લાખ રૂપિયાની ઋણમુક્ત અસ્કયામત કે ભંડોળ હોવું જોઈએ. કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસે પોતાની માલિકીનું મકાન હોવું જરૂરી છે. એકથી વધુ વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે વિદ્યાશાખા દીઠ સદરહુ જોગવાઈ ઉપર મુજબ કરવાની રહેશે. જો એ આખી રકમ સંસ્થા તાત્કાલિક રીતે બતાવી ન શકે તો જોડાણ મળ્યાથી

વધુમાં વધુ ત્રણ વર્ષમાં એવું ભંડોળ એકઠું કરવાની સંચાલકમંડળની ક્ષમતા છે તેની ખાતરી કરી તે મુજબ લેખિત બાંયધરી કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસેથી તપાસસમિતિએ મેળવવી.

[**નોંધ.**— ઋણમુક્ત અસ્કયામત એટલે જે તે સંસ્થાની કુલ અસ્કયામત(total assets)માંથી તેનું જે કાંઈ દેવું કે જવાબદારી હોય તે બાદ કરતાં વધે તે રકમની સ્થાવર તથા જંગમ મિલકતથી તાત્કાલિક બજાર ભાવે થતી કિંમત.]

એ ઉપરાંત સંસ્થા શરૂ કરવાને માટે તાત્કાલિક કેટલું ખર્ચ કરવું જરૂરી છે તેનો અને તેટલો ચોક્કસ અંદાજ તપાસસમિતિએ આપવો. એ ઉપરાંત જોડાણ મળ્યાના ત્રણ વર્ષમાં સંસ્થા પોતાની માલિકીનું કૉલેજ માટેનું મકાન બાંધવાની ક્ષમતા ધરાવે છે અને તે માટેની જરૂરી જમીન સંસ્થા પાસે છે એની ખાતરી કરી તે અંગેની ઘટતી બાંયધરી મેળવી તપાસસમિતિએ રિપોર્ટ કરવો.

૪. જોડાણ મેળવનાર દરેક કૉલેજને માટે રમતગમતના મેદાનની પૂરતી જોગવાઈ કરવી ફરજિયાત ગણાશે.

૫. કોઈ પણ ચાલુ કૉલેજ, ઉપરની સૂચના એક અને એમાં દર્શાવેલી લઘુતમ વિદ્યાર્થી સંખ્યા પોતાની સ્થાપના પછીનાં પાંચ વર્ષને અંતે પણ મેળવી શકી ન હોય તો તે વિસ્તારમાં નવી સંસ્થા ખોલવા દેવાની છૂટ આપી શકાશે.

૬. કૉલેજ માટેનું મકાન ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે જ વપરાવું જોઈએ.

૭. કૉલેજના મકાન કે મકાનોમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જગ્યાની જોગવાઈ જરૂરી છે:

વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ જગ્યા (વિદ્યાર્થીઓની બેઠકોની હારબંધ ગોઠવણીનો મુદ્દો સમિતિ ધ્યાનમાં લઈ શકશે).

જરૂર પ્રમાણે વર્ગોના ઓરડાઓ ઉપરાંત નીચેની ગોઠવણ પણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે:

(૧) શિક્ષકો માટેનો ખંડ
(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૩) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૪) ગ્રંથાલય અને અધ્યયન માટે ઘટતી જોગવાઈ
(૫) સ્વચ્છ સંડાસ–મુતરડી વગેરેની વ્યવસ્થા.

૮. કૉલેજ ઉઘાડનાર મંડળ કે સંસ્થાએ કૉલેજના મકાનની બની શકે તેટલી પાસે, આચાર્ય માટે ભાડા-મુક્ત નિવાસસ્થાનની તથા કૉલેજના જે શિક્ષક છાત્રાલયની સંભાળ રાખતા હોય તેમને માટે છાત્રાલયની નજીક ભાડા-મુક્ત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરી આપવી આવશ્યક ગણાશે.

૯. દરેક કૉલેજ ઉઘાડનાર મંડળે કે સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે.

છાત્રાલયમાં નીચે પ્રમાણે જગ્યાની ગોઠવણ રાખવી:

એક છાત્રવાળી ઓરડી માટે ૮૫ થી ૯૦ ચોરસ ફૂટ.

બે છાત્રવાળી ઓરડી માટે ૭૫થી ૮૦ ચોરસ ફૂટ એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૧૬૦ ચોરસ ફૂટ.

ત્રણ છાત્રવાળી ઓરડીઓ માટે ૭૦થી ૭૫ ચોરસ ફૂટ એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૨૧૦થી ૨૨૫ ચોરસ ફૂટ.

ઉપરની જોગવાઈ કરવાનું હવે પછી બંધાનાર છાત્રાલયો માટે જ રહેશે.

૧૦. કૉલેજમાં શિખવાડાતા અભ્યાસક્રમની જરૂરિયાત મુજબ સુસજ્જ ગ્રંથાલય તથા યુનિવર્સિટીએ નક્કી કરેલ ધોરણો પ્રમાણે પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૧૧. શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં નક્કી કરેલાં ધોરણો મુજબની નિમણૂક કરવામાં આવેલી છે તે તથા તેમનું કામકાજનું ભારણ ધોરણસર છે તેની ખાતરી પણ કૉલેજના પુરસ્કર્તાઓએ કરાવવી જોઈએ.

૧૨. (૧)૩૧મી માર્ચ સુધીમાં સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ સંસ્થાએ યુનિવર્સિટીના મહામાત્રને મોકલવાનો રહેશે. આ પ્રકારનો અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણી સમિતિ નીમી તેનો રિપોર્ટ મેળવી તા. ૩૦મી એપ્રિલ સુધીમાં ઘટતાં પગલાં લઈ બધી નવી કૉલેજોના જોડાણ અંગે રાજ્ય સરકારને સિન્ડિકેટ ભલામણ કરશે.

(૨) ૩૧મી માર્ચ પહેલાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક શિક્ષકની નિમણૂક અને સ્વીકૃતિપત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૧૩. જોડાણ અંગે જે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૪. પ્રથમ વાર જોડાણ માગતી કૉલેજોને ફક્ત એક જ વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૫. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ કરીને ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગત વાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈશે.

૧૬. ઉપરના કોઈ પણ નિયમમાં અપવાદ કરવાની જરૂર જે સ્થાનિક તપાસસમિતિને લાગે તો તેમ કરવાનાં કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેવી ભલામણ તે કરી શકશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૨

સમાજવિદ્યા ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૧૫-૧-૧૯૬૩ના આપના પત્રાંક Syn./Tr./O 1848 મુજબ અમે સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણ માટે, તા. ૯-૩-૧૯૬૩ના રોજ ગયા હતા. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી; કેટલીક બીજી અમે માગી તે બધી અમને તે બાદ તેમણે પહોંચતી કરી હતી. સત્રનો અંત હોવાથી વિદ્યાર્થીઓના વર્ગો બંધ હતા, એટલે એમને આમારાથી મળી શકાયું નહોતું. અધ્યાપકગણ જોડે કામકાજ બાબત બે-ત્રણ કલાક સારી પેઠે અમે વાતચીત કરી હતી. તે ઉપરાંત ભવનના સંચાલકશ્રી તથા રીડરોને અમે મળ્યા હતા. એ બધી સગવડ આપવાને માટે અમે આભારી છીએ. આ બધા પરથી, અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. આ ભવન ૧૯૫૪માં યુનિવર્સિટીએ સ્થાપ્યું ત્યારથી તેના સંચાલકશ્રી મારફતે યુનિવર્સિટી તેનું સંચાલન કરે છે. મકાન તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ જ કરી છે, અને તે પૂરતી અને સારી પેઠે થયેલી છે.

૨. એના નામ પ્રમાણે, ભવન સમાજવિદ્યાઓના અધ્યાપન તથા સંશોધનને માટે સ્થાપવામાં આવ્યું છે. સમાજવિદ્યાઓમાં નીચેની વિદ્યાઓનો (એમ.એ. તથા પીએચ.ડી. માટે) અભ્યાસ કરાવવાની જોગવાઈ છે :

(૧) અર્થશાસ્ત્ર, (૨) રાજકારણ, (૩) આંકડાશાસ્ત્ર, (૪) સમાજવિજ્ઞાન, અને (૫) મજૂરકલ્યાણ (અનુસ્નાતક ડિપ્લોમા માટે).

આને માટે કુલ ૧૯ અધ્યાપકો કામ કરે છે. તેમના વિષે તથા તેમના કામકાજને વિષે વિગતવાર હકીકત આપતું નિવેદન ભવનના સંચાલકે અમને આપ્યું હતું. તે આ સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડ્યું છે. કુલ ૧૯ની અંદર, ૧ અધ્યાપક કક્ષાના, ૬ રીડર અને બાકીના લેક્ચરર કક્ષાના શિક્ષકો છે. વિષય વાર જોતાં, અર્થશાસ્ત્રને માટે એક અધ્યાપક અને ત્રણ રીડર છે, રાજકારણ માટે એક રીડર છે. અને એક અધ્યાપકની જગ્યા પૂરવાની બાકી છે. સામાજવિજ્ઞાન માટે એક રીડર છે, તથા આંકડાશાસ્ત્ર માટે પણ એક રીડર છે.

૩. સામાન્ય રીતે અધ્યાપકોને અઠવાડિયામાં રોજ એકથી બે (એક એક કલાકના) 'પીરિયડ' જેટલું કામ હોય છે. ભવનના અધ્યાપનના કામને માટે આ જોગવાઈ પૂરતી અને સંતોષકારક રીતે રહે છે. બહારના કોઈ માન્ય અધ્યાપકને મદદમાં બોલાવવાની સામાન્યપણે જરૂર રહેતી નથી. [આમાં મજૂરકલ્યાણ અંગેનો અપવાદ ગણાય કે જેમાં ચારેક અધ્યાપકોને 'વિઝિટિંગ વ્યાખ્યાતાઓ' તરીકે ચાલુ વર્ષમાં (૧૯૬૨-૬૩માં) બોલાવવામાં આવ્યા હતા.]

૪. અમને જણાવવામાં આવ્યું કે, જુદા જુદા વિષયોના નિષ્ણાતોને જે શિક્ષણના કામમાં તેમના ખાસ અભ્યાસ અંગે વ્યાખ્યાન, પરિસંવાદ ઇત્યાદિ માટે બોલાવી શકાય તો શિક્ષણને વધુ સમૃદ્ધ અને સભર કરી શકાય, પરંતુ યુનિવર્સિટીની સૂચના, તેમ નહિ કરવાની છે એવી છાપ ભવનના સંચાલકની હોય એમ અમે જોયું આ બાબતની સૂચના જોતાં જણાયું કે સામાન્ય વર્ગશિક્ષણ તથા સ્વાધ્યાય વગેરેને માટે ઉપરની સૂચના લાગુ પડે છે, પણ શિક્ષણને વધુ સમૃદ્ધ કરવાને વાસ્તે તે તે વિષયના ખાસ અભ્યાસીઓને વિશેષ ચર્ચા, વસ્તુનિરૂપણ વગેરેને માટે બોલાવવાની તેમાં મના નથી, એ તરફ અમે ધ્યાન દોર્યું હતું.

૫. 'પીએચ.ડી.'ના સંશોધનનું માર્ગદર્શન કરવાને માટે 'ગાઈડ' તરીકે અર્થશાસ્ત્રમાં પ્રોફેસર શિનોય અને સમાજવિજ્ઞાનમાં પ્રોફેસર તારાબહેન પટેલ માન્ય થયેલાં છે. રાજકારણ અને આંકડાશાસ્ત્ર માટે માન્ય 'ગાઈડ' ભવનના સ્ટાફ પર અત્યારે કોઈ નથી. સામાન્ય રીતે, યુનિવર્સિટી ભવનના રીડર કક્ષાએ નિમાયેલા અધ્યાપકને આવી માન્યતા આપોઆપ મળે એવો નિયમ હોવો જોઈએ એવી લાગણી હોય એમ ભવનના સ્ટાફની જોડેની અમારી ચર્ચામાંથી અમને જોવાને મળ્યું. આ વસ્તુ, અમારું અગાઉ જે ત્રિવાર્ષિક નિરીક્ષણ થયું હતું તેમાં પણ નોંધાયેલી છે. આ વિષયમાં યુનિવર્સિટીના અનુસ્નાતક અધ્યાપક તરીકેની માન્યતા આપવાનો જે નિયમ છે તે સામાન્યપણે આખી યુનિવર્સિટીને સમાન ધોરણે નિરપવાદ લાગુ પાડવામાં આવ્યો છે એમ અમે જણાવ્યું. અમને એ પણ કહેવામાં આવ્યું કે, ભવનમાં કેટલાક રીડર એવા છે કે જે બીજી યુનિવર્સિટીઓમાં પીએચ.ડી.ના પરીક્ષક તરીકે પાત્ર ગણાય છે, પરંતુ આપણે ત્યાં 'ગાઈડ' તરીકે માન્ય નથી કરી શકાતા. અમને એમ પણ કહેવામાં આવ્યું કે, આવા રીડરોના વિદ્યાર્થીઓ બીજી યુનિવર્સિટીઓમાં 'ગાઈડ' તરીકે કામ કરે છે. આ ઉપરથી અમે જોયું કે, રીડરોની માન્યતા વિષેની આ બાબત ભવનમાં સારી પેઠે ચોળાયા કરે છે. અમે એમનું ધ્યાન નિયમના એ ભાગ તરફ ખેચ્યું કે જ્યાં આગળ એમ કહ્યું છે કે, 'ગાઈડ'ની લાયકાત માટે સામાન્ય નિયમોમાંથી કાંઈક ખૂટતું હોય તેમ છતાં જો વ્યક્તિની ખાસ કામગીરી અને સંશોધન-શક્તિ જણાય તો અપવાદ કરી શકાય છે.

૬. ભવનમાં કામ કરતા શિક્ષકો પોતે પીએચ.ડી. થવા માગતા હોય, પણ આપણી યુનિવર્સિટીમાં તેમના વિષયને માટે માન્ય 'ગાઈડ' હયાત ન હોય તો મુશ્કેલી પડે છે અને પીએચ.ડી.નો અભ્યાસ કરી શકાતો નથી. આવી સ્થિતિમાં યુનિવર્સિટી બહારના ક્ષેત્રમાંથી પણ ત્યાંના માન્ય 'ગાઈડ' હોય તેમનો સંસર્ગ સાધીને યુનિવર્સિટીના અધ્યાપકો પોતાનું પીએચ.ડી. કામ કરી શકે છે તે નિયમ તરફ અમે ધ્યાન દોર્યું હતું. તેના જવાબમાં અમને એવી મુશ્કેલી બતાવવામાં આવી કે, આવા શિક્ષકો પોતાને ત્યાંના જ વિદ્યાર્થીઓને માટે રોકાઈ રહેલા હોય છે તથા ભાગ્યે જ બહારનું કામ લેવા તત્પર થાય છે. આ સંજોગોમાં શું કરવું તે સવાલ જરૂર ઊભો થાય છે. આવા વ્યક્તિગત કેસ હોય તેમણે પોતાની વિશિષ્ટ સ્થિતિ બતાવીને યુનિવર્સિટી પાસે રાહત માગવી જોઈએ એ જ માર્ગ બાકી રહે છે. આ પ્રશ્ન અમે સિન્ડિકેટના ધ્યાન પર લાવીએ છીએ.

૭. અમને જણાવવામાં આવ્યું કે, આંકડાશાસ્ત્રનો વિભાગ આવતા વર્ષથી ગણિતવિદ્યા ભવનના ભાગ તરીકે આ ભવનમાંથી તે ભવનમાં લઈ જવામાં આવશે. આજે સમાજવિદ્યાઓનું ખેડાણ, સંશોધન વગેરે જે રીતે થાય છે તે જોતાં, આંકડાશાસ્ત્ર આ ભવનનો પણ એક મહત્ત્વનો ભાગ છે તેમાં શંકા નથી. એમ કહીએ તો ચાલે કે 'એપ્લાઇડ' આંકડાશાસ્ત્રનો વિભાગ સામાન્ય રીતે આ ભવનમાં જરૂરનો ગણાય, જોકે એક વિદ્યા તરીકે તે ગણિતવિદ્યાનો ભાગ છે તેમાં શંકા નથી. ભવનમાં સંશોધન વગેરેનું કામ થાય તેમાં અમુક કક્ષાએ અમુક આંકડાશાસ્ત્રનું કામ અને તેની જરૂરિયાત ઊભાં થાય જ છે. આ સગવડ ભવન પાસેથી જઈ, તેના ભાગ તરીકે ન રહે તો, બીજું કાંઈ નહિ તોપણ કામમાં વિલંબ તો પડે જ. સંશોધન અંગે આવા વખતે તે તે અધ્યાપકોએ અવારનવાર મળીને પણ કામ કરવાનું જરૂરી બને છે. આંકડાશાસ્ત્રનો વિભાગ જુદા ભવનની વ્યવસ્થામાં જાય તો આવાં કારણોથી અમને મુશ્કેલાત પડશે એ પ્રકારની રજૂઆત ભવનના સ્ટાફે અમારી આગળ કરી હતી. અમને લાગે છે કે, અમુક જાતની તકલીફ જરૂર અહીં બતાવી શકાય, પરંતુ ગણિત ભવન પણ યુનિવર્સિટી 'કૅમ્પસ' પર સાથે જ છે, તેથી એમાં કાંઈક ઘટાડો થતો માનવો જોઈએ. એટલે એમ કરવું રહ્યું કે, આંકડાશાસ્ત્રને અંગે ગણિત ભવન અને સમાજવિદ્યા ભવન, કોઈક રીતે, ભેગાં મળીને વ્યવસ્થા કરી લે એવો બંદોબસ્ત વિધિસર થવો જોઈએ. અમારી ભલામણ છે કે, આ બાબતમાં જે તકલીફ ભવન તરફથી અમને વર્ણવી બતાવવામાં આવી તે અંગે નવી ગોઠવણી થાય ત્યારે કાંઈક સમાધાનકારક રસ્તો યોજવો જોઈએ.

૮. ભવનના કામકાજમાં અધ્યાપન ઉપરાંત, મહત્ત્વનું કામ સંશોધનની પ્રવૃત્તિ ગણાય છે, અને ભવન સામાન્ય શિક્ષણના કામ ઉપરાંત, સંશોધનમાં પણ યોજનાપૂર્વક કામ કરે એ આવશ્યક અને તેના માટે શોભારૂપ પણ મનાય છે. આ બાબતમાં પણ અમે ભવનના અધ્યક્ષ તથા સ્ટાફ જોડે લંબાણથી ચર્ચા કરી હતી. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા નિરીક્ષણમાં પણ આ વિષે અમે સામાન્યપણે કેટલીક બાબતો નોંધી છે કે જે અહીં પણ લાગુ પડે છે. ભવનમાં અત્યારે સંશોધન અંગે જે કામકાજ ચાલે છે તેનો અધ્યાપકવાર અહેવાલ અમને મળ્યો છે તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨* તરીકે) અમે જોડી આપ્યો છે. આ કામ દરેક અધ્યાપક પોતાની અંગત રુચિ અને ઇચ્છા પ્રમાણે અંગીકાર કરે છે અને તે પોતાની રીતે આગળ ચલાવે છે. ભવન તરફથી અને સમયરૂપે કરવાના કામ તરીકે કોઈ યોજનાબદ્ધ સંશોધન-કાર્યક્રમ હોતો નથી. આજે આપણા દેશની યુનિવર્સિટીઓમાં સંશોધનનું કામ આ ઢબે જ મુખ્યત્વે ચાલે છે.

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા રિપોર્ટમાં સંશોધન કાર્યને ત્રણ ભાગમાં અમે વહેંચી બતાવ્યું છે તે અહીં ફરીથી લખવાની જરૂર નથી. આ ભવનના અધ્યક્ષે બીજા દૃષ્ટિબિંદુથી સંશોધન કાર્યને નીચેની ત્રણ રીતોમાં વહેંચી શકાય એવું અમારી આગળ જણાવ્યું :

(૧) કોઈ પણ મુદ્દાનું, તપાસ કે સરવેની દૃષ્ટિએ કરાતું તપાસકાર્યની ઢબનું સંશોધન;

(૨) મુખ્યત્વે ગ્રંથાલયની મદદથી દસ્તાવેજી આધારે અભ્યાસ કરીને રજૂ થતું પ્રબંધની ઢબનું સંશોધનકાર્ય; અને

(૩) કોઈ વિદ્યાના પ્રશ્નનું મૌલિક સંશોધન.

આ વર્ગીકરણ નોંધપાત્ર છે. પહેલા પ્રકારનું કામ ભવનમાં 'ટીમ વર્ક' તરીકે અને આયોજનપૂર્વક ઉપાડી શકાય એવું છે. કાંઈક અંશે બીજા પ્રકારનું કામ પણ એ ઢબે યોજવાનું શક્ય હોય. ત્રીજા પ્રકારનું કામ એવું છે કે, જ્યાં સંશોધનની અંગત કામગીરી પ્રસ્તુત બને છે. એટલે અમે ભવનના અધ્યક્ષને એમ સૂચવ્યું કે, ભવન અધ્યાપન ઉપરાંત સંશોધનની પણ સંસ્થા છે, તથા અધ્યાપકો પાસે રોજ એક-બે સમયના અધ્યાપનકામ પછી અભ્યાસ તથા સંશોધન માટે નવરાશ પણ હોય છે. એટલે ભવને એક સંશોધન સંસ્થા તરીકે સંશોધન માટે વ્યવસ્થિત કાર્યક્રમ પણ યોજવા જોઈએ. ભવનના અધ્યક્ષે આ વસ્તુ વિચારવા જેવી છે એમ કહીને જણાવ્યું કે, આ અંગે આગળ ઘટતી યોજના કરીશું.

૯. ભવનની જુદી જુદી વિદ્યાશાખાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે તેના ૧૯૬૦, ૧૯૬૧ અને ૧૯૬૨ના ત્રણ વર્ષના ક્રમિક કોઠા આ સાથે (પરિશિષ્ટ ૩ માં)* આપ્યા છે તે જોતાં જણાય છે. ૧૯૬૦-૬૧માં જુનિયર-સીનિયર એમ.એ. થઈને કુલ ૧૫૮, ૧૯૬૧-૬૨માં ૨૫૧ અને ૧૯૬૨-૬૩માં ૨૭૦ વિદ્યાર્થીઓની સંખ્યા જોવા મળે છે; અને પીએચ.ડી.માં ૧૯૬૦-૬૧માં ૨, અને ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩માં ૪ વિદ્યાર્થીઓ હતા, એમ જણાય છે. અમદાવાદમાં કામ કરતાં આ વિષયો અંગેનાં અનુસ્નાતક કેન્દ્રો કયાં કયાં અને કેટલાં છે તથા તેમાં કેટલી સંખ્યા તેનો લાભ લે છે તે માહિતી અમે મેળવી શકયા નથી. પણ કેટલાક વિષયોમાં આ ભવન જ આખી યુનિવર્સિટીમાં કામ કરતું હોય એમ જણાય છે. 'યુનિવર્સિટીનાં ભવન તથા તેમને મળતું કામ કરતાં' બહારનાં કેન્દ્રો વચ્ચે અમુક પ્રકારનો સંબંધ જોડાય એ વિષે અમે ગુજરાતી ભવનના નિરીક્ષણના અમારા રિપોર્ટમાં કયાંક ચર્ચા કરી છે તે અહીં બેવડાવતા નથી. ત્યાં કરેલું સૂચન અહીં પણ રજૂ કરીએ છીએ.

૧૦. પરીક્ષાનાં પરિણામો બતાવતો કોઠો, અમને જે મળ્યો તે, આ સાથે અલગ (પરિશિષ્ટ ૪ તરીકે)* જોડયો છે. તેમાં ત્રણેય વર્ષોનાં પરિણામ આપવામાં આવેલાં છે. ત્રણેય વર્ષ, દર વર્ષે ૭૦ ટકા ઉપર પરિણામ આવેલું જોવા મળે છે. સિવાય કે, ૧૯૬૧માં, D.L.W. પરીક્ષામાં, તે કાંઈક ઓછું છે. પરિણામ જોતાં એ પણ ધ્યાનમાં આવે છે કે, એમ.એસસી. આંકડાશાસ્ત્ર સિવાય બીજી પરીક્ષાઓમાં ત્રણે વર્ષમાં કોઈ પહેલા વર્ગમાં આવ્યું નથી. બીજા વર્ગમાં ૧૯૬૦-૬૧માં ૨૫ ટકા જેટલું પરિણામ છે, જ્યારે ત્રીજા વર્ગમાં (૧૯૬૨માં) તેના ટકા ૧૬-૧૭ જેટલા છે.

૧૧. ભવનના વિદ્યાર્થીઓનું વિદ્યાર્થીમંડળ ચાલે છે, તથા તેની ઇતર પ્રવૃત્તિઓમાં તેનું (અને અમદાવાદની બધીય કૉલેજોનું પણ) "પ્લાનિંગ ફોરમ" ચાલે છે. વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓમાં રમત-ગમતો, વાર્ષિક દિન સંમેલન વગેરે જોવામાં આવે છે. શરૂમાં જણાવ્યું તેમ અમે વિદ્યાર્થીઓને મળી શકયા નહોતા, એટલે એ વિષે કાંઈ વધુ જણાવી શકીએ તેમ નથી.

૧૨. ભવનને માટે છાત્રાલયની વ્યવસ્થા યુનિવર્સિટીના છાત્રાલયમાં થયેલી છે. ભવનના વિદ્યાર્થીઓ તેનો ઠીક ઠીક લાભ લેતા જણાય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સંખ્યા જુનિયર-સીનિયર મળીને ૧૯૬૦-૬૧માં (૨૩+૫૧) ૭૪, ૧૯૬૧-૬૨માં (૩૨+૩૫) ૬૭ અને ૧૯૬૨-૬૩માં (૩૩+૩૮) ૭૧ હતી.

૧૩. પીએચ.ડી. માટે ૪ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, તેમાંના ૨ અર્થશાસ્ત્ર અને ૨ સમાજશાસ્ત્રમાં કામ કરે છે. અર્થશાસ્ત્રના બેમાંથી એક વિદ્યાર્થીએ પોતાનો પ્રબંધ પૂરો કરીને આ વર્ષે પરીક્ષા માટે સોંપ્યો છે, અને બીજા વિદ્યાર્થીનો પ્રબંધ લગભગ પૂરો થવા આવ્યો છે. આ બે વિદ્યાર્થીઓ

૧૯૬૦-૬૧થી ચાલુ થયા છે. સમાજવિજ્ઞાનની અંદર ગયા વર્ષે ત્રણ વિદ્યાર્થીઓ હતા, તેમાંથી આ વર્ષે બે ચાલુ છે.

પીએચ.ડી. માટેના વિદ્યાર્થીઓની સંખ્યા અંગે અમે ભવનના અધ્યક્ષ સાથે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, અર્થશાસ્ત્ર માટે માર્ગદર્શક તરીકે જેઓ મારી પાસે આવે છે તેમની હું અમુક ધોરણની કસોટી લઉં છું અને તેમાં જો મને કામચલાઉ સંતોષ થાય કે જેથી પીએચ.ડી.નું ધોરણ સચવાઈ રહે તો તે હિસાબે તેને દોરવણી આપવાનું કામ માથે લઉં છું. તે મુજબ કામ કરતાં મેં બેને લીધેલા છે. કસોટીમાંથી પસાર ન થાય તો હું સામાન્યપણે લેતો નથી. સંખ્યાની બાબતમાં આ પ્રમાણે અમને તેમણે પોતાના વિષય અંગે જણાવ્યું. સમાજવિદ્યામાં ત્રણમાંથી એક ઓછો કેમ થયો તેનું કારણ એવું જાણવા મળ્યું કે, એક સત્ર દરમિયાન તેનું કામ આગળ ચાલતું ન લાગ્યું તેથી યુનિવર્સિટીમાં નવા વરસે તેની ફી લેવામાં આવી નહિ, અને એ રીતે વિદ્યાર્થી કમી થયેલો છે.

યુનિવર્સિટીની પીએચ.ડી. પરીક્ષા બને તેટલા ઉત્તમ ધોરણે અને ઉત્કૃષ્ટ કક્ષાએ રહે એ જાળવવું જોઈએ. ઉપર સંશોધન અંગેની ત્રણ રીતો અમે નોંધી છે તેમાંની અમુક તપાસકામ લઈને કરવામાં આવતા સંશોધનની રીતને પીએચ.ડી. જેવા લેવલ માટે પૂરતી ગણાય કે કેમ એવો સવાલ પ્રમાણિકપણે કેટલાક વિદ્વાનો સેવે છે. અર્થશાસ્ત્રના વિષયમાં તો આ જાતનું સંશોધન પ્રાથમિક કક્ષાનું જ ગણાય, કે જે આદરપાત્ર સંશોધનો માટે તૈયારીરૂપે કરવાનું હોય. આ દૃષ્ટિએ જોતાં, બનવાજોગ છે કે, 'ગાઈડ'ની આ વિષેની પોતાની જેવી કસોટી હોય તે પ્રમાણે વર્તે. આથી કરીને, કદાચ અર્થશાસ્ત્રમાં પ્રો. શિનોયને એ વિદ્યાર્થીઓ જ મળી શકયા હોય એવું બને.

સમાજશાસ્ત્રમાં એક વિદ્યાર્થી કમી થયો તેના કારણ વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. એ કક્ષાએ કામ કરતો વિદ્યાર્થી, કૉલેજમાં ભણતો વિદ્યાર્થી, વિદ્યાર્થીની પેઠે, પોતાના સંજોગોવશાત્ એકધારું કામ ન કરી શકે. યુનિવર્સિટી તેમને ચારથી પાંચ વર્ષનો ગાળો એ દૃષ્ટિએ આપે છે, કે જે વીત્યા પછી પણ કામ ન પરવારે તો તેવાઓએ ફરીથી નોંધાવું પડે. એટલે ઉપર જણાવેલા કારણે, કોઈ વિદ્યાર્થીને ફી ભરતો રોકવામાં આવે, એ ઠીક? એવો સવાલ, અમે તેમનો આગળ વિચારવા માટે મૂકયો હતો.

૧૪. શિક્ષણની પદ્ધતિ બાબતમાં અમને જાણવા મળ્યું છે કે, દર વર્ષે સત્રમાં થયેલા કામકાજને અંતે સત્રાંતમાં અને વાર્ષિક પરીક્ષાઓ લેવાય છે, તે ઉપરાંત 'ટયુટોરિયલ', સેમિનાર વગેરે દરેક વિષયમાં યોજવામાં આવે છે.

૧૫. અધ્યાપકોના વિષયો તરફ જોતાં જણાયું કે, ઇતિહાસના અનુસ્નાતક અભ્યાસને માટે ભવનમાં જોગવાઈ આપી શકાતી નથી. પરિણામે, ઇતિહાસનું કેન્દ્ર અહીં ચાલતું નથી. અને આ વિષે ભવનના સ્ટાફ જોડે ચર્ચા કરી હતી. આવું કેન્દ્ર, અને તે પણ ઇતિહાસ જેવા પાયાના મહત્ત્વના અભ્યાસના વિષયને માટે ન હોય, એ એક ઊણપ લાગે. હવે પછી ઇતિહાસના અધ્યાપક નિમાશે, એટલે અમે માનીએ છીએ કે આ ઊણપ દૂર કરવાની જોગવાઈ થઈ શકશે.

લિ.
ડાહ્યાભાઈ માંકડ,
ભગનભાઈ દેસાઈ.

તા. ૩૦મી માર્ચ, ૧૯૬૩.

ભાષા-સાહિત્ય ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ–૯.

ભાઈશ્રી,

તા. ૧૫–૧–૧૯૬૩ના આપના પત્રાંક સિં./ટ્રાયે. ૧૯૫૧ મુજબ અમે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણને માટે તા. ૮–૬–૧૯૬૩ના રોજ બપોરે ૧૨–૩૦ વાગ્યે ગયા હતા. ભવનના વિદ્યાર્થીઓને મળવાને અને તેમની જોડે વાતચીત કરવાને માટે તા. ૯મીએ બીજે દિવસે એક કલાક વધુ ગયા હતા; જે દરમિયાન વિદ્યાર્થીઓએ ભવનના તેમના અભ્યાસ અંગે વિગતે પ્રશ્નોત્તરી કરી હતી. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી. કેટલીક બીજી, અમે માગી તે બધી, તે બાદ અમને પહોંચતી કરી હતી. એ માટે તથા સ્ટાફના અધ્યાપકગણને માટે તથા વિદ્યાર્થીઓને મળવાની અને તેમની જોડે ચર્ચા કરવાની સવડ પણ અમને આપી, તે માટે આભારી છીએ. એ બધા પરથી અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ:

૧. ભવનનું સંચાલન યુનિવર્સિટી પોતે તેના સંચાલકશ્રી મારફતે કરે છે. મકાનની તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ કરી છે તે સારી પેઠે પૂરતી છે. મકાનનો અમુક ભાગ અત્યારે વિજ્ઞાન વિદ્યાભવન વાપરે છે. તે ભવન જ્યારે પોતાના અલાયદા મકાનમાં જશે, ત્યારે એ જગા ખાલી થશે. ભાષા-ભવનમાં ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, ફારસી ઇત્યાદિ કેટલીક ભાષાઓના અભ્યાસને માટે હવે પછી ઉમેરો થશે, એવી યોજના છે, તો ખાલી થતું મકાન તેને માટે ખપમાં આવી શકશે. ગ્રંથાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને જરૂરી બધી રીતે મળી શકે તે માટે યુનિવર્સિટીનો ગ્રંથાલય વિભાગ ધ્યાન રાખે છે અને તેને સારુ ઘટતી વ્યવસ્થા આપે છે. તેમાં જે ઘટે તે રીતે સુધારોવધારો થતો રહેશે તેથી ગ્રંથાલયની સવડ વિષે કાંઈ ચિંતા નહિ રહે એમ અમે જોયું.

૨. અનુસ્નાતક અધ્યાપન તથા સંશોધનને માટે ભવનમાં હાલ ગુજરાતી (મુખ્ય અને ગૌણ) તથા ભાષાવિજ્ઞાન (ગૌણ)—એમ બે વિષયોના (એમ.એ. વર્ગના) શિક્ષણની જોગવાઈ છે, તથા સંશોધન અર્થે કામકાજ ચાલે છે જેને માટે ભવનના સંચાલક શ્રી. ઉમાશંકર તથા ભાષાવિજ્ઞાનના રીડર–પ્રોફેસર પંડિત—બંને 'ગાઈડ' તરીકે માન્ય થયેલા છે. તેમની મદદમાં શિક્ષણ-સંશોધન અર્થે બીજો જે સ્ટાફ છે તે તથા તેમના કામકાજને વિષે ભવનના અધ્યક્ષે અમને જે વિગતવાર નોંધ આપી છે તે આની સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડી છે; તેમાંથી આ વિષેની માહિતી મળી રહેશે.

૩. એ માહિતીમાંથી જણાશે કે અધ્યાપકો એમ.એ.ના અધ્યાપન પેટે અઠવાડિયે ચાર–પાંચ સમય લે છે. આથી શિક્ષણકાર્યને સંભાળી લેવામાં બહારના અધ્યાપકોની મદદની જરૂર સામાન્યપણે રહેતી નથી. કોઈ વિશેષ પ્રસંગ કે ચર્ચા યા પરિસંવાદની દૃષ્ટિએ બહારની વ્યક્તિઓને બોલાવાય તે જુદી વાત. બાકીનો સમય અધ્યાપકો પોતાના અભ્યાસ તથા સંશોધન અને તેના માર્ગદર્શનના કાર્યમાં આપે છે. તે અંગે હાલમાં જે ચાલે છે તે વર્ણવતી નોંધ ભવનના સંચાલકશ્રીએ આપી, તે પણ સાથેના પરિશિષ્ટ ૧માં* મળે છે.

૪. ભવનમાં થતા કામકાજને અમે ઉપર બે ભાગમાં વર્ણવ્યું છે: (૧) એમ.એ. વર્ગનું અધ્યાપન વર્ગ કાર્ય, અને (૨) ભવન તથા તેમાં કામ કરતા અધ્યાપકોનું સંશોધન અને પીએચ.ડી.નું માર્ગદર્શન કાર્ય—એમાં સંશોધન અંગે અમે બે ભાગમાં વિચાર કરીએ છીએ: (૧) ભવન તરફથી સમન્વિતરૂપે વિચારેલ કાર્ય, અને (૨) અધ્યાપકો પોતાની રુચિ અને ઇચ્છા મુજબ અંગતરૂપે અંગીકાર કરે તે કાર્ય. આ બેમાંના પહેલા પ્રકારમાં એ જાતનું કામ પણ ગણી લેવું જોઈએ, કે જે યુનિવર્સિટીને બહારથી સોંપાતું હોય અને જે ભવન દ્વારા કરવા માટે લેવામાં આવ્યું હોય જેમ કે, ભારત સરકારના કેળવણી ખાતાએ ગુજરાતી ભાષાની 'મોફિમ' અને 'ફોનિમ' ફરીતા (ફિકવન્સી) અંગે ભારવેલું કામ અથવા સાહિત્ય અકાદમીની રાષ્ટ્રીય 'ગ્રંથસૂચિ'ના ગુજરાતી વિભાગનું કામ ભવન તરીકે તેણે પોતે આપણા પ્રાચીન કાવ્ય-ગ્રંથોનું સંપાદનકામ કેટલાંક વર્ષથી હાથ ધર્યું છે. તેમાંનું 'દશમસ્કંધ' કામ ગઈ ત્રિવર્ષીથી ચાલુ છે. આ ત્રિવર્ષીમાં તેમાં 'અમેગીતા'નું સંપાદન ઉમેરાયું છે. આ બે ગ્રંથોના સંપાદન વિષે માહિતી આપતી અલગ નોંધ ભવનના અધ્યક્ષ પાસેથી મળી તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨ તરીકે)* જોડી છે.

૫. ઉપર જણાવ્યું તેમ ભવનના સંશોધનકાર્યને નીચેના ત્રણ ભાગમાં વહેંચીને તપાસી શકાય:

(૧) પીએચ.ડી.ના વિદ્યાર્થીનું સંશોધન—તેનું માર્ગદર્શન;

(૨) અધ્યાપકોએ અંગત અંગીકાર કરેલું; અને

(૩) ભવન તરફથી આયોજન કરીને આદરવામાં આવતું સંપાદક-સંશોધનકાર્ય.

આમાંનું ત્રીજું કાર્ય મહત્ત્વનું છે. અને તે એ રીતે કે, તે દ્વારા ગુજરાતી પ્રજાની ભાષા, સાહિત્ય [illegible]ર ક્ષેત્રે સેવાનાં કામો, તેની એક સંસ્થા તરીકે યુનિવર્સિટી ઉપાડીને કરી શકે. અધ્યાપનના કામ ઉપરાંતના આ સંશોધનકાર્ય વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ઠીક ઠીક ચર્ચા કરી હતી. તેથી અમને સંતોષ થયો કે ઉપરની દૃષ્ટિ તેમને ગમે અને તે ધોરણે ભવનનું આગામી કામકાજ યોજવા પ્રયત્ન થશે. એ બાબતમાં અમારી જોડે તેમણે વિચારણા પણ કરી હતી. તેને અંગે તેમણે જે એક યોજના વિચારી તે અમારી માગણી પરથી તેમણે એક નોંધરૂપે અમને આપી છે, તે (પરિશિષ્ટ ૩ તરીકે)* જોડી છે, [illegible]માં તેમણે સૂચવેલાં કામો તથા તેના ખર્ચ વિષે ઘટતું કરવા અમારી ભલામણ છે.

આમ સંશોધન અને સંપાદનકાર્ય યોગ્યમાં તો ભાષાના અધ્યાપન કામકાજ પૂરતું જ જોતાં જે નવરાશ લાગવા સંભવ છે તે યુનિવર્સિટી ભવનના બીજા અને મહત્ત્વના એવા સંશોધનકાર્યમાં લેખે લાગશે એટલું જ નહિ, પણ ભવનને શોભારૂપ નીવડશે એમ અમો માનીએ છીએ.

૬. ભવનમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લાં ત્રણ વર્ષમાં કેવી હતી તે બતાવતું તારણ આની જોડે (પરિશિષ્ટ ૪ તરીકે)* આપ્યું છે. તે ઉપરથી જણાશે કે આ વર્ષે (૧૯૬૨-૬૩) ભવનમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ છે, જેનો ફોડ એમ છે કે, તેમાંના ૫૦ એમ.એ.ના મુખ્ય વિષય તરીકે અને ૫૫ ગૌણ વિષય તરીકે, તથા ૩ પીએચ.ડી. માટે ભણે છે. અગાઉનાં ત્રણ વર્ષની સંખ્યા સાથે જોતાં ગયા વર્ષ અગાઉ તે વધારે હતી, બે વર્ષથી તે ૧૦૭-૮ જેટલી સ્થિર ચાલે છે.

ભવનમાં વિદ્યાર્થી-સંખ્યાની બાબતમાં એક વસ્તુ ધ્યાનમાં લેવી જોઈએ કે, યુનિવર્સિટી વિસ્તારમાં અમદાવાદ બહાર ગુજરાતીનાં અનુસ્નાતક કેન્દ્રો બીજાં આઠ ચાલે છે, જેમાં લગભગ ૪૫૦ જેટલા

વિદ્યાર્થીઓ ભણે છે એની માહિતી જાણવા મળી. ભવનનો સમય રોજ અને કામકાજના સામાન્ય રીતના બપોરના કલાકોનો હોય છે. કેન્દ્રોનો સામાન્ય સમય અઠવાડિયામાં શનિ-રવિવારે હોય છે. આથી વિદ્યાર્થીઓ પોતપોતાની અનુકૂળતા મુજબ સગવડભર્યા કેન્દ્રમાં કે ભવનમાં જોડાય છે. એમ.એ. ગુજરાતી અભ્યાસને માટે કેન્દ્રની અને ભવનની એમ બન્ને પ્રકારની વ્યવસ્થા યુનિવર્સિટી ચલાવે છે. તેમનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો ગણાય એમ અમને ભવનનું નિરીક્ષણ કરતાં લાગ્યું. ભવનની પેઠે કેન્દ્રનું નિરીક્ષણ થાય છે કે કેમ તે અમને ખબર નથી. જો ન થતું હોય તો તે સિન્ડિકેટે કરાવવું જોઈએ એવી અમારી ભલામણ છે, જેથી બે પ્રકારના ગુણદોષ તપાસીને અરસપરસ સુધારણા કરવા માટે મદદરૂપ વિચારબિંદુઓ અને સૂચનો મળી શકે.

૭. ભવનના વિદ્યાર્થીઓ સાથેની અમારી વાતચીતમાં એકબે સૂચનો અમને મળ્યાં હતાં કે જે આમ તો નવાં નથી, છતાં નોંધપાત્ર લાગે છે. ઘેરથી અભ્યાસ કરીને બારોબાર બેસાય તેવું 'એકસ્ટર્નલ' એમ.એ. હોય તો કેમ? અને જો ભવનના કામકાજનો સમય સવારનો હોય તો સારું. આની અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. બી.એ. એકસ્ટર્નલ છે તેથી આગળ ન જવું, એવો અમારો મત છે. અને સવારનો સમય ભવનનું કામ સાંગોપાંગ રીતે કરવાને માટે ઓછો પડે એમ બતાવવામાં આવ્યું. અમને એ બરોબર લાગે છે.

૮. શિક્ષણની પદ્ધતિ અંગે અમને કહેવામાં આવ્યું કે, આ વર્ષે સત્રમાં થયેલા કામની કસોટી-રૂપે, સત્રાંત પરીક્ષા લેવામાં આવી હતી તથા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સ્વાધ્યાયની વ્યવસ્થા કરવામાં આવી છે. એક એવો વિચાર પણ અમે ચર્ચ્યો હતો કે બી.એ.થી આગળ વધી એમ.એ.માં પણ ત્રીસેક ગુણનું કામ ભવનના આંતરિક પરીક્ષણ પેઠે કરી શકાય તો કેવું? આ સૂચન સ્વીકારાય તો ભવનો અભ્યાસક્રમ વધારે સમયનો અને સંગીન યોજનો ઘટે, એ ફાયદો ગણાય. બીજી તરફ જોતાં, તે કેટલું સફળ કહી શકાય, તે પ્રયોગ કરી જોયો જણાય. કેન્દ્રોમાં જ્યાં કેવળ એકબે દિવસ અને તે કેવળ વ્યાખ્યાન પૂરતું જ કામ થાય છે ત્યાં આવું આંતરિક પરીક્ષણ કેમ ફાવે એ પણ જોવાનું રહે. તથા એમ.એ. જેવા ઉચ્ચ અભ્યાસના વિદ્યાર્થીઓને માટે આવી વ્યવસ્થા કરવી જરૂરી ખરી? એ સવાલ થાય. આ વિષે ચોક્કસ સૂચન કરી શકતા નથી.

૯. છેલ્લાં ત્રણ વર્ષોમાં ભવનના વિદ્યાર્થીઓની પરીક્ષાનું પરિણામ બતાવતો કોઠો (પરિશિષ્ટ ૫ તરીકે)*આ સાથે જોડ્યો છે. પરિણામ વિષે એક નોંધપાત્ર વસ્તુ એ ધ્યાનમાં આવી કે ત્રણ વર્ષમાં કોઈ પ્રથમ વર્ષમાં પાસ થયું નથી. પાસ સંખ્યા લગભગ ૭૦ ટકા આસપાસ જેટલી છે.

૧૦. ભવનને છાત્રાલયની સવડ યુનિવર્સિટી છાત્રાલયમાં મળી રહે છે, પરંતુ બહુ ઓછા વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. એક પીએચ.ડી.નો વિદ્યાર્થી જ આ વર્ષે છાત્રાલયમાં રહે છે.

વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓ સંભાળવા માટે તેમનું વિધિસર મંડળ રચાતું નથી, પણ અમને જણાવવામાં આવ્યું કે આપોઆપ તેઓમાંથી એકાદ જણ એમના મુખી પેઠે કામ કરે એવું તેઓ યોજી લે છે. રમતગમત ઇત્યાદિ જેવી પ્રવૃત્તિઓ આ કક્ષાના વિદ્યાર્થીઓમાં ખાસ જામી શકતી નથી એમ લાગે છે. યુનિવર્સિટીનાં બધાં ભવનોના વિદ્યાર્થીઓનું એક મંડળ બની, તેમની કોઈ વિદ્યાર્થીપ્રવૃત્તિ યોજાતી જણાતી નથી.

૧૧. ભવનના સંચાલક જોડે એમ.એ.ના ચાલુ અભ્યાસક્રમ વિષે થોડી ચર્ચા નીકળી હતી. અમને લાગ્યું કે હવે શરૂ થતા ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના સંદર્ભમાં એમ.એ.ના અભ્યાસક્રમને સળંગ કરી વિચારવાનું આવશે. તથા આપણી મુખ્ય ભારતીય પ્રદેશ-ભાષાઓ અને તેમના સાહિત્ય વિષે સામાન્ય પરિચય એમ.એ. કક્ષાએ પહોંચતાં વિદ્યાર્થીને મળે એ ઇષ્ટ અને આવશ્યક પણ કહેવાય. ભાષાની દૃષ્ટિએ તેમનો પરસ્પર તુલનાત્મક અભ્યાસ પણ તે તે ભાષાના યુનિવર્સિટી ભવનમાં થવો જોઈએ. આ વસ્તુને નવો અભ્યાસક્રમ વિચારતી વખતે ઘટતું સ્થાન આપવા જેવું લાગે છે. હવે પછી ગુજરાતી ઉપરાંત બીજી ભાષાઓને માટે પણ ભવનમાં જોગવાઈ થશે, ત્યારે આવા અભ્યાસ માટે સારી સગવડ પણ થશે એમ કહેવાય.

યુનિવર્સિટીમાં આ વિષય ભણતા બધા વિદ્યાર્થીઓ (કેન્દ્રો અને ભવનમાં બધે) અને તેમના અધ્યાપકો માટે વર્ષમાં એકાદ વાર અને અનુકૂળ સમયે થોડા દિવસનો શિબિરક્રમ યોજાય તો કેમ એવી એક સૂચના હતી. આ એક પ્રયોગ કરી જોવા જેવું સૂચન છે. એ જ.

તા. ૨૦મી માર્ચ, ૧૯૬૩.

લિ.
ડોલરરાય માંકડ,
મગનભાઈ દેસાઈ.

* પરિશિષ્ટો સામેલ નથી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯

G.U.P. 1204-400-4-65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક સભા, ગુજરાત યુનિવર્સિટીના નવા સેનેટ-ખંડમાં શુક્રવાર, તા. ૧૦-૩-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી, અને ગુરુવાર, તા. ૧૧-૩-૧૯૬૫ના રોજ તથા શુક્રવાર, તા. ૧૨-૩-૧૯૬૫ના રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

		તા. ૧૦-૩-'૬૫	તા. ૧૧-૩-'૬૫	તા. ૧૨-૩-'૬૫
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ	હાજર	હાજર	હાજર
૩.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, રજિસ્ટ્રાર	હાજર	હાજર	હાજર
૪.	શ્રી. કે. જી. આદલ્લાની, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરલાલ એ. દેસાઈ, ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર	ગેરહાજર
૬.	ડૉ. ટી. બી. પટેલ, ડિરેક્ટર ઑફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝ, ગુજરાત રાજ્ય	હાજર	હાજર	ગેરહાજર
૭.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	હાજર	હાજર
૮.	શ્રી. ઉમાશંકર જોશી	ગેરહાજર	હાજર	ગેરહાજર
૯.	ડૉ. પી. એચ. પ્રભુ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર	હાજર
૧૧.	આચાર્ય ય. ગુ. નાયક	હાજર	હાજર	ગેરહાજર
૧૨.	આચાર્ય બી. સી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૩.	આચાર્ય એ. આર. રાવ	હાજર	હાજર	હાજર
૧૪.	આચાર્ય એચ. ડી. નોરોન્હા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય જે. ટી. પરીખ	હાજર	હાજર	હાજર

		તા.૧૦-૩-'૬૫	તા.૧૧-૩-'૬૫	તા.૧૨-૩-'૬૫
૧૬.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર	હાજર
૧૭.	આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર	હાજર	હાજર
૧૮.	આચાર્ય આર. ડી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૯.	આચાર્ય એમ. એન. કોરગાંવકર	હાજર	હાજર	હાજર
૨૦.	આચાર્ય એન. એન. ભરૂચા	હાજર	હાજર	હાજર
૨૧.	આચાર્ય કે. બી. વ્યાસ	હાજર	હાજર	હાજર
૨૨.	આચાર્ય એ. આર. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૨૩.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૨૪.	આચાર્ય આર. એન. પંડ્યા	હાજર	હાજર	હાજર
૨૫.	આચાર્ય વી. એ. વ્યાસ	હાજર	હાજર	હાજર
૨૬.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર	હાજર
૨૭.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર	હાજર
૨૮.	આચાર્ય એસ. સી. પાઠક	હાજર	હાજર	હાજર
૨૯.	આચાર્ય પી. એસ. કલ્યાણવાલા	હાજર	હાજર	હાજર
૩૦.	આચાર્ય એન. બી. નાયક	હાજર	હાજર	હાજર
૩૧.	આચાર્ય એસ. એસ. સંઘવી	હાજર	હાજર	હાજર
૩૨.	આચાર્ય ય. પ્રા. શુક્લ	હાજર	હાજર	હાજર
૩૩.	આચાર્ય કે. વી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૩૪.	આચાર્ય એસ. એમ. સેન	હાજર	હાજર	ગેરહાજર
૩૫.	આચાર્ય એચ. ઈ. હકીમ	હાજર	હાજર	હાજર
૩૬.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૩૭.	આચાર્ય આર. એચ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૩૮.	આચાર્ય જી. પી. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૩૯.	આચાર્ય એમ. સી. દેસાઈ (અમદાવાદ)	હાજર	હાજર	હાજર
૪૦.	આચાર્ય વાય. ડી. ભાવે	હાજર	ગેરહાજર	ગેરહાજર
૪૧.	આચાર્ય જે. બી. સાવિડલ	હાજર	હાજર	ગેરહાજર
૪૨.	આચાર્ય વી. આર. દ્વિવેદી	હાજર	હાજર	હાજર
૪૩.	આચાર્ય સી. એન. હકાણી	હાજર	હાજર	હાજર
૪૪.	આચાર્ય કે. જી. નાયક	હાજર	હાજર	હાજર
૪૫.	આચાર્ય આર. એલ. સંઘવી	હાજર	હાજર	હાજર
૪૬.	આચાર્ય એન. આર. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૪૭.	આચાર્ય આર. ડી. મુનશી	હાજર	હાજર	હાજર
૪૮.	આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૪૯.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૫૦.	આચાર્ય પી. જી. માવળંકર	હાજર	હાજર	હાજર

	તા. ૧૦-૩-'૬૫	તા. ૧૨-૩-'૬૫	તા. ૧૨-૩-'૬૫
૫૧. આચાર્ય એલ. એન. ઠાકર	હાજર	હાજર	ગેરહાજર
૫૨. આચાર્ય વી. આર. રણદીવે	હાજર	હાજર	હાજર
૫૩. આચાર્ય જે. ડી. તલાટી	હાજર	હાજર	હાજર
૫૪. આચાર્ય એમ. એસ. શાહ	હાજર	હાજર	હાજર
૫૫. આચાર્ય પી. એમ. જ્ઞની	હાજર	હાજર	ગેરહાજર
૫૬. આચાર્ય સી. જે. પટેલ	હાજર	હાજર	હાજર
૫૭. આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર	હાજર
૫૮. આચાર્ય આર. એમ. શુકલ	હાજર	હાજર	હાજર
૫૯. આચાર્ય એ. જી. મુનશી	હાજર	હાજર	હાજર
૬૦. આચાર્ય આઈ. વી. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૬૧. આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર	હાજર
૬૨. આચાર્ય બી. કે. રાવલ	હાજર	હાજર	હાજર
૬૩. આચાર્ય આર. એસ. એટાઈ	હાજર	હાજર	ગેરહાજર
૬૪. આચાર્ય સી. સી. શાહ (ગોધરા)	હાજર	ગેરહાજર	ગેરહાજર
૬૫. આચાર્ય એમ. વી. દેસાઈ (જૂનાગઢ)	હાજર	હાજર	હાજર
૬૬. આચાર્ય આર. જી. ભટ્ટ	ગેરહાજર	હાજર	હાજર
૬૭. આચાર્ય એ. વી. દોશી	હાજર	હાજર	હાજર
૬૮. આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૬૯. આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૭૦. આચાર્ય વી. આર. કાપડિયા	હાજર	હાજર	હાજર
૭૧. આચાર્ય જી. સી. પટેલ	હાજર	હાજર	હાજર
૭૨. આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર	હાજર
૭૩. આચાર્ય ચન્દ્રવદન સી. શાહ (સુરત)	હાજર	હાજર	ગેરહાજર
૭૪. આચાર્ય એલ. ડી. દવે	હાજર	ગેરહાજર	ગેરહાજર
૭૫. આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર	હાજર
૭૬. આચાર્ય કે. આર. દવે	હાજર	હાજર	હાજર
૭૭. આચાર્ય એચ. કે. બુખારી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૭૮. આચાર્ય જે. જે. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૭૯. આચાર્ય વી. જી. ઉપાધ્યાય	હાજર	હાજર	હાજર
૮૦. આચાર્ય એમ. ડી. માણેક	હાજર	હાજર	હાજર
૮૧. આચાર્ય જે. એલ. દવે	હાજર	હાજર	હાજર
૮૨. આચાર્ય સી. કે. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૮૩. આચાર્ય સી. એમ. મહેતા	હાજર	હાજર	ગેરહાજર
૮૪. આચાર્ય એન. એમ. પરીખ	હાજર	હાજર	ગેરહાજર
૮૫. આચાર્ય એમ ડી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર

		તા.૧૦-૩-'૬૫	તા.૧૧-૩-'૬૫	તા.૧૨-૩-'૬૫
૮૬.	આચાર્ય પ્રિયબાળા જે. શાહ	હાજર	હાજર	હાજર
૮૭.	આચાર્ય કે. એલ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૮૮.	આચાર્ય ડી. પી. દક્કર	હાજર	હાજર	હાજર
૮૯.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર	હાજર
૯૦.	આચાર્ય બી. પી. કોઠારી	હાજર	હાજર	હાજર
૯૧.	આચાર્ય એન. બી. જોશી	હાજર	હાજર	હાજર
૯૨.	આચાર્ય વી. એસ. રાવલ	હાજર	હાજર	હાજર
૯૩.	ડૉ. એ. એમ. ભટ્ટાવદાલા	હાજર	હાજર	ગેરહાજર
૯૪.	આચાર્ય આઈ. કે. દવે	હાજર	હાજર	હાજર
૯૫.	આચાર્ય વી. પી. પરીખ	હાજર	હાજર	હાજર
૯૬.	આચાર્ય એમ. સી. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૯૭.	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	હાજર	હાજર	હાજર
૯૮.	આચાર્ય એસ. વી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૯૯.	આચાર્ય એસ. એમ. નાગામિયા	હાજર	હાજર	ગેરહાજર
૧૦૦.	આચાર્ય એસ. ટી. જેસલપુરા	હાજર	ગેરહાજર	હાજર
૧૦૧.	આચાર્ય ડી. એસ. જોશી	હાજર	હાજર	હાજર
૧૦૨.	આચાર્ય એ. એચ. ઇસ્માહિમ વોરા	હાજર	હાજર	હાજર
૧૦૩.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર	હાજર
૧૦૪.	આચાર્ય એચ. એમ. શુક્લ	હાજર	હાજર	હાજર
૧૦૫.	આચાર્ય વી. એચ. જોશી	હાજર	હાજર	હાજર
૧૦૬.	આચાર્ય જી. બી. પરીખ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૭.	આચાર્ય એચ. જે. પંડિત	હાજર	હાજર	હાજર
૧૦૮.	આચાર્ય જે. ડી. પાઠક	હાજર	હાજર	ગેરહાજર
૧૦૯.	આચાર્ય ડી. પી. જોશી	હાજર	હાજર	હાજર
૧૧૦.	આચાર્ય આઈ. એમ. પટેલ	હાજર	હાજર	હાજર
૧૧૧.	આચાર્ય જે. એસ. જેટલી	હાજર	હાજર	હાજર
૧૧૨.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૧૧૩.	આચાર્ય એમ. એલ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૧૧૪.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૧૫.	ડૉ. ટી. એન. દવે	હાજર	હાજર	હાજર
૧૧૬.	શ્રી. બી. એન. ચૌધરી	હાજર	હાજર	હાજર
૧૧૭.	શ્રી. આર. એન. દવે	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૮.	શ્રી. જે. ડી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૧૯.	શ્રી. જી. બી. ઓઝા	હાજર	હાજર	હાજર
૧૨૦.	શ્રી. ડી. એમ. શાહ	હાજર	હાજર	હાજર

	તા.૧૦-૩-'૬૫	તા.૧૧-૩-'૬૫	તા.૧૨-૩-'૬૫
૧૨૧. શ્રી. સી. કે. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૨૨. શ્રી. ઠાકોરભાઈ એસ. ઠાકોર	હાજર	હાજર	ગેરહાજર
૧૨૩. શ્રી. એન. ડી. શુકલ	હાજર	હાજર	હાજર
૧૨૪. શ્રી. કે. સી. મહેતા	હાજર	હાજર	હાજર
૧૨૫. શ્રી. સી. આર. નાયક	હાજર	હાજર	હાજર
૧૨૬. શ્રી. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	ગેરહાજર
૧૨૭. શ્રી. એમ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૨૮. શ્રી. એન. પી. વ્યાસ	હાજર	હાજર	હાજર
૧૨૯. શ્રી. આર. એમ. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૩૦. શ્રી. એચ. સી. શુકલ	હાજર	હાજર	હાજર
૧૩૧. ડૉ. સી. એમ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૩૨. શ્રી. એન. જે. પટેલ	હાજર	હાજર	હાજર
૧૩૩. ડૉ. એન. એમ. શાહ	હાજર	હાજર	હાજર
૧૩૪. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૧૩૫. ડૉ. કે. સી. ક્ષત્રિય	હાજર	ગેરહાજર	હાજર
૧૩૬. શ્રી. આઈ. એ. મહેતા	હાજર	હાજર	હાજર
૧૩૭. ડૉ. બી. આર. સેજુ	હાજર	હાજર	હાજર
૧૩૮. પ્રો. વી. જે. જાની	હાજર	હાજર	હાજર
૧૩૯. ડૉ. એચ. જી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૪૦. ડૉ. આર. એમ. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૧૪૧. શ્રી. ડી. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૪૨. ડૉ. સી. જે. મોદી	હાજર	હાજર	હાજર
૧૪૩. ડૉ. એચ. એચ. શાહ	હાજર	હાજર	હાજર
૧૪૪. ડૉ. એન. સી. શાહ	હાજર	હાજર	હાજર
૧૪૫. ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર	હાજર
૧૪૬. શ્રી. જી. આર. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૧૪૭. શ્રી. જે. સી. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૪૮. શ્રી. કે. એસ. ઠાકર	હાજર	હાજર	ગેરહાજર
૧૪૯. શ્રી. બી. એન. ઝવેરભટ્ટ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૦. ડૉ. એ. પી. શુકલ	હાજર	હાજર	ગેરહાજર
૧૫૧. શ્રી. સી. એમ. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૧૫૨. શ્રી. બી. એ. બ્લ્યુ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૫૩. શ્રીમતી એમ. જે. દવે	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૫૪. શ્રી. એન. એ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૧૫૫. શ્રી. એમ. ટી. શુકલ	હાજર	હાજર	હાજર

	તા.૧૦-૩-'૬૫	તા.૧૧-૩-'૬૫	તા.૧૨-૩-'૬૫
૧૫૬. શ્રી. જે. આર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૫૭. શ્રી. બી. એમ. નવલખા	હાજર	હાજર	હાજર
૧૫૮. શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૫૯. શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર	હાજર
૧૬૦. શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૬૧. શ્રી. એચ. એન. વ્યાસ	હાજર	હાજર	હાજર
૧૬૨. શ્રી. એન. એન. દલાલ	હાજર	હાજર	હાજર
૧૬૩. શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૬૪. શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર	હાજર	હાજર
૧૬૫. ડૉ. જે. જે. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૧૬૬. ડૉ. એસ. સી. કુસુમગર	હાજર	હાજર	હાજર
૧૬૭. શ્રી. એચ. વી. વસા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬૮. શ્રી. સી. આર. પટેલ	હાજર	હાજર	હાજર
૧૬૯. શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૭૦. શ્રીમતી કમલિની સારાભાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭૧. ડૉ. પી. એમ. મહેતા	હાજર	હાજર	હાજર
૧૭૨. ડૉ. એમ. ડી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૭૩. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭૪. શ્રી. બી. પી. શાહ	હાજર	હાજર	હાજર
૧૭૫. ડૉ. લીલા સી. શાહ	હાજર	હાજર	હાજર
૧૭૬. શ્રી. પી. જી. શાહ	હાજર	હાજર	હાજર
૧૭૭. શ્રી. વી. સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૧૭૮. શ્રી. વી. બી. શાસ્ત્રી	હાજર	હાજર	ગેરહાજર
૧૭૯. શ્રી. એસ. વાય. ઉનિયા	હાજર	હાજર	ગેરહાજર
૧૮૦. શ્રી. વૈદ્ય વી. એમ. દ્વિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૧૮૧. શ્રી. નંદદાસ એચ. પરીખ	હાજર	હાજર	હાજર

૧. તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ૧૯૬૫-૬૬ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

(**નોંધ.**—રૂટ. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૬૪માં ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૬૫ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

ચૂંટણી સેનેટની સભામાં થવાની હોવાથી આ ચૂંટણી સ્ટે. ૧૫૭, ૧૫૮, ૧૫૯ અને ૧૬૦માં દર્શાવેલી રીતે થશે. ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૬૫થી તા. ૩૧મી માર્ચ ૧૯૬૬ સુધીનું રહેશે.

મત આપવા મતદાનપેટી **બુધવાર, તા. ૧૦-૩-૧૯૬૫ના** રોજ બપોરના ૧૨-૪૫થી ૨-૧૫ સુધી ખુલ્લી રાખવામાં આવશે. ચૂંટણીની નોટિસ સેનેટના સભાસદોને તા. ૧૧-૧-૧૯૬૫ના રોજ યુનિવર્સિટી પરિપત્રાંક સિં. ૧/૪૪૧૯૧/૧૯૬૫થી મોકલવામાં આવી હતી.)

પ્રમુખશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીકાર તરીકે નીમ્યા :

(૧) આચાર્ય પુ. ગ. ભાવળંકર, અને
(૨) રૉ. એ. એમ. ત્રિવેદી.

મતદાન ૧૨-૪૫થી ૨-૧૫ વાગ્યા સુધી ચાલુ રહ્યું તે દરમિયાન સભાગૃહનું કામકાજ સભ્યોની સંમતિથી શરૂઆતના ૧૨-૪૫થી ૧-૧૫ સુધી બંધ રાખવામાં આવ્યું હતું.

સભાનું કામકાજ બપોરે ૧-૧૫ વાગ્યે ફરી શરૂ કરવામાં આવતાં યાદી પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવ્યાં.

ચૂંટણીના પરિણામનો રિપોર્ટ આવતાં પ્રમુખશ્રીએ નીચે જણાવેલા સભ્યોને ક્રમાનુવર્તી ચૂંટાયેલા જાહેર કર્યા :

(૧) શ્રી. દેસાઈ ગુલાબભાઈ રતનજી
(૨) શ્રી. દેસાઈ જીવણજી દયાળજી
(૩) શ્રી. ચૌધરી બબલદાસ નારાયણદાસ.

૨-અ. પ્રશ્નોત્તરી :

(**નોંધ.**—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવેલ છે.)

[અ] **આચાર્ય જે. એસ. જેટલી**એ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : જૂન ૧૯૬૪થી યુનિવર્સિટીના અધ્યાપકો માટેનાં નવાં પગારધોરણ તથા અધ્યાપકો માટેનાં ઘરભાડાનાં ધોરણો યુનિવર્સિટીની માન્યતા ધરાવનાર એવી કઈ કૉલેજે નથી સ્વીકાર્યાં ?

ઉત્તર ૧ : (અ) યુનિવર્સિટી સાથે જોડાયેલ સરકારી કૉલેજોમાં શિક્ષકોને યુનિવર્સિટીએ નિયત કરેલ સુધારેલાં પગારધોરણ તથા યુનિવર્સિટીએ નિયત કરેલ ઘરભાડાભથ્થું આપવામાં આવતાં નથી.

(બ) નીચેની બિનસરકારી કૉલેજોમાં શિક્ષકોને યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ તથા યુનિવર્સિટીએ નિયત કરેલ ઘરે ઘરભાડાભથ્થું આપવામાં આવતાં નથી :

(૧) શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા
(૨) સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
(૪) સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, અમદાવાદ.

(૬) નીચેની બિનસરકારી કૉલેજોમાં યુનિવર્સિટીએ નિયત કરેલ દરે શિક્ષકોને ઘરભાડાભથ્થું આપવામાં આવતું નથી :

(૧) કલોલ મ્યુ. આર્ટ્સ કૉલેજ, કલોલ
(૨) જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ
(૩) વી. એસ. પટેલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા.

(૭) નીચે જણાવેલ કૉલેજો પાસેથી આ સંબંધમાં માહિતી આવી નથી :

(૧) ગુલાબકુંવરબા આયુર્વેદિક મહાવિદ્યાલય, જામનગર
(૨) આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ગોંડલ.

આચાર્ય જિતેન્દ્ર મું. જેતલીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારી કૉલેજોમાં યુનિવર્સિટીનાં પગારધોરણો અંગે શી હકીકત છે?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, રાજ્ય સરકારે યુનિવર્સિટીનાં પગારધોરણો સ્વીકારવાની ના પાડી છે.

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારે કોઈ કારણો આપ્યાં છે, કે શા માટે નવાં પગારધોરણ સ્વીકારવામાં આવ્યાં નથી?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, જૂના મુંબઈ રાજ્યની સરકારે અગાઉ એક વખત બંધારણ (કૉન્સ્ટિટ્યૂશન)નું કારણ આગળ ધર્યું હતું.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : આજે જ્યારે મળ્યા છીએ ત્યારે યુનિવર્સિટીની જાણ મુજબ એવી કૉલેજો છે, કે જેણે યુનિવર્સિટીનાં પગારધોરણ સ્વીકાર્યાં ન હોય?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, હા, શ્રી. ગુલાબકુંવરબા મહાવિદ્યાલય, જામનગરની એક જ એની એક કૉલેજ છે.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : કઈ કઈ કૉલેજોમાં ઘરભાડા-ભથ્થું અપાતું નથી ?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, ઘરભાડા-ભથ્થું નીચેની બે કૉલેજોમાં અપાતું નથી :

(૧) શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ
(૨) આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, બીલીમોરા.

તે સિવાય બધી બિનસરકારી કૉલેજોમાં ઘરભાડા-ભથ્થું આપવામાં આવે છે.

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારે આ પ્રમાણે મદદ આપવાની ના પાડયા પછી યુનિવર્સિટીએ કાંઈ લખ્યું ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, પત્રવ્યવહાર ચાલ્યા જ કરે છે. યુનિવર્સિટીએ જે નિયમો ઘડયા છે તે બધી જોડાયેલી કૉલેજોને લાગુ પાડવા જોઈએ એમ સરકારને લખ્યું છે.

શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : યુનિવર્સિટીએ છેલ્લો કઈ તારીખે પત્ર લખ્યો છે?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, માહિતી કઢાવવી પડશે.

આચાર્ય એસ. આર ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : આખું વર્ષ પગારધોરણ સ્વીકાર્યું ન હોય તો જોડાણના નિયમોનો ભંગ કર્યો કહેવાય?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, પગારધોરણોનો મુદ્દો જોડાણની શરતોમાં મૂકવામાં આવતો નથી.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારી કૉલેજોમાં યુનિવર્સિટીનાં પગારધોરણો સ્વીકારાયાં નથી તે અંગે કોઈ પગલાં લેવાયાં છે?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, જે સરકારી કૉલેજોનાં યુનિવર્સિટીનાં ધોરણો પ્રમાણે પગાર આપવામાં નથી આવ્યાં તેમને ચાલુ વરસે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય શાખાઓમાં ત્રણ વર્ષના અભ્યાસક્રમ અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનવાળી આવર્તક ગ્રાન્ટ આપવામાં આવી નથી.

આચાર્ય જિતેન્દ્ર સુ. જેતલીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારી કૉલેજો યુનિવર્સિટીનાં પગારધોરણો ના સ્વીકારે તો તેમનું જોડાણ પાછું ખેંચી શકાય?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે જોડાણ પાછું ખેંચવાની સત્તા અને કારવાઈ અંગેની જોગવાઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૭માં કરવામાં આવેલી છે.

(સદરહુ કલમ ૩૭નો પાઠ સભાગૃહમાં વાંચવામાં આવ્યો.)

આચાર્ય ય. પ્રા. શુકલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારી કૉલેજોની બાબતમાં યુનિવર્સિટીના કોઈ નિયમો લાગુ પાડવામાં આવશે નહિ તેવો કોઈ ઠરાવ સિન્ડિકેટમાં થયો છે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, ના.

શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : યુનિવર્સિટીનાં પગારધોરણોનો અને ઘરભાડા-ભથ્થાનો સંપૂર્ણ રીતે અમલ ના કરવામાં આવ્યો હોય તેવી કોઈ ફરિયાદ છે?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, હા, ફરિયાદો કદીક કદીક આવેલી છે. તે પરથી વ્યક્તિગત કેસોમાં તપાસ કરવામાં આવે છે. બિનસરકારી કૉલેજોનાં પગારધોરણોનો સંપૂર્ણપણે અમલ ન થયો હોય તેવું, કાર્યાલયની જાણ પ્રમાણે, હવે નથી.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકાર પગારધોરણ સુધારવા માગતી નથી, તો યુનિવર્સિટીએ કયાં સુધીની મુદત રાખી છે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, એવી કોઈ સમયમર્યાદા રાખવામાં આવી નથી.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : તેમ છતાં, સરકાર ના પાડે તો, જોડાણ ચાલુ રાખવામાં આવશે? ગુજરાત અને સૌરાષ્ટ્રની સરકારી કૉલેજોમાં ઓછા પગાર હશે તો dis-affiliate કરશો?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, આ સત્તા સેનેટની અને સરકારની છે.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : Syndicate is the authority to initiate. May I have the information from the office in how many cases in the last couple of

years, the Syndicate has moved in the matter with regard to the Government Colleges ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, Such a move has not been made not only in respect of the Government Colleges, but as a matter of fact against any college.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : May I know the reason, why Syndicate is so much lenient ? Henceforth, the University will take immediate action in getting the information from the various colleges and the Syndicate can move in the matter by adopting necessary proceedings.

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, કાનૂની જોગવાઈ જેનાં સિન્ડિકેટના કોઈ સભ્યે પ્રથમ પગલું લેવાનું હોય છે. ("A member of the Syndicate has to move.")

આચાર્ય એમ. વી. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારી કૉલેજો અને ખાનગી કૉલેજોમાં પગારધોરણોની અસમાનતા બીજા સ્ટેજમાં છે ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, અમારી પાસે તેની માહિતી નથી.

સેનેટના એક સભ્યે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : તો સરકાર કેવી રીતે જોડાણ આપે ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, તે સરકાર જાણે.

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારી કૉલેજ અને ખાનગી વચ્ચે ભેદભાવ ચાલે છે તે બરાબર છે ?

ઉત્તરમાં ઉપકુલપતિએ જણાવ્યું કે, ના.

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : એમ સમજવું કે, સરકારી કૉલેજો માનતી નથી ? તો શું કાંઈ પગલાં લેવાશે ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, તે માટે પત્રવ્યવહાર ચાલે છે. સરકારી કૉલેજોને ત્રણ વર્ષના અભ્યાસક્રમ અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનવાળી ગ્રાન્ટ ચાલુ વરસે નથી આપવામાં આવી, તે હકીકત છે.

શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન: યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આપ રાજ્ય સરકાર સાથે કોઈ ચર્ચા કરવા ભાગો છો ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, પ્રસંગ મળ્યે રાજ્ય સરકારના મંત્રી તથા અધિકારીઓને મળું છું, ત્યારે વાત કરું છું. યુનિવર્સિટીનાં પગારધોરણ તથા યુનિવર્સિટીને ગ્રાન્ટ આપવાની બાબતમાં પણ અમે ત્રણે યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓ રાજ્ય સરકારને મળ્યા હતા અને વાટાઘાટો કરી હતી. રાજ્યના શિક્ષણસંચાલક સિન્ડિકેટના સભ્ય છે અને તેઓ આ બધું જાણે છે.

પ્રશ્ન ૨ : યુનિવર્સિટીની માન્યતા ધરાવનાર જે કૉલેજોએ પ્રશ્ન ૧માં નિર્દિષ્ટ ધોરણો જૂન ૧૯૬૪થી ન સ્વીકાર્યાં હોય એની સામે યુનિવર્સિટી તરફથી શાં પગલાં લેવામાં આવ્યાં ?

ઉત્તર ૨ : સરકારી કૉલેજો અંગે રાજ્ય સરકાર જોડે પત્રવ્યવહાર ચાલુ છે. દરમિયાન ત્રિવાર્ષિક અભ્યાસક્રમ અંગેની આવર્તક આર્થિક સહાય મંજૂર કરવામાં આવી નથી.

જે બિનસરકારી કૉલેજોમાં યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ કે ઘરભાડાભથ્થું ન અપાતું હોય ત્યાં જૂન ૧૯૬૪થી તે આપવા માટે તાકીદ કરવામાં આવી છે તેમ જ સ્મૃતિપત્રો પણ પાઠવવામાં આવ્યા છે.

પ્રશ્ન ૩ : જૂન ૧૯૬૪થી યુનિવર્સિટીના વધારાના જોડાણની શરતો કઈ કઈ કૉલેજોએ પૂરી કરી નહોતી ?

ઉત્તર ૩ : નીચે જણાવેલ કૉલેજે જૂન ૧૯૬૪થી મેળવવાના (વધારાના) જોડાણની શરતો સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે હજી સુધી પૂરી કરી ન હતી :

શ્રી. એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર (વધારાનું જોડાણ).

પ્રશ્ન ૪ : જે કૉલેજોએ જૂન ૧૯૬૪થી ચાલુ કે વધારાના જોડાણની શરતો પૂરી ન કરી હોય તેની સામે યુનિવર્સિટીએ શાં પગલાં લીધાં ?

ઉત્તર ૪ : જે કૉલેજે જૂન ૧૯૬૪થી ચાલુ કે વધારાના જોડાણની શરતો, જ્યાં સુધી સિન્ડિકેટને સંતોષ ન થાય તે રીતે, પૂરી કરી નથી તેને હજી સુધી વધારાના જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવી નથી.

પ્રશ્ન ૪ અંગે નીચે પ્રમાણે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, અને તેના ઉત્તરો નીચે મુજબ આપવામાં આવ્યા :

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચે પ્રમાણે પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : જે કૉલેજોએ શરતો પૂરી નથી કરી, તેના જોડાણ અંગે શી હકીકત છે? વધારાના જોડાણની બાબતમાં શરત પૂરી કરી છે કે નહિ તે બાબતમાં લખ્યું છે?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, હા.

શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : સરકારી કૉલેજ, એક કૉલેજમાંથી શિક્ષકને બદલી શરત પૂરી કરે છે ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, સરકારી કૉલેજોમાં કોઈ વખત નવી નિમણૂક કરીને, તો કોઈ વખત બદલી કરીને, શરત પૂરી કરવામાં આવે છે.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : In regard to question No. 3—M. P. Shah Arts and Science College, Surendranagar—may I know, sir, whether there are any other colleges ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, એ ફક્ત એક જ કૉલેજ છે.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : Is it true that there are about 3–4 colleges, which have been teaching subjects without affiliation in 1964–65 ?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, ચાર કૉલેજોએ વખતસર જોડાણ માગ્યું નહોતું, પણ ચાલુ વરસ દરમિયાન તેમનું જોડાણ 'રેગ્યુલરાઈઝ' કરવા માટે ઘટતાં પગલાં લેવામાં આવ્યાં છે.

[બ] **શ્રી. રમેશભાઈ ભટ્ટે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : (ક) ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાથી માંડીને આજદિન સુધીમાં પ્રતિ કૅલેન્ડર વર્ષ દરમિયાન ઓછી, અપૂરતી કે ઊણપવાળી લાયકાતવાળા તમામ કક્ષાના અધ્યાપકોને કૉલેજો કે માન્ય સંસ્થાઓમાં અધ્યાપન કરવા દેવાની છૂટ આપવા માટેની કૉલેજોના વડાઓની અરજીઓના વર્ષ વાર આંકડા આપી શકશો ?

(ખ) આવી છૂટ ન આપવામાં આવી હોય તેવા દાખલાઓની ઉપર મુજબની વર્ષ વાર તારવણી આપી શકશો ?

ઉત્તર ૧ (ક)

કૅલેન્ડર વર્ષ		ઓછી, અપૂરતી કે ઊણપવાળી લાયકાતવાળા શિક્ષકોને અધ્યાપન કરવા દેવાની છૂટ આપવા માટેની કૉલેજોના આચાર્યોની અરજીઓની સંખ્યા
નવેમ્બર ૧૯૪૯	...	–
૧૯૫૦	...	–
૧૯૫૧	...	૧
૧૯૫૨	...	૧
૧૯૫૩	...	૧
૧૯૫૪	...	૧
૧૯૫૫	...	૭
૧૯૫૬	...	૧૦
૧૯૫૭	...	૫
૧૯૫૮	...	૨
૧૯૫૯	...	૭
૧૯૬૦	...	૬
૧૯૬૧	...	૨૦
૧૯૬૨	...	૨૯
૧૯૬૩	...	૩૪
૧૯૬૪	...	૩૯
૧૪મી ફેબ્રુઆરી ૧૯૬૫	...	૧૪

(૫)

કૅલેન્ડર વર્ષ		ઓછી, અપૂરતી કે ઊણપવાળી લાયકાતવાળા શિક્ષકોને અધ્યાપન કરવા દેવાની છૂટ માટેની નામંજૂર થયેલ અરજીઓની સંખ્યા
નવેંબર ૧૯૪૯	...	–
૧૯૫૦	...	–
૧૯૫૧	...	–
૧૯૫૨	...	૧
૧૯૫૩	...	૧
૧૯૫૪	...	–
૧૯૫૫	...	૩
૧૯૫૬	...	૨
૧૯૫૭	...	૧
૧૯૫૮	...	–
૧૯૫૯	...	–
૧૯૬૦	...	–
૧૯૬૧	...	૧
૧૯૬૨	...	૪
૧૯૬૩	...	૧૧
૧૯૬૪	...	૧૩
૧૯મી ફેબ્રુઆરી ૧૯૬૫	...	૨

આચાર્ય ચિમનભાઈ જે. પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન ૧ : કૉલેજોમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું પગારધોરણ આપવામાં આવે છે, તેમાં ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરનો સમાવેશ થાય છે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, ના.

પ્રશ્ન ૨ : ૧૫મી જૂન ૧૯૬૪થી યુ.જી.સી.નાં પગારધોરણો સ્વીકારનાર કે અગાઉ સ્વીકારી તે તારીખથી આગળ ચાલુ રાખનાર બિનસરકારી કૉલેજોનાં નામ આપી શકશો?

ઉત્તર ૨ : જે કૉલેજોએ જૂન ૧૯૬૪થી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગારધોરણ સ્વીકાર્યાં છે તે કૉલેજોનાં નામ નીચે પ્રમાણે છે:

(૧) શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા
(૨) સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩) ધંધુકા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
(૪) સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, અમદાવાદ-૧૩.

(નોંધ.—સદરહુ કૉલેજો જૂન ૧૯૬૪થી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલ પગારધોરણ અપનાવી શકે નહિ તે પ્રમાણે જણાવી ઘટતું કરવા માટે તાકીદ કરવામાં આવી છે.)

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગારધોરણ જૂન ૧૯૬૪ પહેલાં સ્વીકારીને તે પગારધોરણ ચાલુ રાખ્યાં છે તે કૉલેજોનાં નામ નીચે પ્રમાણે છે :

ક્રમાંક **કૉલેજનું નામ**

(૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૨) એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૩) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૪) સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૫) બી. ડી કૉલેજ, અમદાવાદ
(૬) શ્રી. યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ
(૭) શેઠ પી. ટી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
(૮) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
(૯) એ. જી. ટીચર્સ કૉલેજ. અમદાવાદ
(૧૦) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટચૂટ, અમદાવાદ
(૧૧) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૧૨) એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૧૩) સિટી લૉ કૉલેજ, અમદાવાદ
(૧૪) ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ.

શ્રી. રમેશભાઈ ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : બિનસરકારી અને સરકારી કૉલેજોમાં પ્રોવિડંટ ફંડ । નિયમો અમલી બન્યા નથી તેવી કઈ કૉલેજો છે?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે —

(૧) શ્રી. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨) શ્રી. એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર
(૩) શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા
(૪) શ્રી. દ્વારકાપીઠ સંસ્કૃત મહાવિદ્યાલય, દ્વારકા

પ્રશ્ન ૩ : (અ) આપણી કૉલેજો-માન્ય સંસ્થાઓ પૈકી કેટલી સંસ્થાઓમાં અધ્યાપકો માટે પ્રોવિડંટ ફંડની યોજના અમલી બનાવવામાં આવી?

(બ) આ અંગે કંઈ માહિતી ન મોકલાવી હોય તેવી સંસ્થાઓની સંખ્યા અને નામો આપશો?

(ક) આ સંસ્થાઓએ યોજના ન સ્વીકારી હોય તો સ્વીકારે તે માટે યુનિવર્સિટી શાં પગલાં લેવા ધારે છે?

ઉત્તર ૩ : (અ) રાજ્ય સરકાર હસ્તક ચાલતી કૉલેજોમાં પ્રોવિડંટ ફંડને બદલે પેન્શનની યોજના હોય છે. બિનસરકારી કૉલેજો-સંસ્થાઓ પૈકી ૪ કૉલેજો-સંસ્થાઓમાં આ યોજના અમલી બનાવવામાં આવી નથી.

(બ) એવી કોઈ પણ કૉલેજ-સંસ્થા નથી કે જેણે આ બાબતમાં કોઈ પ્રકારનો ઉત્તર આપ્યો ન હોય.

(ક) ઉપર જણાવેલી ૪ કૉલેજોમાં આ યોજના અમલમાં આવે તે માટે જરૂરી કાર્યવાહી ચાલે છે એટલે આ તબક્કે કોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૪ : નીચેની માહિતી આપવા કૃપા કરશો?

૧૯૬૪ જૂનથી ગુજરાત યુનિવર્સિટીએ દાખલ કરેલાં સુધારેલાં પગારધોરણો અનુસાર—

ફેકલ્ટી	ચાલુ પગારમાં વધારો કરી સુધારેલા પગારધોરણના નવા બેઇઝ પર મુકાયેલા અધ્યાપકોની સંખ્યા	એક ઇન્ક્રિમેન્ટ મેળવનારાઓની સંખ્યા	બે ઇન્ક્રિમેન્ટ મેળવનારાઓની સંખ્યા	ત્રણ ઇન્ક્રિમેન્ટ મેળવનારાઓની સંખ્યા
આર્ટ્સ				
સાયન્સ				
કૉમર્સ				
લૉ				
એન્જિનિયરિંગ				
મેડિકલ				
એગ્રિકલ્ચર				
ઇતર				

ઉત્તર ૪ : પ્રશ્નમાં જણાવેલા કોઠા પ્રમાણેની માહિતી ૫૪ કૉલેજોમાંથી આવી છે જે નીચે મુજબ છે :

ફેકલ્ટી	ચાલુ પગારમાં વધારો કરી સુધારેલા પગારધોરણના નવા બેઇઝ પર અધ્યાપકોની સંખ્યા	એક ઇન્ક્રિમેન્ટ મેળવનારાઓની સંખ્યા	બે ઇન્ક્રિમેન્ટ મેળવનારાઓની સંખ્યા	ત્રણ ઇન્ક્રિમેન્ટ મેળવનારાઓની સંખ્યા
આર્ટ્સ	૩૩૮	૮૭	૩૯	૫૦
સાયન્સ	૨૭૧	૪૮	૧૯	૨૮
કૉમર્સ	૯૩	૧૮	૧૬	૫
લૉ	૪	૩	૧	૦
એન્જિનિયરિંગ	—	—	—	—
મેડિકલ	—	—	—	—
એગ્રિકલ્ચર	—	—	—	—
ઇતર	—	—	—	—

બાકીની ૬૧ કૉલેજો અંગે નીચે પ્રમાણે પરિસ્થિતિ છે:

(૧) ૨૧ સરકારી કૉલેજો છે.

(૨) ૧૪ કૉલેજોએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણ સ્વીકાર્યાં છે.

(૩) ૨૬ કૉલેજોએ હજુ કોઠા મુજબ માગવામાં આવેલ માહિતી મોકલી આપી નથી.

શ્રી. રમેશભાઈ ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : જે કૉલેજો માહિતી પણ ના મોકલતી હોય, તો તેમની સામે કોઈ પગલાં લેવામાં આવે છે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, તેમને સ્મૃતિપત્ર લખવામાં આવે છે.

[illegible] નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : તે ઉપરાંત કાંઈ વધુ પગલાં લેવામાં આવે છે ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, પત્રવ્યવહાર ચાલે છે.

પ્રશ્ન ૫ : (ક) ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકન અને યુનિવર્સિટી પરીક્ષામાં આવતા ગુણાંકમાં પડતા અંતર વિષે સિન્ડિકેટે આ અગાઉ નીમેલી એક સમિતિનાં વિશ્લેષણ અવલોકનો અને જો હોય તો ભલામણોની નકલ રજૂ કરી શકશો ?

(ખ) એ ભલામણો અંગે શાં પગલાં લેવામાં આવ્યાં છે તે જણાવશો ?

ઉત્તર ૫ : (ક) સદરહુ સમિતિના રિપોર્ટની નકલ સભ્યોની જાણ માટે સભા-સમયે ટેબલ પર રજૂ કરવામાં આવશે.

(ખ) સદરહુ સમિતિને હકીકત શોધવા(fact-finding)નું કામ સોંપાયું હતું તેથી તેની ભલામણોનો પ્રશ્ન રહેતો નથી. સમિતિના અહેવાલમાં જે હકીકતો જણાવવામાં આવી છે તે કૉલેજોના આચાર્યો સમક્ષ રજૂ કરવા માટે સુરત અને રાજકોટમાં એક એક તથા અમદાવાદમાં બે — એમ કુલ ચાર પરિસંવાદો યોજવામાં આવ્યા હતા.

પ્રશ્ન ૬ : કૃપા કરી નીચેની માહિતી આપશો ?

ફેકલ્ટી	યુનિવર્સિટીએ પોતે સ્ટાન્ડર્ડ ગ્રંથોના બહાર પાડેલા અનુવાદોની સંખ્યા	બહાર પાડેલા મૌલિક ગ્રંથોની સંખ્યા	અનુવાદ કરવા સોંપાયેલા ગ્રંથોની સંખ્યા	યુનિવર્સિટીના હાથ પરની અપ્રગટ અનુવાદની હસ્તપ્રતો
આર્ટ્સ				
સાયન્સ				
કૉમર્સ				
લૉ				
એન્જિનિયરિંગ				
મેડિકલ				
એગ્રિકલ્ચર				
ઇતર				

ઉત્તર ૬ :

ફેકલ્ટી	યુનિવર્સિટીએ પોતે સ્ટાન્ડર્ડ ગ્રંથોના બહાર પાડેલા અનુવાદોની સંખ્યા	બહાર પાડેલા મૌલિક ગ્રંથોની સંખ્યા	અનુવાદ કરવા સોંપાયેલા ગ્રંથોની સંખ્યા	યુનિવર્સિટીના હાથ પરની અપ્રગટ અનુવાદની હસ્તપ્રતો
આર્ટ્સ	૭	૪	૧૫	૪
સાયન્સ	—	૧	૧૫	૮
કૉમર્સ	૬	૧	૬	૩
લૉ	—	—	૩	૧
એન્જિનિયરિંગ, મેડિકલ, એગ્રિકલ્ચર	આ વિદ્યાશાખા અંગેનાં પુસ્તકો માટે રાજ્ય સરકારે વ્યવસ્થા કરી છે.			
ઇતર	૧	૯	૨	૧

નીચેના પૂરક પ્રશ્નો પૂછવામાં આવ્યા તથા તેના જવાબ નીચે મુજબ આપવામાં આવ્યા : આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : કઈ સાલથી યુનિવર્સિટીએ પ્રકાશન માટે વ્યવસ્થા કરી?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, ૧૯૫૨-૫૩થી.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : અત્યાર સુધીમાં છેલ્લાં ચાર વર્ષથી જુદી જુદી સમિતિઓ દ્વારા જુદા જુદા વિષયોમાં પુસ્તક-પ્રકાશન માટે પ્રવૃત્તિકાર્ય, તેમાં ભાષાંતર કે મૌલિક કામ સોંપાયું છે, તેની સંખ્યા કેટલી?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, ૧૪૧ પુસ્તકોની યાદી આપણે તૈયાર કરી છે અને ૬૩ પુસ્તકો માટે કરાર થયેલા છે.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : આ રીતે "ઇયર-માર્ક" જેવી કેટલી રકમ થઈ હશે?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, આશરે રૂા. સાતથી આઠ લાખ.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પૂછ્યો :

પ્રશ્ન : ગુજરાતી ભાષાને વિકસાવવા માટે, મારે માહિતી જોઈએ છે કે, નાણાં ઓછાં છે, કે કામ કરનારા વિદ્વાનો ઓછા છે, કે બન્ને ઓછાં છે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, ભારત સરકાર ૧૦૦ ટકા ગ્રાન્ટ આપશે તેમ તેણે જણાવ્યું હતું. પણ તેણે તૈયાર કરેલી યાદીમાં ન હોય તેવાં પ્રકાશનો, ભારત સરકારની મંજૂરી મેળવીને બહાર પાડવામાં આવે તો તે ૫૦ ટકા જેટલી ગ્રાન્ટને પાત્ર હોય છે. પણ ભારત સરકાર કહે છે કે આવી ગ્રાન્ટ કયારે આપીએ કે, ભારત સરકારની ટર્મિનોલોજી આપણે વાપરીએ તો. આ બાબતમાં આપણો પત્રવ્યવહાર ચાલે છે. આ બાબતમાં અગાઉના શિક્ષણપ્રધાન શ્રી. શ્રીમાળીને, તેઓ પ્રધાન હતા ત્યારે, હું મળ્યો હતો. શ્રી. ચાગલા અને શ્રી. કોઠારી અને શ્રી. ભક્તદર્શનની સાથે પણ મેં ચર્ચાવિચારણા કરી છે. પરિભાષાના પ્રશ્ન અંગે પ્રતિનિધિમંડળને પણ વાટાઘાટો મોકલ્યું હતું. દરમિયાન આપણું પ્રકાશનનું કામ આગળ ચાલ્યા કરે છે.

આચાર્ય પુ. ગ. માવળંકરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : રાજ્ય સરકારે કેટલાં પુસ્તકો બહાર પાડયાં?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે નવીની વિદ્યાશાખામાં, મારી જાણ પ્રમાણે, બે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : એન્જિનિયરિંગમાં કેટલાં પુસ્તકો રાજ્ય સરકારે બહાર પાડયાં છે?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, મારી પાસે તે માહિતી હાલ તૈયાર નથી.

આ પછી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયેલો જાહેર કરવામાં આવ્યો; અને તેથી નીચે જણાવેલા પ્રશ્નો સભાગૃહમાં પૂછવામાં આવ્યા નહોતા. પ્રશ્નો અને તેના જવાબ જે કામકાજની સુધારેલી

યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા તે નીચે મુજબ છે:

પ્રશ્ન ૭ : તા. ૨૫-૮-૧૯૬૨ની સિન્ડિકેટની સભામાં ક્રમાંક ૨૪થી જે કર્મચારીઓનાં પગારધોરણો સુધારવામાં આવ્યાં તે સિવાયની કઈ જગ્યાઓનાં પગારધોરણો હજુ સુધી સુધારવામાં આવ્યાં નથી?

ઉત્તર ૭ : સિન્ડિકેટની તા. ૨૫-૮-૧૯૬૨ની સભામાં ક્રમાંક ૨૪થી જે કર્મચારીઓનાં પગારધોરણો સુધારવામાં આવ્યાં તે સિવાયની નીચેની જગ્યાઓ માટેનાં પગારધોરણો તે પછીથી આજ સુધીમાં સુધારવામાં આવ્યાં નથી:

(અ) શિક્ષક વર્ગ:

(૧) પ્રોફેસર
(૨) રીડર
(૩) લેક્ચરર, અને
(૪) ડેમોન્સ્ટ્રેટર

(બ) બિનશિક્ષક વર્ગ:

(૧) ગેલીમેન
(૨) હેલ્પર
(૩) આસિ. બાઇન્ડર
(૪) હેડબાઇન્ડર
(૫) બૉલરમેન
(૬) મશીનમેન
(૭) જૂનિયર કંપોઝીટર
(૮) સીનિયર કંપોઝીટર
(૯) હેડકંપોઝીટર
(૧૦) હવાલદાર
(૧૧) આસિ. પ્રેસ-મેનેજર
(૧૨) પ્રેસ-મેનેજર
(૧૩) એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ
(૧૪) યુનિવર્સિટી એન્જિનિયર
(૧૫) ભાષાંતરકાર
(૧૬) આસિ. ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર
(૧૭) પ્રકાશન અધિકારી
(૧૮) આસિ. રજિસ્ટ્રાર
(૧૯) એકાઉન્ટન્ટ
(૨૦) ડેપ્યુટી રજિસ્ટ્રાર
(૨૧) ગ્રંથપાલ
(૨૨) ચીફ મેડિકલ ઑફિસર, અને
(૨૩) રજિસ્ટ્રાર.

પ્રશ્ન ૮ : તા. ૨૧/૨૨-૩-૧૯૬૩ની સેનેટની સભામાં બાબત ક્રમાંક ૭૩થી શ્રી. મગનભાઈ પ્ર દેસા.ઈ એ જે ઠરાવ રજૂ કર્યો હતો અને જે અંગે સિન્ડિકેટ તરફથી શ્રી. ચિગનભાઈ પટેલે ખાતરી આપી હતી કે જે કંઈ ખામીઓ હશે તે બધી સુધારી લેવામાં આવશે. એ ખાતરી મળતાં સદરહુ ઠરાવ પાછો ખેંચાયો હતો. છતાં યુનિવર્સિટીનાં બધાં ખાતાંઓના સેવકોનાં પગાર-ધોરણોમાંથી નીચેની જગ્યાઓનાં પગારધોરણો હજુ સુધી કેમ સુધારવામાં નથી આવ્યાં ?

(૧) આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર
(૨) ભાષાંતરકાર
(૩) મદદનીશ પ્રેસ-મેનેજર
(૪) પ્રકાશન અધિકારી
(૫) પ્રેસ-મેનેજર.

ઉત્તર ૮ : સિન્ડિકેટે તેની તા. ૭-૯-૧૯૬૩ની સભામાં બાબત ક્રમાંક ૩૪થી યુનિવર્સિટી કાર્યાલયની જુદી જુદી બિનશિક્ષક વર્ગની જગ્યાઓ માટે પગારધોરણ ઉપર સમગ્ર રીતે વિચારણા કરી હતી, અને પ્રશ્નમાં નિર્દિષ્ટ કરેલી જગ્યાઓ માટે પગારધોરણ સુધારવાનું તેને જરૂરી લાગ્યું નથી.

પ્રશ્ન ૯ : આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર અને ભાષાંતરકારનું પગારધોરણ રૂા. ૨૦૦-૧૦-૪૦૦ છે એટલે કે અંતિમ સોપાન રૂા. ૪૦૦ છે, જ્યારે અંતિમ સોપાન રૂા. ૩૦૦ દા.ત., હેડક્લાર્ક ૨૦૦-૧૨-૨૬૦ ઈ.બી. ૧૨-૩૨૦ સુધી પહોંચતી જગ્યાનો વાર્ષિક પગારવધારો રૂા. ૧૨ છે; તો આવી અસંગતિ કેમ રહેવા પામેલ છે ? તે જ રીતે, પ્રકાશન અધિકારીની જગ્યાનું પગારધોરણ રૂા. ૩૦૦-૧૫-૬૦૦ છે, એટલે કે અંતિમ સોપાન રૂા. ૬૦૦ છે, જ્યારે અંતિમ સોપાન રૂા. ૪૪૦ દા.ત., ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ સુધી પહોંચતી જગ્યાનો વાર્ષિક પગારવધારો રૂા. ૨૦ છે; તો આવી અસંગતિ કેમ રહેવા પામી છે ?

ઉત્તર ૯ : કોઈ પણ જગ્યા ઊભી કરવામાં આવે છે ત્યારે તે જગ્યાનું પગારધોરણ, અપેક્ષિત કામગીરી અને લાયકાતનાં ધોરણો ધ્યાનમાં લઈને નક્કી કરવામાં આવે છે. પ્રસ્તુત જગ્યાઓનું પગારધોરણ સમગ્ર રીતે જોતાં સિન્ડિકેટે તે નક્કી કર્યું છે. તેમાં અસંગતિનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૧૦ : ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ અને આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર તથા ભાષાંતરકારની શૈક્ષણિક લાયકાત એમ.એ. — ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ માટે માત્ર એમ.એ. અથવા બી.એ. વત્તા ૭ વર્ષનો અનુભવ એમ વિકલ્પ છે — રાખવામાં આવી છે; તો આ ત્રણે સમકક્ષ જગ્યાઓનું પગારધોરણ રૂા. ૩૨૦થી કેમ શરૂ નથી કર્યું ? ઑફિસ સુપરિન્ટેન્ડન્ટનો પગાર રૂા. ૨૦૦-૧૦-૩૦૦ (તા. ૪-૩-૧૯૬૧ પહેલાં)માંથી ક્રમિક ફેરફાર કરીને સિન્ડિકેટની તા. ૨૫-૮-૧૯૬૨ની સભામાં રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ પ્રમાણે સુધારો થયો છે; તો આ બંને સમકક્ષ જગ્યાઓનું અને મદદનીશ પ્રેસ-મેનેજરનું પગારધોરણ કેમ નથી સુધર્યું ?

વળી તા. ૪-૭-૧૯૫૯ની સિન્ડિકેટે જ્યારે પ્રકાશન અધિકારીનું પગારધોરણ રૂા. ૩૦૦-૧૫-૬૦૦ નક્કી કર્યું, ત્યારે મદદનીશ રજિસ્ટ્રાર અને એકાઉન્ટન્ટનું પગારધોરણ રૂા. ૨૫૦-૧૫-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦ હતું અને તા. ૪-૩-૧૯૬૧ની સિન્ડિકેટની સભામાં

આ બન્ને જગ્યાઓનાં પગારધોરણો અનુક્રમે રૂ. ૩૫૦-૨૦-૪૫૦ ઈ.બી. ૨૫-૬૫૦ અને રૂ. ૩૫૦-૨૦-૪૫૦ ઈ.બી. ૬૦૦ પ્રમાણે સુધર્યું અને તા. ૨૫-૮-૧૯૬૨ની સિન્ડિકેટની સભામાં ઑફિસ સુપરિન્ટેન્ડન્ટનું પગારધોરણ રૂ. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૪૪૦ પ્રમાણે સુધર્યું, છતાં પ્રકાશન અધિકારી અને પ્રેસ-મૅનેજરનું પગારધોરણ કેમ ન સુધર્યું?

ઉત્તર ૧૦: આ જગ્યાઓ માટેનું પગારધોરણ, અપેક્ષિત કામગીરી અને લાયકાતનું ધોરણ ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવેલ છે. અને ઉપર પ્રશ્ન ૮ના ઉત્તરમાં જણાવ્યા પ્રમાણે દરેક જગ્યાનું પગારધોરણ નક્કી કરતાં સમગ્ર રીતે વિચારણા કરવામાં આવી હતી, તેમાં આ જગ્યાઓનું પગારધોરણ સુધારવાનું સિન્ડિકેટને જરૂરી લાગ્યું નથી.

[ક] **શ્રી. રસિકલાલ બાલચંદ શાહે** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી:

પ્રશ્ન ૧ : સંલગ્ન કૉલેજોમાં અંગ્રેજી વિષયમાં જરૂરી લાયકાત ધરાવતા ન હોય તેવા કેટલા પ્રાધ્યાપકો તથા અધ્યાપકો હાલમાં કામ કરે છે?

ઉત્તર ૧: ૧૫મી જૂન ૧૯૬૪થી શરૂ થયેલ શૈક્ષણિક વર્ષ દરમિયાન સંલગ્ન કૉલેજોમાં અંગ્રેજીના એક પ્રાધ્યાપક તથા એસોસીએટ પ્રાધ્યાતા યુનિવર્સિટીએ નિયત કરેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોવાનું જણાયું હતું. તેમની કૉલેજોના આચાર્યોની વિનંતી પરથી, ચાલુ વર્ષે તેમને અપવાદરૂપે અધ્યાપનનું કાર્ય કરવાની છૂટ આપવામાં આવેલી છે.

પ્રશ્ન ૨ : ૧૯૬૪ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓમાં જેમને જે તે બોર્ડમાં પેનલ પર ન મૂકવામાં આવ્યા હોય છતાં કેટલા માણસોને પરીક્ષક તરીકે નીમવામાં આવ્યા હતા?

ઉત્તર ૨ : સદરહુ પ્રશ્ન બાનગી બાબતને લગતો હોઈ તે પ્રશ્ન અહીં પૂછી શકાય નહિ.

પ્રશ્ન ૩: (ક) સેનેટની સભામાં કોઈ પણ બાબત ઑર્ડરમાં છે કે નહિ તે બાબત પર અપાતા રૂલિંગ્સના રાભાપતિ તરફથી આઉટ ઑફ ઑર્ડર ઠરાવતી બાબતોમાં તેને કયા મુદ્દાસર આઉટ ઑફ ઑર્ડર ઠરાવવામાં આવી છે તેના ચોક્કસ મુદ્દાઓ અગાઉના સમયમાં સેનેટની સભાની નોંધમાં નોંધાતા હતા?

(ખ) હાલમાં તે મુદ્દાઓ નોંધાય છે?

(ગ) જો તે નોંધાતા ન હોય તો તે કરવાનું કોઈ ચોક્કસ પ્રયોજન છે?

(ઘ) શું?

ઉત્તર ૩: (ક) સેનેટની સભામાં ઊભા થતા કાનૂની મુદ્દાનું નિરાકરણ કરતી વખતે મુદ્દાનું કારણ સ્પષ્ટ આપવામાં આવ્યું હોય ત્યારે ત્યારે તેની નોંધ કરવામાં આવતી હતી.

(ખ) હાલ પણ તે પ્રથા ચાલુ છે.

(ગ) ઉત્તર (ક) અને (ખ) જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

(ઘ) ઉત્તર (ગ) જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

[ગ] **શ્રી. કુંજવિહારી સી. મહેતાએ** નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી:

પ્રશ્ન ૧ : ૧૫મી જૂન ૧૯૬૪થી અમલમાં આવેલાં નવાં પગારધોરણો સરકારી કૉલેજોમાં અમલમાં મુકાયાં છે?

ઉત્તર ૧ : ના.

પ્રશ્ન ૨ : જો ના હોય તો યુનિવર્સિટીએ એ બાબતમાં શાં પગલાં લીધાં છે?

ઉત્તર ૨ : આ બાબતમાં રાજ્ય સરકાર સાથે પત્રવ્યવહાર ચાલુ છે દરમિયાન ત્રિવાર્ષિક અભ્યાસક્રમ અંગેની આવર્તક આર્થિક સહાય અટકાવવામાં આવી છે.

પ્રશ્ન ૩ : બીજી કોઈ કૉલેજો છે, જેણે નવાં પગારધોરણો અપનાવ્યાં ન હોય?

ઉત્તર ૩ : આચાર્ય જે. એસ. જેટલીના પ્રશ્ન ૧ પરત્વે અપાયેલા ઉત્તરમાં આ પ્રશ્નનો ઉત્તર આવી જાય છે.

૩. ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૫થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને એફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે નવી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા,
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા, અને
(૯) એક વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**— (૧) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી;

(૨) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો એક ખંડ,
(૨) કાર્યાલય માટેનો એક ખંડ,
(૩) શિક્ષકો માટેનો એક ખંડ,

(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ,
(૬) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૭) ગ્રંથાલય માટેનો ખંડ;

૩. ૧૫મી મે ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો	... રૂા. ૫,૦૦૦
(૨) સંદર્ભગ્રંથો	... રૂા. ૧,૦૦૦
(૩) સામયિકો	... રૂા. ૧,૦૦૦;

૬. રમતગમતો માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યશ્રી તથા ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય **જે. ટી. પરીખે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ, તરફથી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેના ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. ટી. પરીખે રજૂ કર્યો, તેને આચાર્ય રામપ્રસાદ એમ. શુક્લે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪. વિદ્યામંદિર સોસાયટી, સુરત, તરફથી સુરત ખાતે ચાલતી વિનયનની કૉલેજ, જેને એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે કાયમી જોડાણ છે, તેની જૂન ૧૯૬૫થી બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યામંદિર સોસાયટી, સુરત, સંચાલિત એડ. એફ. વાડિયા વિમેન્સ આર્ટ્સ કૉલેજ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય,
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૫) હિંદીના એક વ્યાખ્યાતા,
(૬) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) રાજ્યબંધારણ અને ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૯) ગૃહવિજ્ઞાન માટે જીવવિજ્ઞાનના યોગ્ય એક વ્યાખ્યાતા,
(૧૦) ગૃહવિજ્ઞાન માટે સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૧૧) એક વ્યાયામશિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,
(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૫) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ્સ વર્ગો સાથેના), અને
(૬) ગ્રંથાલય માટેનો ખંડ;

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

પુસ્તકો	... રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	... રૂા. ૧,૦૦૦
સામયિકો	... રૂા. ૧,૦૦૦;

૬. આચાર્યશ્રી અને ગૃહપતિને કૉલેજની નજીક ભાડા મુક્ત રહેઠાણ આપવામાં આવે;
૭. આચાર્યશ્રીને હોદ્દાની રૂએ મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;
૮. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે; અને
૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ય. પ્રા. શુક્લે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા વિદ્યામંદિર સોસાયટી, સુરત, તરફથી સુરત ખાતે ચાલતી આર્ટ્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુક્લે રજૂ કર્યો, તેને આચાર્ય જિતેન્દ્ર સું. જેટલીએ ટેકો આપ્યો. તે પર આચાર્ય એ. આર. દેસાઈએ આચાર્ય કે. એલ. દેસાઈના ટેકાથી નીચેનો સુધારો રજૂ કર્યો :

આચાર્ય એ. આર. દેસાઈએ નીચેનો સુધારો રજૂ કરવાનો નોટિસ આપી હતી :

"આચાર્ય ય. પ્રા. શુક્લના ઠરાવમાં નીચે પ્રમાણે ફેરફારો કરવા એમ સુધારો રજૂ કરું છું :

ઠરાવની બીજી લીટીના 'સિન્ડિકેટનો' એ શબ્દ પછી નીચેના શબ્દો ઉમેરો :

'સેનેટમાં આચાર્ય એ. આર. દેસાઈના સૂચવેલા ઍકૅડેમિક કાઉન્સિલની શરત ૩ પરના સુધારા સાથેનો'.

તે જ પ્રમાણે ઠરાવની બીજી લીટીમાં 'ઍકૅડેમિક' એ શબ્દ પછી નીચેના શબ્દો ઉમેરો :

'કાઉન્સિલની આચાર્ય એ. આર. દેસાઈના સેનેટમાં સૂચવેલા શરત ૩ અંગેના સુધારા સાથેની ભલામણ'.

આ પછીનો ત્રીજી લીટીમાંનો શબ્દ 'સૂચવેલી' કાઢી નાખો.

આમ કરતાં મારા સુધારા સાથેનો આચાર્ય ય. પ્રા. શુક્લના ઠરાવનો પાઠ નીચે મુજબ થશે :

'આથી સેનેટની આ સભા વિદ્યામંદિર સોસાયટી, સુરત, તરફથી સુરત ખાતે ચાલતી કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો, આચાર્ય એ. આર. દેસાઈના સેનેટમાં સૂચવેલા ઍકૅડેમિક કાઉન્સિલની શરત ૩ અંગેના સુધારા સાથેનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલની આચાર્ય એ. આર. દેસાઈના સેનેટમાં સૂચવેલા શરત ૩ અંગેના સુધારા સાથે, ભલામણ તથા સિન્ડિકેટે ઉમેરેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલા સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે.'"

ઉપલા સેનેટ સમક્ષના ઠરાવના અનુમોદનમાં ઍકૅડેમિક કાઉન્સિલે સૂચવેલી શરત નં. ૩માં નીચેનો સુધારો સૂચવ્યું છું :

નીચેના શબ્દો કાઢી નાખો :

"મે, ૧૯૬૮ સુધીમાં"

અને નીચેના શબ્દો મૂકો :

"સમયાનુસાર જરૂરિયાત પ્રમાણે".

વળી શબ્દ "પોતાનું" પછી "માલિકીનું" શબ્દ ઉમેરો અને તે જ રીતે શબ્દ "મકાન" પછી નીચેના શબ્દો ઉમેરો :

"હોઈ, શિક્ષણકાર્યમાં આવશ્યક સુવિધા પૂરી પાડવા જરૂરી ફેરફાર કરી" એ શબ્દો ઉમેરો. આમ કરતાં શરત ત્રીજીનો પાઠ નીચે મુજબ થશે :

"સમયાનુસાર જરૂરિયાત પ્રમાણે કૉલેજનું પોતાની માલિકીનું મકાન હોઈ, શિક્ષણકાર્યમાં આવશ્યક સુવિધા પૂરી પાડવા જરૂરી ફેરફાર કરી તૈયાર કરવાની સંસ્થા તરફથી આંધણરી આપવામાં આવે."

સદરહુ સુધારો આચાર્ય એ. આર. દેસાઈએ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

તે પછી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. માનવમંદિર, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૫થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અેન્ડ સાયન્સ કૉલેજની પ્રથમ વર્ષ બી.એ. તથા પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, માનવમંદિર, અમદાવાદ, તરફથી શરૂ કરાનાર આર્ટ્સ અેન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય,
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૫) હિંદીના એક વ્યાખ્યાતા,
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા,
(૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ, અને
(૧૫) એક વ્યાયામશિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા માગતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યશ્રીનો એક ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,
(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ,
(૬) ગ્રંથાલય માટેનો ખંડ, અને
(૭) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે);

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦;

૮. આચાર્યશ્રી અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે, અને

૧૦. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડી. પી.** ઠાકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, માનવમંદિર, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ધીરુભાઈ પી. ઠાકરે રજૂ કર્યો, તેને શ્રી. બટુભાઈ હ. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. **ભારતીય વિદ્યાભવન, મુંબઈ, તરફથી જૂન ૧૯૬૫થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજને પ્રથમ વર્ષ બી.એ. તથા દ્વિતીય વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.**

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, તરફથી અમદાવાદ ખાતે નવી શરૂ કરાનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૯-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. અને ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય,
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૫) હિંદીના એક વ્યાખ્યાતા,
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) તર્કશાસ્ત્રના તથા માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા,
(૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા તથા એક ટ્યૂટર,
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૩) ભૌતિકવિજ્ઞાન, અણુવિજ્ઞાન તથા જીવવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૪) ત્રણ લેબોરેટરી આસિસ્ટન્ટ, અને
(૧૫) એક વ્યાયામશિક્ષક;

નોંધ.—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવા માટેની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,
(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૬) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથેના), અને
(૭) ગ્રંથાલય માટેનો ખંડ;

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;
૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂપિયા એક લાખનો ખર્ચ કરવામાં આવે;
૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૬. ગ્રંથાલય માટે વિનયન અને વિજ્ઞાનની પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦;

૭. રમતગમતના મેદાનની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૮. આચાર્યશ્રી તથા ગૃહપતિને માટે કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણની સગવડ કરવામાં આવે;
૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને
૧૦. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.'

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. બી. સાણ્ડિલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, તરફથી શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. બી. સાણ્ડિલે રજૂ કર્યો તેને આચાર્ય એચ. એસ. સંઘવીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. **ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૫થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અેન્ડ સાયન્સ કૉલેજની પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય,
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૫) હિન્દીના એક વ્યાખ્યાતા,
   (૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા,
   (૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૧૩) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા જીવવિજ્ઞાન—એ દરેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ, અને
   (૧૪) એક વ્યાયામ શિક્ષક;

[નોંધ.- (૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,
(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૬) જરૂરી ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથેના), અને
(૭) ગ્રંથાલય માટેનો ખંડ;

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળાઓને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે વિનયન તથા વિજ્ઞાનની પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબનો કરવામાં આવે :

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૭. રમતગમત માટે યોગ્ય મેદાનનો પ્રબંધ કરવામાં આવે, અને કૉલેજના સંચાલનમાં જતી ખોટ પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૮. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજનાં નજીક ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૧૦. કૉલેજના સંચાલનમાં જતી ખોટ પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. બી. સાણ્ડલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી તરફથી શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે

તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. બી. સાવિડેએ રજૂ કર્યો, તેને આચાર્ય ચિમનભાઈ જ. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ, તરફથી જુન ૧૯૬૫થી રાજકોટ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ, તરફથી રાજકોટ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. અને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય,
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના વ્યાખ્યાતા,
(૪) સંસ્કૃતના વ્યાખ્યાતા,
(૫) હિંદીના વ્યાખ્યાતા,
(૬) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા,
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના વ્યાખ્યાતા,
(૮) ઇતિહાસ તથા રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા,
(૯) વાણિજ્યના વ્યાખ્યાતા,
(૧૦) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા, અને
(૧૧) વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,

(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૬) જરૂરી વર્ગ-ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૭) ગ્રંથાલય માટેનો ખંડ;

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વિનયન તથા વાણિજ્યની પ્રત્યેક વિદ્યાશાખા સારુ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. કૉલેજ અને હાઈસ્કૂલના સમયમાં ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ, તરફથી શરૂ કરાનાર આર્ટ્સ, ઍન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. શ્રી. ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા, તરફથી જૂન ૧૯૬૫થી ઊંઝા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજની પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા, તરફથી ઊંઝા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય,
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૫) હિંદીના એક વ્યાખ્યાતા,
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) તર્કશાસ્ત્ર તથા માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા,
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા, અને
(૧૧) વ્યાયામશિક્ષક;

[નોંધ.—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય એવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે:

(૧) આચાર્ય માટેનો ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,
(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૬) ગ્રંથાલય માટેનો ખંડ,
(૭) જરૂરી વર્ગખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે);

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે:

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે;

૫. ગ્રંથાલયમાં વિનયન તથા વાણિજ્યની વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૬. રમતગમતના યોગ્ય મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. હાઈસ્કૂલ અને કૉલેજના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એ. આર. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા, તરફથી ઊંઝા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર તરફથી જૂન ૧૯૬૫થી હિંમતનગર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કોમ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હિંમતનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦–૪–૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કોમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખા માટે નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય,
(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના વ્યાખ્યાતા,
(૪) સંસ્કૃતના વ્યાખ્યાતા,
(૫) હિંદીના વ્યાખ્યાતા,
(૬) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા,
(૭) તર્કશાસ્ત્ર તથા માનસશાસ્ત્રના વ્યાખ્યાતા,
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના વ્યાખ્યાતા,
(૯) કૉમર્સના વ્યાખ્યાતા
(૧૦) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા, અને
(૧૧) એક વ્યાયામશિક્ષક;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,
(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૬) જરૂરી વર્ગખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૭) ગ્રંથાલય માટેનો ખંડ;

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલયમાં વિનયન તથા વાણિજ્યની પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦;

૬. રમતગમતના મેદાનની યોગ્ય સગવડ કરવામાં આવે;

૭. આચાર્યશ્રી તથા ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી સંસ્થાએ આપવી; અને

૧૦. કૉલેજ અને હાઈસ્કૂલના સમય વચ્ચે ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર તરફથી હિંમતનગર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય વી. એચ. જોષીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, વીસનગર, તરફથી જૂન ૧૯૬૫થી વીસનગર ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજની બી.એડ. સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ માટે આવેલી અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, વીસનગર, તરફથી વીસનગર ખાતે શરૂ કરાનાર ટીચર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને બી.એડ.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂંકો કરવામાં આવે :
   (૧) આચાર્ય,
   (૨) એજ્યુકેશનના એક પ્રાધ્યાપક,
   (૩) એજ્યુકેશનના ત્રણ વ્યાખ્યાતા, અને
   (૪) એક ટ્યૂટર;

   [નોંધ.—જો ઉપર પ્રમાણેનો વર્ગ 'મેથડ્સ'ના બધા વિષયો શીખવી શકે તેમ ન હોય તો વધારાના ખંડ સમયના વ્યાખ્યાતાઓ નીમી યુનિવર્સિટીને જાણ કરવી.]

૨. નીચે પ્રમાણેની સગવડ ધરાવતું મકાન કૉલેજ માટે તૈયાર કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો ખંડ,
   (૨) કાર્યાલય માટેનો ખંડ,
   (૩) શિક્ષકો માટેનો ખંડ,
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
   (૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,

(૬) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ (૮૦૦ ચો. ફૂટ),
(૭) એક વ્યાખ્યાન-ખંડ (૮૦૦ ચો.ફૂટ),
(૮) જૂથ-કાર્ય માટે ૪ ખંડો (દરેક ૪૦૦ ચો. ફૂટના), અને
(૯) ગ્રંથાલય માટેનો ખંડ (૮૦૦ ચો. ફૂટ);

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી વગેરે પાછળ રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૬. ગ્રંથાલયમાં રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૭. આચાર્ય અને ગૃહપતિને કૉલેજની નજીક ભાડા મુક્ત મકાન આપવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. જી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, વીસનગર, તરફથી વીસનગર ખાતે શરૂ કરાનાર એજ્યુકેશન કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. જી. દેસાઈની ગેરહાજરીમાં શ્રી જી. બી. ઓઝાએ રજૂ કર્યો. તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૨. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, તરફથી જૂન ૧૯૬૫થી કડી મુકામે શરૂ કરાનાર વિજ્ઞાનની કૉલેજની બી.એસસી. સુધીનો અભ્યાસક્રમ શીખવવા અંગે જોડાણ માટે અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, તરફથી કડી મુકામે શરૂ કરાનાર સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પ્રથમ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૪) હિંદીના એક વ્યાખ્યાતા,
(૫) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) ભૌતિકશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૮) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૯) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન તથા જીવવિજ્ઞાન — એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૦) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન તથા જીવવિજ્ઞાન — એ પ્રત્યેક માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ, અને
(૧૧) વ્યાયામ શિક્ષક;

[નોંધ.— (૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,
(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૬) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સહિત), અને
(૭) ગ્રંથાલય માટેનો ખંડ;

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;
૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા રૂપિયા એક લાખનો ખર્ચ કરવામાં આવે;
૫. છાત્રાલય માટે વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે પ્રમાણે કરવામાં આવે :

પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦
	કુલ રૂા. ૭,૦૦૦;

૭. રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;
૮. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;
૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;
૧૦. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને
૧૧. કૉલેજ અને હાઈસ્કૂલના સમયમાં ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ય. ગુ. નાયકે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, તરફથી કડી ખાતે શરૂ કરાનાર સાયન્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૩. **ગોંડલ મ્યુનિસિપાલિટી તરફથી જૂન ૧૯૬૫થી ગોંડલ ખાતે શરૂ કરાનાર વિજ્ઞાન અને કાયદાની કૉલેજની ફસ્ટ બી.એસસી. સુધીનો તથા દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગોંડલ મ્યુનિસિપાલિટી, ગોંડલ, તરફથી ગોંડલ ખાતે શરૂ કરાનાર વિજ્ઞાન અને કાયદાની કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એસસી. સુધીના તથા પ્રથમ એલએલ.બી. અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય,

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,

(૪) ગણિતના એક વ્યાખ્યાતા,

(૫) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૬) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૭) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૮) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન તથા જીવવિજ્ઞાન — એ દરેકના એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ,

(૯) કાયદાના એક પ્રાધ્યાપક,

(૧૦) કાયદાના બે ખંડ-સમયના વ્યાખ્યાતા, અને

(૧૧) એક વ્યાયામશિક્ષક;

[નોંધ.—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્યશ્રી માટેનો ખંડ,

(૨) કાર્યાલય માટેનો ખંડ,

(૩) શિક્ષકો માટેનો ખંડ,

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,

(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,

(૬) જરૂરી વર્ગો માટેના ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને

(૭) ગ્રંથાલય માટેનો ખંડ;

૩. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળાને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે વિજ્ઞાન તથા કાયદાની પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦ નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે:

પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦
કુલ	રૂા. ૭,૦૦૦;

૭. રમતગમતના યોગ્ય મેદાન માટે પ્રબંધ કરવામાં આવે;

૮. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૧૦. કૉલેજની વ્યવસ્થામાં જતી ખોટ પૂરી કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે:

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. ડી. દેસાઈએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ગોંડલ મ્યુનિસિપાલિટી, ગોંડલ, તરફથી ગોંડલ ખાતે શરૂ કરાનાર સાયન્સ અને લૉ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. ડી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. જે. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૪. ઉપલેટા ખાતે જૂન ૧૯૬૫થી શરૂ થનાર શિક્ષણ અને વિજ્ઞાનની કૉલેજને બી.એડ. અને પ્રથમ વર્ષ બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા અંગે જોડાણ આપવા માટે ઉપલેટા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્ય તરફથી આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપલેટા મ્યુનિસિપાલિટી દ્વારા ઉપલેટા ખાતે શરૂ કરાનાર વિજ્ઞાન અને શિક્ષણની કૉલેજને જોડાણ ન આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. બી સાણ્ડલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ઉપલેટા મ્યુનિસિપાલિટી તરફથી, ઉપલેટા ખાતે શરૂ થનાર સાયન્સ એન્ડ એજ્યુકેશન કૉલેજ, ઉપલેટાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, તથા એકૅડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર, સદરહુ કૉલેજને જે તે અભ્યાસક્રમ શીખવવા જોડાણ આપવામાં ન આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરવી."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. બી. સાણ્ડલે રજૂ કર્યો, તેને આચાર્ય જિતેન્દ્ર સું. જેટલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૫. શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર, તરફથી જૂન ૧૯૬૫થી છોટાઉદેપુર ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજની પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી દ્વારા છોટાઉદેપુર ખાતે શરૂ થનાર કૉમર્સ કૉલેજને જોડાણ ન આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એચ. કે. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુર, તરફથી છોટાઉદેપુર ખાતે શરૂ કરાનાર કૉમર્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, તથા એકૅડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સદરહુ કૉલેજને જે તે અભ્યાસક્રમ શીખવવા જોડાણ આપવામાં ન આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. કે. ત્રિવેદીની ગેરહાજરીમાં આચાર્ય જે. બી. સાણ્ડલે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૬. નવસારી મુકામે જૂન ૧૯૬૫થી ખેતીવાડી કૉલેજ શરૂ કરવા માટે ગુજરાત રાજ્યના કૃષિસંચાલક તરફથી આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કૃષિસંચાલક, ગુજરાત રાજ્ય, તરફથી નવસારી મુકામે શરૂ કરાનાર કૃષિ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને, ફર્સ્ટ ઇયર બી.એસસી. (એગ્રિ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય,

(૨) એગ્રોનોમીના એક પ્રાધ્યાપક,

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા,
(૬) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૭) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્ર — એ પ્રત્યેક વિષય માટે એક એક પ્રાધ્યાપક,
(૮) એનિમલ હસબંડ્રીના એક પ્રાધ્યાપક,
(૯) ડેમોન્સ્ટ્રેટર — ૧૦,
(૧૦) લેબોરેટરી આસિસ્ટન્ટ અને એગ્રિકલ્ચરલ આસિસ્ટન્ટ — ૧૬, અને
(૧૧) આચાર્ય માટે ટેકનિકલ આસિસ્ટન્ટ;

૨. મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજ માટેના હાલના સૂચિત મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ,
(૨) કાર્યાલય માટેનો ખંડ,
(૩) શિક્ષકો માટેનો ખંડ,
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ,
(૬) પુસ્તકાલય માટેનો ખંડ, અને
(૭) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સહિત);

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. પ્રયોગશાળાઓને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. ફાર્મને સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. પુસ્તકો અને સામયિકો માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦;

૮. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૧૦. રમતગમતનું યોગ્ય મેદાન તૈયાર કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'આ વિદ્યાશાખાની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એમ. ડી. પટેલે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ગુજરાત રાજ્યના કૃષિસંચાલક તરફથી નવસારી ખાતે શરૂ કરાનાર એતીવાડી કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તથા સિન્ડિકેટે ઉમેરેલી તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એમ. ડી. દેસાઈએ રજૂ કર્યો, તેને ડૉ. એમ. કે. દેસાઈએ ટેકો આપ્યો.

ચર્ચા દરમિયાન "ફર્સ્ટ યર બી.એસસી. (એગ્રિ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે" એ શબ્દોને બદલે "ફર્સ્ટ યર બી.એસસી. (એગ્રિ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે" એમ શાબ્દિક ફેરફાર કરવાનું સભાગૃહે મંજૂર કર્યું.

તે પછી મત લેવામાં આવતાં, સદરહુ પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૭. નેશનલ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિંદી, સિંધી, સંસ્કૃત, ઇતિહાસ, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નેશનલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. સને ૧૯૬૬ પહેલાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે; અને
૨. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય બી. પી. કોઠારીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, નેશનલ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય બી. પી. કોઠારીએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૮. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન, હિંદી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને સિંધીના વિષયો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; અને બી.એ. (સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, ગુજરાતીના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌વર્તી વધારાનું; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

(૨) ૧૯૬૫ પહેલાં કૉલેજનું મકાન તૈયાર કરવામાં આવે;

(૩) અર્થશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) રમતગમતના મેદાન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે; અને

(૬) ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. એસ. જેટલીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. એસ. જેટલીની ગેરહાજરીમાં ડૉ. છોટુભાઈ ૨. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય ચિમનભાઈ જે. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૯. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં ભૂગોળનો વિષય શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં

અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ.(સબો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
   (૨) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક પ્રાધ્યાપક,
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા (હાલના ખંડ સમયના બદલે),
   (૪) ભૂગોળના એક વ્યાખ્યાતા,
   (૫) તત્ત્વજ્ઞાનના એક ટ્યૂટર; અને
   (૬) એક પૂરા સમયના વ્યાયામશિક્ષક;
૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે:

અંગ્રેજી માટે	...	રૂા. ૨,૦૦૦
પ્રાચીન ભારતીય સંસ્કૃતિ માટે	...	રૂા. ૨,૦૦૦
ભૂગોળ માટે	...	રૂા. ૧,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. ભૂગોળની પ્રયોગશાળા માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે; એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ચિમનભાઈ જે. પટેલે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ચિમનભાઈ જે. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય આર. એસ. બેટાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૦. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાની બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ગુજરાતી, હિંદી, માનસશાસ્ત્ર અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજો.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને

અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર, ગુજરાતી, હિંદી અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:
(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૩) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા, અને
(૪) માનસશાસ્ત્રના અથવા તર્કશાસ્ત્રના એક ખંડ-સમયના વ્યાખ્યાતા; અને
૨. રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ ગ્રંથાલય પાછળ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુકલે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુકલની ગેરહાજરીમાં, આચાર્ય ચિમનભાઈ જે. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. રસિકલાલ બાલચંદ શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૧. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીની, જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમ માટેનું ચાલુ જોડાણ; અને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં સંસ્કૃત હિંદી, ઇતિહાસ અને માનસશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; અને સેકન્ડ બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૫-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા,

(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા, અને

(૬) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

૨. કૉલેજના મકાનમાં નીચેના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) ગ્રંથાલય માટેનો એક ખંડ,

(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ, અને

(૩) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય માટે રૂા. ૬,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૫. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૬. રમતગમતના મેદાન માટે પ્રબંધ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. એમ. શુકલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એમ. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય એચ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૨. **ગો. મા. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત, પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયોનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.) અંગ્રેજી અને બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, ગણિત અને હિન્દીના વિષયનું વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગો. મા. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.-સબો.)માં અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત, પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, હિંદી, આંકડાશાસ્ત્ર અને ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું

વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
(૨) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૪) હિંદીના એક વ્યાખ્યાતા,
(૫) ગણિતના એક વ્યાખ્યાતા,
(૬) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા, અને
(૮) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. જરૂર પડે ત્યારે પ્રાયોગિક માનસશાસ્ત્રના વિષય માટે એક સુસજ્જ પ્રયોગશાળાની ગોઠવણ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. ટી. પરીખે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ગો. મા. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. ટી. પરીખે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર આચાર્ય આર. ડી. મુનશીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ નીચે ૧ લખી 'નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે' તે પછી નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે તે પ્રમાણે વિનંતી કરું છું :

(૧) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૩) હિંદીના એક વ્યાખ્યાતા,
(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

તે સિવાય આખા ઠરાવમાં બીજો સુધારો કરવાનો રહેતો નથી."

સદરહુ સુધારો આચાર્ય આર. ડી. મુનશીએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર વિચારણા કરવામાં આવી નહિ, અને મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૩. યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબીની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ. માં સંસ્કૃત, ગુજરાતી, અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિંદી, રાજ્યશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને આંકડાપદ્ધતિના વિષયો માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ (પ્રિન્સિ)માં સંસ્કૃત, ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો)માં હિંદી, રાજ્યશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે વધારાના શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા, અને
   (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ જોડાણ આપેલ વિષયોનાં પુસ્તકો પાછળ કરવામાં આવે તથા પુસ્તકો અને સામયિકો પાછળ આવર્તક ખર્ચ રૂા. ૩,૦૦૦નો કરવામાં આવે; અને

૩. ગ્રંથાલયમાં તેના માટે પોતાના મકાનમાં મોટા ખંડની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. ભટ્ટે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય જે. ટી. પરીખે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૪. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતનો જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનો વિષય શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. ટી. બી. કૉલેજ, સુરતને બી.એ.(પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. પી. એચ. પ્રભુ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ અનુસાર સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. પી. એચ. પ્રભુની ગેરહાજરીમાં આચાર્ય આર. ડી. મુનશીએ રજૂ કર્યો, તેને આચાર્ય આઈ. બી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર શ્રી. કે. સી. મહેતાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"**.....સદરહુ અભ્યાસક્રમ** શીખવવા માટે સદરહુ કૉલેજ (એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ)ને કાયમી જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

સદરહુ સુધારો શ્રી. કે. સી. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય એ. આર. દેસાઈએ ટેકો આપ્યો.

ચર્ચાવિચારણા બાદ સભાગૃહની સંમતિથી શ્રી. કે. સી. મહેતાએ પોતાનો સુધારો પાછો ખેંચી લીધો.

તે પછી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૫. આર્ટ્સ કૉલેજ, સંખેડાની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસના ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ કૉલેજ, સંખેડા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
   (૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુકલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ કૉલેજ, સંખેડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુકલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. પી. કોઠારીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૬. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીનો વિષય શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના એક વધારાના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે; અને
૨. અંગ્રેજીના વિષય માટે રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમા સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝાની ગેરહાજરીમાં આચાર્ય ચિમનભાઈ જે. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય આઈ. વી. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૭. પેટલાદ કૉલેજ, પેટલાદની જૂન ૧૯૬૫થી બી.એ. (સવા.)માં મનોવિજ્ઞાનના વિષય માટે વધારાના જોડાણ માટે આવેલી અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ કૉલેજ, પેટલાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને બી.એ. (સંયો.)માં માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે; અને

૨. માનસશાસ્ત્રનાં પુસ્તકો પાછળ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડૉ. પી. એચ. પ્રભુએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા પેટલાદ કૉલેજ, પેટલાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. પી. એચ. પ્રભુની ગેરહાજરીમાં, આચાર્ય જે. બી. સાણિડાએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૮. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદની જુન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના વિષયો માટે કાયમી જોડાણ; અને બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને (જન.)માં આંકડાશાસ્ત્રના વિષયોના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને

(૪) વિજ્ઞાનના વિષયોમાં જ્યાં જરૂર હોય ત્યાં યોગ્ય પ્રમાણમાં ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂકો કરવી;

૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂા. ૧૫,૦૦૦નાં અને પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩,૦૦૦નાં સાધનો ખરીદી પ્રયોગશાળાને સુસજ્જ કરવામાં આવે; અને

૩. ભૌતિકવિજ્ઞાન માટે રૂા. ૨,૦૦૦નાં અને આંકડાશાસ્ત્ર માટે રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. વી. દેસાઈએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. વી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય પી. એમ. જનીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૯. શેઠ એચ. પી. આર્ટ્સ અન્ડ શ્રીમતી એસ. એમ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર; બી.એ. (ગોળ.)માં સમાજશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૬-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર; અને બી.એ. (સંયો.)માં સમાજશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૩) ઇતિહાસના એક વ્યાખ્યાતા, અને
   (૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦ અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો કુલ આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. માનસશાસ્ત્ર માટેની સુસજ્જ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. પી. એચ. પ્રભુએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શેઠ એચ પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ. એમ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. પી. એચ. પ્રભુની ગેરહાજરીમાં, આચાર્ય એમ. સી દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાણિડલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૦. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરને જૂન ૧૯૬૫થી એફ.વાય. બી.એ. અને એફ.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમો માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સવો.)માં સંસ્કૃત, ગણિતશાસ્ત્ર, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર અને ગુજરાતી; બી.એ. (સમો.)માં ઇતિહાસ, ગણિત, અંગ્રેજી, હિંદી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર (જિયોલોજી) અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૬) ગણિતના એક વ્યાખ્યાતા,
(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૮) હિંદીના એક વ્યાખ્યાતા,
(૯) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા,
(૧૦) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૧૧) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૨) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૩) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૬) ભૂસ્તરશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૧૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વર્ગોની વ્યવસ્થા પહેલાં કરવામાં આવે :
(૧) બી.એ. અને બી.એસસી. માટે વર્ગ-ખંડ, અને
(૨) ટ્યુટોરિયલ્સ માટે વર્ગ-ખંડો;

૩ રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦, ભૂસ્તરશાસ્ત્રની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦ અને બાકીની પ્રયોગશાળાઓ માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. વનસ્પતિવિજ્ઞાન માટે નવી પ્રયોગશાળા પૂર્ણ રીતે તૈયાર કરવામાં આવે;

૫. વનસ્પતિવિજ્ઞાનના બાગ માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. કૉલેજ ચલાવવામાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરવા માટે બાંહેધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડૉ. ય. ગુ. નાયકે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે.

ઉપરનો પ્રસ્તાવ ડૉ. ય. ગુ. નાયકની ગેરહાજરીમાં, આચાર્ય જે. બી. સાણ્ડેસે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. આર. ભટ્ટે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૧. **આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણને જૂન ૧૯૬૫થી ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.એ.(પિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ગણિત અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.**

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ

૮૫૨ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; બી.એ. (પ્રિન્સિ)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંગો.)માં ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
   (૫) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૭) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૮) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
   (૯) અંગ્રેજીના એક ટ્યૂટર;
૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. હાલના છાત્રાલયમાં ૧૧ વિદ્યાર્થીઓ રહી શકે તેવો પ્રબંધ છે, તે વિકસાવવામાં આવે અને જગ્યા—યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેના ખંડોનું માપ—રાખવામાં આવે;
૪. પુસ્તકાલય અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૬. પ્રયોગશાળાઓ મુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

રસાયણવિજ્ઞાન	... રૂા. ૪૦,૦૦૦
ભૌતિકવિજ્ઞાન	... રૂા. ૧૫,૦૦૦
વનસ્પતિવિજ્ઞાન	... રૂા. ૧૫,૦૦૦;

૭. સુયોગ્ય વનસ્પતિ બાગ તૈયાર કરવામાં આવે; અને
૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. જે.** દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું

પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. જે. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

(નોંધ.—શરત નં ૬માં રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા કેન્દ્રે સુસજ્જ કરવા માટે રૂા. ૪૦,૦૦૦ને બદલે રૂા. ૩૦,૦૦૦નો આંકડો મૂકવો જોઈએ એમ સ્પષ્ટતા કરવામાં આવી.)

તે પછી મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૨. શેઠ મોતીલાલ ન્યાલચંદ સાયન્સ કૉલેજ અને શ્રી. અને શ્રીમતી પૂનમચંદ કરમચંદ કોટાવાલા કૉલેજ, પાટણની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી અને અર્ધમાગધી માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પાટણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી અને અર્ધમાગધી વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી; તથા બી.એસસી (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. અંગ્રેજીનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્ત ખર્ચ કરવામાં આવે; અને

૩. પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. ડી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, પાટણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. આર. ડી. દેસાઈની ગેરહાજરીમાં આચાર્ય જે. બી. સાવિડલે રજૂ કર્યો, તેને ડૉ. એમ. ડી. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૩. (અ) એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીમાંથી જૂન ૧૯૬૫થી વિજ્ઞાન વિભાગ અલગ કરીને, બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવા; અને

(બ) આર્ટ્સ વિભાગને જે વિષયો માટે હાલ જોડાણ છે તે ઉપરાંત જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સ)માં ઇતિહાસનું તથા એફ વાય. બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીનું, જૂન ૧૯૫૬થી (૧) બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ; અને (૨) એસ. બી. ગાર્ડા કૉલેજ, એમ વિભાગીકરણ કરવા તથા નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીને સ્વતંત્ર વિજ્ઞાન કૉલેજ તરીકે, હાલના વિજ્ઞાનના વિષયો માટે, તથા એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને જે વિનયનના વિષયો માટે હાલ જોડાણ છે તે વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા તથા તેને બી. એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ અને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) વિજ્ઞાનની કૉલેજ માટે આચાર્ય,
   (૨) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
   (૩) વાણિજ્યના બે વ્યાખ્યાતા, અને
   (૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા;

૨. પ્રત્યેક કૉલેજ માટે નીચે પ્રમાણે અલાયદી વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્યનો ખંડ,
   (૨) કાર્યાલયનો ખંડ,
   (૩) શિક્ષકોનો ખંડ,
   (૪) વિદ્યાર્થીઓનો ખંડ,
   (૫) વિદ્યાર્થિનીઓનો ખંડ, અને
   (૬) ગ્રંથાલયનો ખંડ;

૩. વાણિજ્યની વિદ્યાશાખા માટે ચાર વધારાના ખંડો તૈયાર કરવામાં આવે;

૪. વાણિજ્યની વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦

૫. ઇતિહાસનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૬. વિજ્ઞાનની કૉલેજના આચાર્યને કાર્યવાહી સમિતિના હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે:

'નજીકની અન્ય કૉલેજોમાં સત્રફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. વી. દેસાઈએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, એસ. બી. ગાર્ડા અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. વી. દેસાઈની ગેરહાજરીમાં, આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર આચાર્ય એન. એન. ભટ્ટચાએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"In regard to consideration of Item No. 33 relating to bifurcation of S. B. Garda College and B. P. Baria Science Institute, Navsari, into two units and extension of affiliation for Commerce Faculty and for introducing History as Principal at B.A. from June 1965, I propose an amendment that the recommedation by the members of the Local Inquiry Committee to the effect that Rs. 3,000/- be spent on books for Commerce subjects be made effective instead of Rs. 7,000/- in view of the fact that this being an old college having provision for the teaching of Economics subject up to B.A. and M.A. level for the last so many years and has 1963 books worth about Rs. 20,000/- in its library in Economics, Civics, etc.

Further this being an old college having permanent affiliation for all important major subjects both in Arts and Science, the period of extension of affiliation be for two years instead of one year."

ઉપરનો સુધારો આચાર્ય એન. એન. ભટ્ટચાએ રજૂ કર્યા પછી સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો, તેથી તે પર વિચારણા કરવામાં આવી નહિ.

તે પછી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૪. અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદની જુન ૧૯૬૫થી એફ.વાય બી.એ.ના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી ગણિતશાસ્ત્ર, અંગ્રેજી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, માનસશાસ્ત્ર અને હિન્દી; તથા ફર્સ્ટ બી.એસસી.ના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને, ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સંયો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર; તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૨૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
   (૪) હિંદીના એક પ્રાધ્યાપક,
   (૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
   (૬) ઇતિહાસના એક પ્રાધ્યાપક,
   (૭) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૮) તર્કશાસ્ત્ર-માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૯) એક વ્યાયામશિક્ષક,
   (૧૦) ગણિતના એક વ્યાખ્યાતા,
   (૧૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૧૨) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૧૩) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન—એ પ્રત્યેકના એક એક ડેમોન્સ્ટ્રેટર, અને
   (૧૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન તથા જીવવિજ્ઞાન—એ પ્રત્યેકના એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;
૨. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. (૧) પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦, અને પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે,
   (૨) વિજ્ઞાન વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦;

૪. વિનયનનાં પુસ્તકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૫. રમતગમતના મેદાન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૬. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૭. આચાર્ય અને ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે; અને
૮. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની કૉલેજ બાંયધરી આપે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા સેમેસ્ટર ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. બી. સાણ્ડિલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, અમદાવાદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. બી. સાણ્ડિલે રજૂ કર્યો, તેને આચાર્ય રમણીકલાલ એચ. શાહે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય એમ. સી. શાહે નોટિસ આપી હતી :

"તા. ૧૦-૩-૧૯૬૫થી તા. ૧૨-૩-૧૯૬૫ના રોજ મળનાર ગુજરાત યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક સભામાં કામકાજની યાદી નં. ૩૪માં અમદાવાદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, અંગેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણમાં પહેલા પેરેગ્રાફ પછી નં. ૧ [(૩) થી (૭)]માં હું નીચે મુજબ સુધારો સૂચવું છું :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૩) "સંસ્કૃતના એક પ્રાધ્યાપક" ને બદલે "સંસ્કૃતના એક વ્યાખ્યાતા" મૂકવું.
(૪) "હિંદીના એક પ્રાધ્યાપક" ને બદલે "હિંદીના એક વ્યાખ્યાતા" મૂકવું.
(૫) "અંગ્રેજીના એક પ્રાધ્યાપક" ને બદલે "અંગ્રેજીના એક વ્યાખ્યાતા" મૂકવું.
(૬) "ઇતિહાસના એક પ્રાધ્યાપક" ને બદલે "ઇતિહાસના એક વ્યાખ્યાતા" મૂકવું.
(૭) "રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક" ને બદલે "રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા" મૂકવું."

ઉપરનો સુધારો આચાર્ય એમ. સી. શાહે આચાર્ય જે. બી. સાણ્ડિલના ટેકાથી રજૂ કર્યો. સદરહુ સુધારો આચાર્ય જે. બી. સાણ્ડિલે સભાગૃહની સંમતિથી સ્વીકાર્યો.

તે પછી સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૫. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયાની જૂન ૧૯૫૬થી એફ.વાય.બી.એ.ના અભ્યાસક્રમો માટે ચાલુ તથા બી.એ (પ્રિન્સિ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, માનસશાસ્ત્ર તથા એફ.વાય.બી એસસી. સુધીના અભ્યાસક્રમ માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને ફર્સ્ટ યર

બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને માનસશાસ્ત્ર તથા ફરર્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૪) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૫) હિંદીના એક વ્યાખ્યાતા,
   (૬) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૭) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
   (૮) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૯) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૧૦) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૧૧) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર, અને
   (૧૨) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન — એ પ્રત્યેક માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;
૨. વિનયન વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. વિજ્ઞાનની વિદ્યાશાખા માટે ૭,૦૦૦નો નીચે મુજબ ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦;

૪. પ્રયોગશાળાઓને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૫. મે, ૧૯૬૭ પહેલાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૬. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૭. આચાર્ય તથા ગૃહપતિને માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે; અને
૮. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે:

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. જે. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. જે. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય રમણીકલાલ એચ. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૬. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને હિંદી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, ઇતિહાસ અંગ્રેજી, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બીએસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસ-ક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને હિંદી, તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, સમાજશાસ્ત્ર, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) હિંદીના એક પ્રાધ્યાપક,
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૫) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને
   (૬) એક વ્યાયામ શિક્ષક;

૨. વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું મકાન પૂરું કરવામાં આવે, અને રસાયણવિજ્ઞાન તથા ભૌતિકવિજ્ઞાન શીખવવા માટેની પ્રયોગશાળાઓ સુસજ્જ કરવામાં આવે;

૩. વનસ્પતિવિજ્ઞાનના શિક્ષણ માટે યોગ્ય બાગ તથા સંગ્રહસ્થાનની શરૂઆત કરવામાં આવે; અને

૪. આચાર્ય તથા ગૃહપતિ માટે ભાડા-મુક્ત મકાનોનીગોઠવણ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આઈ. વી. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, હર્ણાઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આઈ. વી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠક ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૭. એમ. એન. કૉલેજ, વીસનગરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને હિંદી માટે કાયમી તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.)માં આંકડાપદ્ધતિના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વીસનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.)માં આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
   (૨) આંકડાપદ્ધતિના એક વ્યાખ્યાતા;
૨. પુસ્તકો અને સામયિકો માટે મનોવિજ્ઞાન વિષય માટે રૂા. ૨,૦૦૦ તથા આંકડાપદ્ધતિના વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની જોગવાઈ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, એમ. એન. કૉલેજ, વીસનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝાની ગેરહાજરીમાં આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય જે. બી. સાણ્ડેલે નોટિસ આપી હતી :

"એકેડેમિક કાઉન્સિલની શરત '૧' નીચે પ્રમાણે વંચાય :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) હિન્દીના એક પ્રાધ્યાપક,

(૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૩) આંકડાપદ્ધતિના એક વ્યાખ્યતા."

ઉપરનો સુધારો આચાર્ય જે. બી. સાણ્ડેલે આચાર્ય આઈ. વી. ત્રિવેદીના ટેકાથી રજૂ કર્યો.

તે પછી આચાર્ય એસ. આર. ભટ્ટે ઉપરનો સુધારો સભાગૃહની સંમતિથી સ્વીકાર્યો.

તે પછી સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૮. શ્રી. એ. એમ. એસ. એન્ડ શ્રી. એમ. એસ. એસ. જે. એમ એસ. ટ્રસ્ટ, અમદાવાદ તરફથી ચાલતી સ્વામિનારાયણ આર્ટ્સ-સાયન્સ કૉલેજ અમદાવાદનું જૂન ૧૯૬૫થી શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અને સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ તથા બી.એ.માં પર્શિયન, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયો માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાન માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ અમદાવાદનું, જૂન ૧૯૬૫થી (૧) શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ; તથા (૨) શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા સદરહુ પ્રત્યેક કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ; અને બી.એ. (સમો.)માં ફારસી, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયોમાં ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

વિનયન વિદ્યાશાખા માટે

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય,
(૨) હિંદીના એક પ્રાધ્યાપક,
(૩) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા,
(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા;

૨. આચાર્ય, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને ગ્રંથાલય — એ પ્રત્યેક માટે અલાયદા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો પાછળ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૪. આચાર્ય તથા ગૃહપતિ માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

વિજ્ઞાન વિદ્યાશાખા માટે

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૩) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૪) પ્રાણીવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા, અને
(૭) યોગ્ય જરૂરિયાત પ્રમાણે રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણી-વિજ્ઞાનમાં ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂકો કરવી;

૨. પ્રયોગશાળાને સુસજ્જ કરવા નીચે પ્રમાણે સાધનો પાછળ ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન માટે	... રૂા. ૧૦,૦૦૦
(૨) રસાયણવિજ્ઞાન માટે	... રૂા. ૨૦,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન માટે	... રૂા. ૫,૦૦૦
(૪) પ્રાણીવિજ્ઞાન માટે	... રૂા. ૫,૦૦૦
(૫) ફર્નિચર તથા ફિટિંગ માટે	... રૂા. ૨૫,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. વી. દેસાઈએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. વી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૯. બી. ડી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રાકૃત અને પર્શિયન; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.-સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રાકૃત અને ફારસી; તથા બી.એસસી. (સ્પે.-ગૌણ)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકાલયનો ઓરડો મોટો કરવામાં આવે, જેથી વધુ સંખ્યામાં વિદ્યાર્થિનીઓ એકસાથે બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે; અને

૨. પ્રતિવર્ષ પુસ્તકાલયમાં ઓછામાં ઓછો રૂા. ૬,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામા આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ચંદ્રકાંત** શાહે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, બી. ડી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ચન્દ્રકાન્ત શાહની ગેરહાજરીમાં, ડૉ. કે. જી. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાહેડને ટેકો આપ્યો.

તે ૫૨ નીચેનો સુધારો રજૂ કરવાની આચાર્ય એસ. આર. ભટ્ટે નોટિસ આપી હતી :

"૩૯મી આમતમાં બીજી લીટીમાં 'ગૃહવિજ્ઞાન' પછી 'ગણિત' ઉમેરવું.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણની ચોથી લીટીનો પહેલો શબ્દ 'પ્રિન્સિ.' કાઢી નાખી તેને બદલે 'ગૌણ' લખવું.

ઉપરાંત એ ભલામણની ત્રીજી લીટીમાં 'ગૃહવિજ્ઞાન' પછી 'ગણિત' ઉમેરવું. ઉપરાંત નીચેની શરતો ઉમેરવી :

(૩) ગણિતના પ્રાધ્યાપકની નિમણૂક કરવી,

(૪) ગણિતનાં પુસ્તકો માટે રૂપિયા એ હજારનો ખર્ચ કરવો."

સુધારેલી ભલામણ આ મુજબ વાંચવી

"આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.-સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન અને ગણિત; તથા બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રાકૃત અને ફારસી; તથા બી.એસસી. (સ્પે.-ગૌણ)માં રસાયણશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર; તથા (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) પુસ્તકાલયનો ઓરડો મોટો કરવામાં આવે, જેથી વધુ વિદ્યાર્થિનીઓ એકસાથે બેસી શકે;

(૨) પ્રતિવર્ષ પુસ્તકાલયમાં ઓછામાં ઓછા રૂા. ૬,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

(૩) ગણિતના પ્રાધ્યાપકની નિમણૂક કરવી;

(૪) (ગ્રંથાલયમાં) ગણિતનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવો."

ઉપરનો સુધારો આચાર્ય એસ. આર. ભટ્ટે, આચાર્ય ય. પ્રા. શુક્લના ટેકાથી રજૂ કર્યો.

તે પછી આચાર્ય ડૉ. કે. જી. નાયકે ઉપરનો સુધારો સભાગૃહની સંમતિથી સ્વીકાર્યો.

તે ૫૨ મત લેવામાં આવતાં સુધારા સાથેનો મૂળ ઠરાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૦. **યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી તથા બી એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના ચાલુ ઓડાણ માટે આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી અને હિંદી; બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આઈ. કે. દ્રવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, યુ. પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આઈ. કે. દ્રવેએ રજૂ કર્યો, તેને આચાર્ય જિતેન્દ્ર સું. જેટલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૧. ભવન કૉલેજ, ડાકોરને જૂન ૧૯૬૫થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સંયો.)માં સંસ્કૃત, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને બી.એસસી. (ઑન.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (ઑન.)માં ગણિતશાસ્ત્રના ૧૯૬૪થી પશ્ચાદ્વર્તી (રિટ્રોસ્પેક્ટિવ) તથા બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્ર માટે તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન તથા ભૂસ્તરવિજ્ઞાન માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભવન કૉલેજ, ડાકોર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સ.)માં અંગ્રેજી, ગુજરાતી અને અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર માટે અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર અને બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્રનું ૧૯૬૪થી પાશ્ચાદ્વર્તી (રિટ્રોસ્પેક્ટિવ) તથા બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્ર માટે તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન તથા ભૂસ્તરવિજ્ઞાન માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
   (૫) ભૂસ્તરવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૭) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર,
(૮) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર, અને
(૯) ભૂતરવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ભૂસ્તરવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે પ્રત્યેક પ્રયોગશાળા દીઠ રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૫. વધારાના બે મોટા ખંડો તથા ટ્યુટોરિયલ માટે જરૂરી ખંડોની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. ભટ્ટે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ભવન કૉલેજ, ડાકોરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૨. કમાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન, તથા બી.એ. (સબ.)માં રાજ્યનીતિશાસ્ત્ર તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કમાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી નીચેની શરતોનું પાલન તા.૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન, તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર, તથા બી.એસસી (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
(૩) માનસશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર-કમ-ટ્યૂટર;

૨. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૨૦,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની જોગવાઈ આપવામાં આવે;

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે; અને

૫. ગૃહપતિ માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. એલ. શાહે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, કમાણી સાયન્સ કૉલેજ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એલ. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવા માટે આચાર્ય કે. આર. દવેએ નોટિસ આપી હતી:

"સુધારો એક : ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાં, શરત ૨,માં શરૂઆતમાં "સપ્ટેમ્બર-૬૫ સુધીમાં" એ શબ્દો ઉમેરવામાં આવે.

સદરહુ સુધારો આચાર્ય કે. આર. દવેએ કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર વિચારણા કરવામાં આવી નહિ.

નીચેનો બીજો સુધારો રજૂ કરવા માટે આચાર્ય કે. આર. દવેએ નોટિસ આપી હતી :
સુધારો બે : ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાં શરત ૪ અને ૫ બન્ને કાઢી નાખવામાં આવે."

સદરહુ સુધારો આચાર્ય કે. આર. દવેએ આચાર્ય કે. વી. દેસાઈના ટેકાથી રજૂ કર્યો.

આચાર્ય જે. બી. સાવિડલે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે, ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવમાં જે શરતો રજૂ કરવામાં આવી છે તે શરતો રદ કરવાની બાબત સેનેટની સભામાં વિચારી શકાય ખરી?

પ્રમુખશ્રીએ ચુકાદો આપ્યો કે, ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવમાં બતાવવામાં આવેલી શરતો સેનેટમાં રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવના ભાગરૂપે હોઈ સદરહુ સુધારો કાનૂનસર છે.

તે પછી આચાર્ય કે. આર. દવેએ પોતાનો સુધારો સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો.

ત્યાર બાદ મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજને જૂન ૧૯૬૫થી બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, ગણિત, હિંદી; તથા બી.એસસી. (પ્રિન્સિ.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભૂજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સંયો.)માં હિંદી, માનસશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સંયો.)માં ફારસી અને રાજ્યશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિ ને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૩) જીવવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૫) અંગ્રેજીના બે વ્યાખ્યાતા,
(૬) ફારસીના એક વ્યાખ્યાતા,
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૯) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર, અ
(૧૧) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કર ાવે :
(૧) ચાર વર્ગ-ખંડો તથા ચાર ટ્યુટોરિયલ ના ખંડો,
(૨) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ,
(૩) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ; અને
(૪) રસાયણવિજ્ઞાન માટે એક ડાર્ક રૂમ."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય** કે. આર. દવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર. આર. લાલન કૉલેજ, ભૂજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. આર. દવેએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર આચાર્ય એન. બી. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"(૧) ઠરાવના પાઠમાં પાંચ લીટીમાં ચાલુ જોડાણ પછી આવતા શબ્દો "બી.એ.(સમો.)થી શરૂ કરીને.....તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ" શબ્દોનો સદંતર લોપ કરવો.

(૨) "૧ શરત (૧)માં નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે:" હેઠળ આપેલી પેટા કલમો: (૧), (૨) અને (૩) પ્રત્યેકના પ્રારંભમાં "હાલના વ્યાખ્યાતાની જગ્યાએ" શબ્દો ઉમેરવા તથા સદરહુ પેટાકલમ (૧), (૨) અને (૩) પછી તરત જ

"બી.એસસી.ના અંતિમ વર્ષમાં, બી.એસસી (જન.)નો કોર્સ દાખલ કરવામાં આવે તો" શબ્દો ઉમેરવા તથા સદરહુ શરત (૧)ની પેટાકલમો (૪), (૫), (૬), (૭) અને (૮)નો શરતોનો સદંતર લોપ કરવો; તથા પેટાકલમો (૯), (૧૦) અને (૧૧)ના ક્રમાંક (૪), (૫) અને (૬) વંચાય તે રીતે સુધારવા"; તેમ જ

(૩) "શરત (૨) 'કોલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે:' હેઠળ પેટાકલમ (૨) અને (૩)નો શરતોનો સદંતર લોપ કરવો" જેથી સુધરેલા ઠરાવનો ખરડો નીચે મુજબ વંચાય તે રીતે મૂળ ઠરાવનો પાઠ રજૂ કરું છું:

"આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કોલેજ, ભુજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(સમો.)માં હિંદી, માનસશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનાં ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે:
   (૧) હાલના વ્યાખ્યાતાની જગ્યાએ ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) હાલના વ્યાખ્યાતાની જગ્યાએ ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૩) હાલના વ્યાખ્યાતાની જગ્યાએ જીવવિજ્ઞાનના એક પ્રાધ્યાપક (જો બી.એસસી.ના અંતિમ વર્ષમાં બી.એસસી.(જનરલ)નો કોર્સ દાખલ કરવામાં આવે તો),
   (૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર,
   (૬) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. કોલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે:
   (૧) ચાર વર્ગ-ખંડો તથા ચાર ટ્યુટોરિયલ માટેના ખંડો,
   (૨) રસાયણવિજ્ઞાન માટે એક ડાર્ક રૂમ."

"આથી સેનેટની આ સભા આર. આર. લાલન કોલેજ ભુજના જોડાણ અંગેનો રિપોર્ટ સુધારાવધારા સાથે સ્વીકારે છે અને એકેડેમિક કાઉન્સિલે તેમાં સૂચવેલી તથા તેમાં આ સભાએ ઉપર મુજબ કરેલા સુધારાઓ સાથે નિર્દિષ્ટ શરતોનું પાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલા સમય સુધી શીખવવા માટે સદરહુ કોલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો સુધારો આચાર્ય એન. બી. નાયકે, આચાર્ય ય. ગુ. નાયકના ટેકાથી રજૂ કર્યો.

તે પછી શ્રી. રસિકલાલ બી. શાહે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે, સ્થાનિક તપાસસમિતિના કોઈ સભ્ય જો સેનેટના સભ્ય ના હોય અને તેથી સભાગૃહમાં હાજર રહી શકે નહિ, તે સંજોગોમાં સ્થાનિક તપાસસમિતિના રિપોર્ટ પર ચર્ચા કરવી તે કાનૂનસર છે?

પ્રમુખશ્રીએ ચુકાદો આપ્યો કે, સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ જોડાણની કારવાઈનો એક ભાગ હોઈ તે પર સેનેટની સભામાં ચર્ચાવિચારણા થઈ શકે.

તે પછી આચાર્ય પી. એમ. જનીએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે, સદરહુ સુધારો ઠરાવના કયા ભાગ ઉપર — એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર કે રજૂ કરવામાં આવેલ પ્રસ્તાવ ઉપર — છે, તે સ્પષ્ટ થતું નથી, તે જોતાં તે સુધારો કાનૂનસર ગણાય ખરો?

પ્રમુખશ્રીએ ચુકાદો આપ્યો કે, સદરહુ સુધારો એકેડેમિક કાઉન્સિલના ઠરાવમાં જણાવેલ શરતોને અનુલક્ષીને જ હોઈ, અને તે શરતો, રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવના ભાગરૂપે હોઈ, સદરહુ સુધારો કાનૂનસર છે.

તે પછી સભાગૃહનું કામકાજ તે દિવસ પૂરતું બંધ રાખવામાં આવ્યું અને તા. ૧૧-૩-૧૯૬૫ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભાનું કામકાજ ચાલુ થતાં બાબત નં. ૪૩ પરની ચર્ચાવિચારણા આગળ ચાલી.

તે પછી આચાર્ય એન. બી. નાયકના ઉપરના સુધારા પર મત લેવામાં આવતાં, તે બહુમતે ઊડી ગયો.

ત્યાર બાદ આચાર્ય કે. આર. દવેએ રજૂ કરેલ મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૪. ડી. કે વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિત-શાસ્ત્ર અને અંગ્રેજીના કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા (હાલના વ્યાખ્યાતાને બદલે),
(૨) હિંદીના એક વ્યાખ્યાતા,
(૩) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૫) ગુજરાતીના એક ટ્યૂટર."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એલ. એન.** ઠાકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એલ. એન. ઠાકરે રજૂ કર્યો, તેને આચાર્ય એચ ઈ. હકામે ટેકો આપ્યો.

તે પર આચાર્ય જે. બી. સાવિડલે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો છેલ્લો ભાગ નીચે પ્રમાણે વંચાય :

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા (હાલના એક વ્યાખ્યાતાને બદલે),

(૨) હિંદીના એક પ્રાધ્યાપક (હાલના એક વ્યાખ્યાતાને બદલે),

(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને

(૪) ગુજરાતીના એક ટ્યૂટર.

(નોંધ.—ઇતિહાસના એક વ્યાખ્યાતાની જરૂર ન હોવાથી તે નિમણૂકની ભલામણ રદ કરવાની છે. લોકલ ઇન્સ્પેક્ટરી કમિટીએ પણ એવું સૂચન કર્યું નથી.)"

ઉપરનો સુધારો આચાર્ય જે. બી. સાવિડલે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈના ટેકાથી રજૂ કર્યો.

સદરહુ સુધારો આચાર્ય એલ. એન. ઠાકરે, સભાગૃહની સંમતિથી સ્વીકાર્યો.

ત્યાર બાદ આચાર્ય જે. બી. સાવિડલના સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૬. મહારાજાશ્રી રાજેન્દ્રસિંહજી આર્ટ્સ અેન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાની જૂન ૧૯૬૫થી અેફ.વાય બી.અે. અને અેફ.વાય.બી.અેસસી.; તથા બી.અે. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.અે. (સબો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃત માટે ચાલુ જોડાણ; તથા બી.અેસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.અેસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજાશ્રી રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ બી.અેસસી., તથા બી.અે. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.અે. (સબો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.અેસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.અેસસી.

(જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૬૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૨) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૩) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને
   (૭) અંગ્રેજીના એક ટ્યૂટર;

૨. પુસ્તકો તથા સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૬,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૪. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન—એ પ્રત્યેક વિષયની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧૫,૦૦૦ ખર્ચવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ય. પ્રા. શુક્લે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. પ્રા. શુક્લે રજૂ કર્યો, તેને આચાર્ય ભાઈલાલભાઈ પી. કોઠારીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની **આચાર્ય** એસ. એસ. ચતુર્વેદીએ નોટિસ આપી હતી:

"ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણમાં ત્રીજી લીટીમાં આવતા શબ્દો 'બી.એ. (સબો.)માં' પછી 'હિંદી' વિષય ઉમેરવામાં આવે તથા તે મુજબના સુધારા સાથે સેનેટમાં રજૂ થયેલ આચાર્ય ય. પ્રા. શુક્લનો ઠરાવ મંજૂર કરવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય એસ. એસ. ચતુર્વેદીએ, આચાર્ય એસ. સી. પાઠકના ટેકાથી રજૂ કર્યો.

આચાર્ય ય. પ્રા. શુક્લે સભાગૃહની સંમતિથી સદરહુ સુધારો સ્વીકાર્યો.

તે પછી સદરહુ સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૬. એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કોલેજ, માણસાની જૂન ૧૯૬૫થી બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિંદી; તથા બી.એ (સબો.)માં અંગ્રેજીના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી આર્ટ્સ કૉલેજ, માણસા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ (પ્રિન્સિ.)માં ઇતિહાસ, સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિંદી; તથા બી.એ (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઇતિહાસના એક પ્રાધ્યાપક,
   (૨) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
   (૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) હિંદીના એક પ્રાધ્યાપક, અને
   (૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;
૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૫. પુસ્તકાલય માટેનો અલાયદો ખંડ તૈયાર કરવામાં આવે; અને
૬. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજ નજીક રહેઠાણો બાંધવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ડી. જી. વશી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ માણસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ, આચાર્ય ડી જી. વશીની ગેરહાજરીમાં, આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાણિડલે ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની આચાર્ય બી. કે. રાવળે નોટિસ આપી હતી :

(અ) "ઇતિહાસ, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને હિંદી દરેકમાં એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે" તેના બદલે "દરેક વિષયમાં કાર્યભાર લક્ષમાં લઈ નિયમ પ્રમાણે જરૂરી સ્ટાફ નીમવામાં આવે";

(બ) "અંગ્રેજીમાં એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે" તેના બદલે "અંગ્રેજીમાં એક ટ્યૂટરની અને જરૂર પડે વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે";

(ક) "પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે" ના બદલે "પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ એ વિષયો તૃતીય વર્ષ બી.એ.માં દાખલ કરવામાં આવે ત્યાં સુધીમાં કરવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય બી. કે. રાવળે આચાર્ય એમ. ડી. માણેકના ટેકાથી રજૂ કર્યો.

તે પછી સભાગૃહની સંમતિથી આચાર્ય રાવળે પોતાનો સુધારો પાછો ખેંચી લીધો.

તે પછી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૭. ગુજરાત કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનો વિષય શીખવવા માટેનું કાયમી જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન તથા મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
   (૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
   (૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૩. રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરી ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે તથા રૂા. ૨,૫૦૦નો આવર્તક ખર્ચ સાધનો વગેરે માટે કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આઈ. વી. ત્રિવેદીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ગુજરાત કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આઈ. વી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. એ. વ્યાસે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૮. પારેખ બ્રધર્સ આર્ટ્સ અેન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રનો વિષય શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પારેખ બ્રધર્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. પ્રિન્સ.)માં અર્થશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈ એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય સી. એમ. મહેતાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૯. બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ, પાલનપુરને જૂન ૧૯૬૫થી બેફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેના ચાલુ તથા બેફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલી અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. સુધીના

અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે પ્રથમ જોડાણ તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૨) ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૪) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૫) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૬) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૭) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૮) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન — એ પ્રત્યેકના એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક લેબોરેટરી આસિસ્ટન્ટ.

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો, તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી; અને

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા વ્યાખ્યાતા નીમવાની જરૂર નથી.]

૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩ પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. વિજ્ઞાન વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂા. ૧૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે;

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે; અને

૭. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરવા સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. એમ. મહેતા**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી, શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એમ. મહેતાએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ ત્રિવેદીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૦. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલીને જૂન ૧૯૬૪થી બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા, પશ્ચાદ્‌વર્તી કાયમી જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, બારડોલી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌વર્તી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

'પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ય. ગુ. નાયક**ે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, બારડોલી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને શ્રી. બાબલદાસ નારાયણદાસ ચોધરીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની આચાર્ય કે. એલ. દેસાઈએ નોટિસ આપી હતી :

"કામ નં. ૫૦ જે કામ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી અંગેનું છે તે માટે આચાર્ય ય. ગુ. નાયકના ઠરાવ ઉપર હું નીચેનો સુધારો મૂકવા માગું છું :

જે શરત મૂકવામાં આવી છે તેમાં શરૂઆતમાં "દરેક વિદ્યાશાખા દીઠ" એટલા શબ્દો ઉમેરવા, જેથી કરીને આખી શરત નીચે પ્રમાણે રહે :

'દરેક વિદ્યાશાખા દીઠ, પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.'"

ઉપરનો સુધારો આચાર્ય કે. એલ. દેસાઈએ, આચાર્ય જે. બી. સાવિડલના ટેકાથી રજૂ કર્યો.

તે પછી ડૉ. ય. ગુ. નાયકે સભાગૃહની સંમતિથી સદરહુ સુધારો સ્વીકાર્યો.

તે પછી આચાર્ય કે. એલ. દેસાઈના સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૧. કાલિદાસ હરિદાસ માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કે. એચ. માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. સંસ્કૃતના એક પ્રાધ્યાપક નીમવામાં આવે;
૨. આ વિષયનાં રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે; અને
૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની જોગવાઈ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રોફેસર સી. એલ. શાસ્ત્રીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. સી. એલ. શાસ્ત્રીની ગેરહાજરીમાં, આચાર્ય આઈ. વી. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૨. શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કૉમર્સ કૉલેજ એન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડની જૂન ૧૯૬૫થી પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શાહ એન. એચ. કૉમર્સ એન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૧-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. એકાઉન્ટન્સી માટે ખંડ સમયના એક વ્યાખ્યાતા નીમવામાં આવે;
૨. ૧૦૦ વિદ્યાર્થીઓ સમાવી શકાય તેવો એક ખંડ તથા બીજો ઐચ્છિક વિષય માટે એક નાનો ખંડ — એમ બે ખંડોનો પ્રબંધ કરવામાં આવે; અને
૩. વાણિજ્યનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવાની જોગવાઈ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય** કે. એમ. તલાટીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શાહ એન. એચ. કૉમર્સ ઍન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. એમ. તલાટીએ રજૂ કર્યો, તેને આચાર્ય શ્રી. એમ. મહેતાએ ટેકો આપ્યો.

(ચર્ચા દરમિયાન શરતોના પાલનની તારીખ ૩૦-૪-૧૯૬૫ હોવી જોઈએ, તે બાબત શાબ્દિક સુધારા તરીકે સ્વીકારવાનું નક્કી કરવામાં આવ્યું.)

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૨. ધંધુકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાની જૂન, ૧૯૬૫થી બી.એ. અને બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ (પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર; તથા બી.એ. (સયો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી; અને બી.કૉમ.માં અડવાન્સ્ડ અકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ધંધુકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. અને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને માનસશાસ્ત્ર; તથા બી.એ. (સયો.)માં રાજ્યશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૭) એકાઉન્ટ-સીના એક પ્રાધ્યાપક; અને (૮) વાણિજ્યના એક વ્યાખ્યાતા;
૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. ટી. પરીખે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ધંધુકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જે. ટી. પરીખે રજૂ કર્યો, તેને આચાર્ય જિતેન્દ્ર સું. જેટલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ)ની જૂન ૧૯૬૫થી બી.એ. તથા બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ (પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર; બી.એ (સબો.)માં ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ) નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) હિન્દીના એક પ્રાધ્યાપક,
   (૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
   (૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા, અને
   (૮) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. વધારાના જોડાણના વિષયોનાં પુસ્તકો તથા સામયિકો પાછળ નીચે જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

અર્થશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
ગુજરાતી માટે	...	રૂા. ૨,૦૦૦
હિંદી માટે	...	રૂા. ૨,૦૦૦
મનોવિજ્ઞાન માટે	...	રૂા. ૧,૦૦૦
ઇતિહાસ માટે	...	રૂા. ૧,૦૦૦
અંગ્રેજી માટે	...	રૂા. ૧,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની જોગવાઈ આપવામાં આવે;
૫. રમતગમતનાં મેદાનોનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે; અને
૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાનો સંચાલકમંડળ તરફથી જોગવાઈ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એ. આર. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ)ના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. ડી. માણેક ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૫. **ભક્ત વલ્લભ પોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભક્ત વલ્લભ પોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિંદી, ઉર્દૂ, તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું

વધારાનું જોડાણુ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૫) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
(૬) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૭) મર્કન્ટાઈલ લૉના બંડ સમયના પ્રાધ્યાપક,
(૮) હિન્દીના એક વ્યાખ્યાતા,
(૯) ઉર્દૂના એક વ્યાખ્યાતા,
(૧૦) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૧) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૧૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો તથા વધારાના જોડાણુના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ભક્ત વલ્લભ ઘેાળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણુ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેલી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણુ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર આચાર્ય જે. એસ. જેટલીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગૌણ વિષયો — ઉમેરવા માટે —

તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર તથા સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝ. સુધારેલો ઠરાવ નીચે પ્રમાણે વંચાશે :

"આથી ઠરાવવામાં આવે છે કે ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૧૭, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.માં પ્રિન્સિપલ વિષયોમાં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી; તથા બી.એ. (સમો.)માં હિંદી, ઉર્દૂ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬ ૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
   (૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૫) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૬) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૭) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક (ખંડ સમયના),
   (૮) હિંદીના એક વ્યાખ્યતા,
   (૯) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૧૦) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૧૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
   (૧૨) ઉર્દૂના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો તથા વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય જે. એસ. જેટલીએ આચાર્ય એસ. સી. પાઠકના ટેકાથી રજૂ કર્યો.

તે પછી સદરહુ સુધારો આચાર્ય એસ. આર. મહેતાએ સભાગૃહની સંમતિથી સ્વીકાર્યો.

ત્યાર બાદ આચાર્ય જે. એસ. જેટલીના સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૬. શ્રી. સાહુ શ્રેયાંસ પ્રસાદ જૈન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધ્રાંગધ્રાની જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કોમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, હિંદી અને અર્ધમાગધી; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, ગણિત અને સ્ટેટિસ્ટિકલ મેથડ્સ; તથા બી.કોમ.માં પબ્લિક ફાઇનાન્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન, એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, ઇકોનોમિક્સ ઑફ કૉટન, થિયરી એન્ડ પ્રેક્ટિસ ઑફ કૉ-ઑપરેશનના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સાહુ શ્રેયાંસ પ્રસાદ જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, હિંદી, અર્ધમાગધી અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, ગણિત અને આંકડાપદ્ધતિ; તથા બી.કૉમ.માં બૅંકિંગ, ઇકોનોમિક્સ ઑફ કૉટન, થિયરી એન્ડ પ્રૅક્ટિસ ઑફ કૉ-ઑપરેશન, પબ્લિક ફાઇનાન્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૪) હિંદીના એક પ્રાધ્યાપક,
(૫) અર્ધમાગધીના એક પ્રાધ્યાપક,
(૬) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૭) કૉમર્સના એક પ્રાધ્યાપક,
(૮) ઇકોનોમિક્સ ઑફ કૉટનના એક પ્રાધ્યાપક,
(૯) આંકડાપદ્ધતિના એક પ્રાધ્યાપક,
(૧૦) બૅંકિંગના એક પ્રાધ્યાપક,
(૧૧) થિયરી એન્ડ પ્રૅક્ટિસના એક પ્રાધ્યાપક,
(૧૨) પબ્લિક ફાઇનાન્સ એન્ડ એડમિનિસ્ટ્રેશનના એક પ્રાધ્યાપક,
(૧૩) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),
(૧૪) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક,
(૧૫) અંગ્રેજીના બે વ્યાખ્યાતા (એક હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),
(૧૬) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા,
(૧૭) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૮) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૧૯) ઇતિહાસના એક વ્યાખ્યાતા (ભૂગોળ અને રાજ્યશાસ્ત્ર સાથે),
(૨૦) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),
(૨૧) કૉમર્સના એક વ્યાખ્યાતા; અને
(૨૨) ગણિતના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૪. પુસ્તકો તથા સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષયના રૂા. ૨,૦૦૦ તથા પ્રત્યેક ગૌણ વિષયના રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૬. આચાર્ય અને ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;
૭. રમતગમત માટે યોગ્ય મેદાન માટે વ્યવસ્થા કરવામાં આવે; અને
૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. સી. પાઠકે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, શ્રી. સાહુ શ્રેયાંસ પ્રસાદ જૈન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. સી. પાઠકે રજૂ કર્યો, તેને શ્રી છોટુભાઈ નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૭. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલની જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ભગવતસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, હિંદી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૪) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક,
(૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
(૬) હિંદીના એક પ્રાધ્યાપક,
(૭) ઇતિહાસના એક પ્રાધ્યાપક,
(૮) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૯) કૉમર્સના એક પ્રાધ્યાપક (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ);

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયમાં જમવા(મેસ)ની વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષયના રૂા. ૨,૦૦૦ તથા પ્રત્યેક ગૌણ વિષયના રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૬. ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે;

૭. રમતગમત માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. સી. પાઠકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. સી. પાઠકે રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(**નોંધ.**—ઍકેડેમિક કાઉન્સિલના ઉપરની ભલામણમાં તત્ત્વજ્ઞાનને બદલે મનોવિજ્ઞાન વિષયનો ઉલ્લેખ હોવો જોઈએ, તે બાબત તરફ આચાર્ય ડી. પી. જોશીએ ધ્યાન ખેંચ્યું. તે બાબત હાલને તબક્કે કાંઈ થઈ શકે નહિ અને જોડાણની શરતોના પરિપાલન વખતે તે અંગે ધ્યાન આપવામાં

આવે એમ વિચારવામાં આવ્યું, તથા અંગ્રેજી, હિન્દી, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના વિષયો માટે પ્રાધ્યાપકને બદલે તે પ્રત્યેક વિષય માટે વ્યાખ્યાતા (લેક્ચરર)થી ચાલી શકે તે બાબત અંગે આચાર્ય ડી. પી. જોશીએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું, તે પરત્વે પણ કોઈ સુધારો આવેલ નહિ હોવાથી હાલને તબક્કે કોઈ ફેરફાર કરી શકાય નહિ પણ આ બાબતો — જોડાણની શરતોના પરિપાલન વખતે ધ્યાનમાં રાખવામાં આવે, એમ વિચારવામાં આવ્યું.)

૫૮. દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વીરમગામની જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; બી.એ. (સંયો.)માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૩) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૭) હિંદીના એક વ્યાખ્યાતા,
(૮) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા, અને
(૧૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) એક વર્ગ-ખંડ — ૮૦૦ ચો.ફૂ.,
(૨) બે વર્ગ-ખંડો — પ્રત્યેક ૪૪૦ ચો.ફૂ.,
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ, અને
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;
૫ પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;
૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને
૯. શાળા તથા કૉલેજના સમયમાં ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે. "

સિન્ડિકેટનો રિપોર્ટ

" આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો. "

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય સી. એન. હકાણીએ નોટિસ આપી હતી :

" આથી સેનેટની આ સભા, સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. એન. હકાણીએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૯. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોરસદની જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) હિંદીના એક પ્રાધ્યાપક,
(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૪) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,

(૫) મર્કન્ટાઇલ લૉના બંડ સમયના એક પ્રાધ્યાપક,
(૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૭) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૮) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૯) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા, અને
(૧૦) વાણિજ્યના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. ગ્રંથાલય માટે ગત વર્ષની ખર્ચવાની બાકી રહેતી રકમ રૂા. ૨,૫૨૭નો ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને
૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એલ. એન. ઠાકરે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એલ. એન. ઠાકરે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૦. આર્ટ્સ અન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની જૂન ૧૯૬૫થી બેઝિક બી.એ. તથા બેઝિક બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૪) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
(૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૭) હિંદીના એક વ્યાખ્યાતા,
(૮) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૯) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા, અને
(૧૦) એક વ્યાયામ શિક્ષક;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. સી. દેસાઈએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદની જૂન ૧૯૬૫થી ફર્સ્ટ બી.એ. તથા ફર્સ્ટ બી.કૉમ.નુ ચાલુ જોડાણ તથા એસ.વાય.બી.એ.ના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,

(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૪) હિંદીના એક વ્યાખ્યાતા,
(૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૭) બૅંકિંગના એક વ્યાખ્યાતા, અને
(૮) એક વ્યાયામશિક્ષક;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણનું પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કોઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલનો ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાનો આચાર્ય આર. એલ. સંઘવીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય આર. એલ. સંઘવીએ રજૂ કર્યો, તેને આચાર્ય સી. એન. હકાણીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(**નોંધ.**—બૅન્કિંગના વિષયમાં વ્યાખ્યાતાને બદલે પ્રાધ્યાપકની નિમણૂક કરવી જોઈએ તે બાબત અંગે આચાર્ય એસ. સી. પાઠકે ધ્યાન ખેંચતાં, તે બાબત જોડાણની શરતોના પરિપાલન વખતે ધ્યાનમાં રાખવામાં આવે, એમ વિચારવામાં આવ્યું.)

૬૨. **આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાની જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ તથા એફ.વાય. બી.કૉમ. સુધીના વિષયો માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું

ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૬) ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૭) હિંદીના એક ટ્યૂટર,
   (૮) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર, અને
   (૯) ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. બી. વ્યાસે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. બી. વ્યાસની ગેરહાજરીમાં, આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય બી. કે. રાવળે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૩. **ઉપલેટા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ માટે ચાલુ જોડાણ, તથા બી.એ.(સબો.)માં માનસશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ માગતી આવેલ અરજી.**

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપલેટા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા

માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (સમો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) વાણિજ્યના એક પ્રાધ્યાપક,
   (૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૩) મર્કન્ટાઇલ લૉના એક અંડ સમયના પ્રાધ્યાપક,
   (૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૬) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
   (૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજના ચાલુ મકાનની એક વિંગ જેમાં આચાર્યશ્રીની ઑફિસ તથા કૉલેજ ઑફિસ અને ૪૦૦ ચો.ફૂટના ૮ ઓરડાઓ છે તેમાં તે પાંખ (વિંગ) ઉપર ૧૦૦૦ ચો.ફૂટનો એક ઓરડો, ૮૦૦ ચો.ફૂટના બે ઓરડા અને ૪૦૦ ચો.ફૂટના બે ઓરડા વધારવામાં આવે, અને તે ઉપરાંત ૬૬૦ ચો. ફૂટના બીજા ત્રણ ઓરડા બાંધવામાં આવે અને એ રીતે કૉલેજના મકાન અંગેની સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં આવે;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. મનોવિજ્ઞાનના વિષય માટે રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૭. ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે;

૮. રમતગમતના મેદાનનો સુયોગ્ય પ્રબંધ કરવામાં આવે; અને

૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંચાલકો તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. એસ. રાવળે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેલી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. એસ. રાવળે રજૂ કર્યો, તેને આચાર્ય જે. એસ. જેટલીએ ટેકો આપ્યો તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૪. જે. એમ. શાહ કૉલેજ, જંબુસરની ફર્સ્ટ બી.એ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સવો.)માં હિંદી માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે અને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જે. એમ. શાહ કૉલેજ, જંબુસર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સવો.)માં હિન્દી, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર; તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) કૉમર્સના એક વ્યાખ્યાતા, અને
   (૪) ઍકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા;
૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો તથા વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૬. ગૃહપતિને માટે ભાડા-મુક્ત રહેઠાણનો પ્રબંધ કરવામાં આવે;
૭. હાલના રમતગમતના મેદાનને સુયોગ્ય બનાવવામાં આવે; અને
૮. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે:

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એ. આર. દેસાઈ**એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, જે. એમ. શાહ કૉલેજ, જંબુસરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે ઉમેરેલી

શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય બી. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૫. શ્રી. રજની પારેખ આર્ટ્સ અૅન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ ખંભાતની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, અર્થશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર, ફારસી, ઇતિહાસ, ઉર્દૂ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્ધમાગધી; તથા બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રના વિષયોનું વધારાનું જોડાણ આપવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં અૅડવાન્સ્ડ અૅકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

અૅકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, રજની પારેખ આર્ટ્સ અૅન્ડ કેશવલાલ ખુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, અર્થશાસ્ત્ર તથા પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, ઉર્દૂ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્ધમાગધી તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ. અૅકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અૅડવાન્સ્ડ અૅકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૨) મર્કન્ટાઇલ લૉના બંડ સમયના એક પ્રાધ્યાપક, અને
   (૩) કૉમર્સના એક વ્યાખ્યાતા;
૨. અૅડવાન્સ્ડ અૅકાઉન્ટન્સી અને ઑડિટિંગનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને
૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, અૅકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય બી. સી.** દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ અૅન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને અૅકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું

પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય પી. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય પી. એસ. કલવચવાલાએ ટેકો આપ્યો.

સદરહુ બાબત અંગે જોડાણની મુદત ૧૯૬૫થી ૧૯૬૮ સુધીની રાખવા માટે સિન્ડિકેટની સભામાં ભલામણ કરવામાં આવી હતી, તે બાબત અહીં રહી જવા પામી છે, તે તરફ શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ ધ્યાન ખેંચ્યું હતું, પરંતુ સદરહુ બાબત અંગે આ સભાગૃહમાં કાંઈ કરી શકાય નહિ, અને તેથી જોડાણની શરતોના પરિપાલન વખતે તે ધ્યાનમાં રાખવામાં આવે, તેમ સૂચવવામાં આવ્યું.

તે પછી સદરહુ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાની જૂન ૧૯૬૫થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનો વિષય શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,

(૨) મર્કન્ટાઈલ લૉના બંધ સમયના એક પ્રાધ્યાપક,

(૩) એકાઉન્ટન્સીના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે, અને

(૪) વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાનાં પુસ્તકો માટે કુલ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. આર. મહેતાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. આર. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની આચાર્ય શ્રી. પી. કોઠારીએ નોટિસ આપી હતી :

"૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) "એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક"ને બદલે "એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા."

૨. "મર્કન્ટાઇલ લોના બે સમયના પ્રાધ્યાપક"—આ નિમણૂક કરવાની રહેતી નથી, કારણ મર્કન્ટાઇલ લોનો વિષય થર્ડ ઇયર બી.કોમ.માં છે જે વર્ગની માંગણી ૧૯૬૫-૬૬માં કરવામાં આવી નથી. માટે આ કલમ રદ ગણવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય શ્રી. પી. કોઠારીએ, કે અન્ય કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર વિચારણા કરવામાં આવી નહિ.

તે પછી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૭. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લા કોલેજ, રાજકોટની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમ્બો.)માં ફારસી, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ (પ્રિન્સ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ગણિત; તથા બી.એ. (સમ્બો.)માં ફ્રેન્ચ, ફારસી, ઇતિહાસ, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૩) ફારસીના એક વ્યાખ્યાતા,
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને
(૬) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એ. એચ. આઈ. વોરાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ. એચ. આઈ. વોરાએ રજૂ કર્યો, તેને આચાર્ય જિતેન્દ્ર સું. જેટલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૮. **સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી બી.એડ.નો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી :

૧. નીચે જણાવેલ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :
   (૧) એક પ્રાધ્યાપક,
   (૨) એક વ્યાખ્યાતા અને
   (૩) બે ટ્યૂટર;
૨. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને
૩. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ચંદ્રવદન શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ચંદ્રવદન શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. ડી. માણેક ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૯. **માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગરની જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટે આવેલ અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચેની જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
   (૧) એક પ્રાધ્યાપક,
   (૨) એક વ્યાખ્યાતા,
   (૩) એક ટ્યૂટર, અને
   (૪) આર્ટ્સ માસ્ટર;
૨. કાયદાની તથા શિક્ષણની બંને કૉલેજો માટે અલગ અલગ ગ્રંથાલય-ખંડ તથા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે પણ અલગ અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ચંદ્રવદન શાહે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ચંદ્રવદન શાહે રજૂ કર્યો, તેને શ્રી. અમૃતલાલ નારાયણદાસ ચોધરીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની આચાર્ય કે. જી. દેસાઈએ નોટિસ આપી હતી:

૩. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

ઉપરનો સુધારો આચાર્ય કે. જી. દેસાઈની ગેરહાજરીમાં, આચાર્ય ચિમનભાઈ જે. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો.

તે પછી આચાર્ય પુ. ગ. માવળંકરે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે, જે સભ્યે સુધારો રજૂ કરવાની નોટિસ આપી હોય તે ગેરહાજર હોય તો અન્ય કોઈ સભ્ય તે રજૂ કરી શકે?

પ્રમુખશ્રીએ ચુકાદો આપ્યો કે, જે સુધારા માટે જરૂરી નોટિસ આપવામાં આવી હોય તે સુધારો સેનેટના કોઈ પણ સભ્ય રજૂ કરી શકે છે.

તે પછી સદરહુ સુધારો આચાર્ય ચંદ્રવદન શાહે સભાગૃહની સંમતિથી સ્વીકાર્યો.

તે પછી સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૦. રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરનો જૂન ૧૯૬૫થી બી.એડ.ના કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો એને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

'કૉલેજ તથા હૉસ્ટેલનાં મકાનોનું યોગ્ય રીતે વખતોવખત સમારકામ કરવામાં આવે.'"

સિન્ડિકેટનો રિપોર્ટ

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંગત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. જી. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, રામજસ ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય કે. જી. દેસાઈની ગેરહાજરીમાં શ્રી. જી. બી. ઓઝાએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૨. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદની જૂન ૧૯૬૫થી બી.એડ. અને ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ આર્ટ્સ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ. અને ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એક વધારાના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે; અને

૨. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ચંદ્રવદન શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ચંદ્રવદન શાહે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૨. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરતની જૂન ૧૯૬૫થી બી.એડ.ના ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એક આર્ટ્સ માસ્તરની નિમણૂક કરવામાં આવે;
૨. સભા-ખંડ તથા પુસ્તકાલય બંને માટે એક એક મોટા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;
૩. આચાર્ય તેમ જ ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે; અને
૪. પ્રાયોગિક પાઠ માટે શિક્ષણનાં સાધનો પાછળ યોગ્ય ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એચ. જે. હકીમ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એચ. જે. હકીમે રજૂ કર્યો, તેને શ્રી. અબજલદાસ નારાયણદાસ ચૌધરીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની આચાર્ય ચન્દ્રવદન સી. શાહે નોટિસ આપી હતી :

"૧. એકૅડેમિક કાઉન્સિલના ઠરાવમાંની પહેલી શરતમાં "એક આર્ટ્સ માસ્તર" ને બદલે "એક ખંડ સમયના ચિત્રકળા શિક્ષક" એટલા શબ્દો મૂકવા અને છેવટે "અને" શબ્દ ઉમેરવો.
૨. એજ ઠરાવની બીજી શરતમાં "વ્યવસ્થા" અને "કરવામાં"ની વચ્ચે "મે ૧૯૬૭" એટલા શબ્દો ઉમેરવા ને અર્ધવિરામને બદલે પૂર્ણવિરામ મૂકવું.
૩. એજ ઠરાવની ત્રીજી અને ચોથી કમલ રદ કરવી.

ઉપર્યુક્ત સુધારા સાથે ઠરાવમાંની શરતો આ પ્રમાણે વંચાશે :

(૧) એક ખંડ સમયના ચિત્રકળા-શિક્ષકની નિમણૂક કરવામાં આવે; અને
(૨) સભા-ખંડ તથા પુસ્તકાલય બંને માટે એકેક મોટા ખંડની વ્યવસ્થા મે, ૧૯૬૭ સુધીમાં કરવામાં આવે."

(નોંધ.— સદરહુ બાબતના બિડાણ સાથે ચુનીલાલ ગાંધી વિદ્યાભવન માટે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલને સ્થાને આ સાથે બિડેલ સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરતની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ ધ્યાનમાં લેવા વિનંતી છે)

ઉપરનો સુધારો આચાર્ય ચન્દ્રવદન સી. શાહે, આચાર્ય એ. આર. દેસાઈના ટેકાથી રજૂ કર્યો. તે પછી સદરહુ સુધારો આચાર્ય એચ. ઈ. હર્ષાએ સભાગૃહની સંમતિથી સ્વીકાર્યો.

ત્યાર બાદ સદરહુ સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૩. પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટની જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમ માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પી. ડી. માલવિયા, ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. યોગ્ય લાયકાત ધરાવતા એક ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;

૨. ગત વર્ષના બાકી રહેલા રૂા. ૬,૦૦૦ તથા ચાલુ વર્ષે રૂા. ૩,૦૦૦નો ખર્ચ પુસ્તકો પાછળ કરવામાં આવે;

૩. દૃશ્ય-શ્રાવ્ય અને અન્ય શૈક્ષણિક સાધનો પહેલાંની શરત પ્રમાણે દરવર્ષે ખરીદી ઉમેરવામાં આવે.

૪. શિક્ષક માટેના એક ખંડ ઉપરાંત તાલીમાર્થીઓને માર્ગદર્શન આપી શકાય એ દૃષ્ટિએ પ્રત્યેક અધ્યાપક માટે અલગ નાનો વર્ગ કરવામાં આવે;

૫. કૉલેજ માટે પોતાનું મકાન બાંધવાની બાંયધરી આપવામાં આવે;

૬. કૉલેજ નજીક યોગ્ય છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે; અને

૭. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જી. પી. ભટ્ટે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, પી. ડી. માલવિયા ટીચર્સ કૉલેજ, રાજકોટના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."
ઉપરનો પ્રસ્તાવ આચાર્ય જી. પી. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રનો વિષય શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે; અને

(૨) ૨૦ વિદ્યાર્થીઓ દીઠ એક—એ પ્રમાણે જરૂરી ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂક કરવામાં આવે;

૨. જરૂરી સંખ્યામાં યંત્રો વસાવવામાં આવે; અને

૩. આંકડાશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. જી. વકીલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય ડી. જી. વકીલની ગેરહાજરીમાં, આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૫. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં કીટાણુ-વિજ્ઞાન માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. બાયોકેમિસ્ટ્રીના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. મકાનમાં નીચેની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) સંગ્રહસ્થાન માટેનો ખંડ; અને

(૨) શિક્ષકો માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો પા.છ્ળ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રો. જે. જે. ચિનોયે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાણ્ડેસે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૬. **મહારાજાશ્રી મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીની જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ માટે આવેલ અરજી.**

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજશ્રી મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) અંગ્રેજીના એક ટ્યૂટર, અને
   (૩) આંકડાશાસ્ત્રના એક ટ્યૂટર;
૨. આંકડાશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૪. ગ્રંથાલય;
૫. છાત્રાલય માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે; અને
૬. કૉલેજ માટે પોતાના અલાયદા રમતગમતના મેદાનની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એ. આર. રાવે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સાયન્સ કૉલેજ, મોરબીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એ. આર. રાવે રજૂ કર્યો, તેને આચાર્ય પી. એમ. જાનીએ ટેકો આપ્યો.

તે પર નીચેનો સુધારો રજૂ કરવાની પ્રો. જે. જે. ચિનોયે નોટિસ આપી હતી :

"ઍકેડેમિક કાઉન્સિલની ભલામણમાંની ત્રીજી લીટીમાં આવતા શબ્દો "બી.એસસી. (જન.)" પછી "ભૌતિકવિજ્ઞાન" વિષય ઉમેરવામાં આવે તથા આ સુધારા સહિત આચાર્ય એ. આર. રાવ તરફથી રજૂ થનાર ઠરાવ મંજૂર કરવામાં આવે."

ઉપરનો સુધારો પ્રો. જે. જે. ચિનોયે, આચાર્ય જે. બી. સાણિકના ટેકાથી રજૂ કર્યો.

તે પછી આચાર્ય એ. આર. રાવે સભાગૃહની સંમતિથી સદરહુ સુધારો સ્વીકાર્યો.

ત્યારબાદ સદરહુ સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૭. એચ. એન્ડ એચ બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટની જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના વિષયો માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલનો ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વનસ્પતિવિજ્ઞાનની તથા પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે ૮૫' × ૩૫'ના ક્ષેત્રફળવાળી પ્રયોગશાળા બાંધી તેને સાધનસામગ્રીથી સુસજ્જ કરવામાં આવે;

૨. સંગ્રહસ્થાન તથા વનસ્પતિબાગના વિકાસ માટે ઓછામાં ઓછા રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૩. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની પ્રો. જે. જે. ચિનોયે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં

સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવાવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ પ્રો. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં. તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૮. શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી તરફથી જૂન ૧૯૬૫થી પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના ચાલુ જોડાણ; તથા બૅંકિંગના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) બૅંકિંગના એક પ્રાધ્યાપક,
   (૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક,
   (૫) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક, અને
   (૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;
૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વધારાની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) એક વર્ગ-ખંડ, ૯૦૦ ચો. ફૂટનો,
   (૨) ચાર વધારાના વર્ગો, પ્રત્યેક ૬૦૦ ચો.ફૂટના.
   (૩) વિદ્યાર્થીઓ માટે એક ખંડ,
   (૪) વિદ્યાર્થિનીઓ માટે એક ખંડ, અને
   (૫) વાચનાલય માટે એક ખંડ, ૧૦૦૦ ચો.ફૂટનો;
૩. યોગ્ય છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે તથા તેના ગૃહપતિને માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે,
૪. ગ્રંથાલયની જૂનાં શરતોની ખોટ પેટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. બૅંકિંગનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૬. પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૭. રમતગમત માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે; અને
૮. આચાર્યશ્રીને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એસ. સી. પાડકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, કોમર્સ કૉલેજ, મોરબીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એસ. સી. પાડકે રજૂ કર્યો, તેને આચાર્ય આર. જી. ભટ્ટે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૯. વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજને જૂન ૧૯૬૫થી બી.કોમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતોનું પાલન તા.૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.કોમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; અને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) વાણિજ્યના એક વ્યાખ્યાતા, અને
   (૪) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૫,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે પ્રમાણે કરવામાં આવે :

એકાઉન્ટન્સી માટે	...	રૂા. ૨,૦૦૦
આંકડાશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
જૂની શરતની ખોટ પેટે	...	રૂા. ૧,૫૦૦."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલનો ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. શાહે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. સી. શાહની ગેરહાજરીમાં આચાર્ય એમ. સી. દેસાઈ એ રજૂ કર્યો, તેને આચાર્ય રમણિકલાલ એચ. શાહે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૦. એમ. પી. શાહ મ્યુ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગરને જૂન ૧૯૬૫થી પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.ના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે, કે, એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા લેબર લૉઝ એન્ડ પ્રેક્ટિસ તથા ટેકસેશન લૉઝ એન્ડ પ્રેક્ટિસના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ખંડ સમયના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા,

(૨) ખંડ સમયના એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા, અને

(૩) કાયદાના ડિપ્લોમાના અભ્યાસક્રમને આવરી લેતાં જરૂરી શિક્ષકો.

૨. ડિપ્લોમાના અભ્યાસક્રમો, પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. કાનૂની વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવા માટે બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એસ. પંડિતે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને આચાર્ય એન. એસ. પંડ્યાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૧. એમ. પી શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગરની જૂન ૧૯૬૫થી પ્રથમ એલએલ. બી.ના અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ એલએલ. બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) કાયદાના પૂરા સમયના એક પ્રાધ્યાપક, અને

(૨) અંડ સમયના બે વ્યાખ્યાતા;

૨. કૉલેજનું પોતાનું મકાન મે, ૧૯૬૭ સુધીમાં તૈયાર કરવામાં આવે;

૩. કાયદાનાં પુસ્તકો માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૬,૦૦૦
સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦;

૪. કાયદાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયમાં વ્યવસ્થા કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વી. આર. રણદીવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય વી. આર. રણદીવેએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૨. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી પ્રથમ તથા દ્વિતીય એલએલ.બી.ના કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદને પ્રથમ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલનાં ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય સી. ડી. વ્યાસે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે કરેલ ભલામણ અનુસાર, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય સી. ડી. વ્યાસે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(નોંધ.—પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦ને બદલે રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવો પર્યાપ્ત થશે એમ સૂચન કરવામાં આવ્યું હતું, પરંતુ તે અંગે કોઈ સુધારો આવેલ નહિ હોવાથી આ બાબતમાં હાલને તબક્કે કાંઈ થઈ શકે નહિ, અને તેથી જોડાણની શરતોના પરિપાલન વખતે આ બાબત ધ્યાનમાં લેવામાં આવે, એમ સૂચવવામાં આવ્યું.)

૮૩. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી પ્રથમ એલએલ.બી., દ્વિતીય એલએલ.બી., ડિપ્લોમા-ઇન-લેબર લૉઝ અન્ડ પ્રેક્ટિસ અને ડિપ્લોમા-ઇન-ટેક્સેશન લૉઝ એન્ડ પ્રેક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એલએલ.બી. અને ડિપ્લોમા-ઇન-લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ અને ડિપ્લોમા-ઇન-ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કાયદાનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને
૨. ડિપ્લોમાના અભ્યાસક્રમોનાં પુસ્તકો માટે રૂા. ૫૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય એમ. ડી. માણેકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ આચાર્ય એમ. ડી. માણેકે રજૂ કર્યો. તેને શ્રી. અમૃતદાસ નારાયણદાસ ચૌધરીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૪. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરતની જૂન ૧૯૬૫થી પ્રથમ એમ.બી., બી.એસ.નું ચાલુ જોડાણ તથા દ્વિતીય એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવાના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા દ્વિતીય તથા તૃતીય એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) એનેટોમીના એક પ્રાધ્યાપક,
   (૨) ફિઝિયોલોજીના એક પ્રાધ્યાપક,
   (૩) એમ્બ્રિયોલોજીના એક પ્રાધ્યાપક,
   (૪) એનેટોમીના ત્રણ વ્યાખ્યાતા (એ હાલની જગ્યાએ),
   (૫) બાયોકેમિસ્ટ્રીના એક વ્યાખ્યાતા, અને
   (૬) ફિઝિયોલોજીના બે વ્યાખ્યાતા;
૨. કૉલેજનું પોતાનું મકાન જલદી ખૂબ જ ઝડપથી તૈયાર કરવામાં આવે, જરૂર પ્રમાણે સગવડ કરવામાં આવે અને આચાર્ય તથા છાત્રાલયના ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;
૩. જ્યાં સુધી કૉલેજનું પોતાનું મકાન તૈયાર થાય નહિ ત્યાં સુધી ક્લિનિકલ વિષય માટે વિદ્યાર્થીઓને અમદાવાદ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે; અને
૪. દ્વિતીય અને તૃતીય વર્ષ એ પ્રત્યેક માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	... રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	... રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	... રૂા. ૧,૦૦૦."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એમ. ડી. પટેલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એમ. ડી. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવિડલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૬. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી પ્રથમ અને દ્વિતીય બી.ડી.એસ.ના ચાલુ જોડાણ; અને તૃતીય બી.ડી.એસ.ના અભ્યાસક્રમો શીખવવાના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.ડી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ બી.ડી.એસ.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) પિરિયોડોન્શિયાના એક પ્રાધ્યાપક,
   (૨) ઓરલ સર્જરીના એક પ્રાધ્યાપક,
   (૩) પ્રોથેરિકસ ક્રાઉન અને બ્રિજ માટે એક સીનિયર લેક્ચરર,
   (૪) ઓરલ એનેટોમી, હિસ્ટોલોજી, પેથોલોજી અને બૅક્ટેરિયોલોજીના એક સીનિયર લેક્ચરર,
   (૫) ઓરલ સર્જરીના એક સીનિયર લેક્ચરર,
   (૬) ઓર્થોડોન્શિયાના એક સીનિયર લેક્ચરર,
   (૭) ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રીના એક સીનિયર લેક્ચરર,
   (૮) પિરિયોડોન્શિયાના એક સીનિયર લેક્ચરર,
   (૯) જનરલ મેડિસિનના એક સીનિયર લેક્ચરર,
   (૧૦) જનરલ સર્જરીના એક સીનિયર લેક્ચરર,
   (૧૧) જનરલ પેથોલોજી અને બૅક્ટેરિયોલોજીના એક જુનિયર લેક્ચરર,
   (૧૨) જનરલ મેડિસિનના એક જુનિયર લેક્ચરર,
   (૧૩) એક ડેન્ટલ સર્જન, અને
   (૧૪) બે ક્લિનિકલ આસિસ્ટન્ટ;
૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૩. બે વૉર્ડ માટે બનતી શક્ય તેટલી બીજી વધારાની જગ્યા મેળવવામાં આવે;
૪. સ્ટાફને રહેવા માટેની સગવડ તાકીદે કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એમ. ડી. પટેલે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એમ. ડી. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. ડી. માણેકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૬. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતની જૂન ૧૯૬૫થી પ્રથમ, દ્વિતીય અને તૃતીય બી.એ.એમ.એસ.ના કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતને પ્રથમ, દ્વિતીય અને તૃતીય બી.એ.એમ.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી એમ. બી. પંડ્યાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે. અને એકેડેમિક કાઉન્સિલે કરેલ ભલામણ અનુસાર, સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો પ્રસ્તાવ શ્રી. એસ. બી. પંડ્યાએ રજૂ કર્યો. તેને ડૉ. ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૭. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ અૅન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી અૅફ.વાય.બી.કૉમ. સુધી ચાલુ જોડાણ તથા અૅફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમોના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

(*iv*) In the Ayurvedic faculty any one who is a Professor in an affiliated college in the subject with three years' teaching experience at similar college;

or

A Lecturer in an affiliated college in the subject with five years' teaching experience at a similar college shall be considered eligible for an Assistant's post.

2. For Shastris and Maulvis, i.e, Teachers in Sanskrit, Prakrit, Pali, Persian and Arabic, the above qualifications will not be insisted upon; but they must have qualifications of having passed special examination in these subjects which are equivalent to those mentioned above.

3. If an Assistant teacher is an honorary worker, he shall be approved as an Assistant only if he puts in at least four periods of teaching work per week throughout the year. Such an honorary assistant shall not be considered as a regular teacher of that college or institution for the purpose of enrolment as a teacher.

O. 75(1):

The following is the arrangement of terms:

	First Term		**Second Term**	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
In the Faculties of Arts, Science, Commerce, Law and Agriculture	15th June	20th October	5th November (inclusive of holidays from 25th December to 1st January)	15th March
In the Faculty of Technology (including Engineering)	15th June	20th October	5th November (inclusive of holidays from 25th December to 1st January)	31st March
In the Faculties of Medicine (including Pharmacy) and Ayurvedic Medicine	15th June	20th October	5th November (inclusive of holidays from 25th December to 1st January)	15th April

O. 78:

The following shall be the minimum requirements for attendance necessary for Keeping the terms:

Faculty	*First term*	*Second term*
Arts including Education, Science, Commerce and Law	75 days	75 days
Technology including Engineering	75 days	80 days
Medicine including Pharmacy and Ayurveda	75% of the total number of working days, provided the student concerned has attended 75% each of the total number of (1) Lectures, and (2) Practicals, Clinicals held during the term	75% of the total number of working days, provided the student concerned has attended 75% each of the total number of (1) Lectures, and (2) Practicals, Clinicals held during the term
Agriculture	85 days	85 days.

O 120:

"Applications for affiliation, extension, of affiliation or continuation of affiliation, of a college, shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him as under:

	Last date for receiving applications
(1) Application for affiliation of a new college or for an extension of affiliation for teaching courses in a new faculty	1st January of the year preceding the year from which affiliation is intended to take effect
(2) Application for renewal of affiliation for extension of affiliation up to degree classes or for a subject or subjects	16th August of the year preceding the year from which affiliation is intended to effect.

2. Every application for affiliation shall be accompanied with a deposit of Rs. 1,000/- which will be returned after the same is finally disposed off but will be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted, provided that in the case of an application for renewal or extension of affiliation the

deposit fee will be Rs. 200/- only. No request for postponement of consideration of the application for affiliation, renewal of affiliation or extension of affiliation, as the case may be, shall be entertained.

3. The Syndicate shall not entertain any application for affiliation received after the aforesaid dates.

4. Notwithstanding anything contained above, it will be competent for the Syndicate to entertain an application for affiliation, renewal of affiliation or extension of affiliation up to 31st March, 1955 for affiliation intended to take effect from June, 1966."

O. 129 (Relevant Part) :

Examination	How many times held in a year	Date of Commencement	Date of Application	Examination Fee
Diploma in Library Science	Once	Last Monday in April	Two months before the examination	Rs. 75/-

O. 148 :

(*a*) A statement in a printed form, showing the marks obtained by a candidete in each head of passing will be supplied to him on payment of a Fee of Rs. 2/- per examination. (*b*) Marks obtained by a candidate in individual papers at a University Examination and in Internal Evaluation in each subject will also be supplied on payment of Fee of Rs. 5/- per examination, provided an application in this behalf is received within six months after the date of the declaration of the result, and provided further that in case of Internal Evaluation, however, subjectwise marks obtained by the candidate will be supplied.

Note.-- Marks obtained by a candidate in individual question or in section of a paper will not be supplied.

O. 174-E (Relevant Part) :

In case where a candidate is suddenly taken ill prior to the commencement of the examination and informs the Reigstrar 24 hours before the commencement of the examination alongwith a medical Certificate, Rs. 15/- in case of Pre-University, Rs. 25/- in case of First B.A., and Rs. 35/- in case of Second B.A. Examination will be refunded to him at his cost

O. 309 :

"A candidate who has passed the B.A. (General) Examination or the B.A. (Special) Examination or the B.A. Examination of this University will be admitted to the B.Com. Examination of this University, subject to the following conditions :

(*i*) That he produces a certificate of having attended for a period of 2 terms, the B.Com. course at a Commerce College affiliated to this University;

(*ii*) That he appears for the F.Y.B.Com. Examination in compulsory Accountancy-I and is declared successful therein either before or in the same examination season in which he appears for the B.Com. Examination

A candidate who appears for the B.Com. Examination under the provision of this Ordinance will be entitled to claim exemption from the paper in English and from the following subjects at the B.Com. Examination, provided that he has passed in the subjects at the B.A. Examination shown against them respectively. A candidate, however, offering Statistics as an optional subject at the B.Com. Examination will have to appear and pass in Mathematics also at the ***F.Y.B.Com. Examination*** :

B.Com.	*B.A.*
Principles of Economics	Principles of Economics
Modern Economics Development	Indian Economic problems and/or Economic History
Statistics & scientific Methods	Statistics or Statistical Methods."

Junior and Senior Certificate Course in English

Ordinance 373 :

The University will hold (1) Junior, and (2) Senior Certificate Examinations for students desiring higher proficiency in English. The duration of each certificate course is one year.

(ખ) નવો ઘડેલો ઑર્ડિનન્સ

O. Ext. Arts :

No candidate shall be eligible for Registration for the Second B.A. External Examination unless he has (*a*) Passed the First B.A. Examination of this University or an equivalent examination, (*b*) applied for Registration on or before 28th February of each year, and (*c*) allowed an interval of at least one year between his passing the First B.A. or its equivalent examination and his appearance at this examination, provided that a candidate who is allowed to keep terms for the Second B.A. Examination of this University, will be eligible for Registration for this examination.

(ક) રદ કરેલા ઑર્ડિનન્સો

O. 174 :

A candidate who has passed the B. Com. Examination of this University will be permitted to take the B.A. Examination without keeping any terms subject to the following conditions :

(1) He will be required to pass the ***First B.A. Examination*** in a Classical or a Mordern European Language either before or in the same examination season as that in which he appears for the B.A. Final Examination;

(2) He will be required to appear and pass in the paper in Compulsory English on Shakespeare only at the B.A. Examination :

Provided that the marks obtained by him in any of the examinations mentioned in (1) and (2) above shall be treated prorata on basis of the written paper set at the University examination concerned.

O. 201 :

A candidate may appear in the subsidiary subject after two terms or three terms or simultaneously at the end of the fourth term with the Principal subject, but he shall not be permitted to appear in the Principal subject alone, unless he has passed in the subsidiary subject.

A candidate who has once passed the B.Sc. Examination with one subsidiary subject may, on the submission of a new application and the payment of a fresh fee, appear again in another subsidiary subject without appearing for the whole examination, provided that he has completed the minimum attendance in an affiliated college at a course of instruction in the new subsidiary subject in which he wishes to appear, for two additional terms.

A candidate who has completed the minimum attendance for four terms in a certain group of subjects in an affiliated college but has not passed in the subsidiary subject, will be permitted to appear at the examination interchanging his Principal and Subsidiary subjects, provided that he has subsequently completed the minimum attendance in affiliated college at a course of instruction in the subject he offers as his principal subject, during two additional terms.

O. 309 :

"A candidate who has passed the B.A. (General) Examination or the B.A. (Special) Examination or the B.A. Examination of this University will be admitted to the B.Com. Examination of this University, subject to the following conditions :

(*i*) That he produces a certificate of having attended for a period of 2 terms, the B.Com. course at a Commerce College affiliated to this University;

(*ii*) That he appears for the F.Y.B.Com. Examination in compulsory Accountancy-I and is declared successful therein either before or in the same examination season in which he appears for the B.Com. Examination.

A candidate who appears for the B.Com Examination under the provison of this Ordinance will be entitled to claim exemption from the paper in English and from the following subjects at the B.Com. Examination, provided that he has passed in the subjects at the B.A. Examination shown against them respectively. A candidate, however, offering Statistics as an optional subject at the B.Com. Examination will have to appear and pass in Mathematics also at the F.Y.B.Com. Examination.

B.Com.	*B.A.*
Principles of Economics	Principles of Economics
Modern Economic Development	Indian Economic Problems and/or Economic History
Statistics & Scientific Methods	Statistics or Statistical Methods "

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૯૭

O. 120-A :

"(1) There shall be a professor for every subject taught as a speical subject, in the Second and/or Final year of the Three Year Degree Course in the Faculties of Arts, Science and Commerce, provided, however, that a Professor in English need not be appointed in the faculties of Science or Commerce or if English is not taught as a special subject in the Third Year B.A. Class.

(2) There shall be at least one full-time lecturer in every subject offered at First and/or Second Years and part-time teachers and tutors in the degree course will be permitted only where there is at least one full-time lecturer and there is extra work which cannot be met by the full-time teachers in the subject:

Provided, however, that in the following subjects, a part-time Professor or Lecturer, as the case may be, should be considered as the minimum requirement in those subjects :

(*a*) In Commerce Faculty, Accountancy (where C.A. employed), Mercantile Law and Statistics (if offered at F.Y.B.Com. as compulsory subject only);

(*b*) In all Faculties for General Education, a part-time teacher may be permitted where the rest of the work can be distributed amongst existing staff.

(3) The maximum workload per week for the full-time teachers of the various categories shall be as under:

(*i*) Demonstrators :	24 periods of 45 minutes each (or 18 hours) (The Demonstrator with a Post-graduate Degree may me assigned lectures or tutorials not exceeding 6 periods);
(*ii*) Tutors	21 periods of 45 minutes each, or 15·45 hours, of which lectures shall not exceed eight;
(*iii*) Lecturers and : Professors	21 periods of 45 minutes each, or 15·45 hours, of which lectures shall not exceed 15;

(*iv*)	Lecturers and Professors who are recognised Post-graduate teachers	18 periods of 45 minutes each, or 13·5 hours, of which lectures shall not exceed 13.
(*v*)	Lecturers and Professors who are recognised as guides for Ph.D.	14 periods of 45 minutes each, or 10·5 hours, of which lectures shall not exceed 10.

Note.—workload shown against 3(*iv*) and (*v*) is meant for those Post-graduate teachers who are actually giving Post-graduate instruction.

For part-time teachers in various categories, the maximum periods shall not exceed ten including tutorials, and in the case of part-time tutors, lecture periods shall not exceed four.

(Note.—Daily attendance of not less than four hours will be compulsory for every full-time teachers on all working days.)

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૧૨૧

જોડાણઅરજી અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિઓને સૂચનાઓ

૧. કોઈ પણ એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૨૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછી ૩૫૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ દાખલ થયા ન હોય ત્યાં સુધી તે વિદ્યાશાખાની અથવા વિદ્યાશાખાઓની બીજી કૉલેજની જરૂરિયાત અસ્તિત્વ ધરાવતી કૉલેજની આસપાસના ૫ માઈલની ત્રિજ્યાના વિસ્તારમાં સામાન્યપણે સ્વીકારવી નહિ.

૨. એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૪૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૬૫૦ વિદ્યાર્થીઓ ન થાય ત્યાં સુધી એ જ વિદ્યાશાખા અથવા વિદ્યાશાખાઓવાળી નવી કૉલેજની આવશ્યકતા સામાન્યપણે સ્વીકારવી નહિ.

નીચેની બાબતો અપવાદરૂપે ગણાશે:

(૧) વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને—જેવી કે, અધ્યાપન કૉલેજને—આ નિયમ લાગુ પડશે નહિ.

(૨) સ્ત્રી-શિક્ષણની એક વિદ્યાશાખા વાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૨૦૦ વિદ્યાર્થિનીઓ હોય અગર બે વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૨૦૦ વિદ્યાર્થિનીઓ હોય અગર બે વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૩૫૦ વિદ્યાર્થિનીઓ હોય તો સ્ત્રી-શિક્ષણની નવી સંસ્થાની આવશ્યકતા સ્વીકારી શકાય.

(૩) અમદાવાદ શહેરમાં આ નિયમ વિષે અપવાદ કરવાની જરૂર વિચારીને અને તેનાં કારણો જણાવીને નિરીક્ષણસમિતિ તેવી ભલામણ કરી શકશે.

૩. અરજી કરનાર સંસ્થા પાસે અરજી કરતી વેળા તેમની પાસે અસ્કયામત અને/અથવા રોકડ રકમ કે ફંડફાળા અંગે શી સ્થિતિ છે તે વિષે સ્થાનિક તપાસસમિતિએ જાણી લઈને વિગતે રિપોર્ટ કરવો.

આમ કરતાં વિનયન કે વાણિજ્યની એક વિદ્યાશાખાથી શરૂ થતી કૉલેજ માટે ઓછામાં ઓછા એક લાખ રૂપિયાની અને વિજ્ઞાનની વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે ઓછામાં ઓછા બે લાખ રૂપિયાની ઋણમુક્ત અસ્કયામત કે ભંડોળ હોવું જોઈએ. કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસે પોતાની માલિકીનું મકાન હોવું જરૂરી છે. એકથી વધુ વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે વિદ્યાશાખા દીઠ સદરહુ જોગવાઈ ઉપર મુજબ કરવાની રહેશે. જો એ આખી રકમ સંસ્થા તાત્કાલિક રીતે બતાવી ન શકે તો જોડાણ મળ્યાથી વધુમાં વધુ ત્રણ વર્ષમાં એવું ભંડોળ એકઠું કરવાની સંચાલકમંડળની ક્ષમતા છે તેવી ખાતરી કરી તે મુજબ લેખિત બાંયધરી કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસેથી તપાસસમિતિએ મેળવવી.

[**નોંધ.**—ઋણમુક્ત અસ્કયામત એટલે જે તે સંસ્થાની કુલ અસ્કયામત(total assets)માંથી તેનું જે કાંઈ દેવું કે જવાબદારી હોય તે બાદ કરતાં વધે તે રકમની સ્થાવર તથા જંગમ મિલકતથી તાત્કાલિક બજાર ભાવે થતી કિંમત.]

એ ઉપરાંત સંસ્થા શરૂ કરવાને માટે તાત્કાલિક કેટલું ખર્ચ કરવું જરૂરી છે તેનો અને તેટલો ચોક્કસ અંદાજ તપાસસમિતિએ આપવો. એ ઉપરાંત જોડાણ મળ્યાના ત્રણ વર્ષમાં સંસ્થા પોતાની માલિકીનું કૉલેજ માટેનું મકાન બાંધવાની ક્ષમતા ધરાવે છે અને તે માટેની જરૂરી જમીન સંસ્થા પાસે છે એની ખાતરી કરી તે અંગેની ઘટતી બાંયધરી મેળવી તપાસસમિતિએ રિપોર્ટ કરવો.

૪. જોડાણ મેળવનાર દરેક કૉલેજને માટે રમતગમતના મેદાનની પૂરતી જોગવાઈ કરવી ફરજિયાત ગણાશે.

૫. કોઈ પણ ચાલુ કૉલેજ, ઉપરની સૂચના એક અને બેમાં દર્શાવેલી લઘુતમ વિદ્યાર્થી સંખ્યા પોતાની સ્થાપના પછીનાં પાંચ વર્ષને અંતે પણ મેળવી શકી ન હોય તો તે વિસ્તારમાં નવી સંસ્થા ખોલવા દેવાની છૂટ આપી શકાશે.

૬. કૉલેજ માટેનું મકાન ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે જ વપરાવું જોઈએ.

૭. કૉલેજના મકાન કે મકાનોમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જગ્યાની જોગવાઈ જરૂરી છે:

વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ જગ્યા (વિદ્યાર્થીઓની બેઠકોની હારબંધ ગોઠવણીનો મુદ્દો સમિતિ ધ્યાનમાં લઈ શકશે).

જરૂર પ્રમાણે વર્ગોના ઓરડાઓ ઉપરાંત નીચેની ગોઠવણ પણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે:

(૧) શિક્ષકો માટેનો ખંડ
(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૩) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૪) ગ્રંથાલય અને અધ્યયન માટે ઘટતી જોગવાઈ
(૫) સ્વચ્છ સંડાસ-મુતરડી વગેરેની વ્યવસ્થા.

૮. કૉલેજ ઉઘાડનાર મંડળ કે સંસ્થાએ કૉલેજના મકાનની બની શકે તેટલી પાસે, આચાર્ય માટે ભાડા-મુક્ત નિવાસસ્થાનની તથા કૉલેજના જે શિક્ષક છાત્રાલયની સંભાળ રાખતા હોય તેમને માટે છાત્રાલયની નજીક ભાડા-મુક્ત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરી આપવી આવશ્યક ગણાશે.

૯. દરેક કૉલેજ ઉઘાડનાર મંડળે કે સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે.

છાત્રાલયમાં નીચે પ્રમાણે જગ્યાની ગોઠવણ રાખવી:

એક છાત્રવાળી ઓરડી માટે ૮૫ થી ૯૦ ચોરસ ફૂટ.

બે છાત્રવાળી ઓરડી માટે ૭૫થી ૮૦ ચોરસ ફૂટ એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૧૬૦ ચોરસ ફૂટ.

ત્રણ છાત્રવાળી ઓરડીઓ માટે ૭૦થી ૭૫ ચોરસ ફૂટ એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૨૧૦થી ૨૨૫ ચોરસ ફૂટ.

ઉપરની જોગવાઈ કરવાનું હવે પછી બંધાનાર છાત્રાલયો માટે જ રહેશે.

૧૦. કૉલેજમાં શિખવાડાતા અભ્યાસક્રમની જરૂરિયાત મુજબ સુસજ્જ ગ્રંથાલય તથા યુનિવર્સિટીએ નક્કી કરેલ ધોરણો પ્રમાણે પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૧૧. શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં નક્કી કરેલાં ધોરણો મુજબની નિમણૂક કરવામાં આવેલી છે તે તથા તેમનું કામકાજનું ભારણ ધોરણસર છે તેની ખાતરી પણ કૉલેજના પુરસ્કર્તાઓએ કરાવવી જોઈએ.

૧૨. (૧) ૩૧મી માર્ચ સુધીમાં સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ સંસ્થાએ યુનિવર્સિટીના મહામાત્રને મોકલવાનો રહેશે. આ પ્રકારનો અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણી સમિતિ નીમી તેનો રિપોર્ટ મેળવી તા. ૩૦મી એપ્રિલ સુધીમાં ઘટતાં પગલાં લઈ બધી નવી કૉલેજોના જોડાણ અંગે રાજ્ય સરકારને સિન્ડિકેટ ભલામણ કરશે.

(૨) ૩૧મી માર્ચ પહેલાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક શિક્ષકની નિમણૂક અને સ્વીકૃતિપત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૧૩. જોડાણ અંગે જે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૪. પ્રથમ વાર જોડાણ માગતી કૉલેજોને ફક્ત એક જ વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૫. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ કરીને ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈશે.

૧૬. ઉપરના કોઈ પણ નિયમમાં અપવાદ કરવાની જરૂર જો સ્થાનિક તપાસસમિતિને લાગે તો તેમ કરવાનાં કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેની ભલામણ તે કરી શકશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૨૩

સમાજવિદ્યા ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૧૫-૧-૧૯૬૩ના આપના પત્રાંક Syn./Tr./O 1848 મુજબ, અમે સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણ માટે, તા. ૯-૩-૧૯૬૩ના રોજ ગયા હતા. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી; કેટલીક બીજી અમે માગી તે બધી અમને તે બાદ તેમણે પહોંચતી કરી હતી. સત્રનો અંત હોવાથી વિદ્યાર્થીઓના વર્ગો બંધ હતા, એટલે એમને અમારાથી મળી શકાયું નહોતું. અધ્યાપકગણ જોડે કામકાજ બાબત બેત્રણ કલાક સારી પેઠે અમે વાતચીત કરી હતી. તે ઉપરાંત ભવનના સંચાલકશ્રી તથા રીડરોને અમે મળ્યા હતા. એ બધી સગવડ આપવાને માટે અમે આભારી છીએ. આ બધા પરથી, અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ:

૧. આ ભવન ૧૯૫૪માં યુનિવર્સિટીએ સ્થાપ્યું ત્યારથી તેના સંચાલકશ્રી મારફતે યુનિવર્સિટી તેનું સંચાલન કરે છે. મકાન તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ જ કરી છે, અને તે પૂરતી અને સારી પેઠે થયેલી છે.

૨. એના નામ પ્રમાણે, ભવન સમાજવિદ્યાઓના અધ્યાપન તથા સંશોધનને માટે સ્થાપવામાં આવ્યું છે. સમાજવિદ્યાઓમાં નીચેની વિદ્યાઓનો (એમ.એ. તથા પીએચ.ડી. માટે) અભ્યાસ કરાવવાની જોગવાઈ છે:

(૧) અર્થશાસ્ત્ર, (૨) રાજકારણ, (૩) આંકડાશાસ્ત્ર, (૪) સમાજવિજ્ઞાન, અને (૫) મજૂરકલ્યાણ (અનુસ્નાતક ડિપ્લોમા માટે).

આને માટે કુલ ૧૯ અધ્યાપકો કામ કરે છે. તેમને વિષે તથા તેમના કામકાજને વિષે વિગતવાર હકીકત આપતું નિવેદન ભવનના સંચાલકે અમને આપ્યું હતું. તે આ સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડ્યું છે. કુલ ૧૯ની અંદર, ૧ અધ્યાપક કક્ષાના, ૬ રીડર અને બાકીના લેક્ચરર કક્ષાના શિક્ષકો છે. વિષયવાર જોતાં, અર્થશાસ્ત્રને માટે એક અધ્યાપક અને ત્રણ રીડર છે, રાજકારણ માટે એક રીડર છે, અને એક અધ્યાપકની જગ્યા પૂરવાની બાકી છે. સમાજવિજ્ઞાન માટે એક રીડર છે, તથા આંકડા-શાસ્ત્ર માટે પણ એક રીડર છે.

૩. સામાન્ય રીતે અધ્યાપકોને અઠવાડિયામાં રોજ એકથી બે (એક એક કલાકના) 'પીરિયડ' જેટલું કામ હોય છે. ભવનના અધ્યાપનના કામને માટે આ જોગવાઈ પૂરતી અને સંતોષકારક રીતે રહે છે. બહારના કોઈ માન્ય અધ્યાપકને મદદમાં બોલાવવાની સામાન્યપણે જરૂર રહેતી નથી. [આમાં મજૂરકલ્યાણ અંગેનો અપવાદ ગણાય કે જેમાં ચારેક અધ્યાપકોને 'વિઝિટિંગ વ્યાખ્યાતાઓ' તરીકે ચાલુ વર્ષમાં (૧૯૬૨-૬૩માં) બોલાવવામાં આવ્યા હતા.]

૪. અમને જણાવવામાં આવ્યું કે, જુદા જુદા વિષયોના નિષ્ણાતોને જો શિક્ષણના કામમાં તેમના ખાસ અભ્યાસ અંગે વ્યાખ્યાન, પરિસંવાદ ઇત્યાદિ માટે બોલાવી શકાય તો શિક્ષણને વધુ સમૃદ્ધ અને સભર કરી શકાય, પરંતુ યુનિવર્સિટીની સૂચના તેમ નહિ કરવાની છે એવી છાપ ભવનના સંચાલકની હોય એમ અમે જોયું. આ બાબતની સૂચના જોતાં જણાયું કે, સામાન્ય વર્ગશિક્ષણ તથા સ્વાધ્યાય વગેરેને માટે ઉપરની સૂચના લાગુ પડે છે, પણ શિક્ષણને વધુ સમૃદ્ધ કરવાને વાસ્તે તે તે વિષયના ખાસ અભ્યાસીઓને વિશેષ ચર્ચા, વસ્તુનિરૂપણ વગેરેને માટે બોલાવવાની તેમાં મના નથી, એ તરફ અમે ધ્યાન દોર્યું હતું.

૫. 'પીએચ.ડી.'ના સંશોધનનું માર્ગદર્શન કરવાને માટે 'ગાઇડ' તરીકે અર્થશાસ્ત્રમાં પ્રોફેસર શિનોય અને સમાજવિજ્ઞાનમાં પ્રોફેસર તારાબહેન પટેલ માન્ય થયેલાં છે. રાજકારણ અને આંકડાશાસ્ત્ર માટે માન્ય 'ગાઇડ' ભવનના સ્ટાફ પર અત્યારે કોઈ નથી. સામાન્ય રીતે, યુનિવર્સિટી ભવનના રીડર કક્ષાએ નિમાયેલા અધ્યાપકને આવી માન્યતા આપોઆપ મળે એવો નિયમ હોવો જોઈએ એવી લાગણી હોય એમ ભવનના સ્ટાફની જોડેની અમારી ચર્ચામાંથી અમને જોવાને મળ્યું. આ વસ્તુ, અમારું અગાઉ જે ત્રિવાર્ષિક નિરીક્ષણ થયું હતું તેમાં પણ નોંધાયેલી છે. આ વિષયમાં યુનિવર્સિટીના અનુસ્નાતક અધ્યાપક તરીકેની માન્યતા આપવાનો જે નિયમ છે તે સામાન્યપણે આખી યુનિવર્સિટીને સમાન ધોરણે નિરપવાદ લાગુ પાડવામાં આવ્યો છે એમ અમે જણાવ્યું. અમને એ પણ કહેવામાં આવ્યું કે, ભવનમાં કેટલાક રીડર એવા છે કે જે બીજી યુનિવર્સિટીઓમાં પીએચ.ડી.ના પરીક્ષક તરીકે પાત્ર ગણાય છે, પરંતુ આપણે ત્યાં 'ગાઇડ' તરીકે માન્ય નથી કરી શકાતા. અમને એમ પણ કહેવામાં આવ્યું કે, આવા રીડરોના વિદ્યાર્થીઓ બીજી યુનિવર્સિટીઓમાં 'ગાઇડ' તરીકે કામ કરે છે. આ ઉપરથી અમે જોયું કે, રીડરોની માન્યતા વિષેની આ બાબત ભવનમાં સારી પેઠે ઘોળાયા કરે છે. અમે એમનું ધ્યાન નિયમના એ ભાગ તરફ ખેંચ્યું કે જ્યાં આગળ એમ કહ્યું છે કે, 'ગાઇડ'ની લાયકાત માટે સામાન્ય નિયમોમાંથી કાંઈક છૂટતું હોય તેમ છતાં જો વ્યક્તિની ખાસ કામગીરી અને સંશોધન-શક્તિ જણાય તો અપવાદ કરી શકાય છે.

૬. ભવનમાં કામ કરતા શિક્ષકો પોતે પીએચ.ડી. થવા માગતા હોય, પણ આપણી યુનિવર્સિટીમાં તેમના વિષયને માટે માન્ય 'ગાઇડ' હયાત ન હોય તો મુશ્કેલી પડે છે અને પીએચ.ડી.નો અભ્યાસ કરી શકાતો નથી. આવી સ્થિતિમાં યુનિવર્સિટી બહારના ક્ષેત્રમાંથી પણ ત્યાંના માન્ય 'ગાઇડ' હોય તેમનો સંસર્ગ સાધીને યુનિવર્સિટીના અધ્યાપકો પોતાનું પીએચ.ડી. કામ કરી શકે છે તે નિયમ તરફ અમે ધ્યાન દોર્યું હતું. તેના જવાબમાં અમને એવી મુશ્કેલી બતાવવામાં આવી કે, આવા શિક્ષકો પોતાને ત્યાંના જ વિદ્યાર્થીઓને માટે રોકાઈ રહેલા હોય છે તથા ભાગ્યે જ બહારનું કામ લેવા તત્પર થાય છે. આ સંજોગોમાં શું કરવું તે સવાલ જરૂર ઊભો થાય છે. આવા વ્યક્તિગત કેસ હોય તેમણે પોતાની વિશિષ્ટ સ્થિતિ બતાવીને યુનિવર્સિટી પાસે રાહત માગવી જોઈએ એ જ માર્ગ બાકી રહે છે. આ પ્રશ્ન અમે સિન્ડિકેટના ધ્યાન પર લાવીએ છીએ.

૭. અમને જણાવવામાં આવ્યું કે, આંકડાશાસ્ત્રનો વિભાગ આવતા વર્ષથી ગણિતવિદ્યા ભવનના ભાગ તરીકે આ ભવનમાંથી તે ભવનમાં લઈ જવામાં આવશે. આજે સમાજવિદ્યાઓનું ખેડાણ, સંશોધન વગેરે જે રીતે થાય છે તે જોતાં, આંકડાશાસ્ત્ર આ ભવનનો પણ એક મહત્ત્વનો ભાગ છે તેમાં શંકા નથી. એમ કહીએ તો ચાલે કે 'એપ્લાઇડ' આંકડાશાસ્ત્રનો વિભાગ સામાન્ય રીતે આ ભવનમાં જરૂરનો ગણાય, જોકે એક વિદ્યા તરીકે તે ગણિતવિદ્યાનો ભાગ છે તેમાં શંકા નથી. ભવનમાં સંશોધન વગેરેનું કામ થાય તેમાં અમુક કક્ષાએ અમુક આંકડાશાસ્ત્રનું કામ અને તેની જરૂરિયાત ઊભાં થાય જ છે. આ સગવડ ભવન પાસેથી જઈ, તેના ભાગ તરીકે ન રહે તો, બીજું કાંઈ નહિ તોપણ કામમાં વિલંબ તો પડે જ. સંશોધન અંગે આવા વખતે તે તે અધ્યાપકોએ અવાર-નવાર મળીને પણ કામ કરવાનું જરૂરી બને છે. આંકડાશાસ્ત્રનો વિભાગ જુદા ભવનની વ્યવસ્થામાં જાય તો આવાં કારણોથી અમને મુશ્કેલિયત પડશે એ પ્રકારની રજૂઆત ભવનના સ્ટાફે અમારી આગળ કરી હતી. અમને લાગે છે કે, અમુક જાતની તકલીફ જરૂર અહીં બતાવી શકાય, પરંતુ ગણિત ભવન પણ યુનિવર્સિટી 'કૅમ્પસ' પર સાથે જ છે, તેથી એમાં કાંઈક ઘટાડો થતો માનવો જોઈએ. એટલે એમ કરવું રહ્યું કે, આંકડાશાસ્ત્રને અંગે ગણિત ભવન અને સમાજવિદ્યા ભવન, કોઈક રીતે, ભેગાં મળીને વ્યવસ્થા કરી લે એવો બંદોબસ્ત વિધિસર થવો જોઈએ. અમારી ભલામણ છે કે, આ બાબતમાં જે તકલીફ ભવન તરફથી અમને વર્ણવી બતાવવામાં આવી તે અંગે નવી ગોઠવણો થાય ત્યારે કોઈક સમાધાનકારક રસ્તો યોજવો જોઈએ.

૮. ભવનના કામકાજમાં અધ્યાપન ઉપરાંત, મહત્ત્વનું કામ સંશોધનની પ્રવૃત્તિ ગણાય છે, અને ભવન સામાન્ય શિક્ષણના કામ ઉપરાંત, સંશોધનમાં પણ યોજનાપૂર્વક કામ કરે એ આવશ્યક અને તેના માટે શોભારૂપ પણ મનાય છે. આ બાબતમાં પણ અમે ભવનના અધ્યક્ષ તથા સ્ટાફ જોડે લંબાણથી ચર્ચા કરી હતી. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા નિરીક્ષણમાં પણ આ વિષે અમે સામાન્યપણે કેટલીક બાબતો નોંધી છે કે જે અહીં પણ લાગુ પડે છે. ભવનમાં અત્યારે સંશોધન અંગે જે કામકાજ ચાલે છે તેનો અધ્યાપકવાર અહેવાલ અમને મળ્યો છે તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨* તરીકે) અમે જોડી આપ્યો છે. આ કામ દરેક અધ્યાપક પોતાની અંગત રુચિ અને ઇચ્છા પ્રમાણે અંગીકાર કરે છે અને તે પોતાની રીતે આગળ ચલાવે છે. ભવન તરફથી અને સમગ્ર રૂપે કરવાના કામ તરીકે કોઈ યોજનાબદ્ધ સંશોધન-કાર્યક્રમ હોતો નથી. આજે આપણા દેશની યુનિવર્સિટીઓમાં સંશોધનનું કામ આ ઢબે જ મુખ્યત્વે ચાલે છે.

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા રિપોર્ટમાં સંશોધનકાર્યને ત્રણ ભાગમાં અમે વહેંચી બતાવ્યું છે તે અહીં ફરીથી લખવાની જરૂર નથી. આ ભવનના અધ્યક્ષે બીજા દૃષ્ટિબિંદુથી સંશોધન કાર્યને નીચેની ત્રણ રીતોમાં વહેંચી શકાય એવું અમારી આગળ જણાવ્યું:

(૧) કોઈ પણ મુદ્દાનું, તપાસ કે સરવેની દૃષ્ટિએ કરાતું તપાસકાર્યનો ઢબનું સંશોધન;
(૨) મુખ્યત્વે ગ્રંથાલયની મદદથી દસ્તાવેજી આધારે અભ્યાસ કરીને રજૂ થતું પ્રબંધની ઢબનું સંશોધનકાર્ય; અને
(૩) કોઈ વિદ્યાના પ્રશ્નનું મૌલિક સંશોધન.

આ વર્ગીકરણ નોંધપાત્ર છે. પહેલા પ્રકારનું કામ ભવનમાં 'ટીમ વર્ક' તરીકે અને આયોજનપૂર્વક ઉપાડી શકાય એવું છે. કાંઈક અંશે બીજા પ્રકારનું કામ પણ એ ઢબે યોજવાનું શક્ય હોય. ત્રીજા

પ્રકારનું કામ એવું છે કે, જ્યાં સંશોધનની અંગત કામગીરી પ્રસ્તુત બને છે, એટલે અમે ભવનના અધ્યક્ષને એમ સૂચવ્યું કે, ભવન અધ્યાપન ઉપરાંત સંશોધનની પણ સંસ્થા છે, તથા અધ્યાપકો પાસે રોજ એકબે સમયના અધ્યાપનકામ પછી અભ્યાસ તથા સંશોધન માટે નવરાશ પણ હોય છે. એટલે ભવને એક સંશોધન સંસ્થા તરીકે સંશોધન માટે વ્યવસ્થિત કાર્યક્રમ પણ યોજવા જોઈએ. ભવનના અધ્યક્ષે આ વસ્તુ વિચારવા જેવી છે એમ કહીને જણાવ્યું કે, આ અંગે આગળ ઘટતી યોજના કરીશું.

૯. ભવનની જુદી જુદી વિદ્યાશાખાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે તેના ૧૯૬૦, ૧૯૬૧ અને ૧૯૬૨ના ત્રણ વર્ષના ક્રમિક કોઠા આ સાથે (પરિશિષ્ટ ૩માં)* આપ્યા છે તે જોતાં જણાય છે. ૧૯૬૦-૬૧માં જુનિયર-સીનિયર એમ.એ. થઈને કુલ ૧૫૮, ૧૯૬૧-૬૨માં ૨૫૧ અને ૧૯૬૨-૬૩માં ૨૭૦ વિદ્યાર્થીઓની સંખ્યા જોવા મળે છે; અને પીએચ.ડી.માં ૧૯૬૦-૬૧માં ૨, અને ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩માં ૪ વિદ્યાર્થીઓ હતા, એમ જણાય છે. અમદાવાદમાં કામ કરતાં આ વિષયો અંગેનાં અનુસ્તાનક કેન્દ્રો કયાં કયાં અને કેટલાં છે તથા તેમાં કેટલી સંખ્યા તેનો લાભ લે છે, તે માહિતી અમે મેળવી શકયા નથી. પણ કેટલાક વિષયોમાં આ ભવન જ આખી યુનિવર્સિટીમાં કામ કરતું હોય એમ જણાય છે. 'યુનિવર્સિટીના ભવન તથા તેમને મળતું કામ કરતાં' બહારનાં કેન્દ્રો વચ્ચે અમુક પ્રકારનો સંબંધ જોડાય એ વિષે અમે ગુજરાતી ભવનના નિરીક્ષણના અમારા રિપોર્ટમાં કયાંક ચર્ચા કરી છે તે અહીં બેવડાવતા નથી. ત્યાં કરેલું સૂચન અહીં પણ રજૂ કરીએ છીએ.

૧૦. પરીક્ષાનાં પરિણામો બતાવતો કોઠો, અમને જે મળ્યો તે, આ સાથે અલગ (પરિશિષ્ટ ૪ તરીકે)* જોડયો છે. તેમાં ત્રણેય વર્ષોનાં પરિણામ આપવામાં આવેલાં છે. ત્રણેય વર્ષ, દર વર્ષે ૭૦ ટકા ઉપર પરિણામ આવેલું જોવા મળે છે. સિવાય કે, ૧૯૬૧માં, D.L.V. પરીક્ષામાં, તે કાંઈક ઓછું છે. પરિણામ જોતાં એ પણ ધ્યાનમાં આવે છે કે, એમ.એસસી. આંકડાશાસ્ત્ર સિવાય બીજી પરીક્ષાઓમાં ત્રણે વર્ષમાં કોઈ પહેલા વર્ગમાં આવ્યું નથી. બીજા વર્ગમાં ૧૯૬૦-૬૧માં ૨૫ ટકા જેટલું પરિણામ છે, જ્યારે ત્રીજા વર્ગમાં (૧૯૬૨માં) તેના ટકા ૧૬-૧૭ જેટલા છે.

૧૧. ભવનના વિદ્યાર્થીઓનું વિદ્યાર્થીમંડળ ચાલે છે, તથા તેની ઇતર પ્રવૃત્તિઓમાં તેનું (અને અમદાવાદની અન્ય કૉલેજોનું પણ) "પ્લાનિંગ ફોરમ" ચાલે છે. વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓમાં રમતગમતો, વાર્ષિક દિન સંમેલન વગેરે જોવામાં આવે છે. શરૂમાં જણાવ્યું તેમ અમે વિદ્યાર્થીઓને મળી શકયા નહોતા, એટલે એ વિષે કાંઈ વધુ જણાવી શકાએ તેમ નથી.

૧૨. ભવનને માટે છાત્રાલયની વ્યવસ્થા યુનિવર્સિટીના છાત્રાલયમાં થયેલાં છે. ભવનના વિદ્યાર્થીઓ તેનો ઠીક ઠીક લાભ લેતા જણાય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સંખ્યા જુનિયર-સીનિયર મળીને ૧૯૬૦-૬૧માં (૨૩+૫૧) ૭૪, ૧૯૬૧-૬૨માં (૩૨+૩૫) ૬૭ અને ૧૯૬૨-૬૩માં (૩૩+૩૮) ૭૧ હતી.

૧૩. પીએચ.ડી. માટે ૪ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, તેમાંના ૨ અર્થશાસ્ત્ર અને ૨ સમાજશાસ્ત્રમાં કામ કરે છે. અર્થશાસ્ત્રના બેમાંથી એક વિદ્યાર્થીએ પોતાનો પ્રબંધ પૂરો કરીને આ વર્ષે પરીક્ષા માટે સોંપ્યો છે, અને બીજા વિદ્યાર્થીનો પ્રબંધ લગભગ પૂરો થવા આવ્યો છે. આ બે વિદ્યાર્થીઓ ૧૯૬૦-૬૧થી ચાલુ થયા છે. સમાજવિજ્ઞાનની અંદર ગયા વર્ષે ત્રણ વિદ્યાર્થીઓ હતા, તેમાંથી આ વર્ષે બે ચાલુ છે.

પીએચ.ડી. માટેના વિદ્યાર્થીઓની સંખ્યા અંગે અમે ભવનના અધ્યક્ષ સાથે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, અર્થશાસ્ત્ર માટે માર્ગદર્શક તરીકે જેઓ મારી પાસે આવે છે તેમની હું અમુક

ધોરણની કસોટી લઉં છું અને તેમાં જો મને કામચલાઉ સંતોષ થાય કે જેથી પીએચ.ડી.નું ધોરણ સચવાઈ રહે તો તે હિસાબે તેને દોરવણી આપવાનું કામ માથે લઉં છું. તે મુજબ કામ કરતાં મેં બેને લીધેલા છે. કસોટીમાંથી પસાર ન થાય તો હું સામાન્યપણે લેતો નથી. સંખ્યાની બાબતમાં આ પ્રમાણે અમને તેમણે પોતાના વિષય અંગે જણાવ્યું. સમાજવિદ્યામાં ત્રણમાંથી એક ઓછો કેમ થયો તેનું કારણ એવું જાણવા મળ્યું કે, એક સત્ર દરમિયાન તેનું કામ આગળ ચાલતું ન લાગ્યું તેથી યુનિવર્સિટીમાં નવા વરસે તેની ફી લેવામાં આવી નહિ, અને એ રીતે વિદ્યાર્થી કમી થયેલો છે.

યુનિવર્સિટીની પીએચ.ડી. પરીક્ષા બને તેટલા ઉત્તમ ધોરણે અને ઉત્કૃષ્ટ કક્ષાએ રહે એ જાળવવું જોઈએ. ઉપર સંશોધન અંગેની ત્રણ રીતો અમે નોંધી છે તેમાંની અમુક તપાસકામ લઈને કરવામાં આવતા સંશોધનની રીતને પીએચ.ડી. જેવા લેવલ માટે પૂરતી ગણાય કે કેમ એવો સવાલ પ્રમાણિકપણે કેટલાક વિદ્વાનો સેવે છે. અર્થશાસ્ત્રના વિષયમાં તો આ જાતનું સંશોધન પ્રાથમિક કક્ષાનું જ ગણાય, કે જે આદરપાત્ર સંશોધનો માટે તેની તૈયારીરૂપે કરવાનું હોય. આ દૃષ્ટિએ જોતાં, બનવાજોગ છે કે, 'ગાઈડ'ની આ વિષેની પોતાની જેવી કસોટી હોય તે પ્રમાણે વર્તે. આથી કરીને, કદાચ અર્થશાસ્ત્રમાં પ્રો. શિનોયને બે વિદ્યાર્થીઓ જ મળી શકયા હોય એવું બને.

સમાજશાસ્ત્રમાં એક વિદ્યાર્થી કમી થયો તેના કારણ વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. એ કક્ષાએ કામ કરતો વિદ્યાર્થી, કૉલેજમાં ભણતો વિદ્યાર્થી, વિદ્યાર્થીની પેઠે, પોતાના સંજોગોવશાત્ એકધારું કામ ન કરી શકે. યુનિવર્સિટી તેમને ચારથી પાંચ વર્ષનો ગાળો એ દૃષ્ટિએ આપે છે, કે જે વીત્યા પછી પણ કામ ન પરવારે તો તેવાઓએ ફરીથી નોંધાવું પડે. એટલે ઉપર જણાવેલા કારણે, કોઈ વિદ્યાર્થીને ફી ભરતો રોકવામાં આવે, એ ઠીક? એવો સવાલ, અમે તેમની આગળ વિચારવા માટે મૂકયો હતો.

૧૪. શિક્ષણની પદ્ધતિ બાબતમાં અમને જાણવા મળ્યું છે કે, દર વર્ષે, સત્રમાં થયેલા કામકાજને અંતે સત્રાંતમાં અને વાર્ષિક પરીક્ષાઓ લેવાય છે, તે ઉપરાંત 'ટ્યુટોરિયલ', સેમિનાર વગેરે દરેક વિષયમાં યોજવામાં આવે છે.

૧૫. અધ્યાપકોના વિષયો તરફ જોતાં જણાયું કે, ઇતિહાસના અનુસ્નાતક અભ્યાસને માટે ભવનમાં જોગવાઈ આપી શકાતી નથી. પરિણામે, ઇતિહાસનું કેન્દ્ર અહીં ચાલતું નથી. અમે આ વિષે ભવનના સ્ટાફ જોડે ચર્ચા કરી હતી. આવું કેન્દ્ર, અને તે પણ ઇતિહાસ જેવા પાયાના મહત્ત્વના અભ્યાસના વિષયને માટે ન હોય, એ એક ઊણપ લાગે. હવે પછી ઇતિહાસના અધ્યાપક નિમાશે, એટલે અમે માનીએ છીએ કે આ ઊણપ દૂર કરવાની જોગવાઈ થઈ શકશે.

તા. ૩૦મી માર્ચ, ૧૯૬૩.

લિ.

ડોલરરાય માંકડ
મગનભાઈ દેસાઈ.

* પરિશિષ્ટો સામેલ નથી.

ભાષા-સાહિત્ય ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૧૫-૧-૧૯૬૩ના આપના પત્રાંક સિં./ટ્રાયે. ૧૯૫૧ મુજબ અમે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણને માટે તા. ૮-૬-૧૯૬૩ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે ગયા હતા. ભવનના વિદ્યાર્થીઓને મળવાને અને તેમની જોડે વાતચીત કરવાને માટે તા. ૯મીએ બીજે દિવસે એક કલાક વધુ ગયા હતા; જે દરમિયાન વિદ્યાર્થીઓએ ભવનના તેમના અભ્યાસ અંગે વિગતે પ્રશ્નોત્તરી કરી હતી. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી. કેટલીક બીજી, અમે માગી તે બધી, તે બાદ અમને પહોંચતી કરી હતી. એ માટે તથા સ્ટાફના અધ્યાપકગણને માટે તથા વિદ્યાર્થીઓને મળવાની અને તેમની જોડે ચર્ચા કરવાની સવડ પણ અમને આપી, તે માટે આભારી છીએ. એ બધા પરથી અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ:

૧. ભવનનું સંચાલન યુનિવર્સિટી પોતે તેના સંચાલકશ્રી મારફતે કરે છે. મકાનની તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ કરી છે તે સારી પેઠે પૂરતી છે. મકાનનો અમુક ભાગ અત્યારે વિજ્ઞાન વિદ્યાભવન વાપરે છે, તે ભવન જ્યારે પોતાના અલાયદા મકાનમાં જશે, ત્યારે એ જગા ખાલી થશે. ભાષા-ભવનમાં ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, ફારસી ઇત્યાદિ કેટલીક ભાષાઓના અભ્યાસને માટે હવે પછી ઉમેરો થશે, એવી યોજના છે, તો ખાલી થતું મકાન તેને માટે ખપમાં આવી શકશે. ગ્રંથાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને જરૂરી બધી રીતે મળી શકે તે માટે યુનિવર્સિટીનો ગ્રંથાલય વિભાગ ધ્યાન રાખે છે અને તેને સારુ ઘટતી વ્યવસ્થા આપે છે. તેમાં જે ઘટે તે રીતે સુધારોવધારો થતો રહેશે તેથી ગ્રંથાલયની સવડ વિષે કાંઈ ચિંતા નહિ રહે એમ અમે જોયું.

૨. અનુસ્નાતક અધ્યાપન તથા સંશોધનને માટે ભવનમાં હાલ ગુજરાતી (મુખ્ય અને ગૌણ) તથા ભાષાવિજ્ઞાન (ગૌણ)—એમ બે વિષયોના (એમ.એ. વર્ગના) શિક્ષણની જોગવાઈ છે, તથા સંશોધન અર્થે કામકાજ ચાલે છે જેને માટે ભવનના સંચાલક શ્રી. ઉમાશંકર તથા ભાષાવિજ્ઞાનના રીડર પ્રોફેસર પંડિત—બંને 'ગાઇડ' તરીકે માન્ય થયેલા છે. તેમની મદદમાં શિક્ષણ-સંશોધન અર્થે બીજો જે સ્ટાફ છે તે તથા તેમના કામકાજને વિષે ભવનના અધ્યક્ષે અમને જે વિગતવાર નોંધ આપી છે તે આની સાથે (પરિશિષ્ટ ૧ તરીકે) * જોડી છે; તેમાંથી આ વિષેની માહિતી મળી રહેશે.

૩. એ માહિતીમાંથી જણાશે કે અધ્યાપકો એમ.એ. ના અધ્યાપન પેટે અઠવાડિયે ચાર-પાંચ સમય લે છે. આથી શિક્ષણકાર્યને સંભાળી લેવામાં બહારના અધ્યાપકોની મદદની જરૂર સામાન્યપણે રહેતી

નથી. કોઈ વિશેષ પ્રસંગ કે ચર્ચા યા પરિસંવાદની દૃષ્ટિએ બહારની વ્યક્તિઓને બોલાવાય તે જુદી વાત. બાકીનો સમય અધ્યાપકો પોતાના અભ્યાસ તથા સંશોધન અને તેના માર્ગદર્શનના કાર્યમાં આપે છે. તે અંગે હાલમાં જે ચાલે છે તે વર્ણવતી નોંધ ભવનના સંચાલકે આપી, તે પણ સાથેના પરિશિષ્ટ ૧ માં * મળે છે.

૪. ભવનમાં થતા કામકાજને અમે ઉપર બે ભાગમાં વર્ણવ્યું છે : (૧) એમ.એ. વર્ગનું અધ્યાપન વર્ગ કાર્ય, અને (૨) ભવન તથા તેમાં કામ કરતા અધ્યાપકોનું સંશોધન અને પીએચ.ડી.નું માર્ગદર્શન કાર્ય — એમાં સંશોધન અંગે અમે બે ભાગમાં વિચાર કરીએ છીએ : (૧) ભવન તરફથી સમન્વિતરૂપે વિચારેલ કાર્ય, અને (૨) અધ્યાપકો પોતાની રુચિ અને ઇચ્છા મુજબ અંગતરૂપે અંગિકાર કરે તે કાર્ય. આ બેમાંના પહેલા પ્રકારમાં બે જાતનું કામ પણ ગણી લેવું જોઈએ, કે જે યુનિવર્સિટીને બહારથી સોંપાતું હોય અને જે ભવન દ્વારા કરવા માટે લેવામાં આવ્યું હોય જેમ કે, ભારત સરકારના કેળવણી ખાતાએ ગુજરાતી ભાષાની 'મોર્ફિમ' અને 'ફોનિમ' ફરીતા (ફિકવન્સી) અંગે ભારવેલું કામ અથવા સાહિત્ય અકાદમીનો રાષ્ટ્રીય 'ગ્રંથસૂચિ'ના ગુજરાતી વિભાગનું કામ ભવન તરીકે તેણે પોતે આપણા પ્રાચીન કાવ્ય-ગ્રંથોનું સંપાદનકામ કેટલાંક વર્ષથી હાથ ધર્યું છે. તેમાંનું 'દશમસ્કંધ' કામ ગઈ ત્રિવર્ષીથી ચાલુ છે. આ ત્રિવર્ષીમાં, તેમાં 'અષ્ટગીતા'નું સંપાદન ઉમેરાયું છે. આ બે ગ્રંથોના સંપાદન વિષે માહિતી આપતી અલગ નોંધ ભવનના અધ્યક્ષ પાસેથી મળી તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨ તરીકે)* જોડી છે.

૫. ઉપર જણાવ્યું તેમ ભવનના સંશોધનકાર્યને નીચેના ત્રણ ભાગમાં વહેંચીને તપાસી શકાય :

(૧) પીએચ.ડી.ના વિદ્યાર્થીનું સંશોધન — તેનું માર્ગદર્શન;
(૨) અધ્યાપકોએ અંગત અંગીકાર કરેલું; અને
(૩) ભવન તરફથી આયોજન કરીને આદરવામાં આવતું સંપાદક-સંશોધનકાર્ય.

આમાંનું ત્રીજું કાર્ય મહત્ત્વનું છે. અને તે એ રીતે કે, તે દ્વારા ગુજરાતી પ્રજાની ભાષા, સાહિત્ય વગેરે ક્ષેત્રે સેવાનાં કામો, તેની એક સંસ્થા તરીકે યુનિવર્સિટી ઉપાડીને કરી શકે. અધ્યાપનના કામ ઉપરાંતના આ સંશોધનકાર્ય વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ઠીક ઠીક ચર્ચા કરી હતી. તેથી અમને સંતોષ થયો કે ઉપરની દૃષ્ટિ તેમને ગમી અને તે બોરણે ભવનનું આગામી કામકાજ યોજવા પ્રયત્ન થશે. એ બાબતમાં અમારી જોડે તેમણે વિચારણા પણ કરી હતી. તેને અંગે તેમણે જે એક યોજના વિચારી તે અમારી માગણી પરથી તેમણે એક નોંધરૂપે અમને આપી છે, તે (પરિશિષ્ટ ૩ તરીકે) * જોડી છે, તેમાં તેમણે સૂચવેલાં કામો તથા તેના ખર્ચ વિષે ઘટતું કરવા અમારી ભલામણ છે.

આમ સંશોધન અને સંપાદનકાર્ય યોજાય તો ભાષાના અધ્યાપન કામકાજ પૂરતું જ જોતાં જે નવરાશ લાગવા સંભવ છે તે યુનિવર્સિટી ભવનના બીજા અને મહત્ત્વના એવા સંશોધનકાર્યમાં લેખે લાગશે એટલું જ નહિ, પણ ભવનને શોભારૂપ નીવડશે એમ અમો મનીએ છીએ.

૬. ભવનમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લાં ત્રણ વર્ષમાં કેવી હતી તે બતાવતું તારણ આની જોડે (પરિશિષ્ટ ૪ તરીકે)* આપ્યું છે. તે ઉપરથી જણાશે કે આ વર્ષે (૧૯૬૨-૬૩) ભવનમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ છે, જેનો ફોડ એમ છે કે, તેમાંના ૫૦ એમ.એ.ના મુખ્ય વિષય તરીકે અને

૫૫ ગૌણ વિષય તરીકે, તથા ૩ પીએચ.ડી. માટે ભણે છે. અગાઉનાં ત્રણ વર્ષની સંખ્યા સાથે જોતાં ગયા વર્ષ અગાઉ તે વધારે હતી. એ વર્ષથી તે ૧૦૭-૮ જેટલી સ્થિર ચાલે છે.

ભવનમાં વિદ્યાર્થી-સંખ્યાની બાબતમાં એક વસ્તુ ધ્યાનમાં લેવી જોઈએ કે, યુનિવર્સિટી વિસ્તારમાં અમદાવાદ બહાર ગુજરાતીનાં અનુસ્નાતક કેન્દ્રો બીજાં આઠ ચાલે છે, જેમાં લગભગ ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે એવી માહિતી જાણવા મળી. ભવનનો સમય રોજ અને કામકાજના સામાન્ય રીતના બપોરના કલાકોનો હોય છે. કેન્દ્રોનો સામાન્ય સમય અઠવાડિયામાં શનિ-રવિવારે હોય છે. આથી વિદ્યાર્થીઓ પોતપોતાની અનુકૂળતા મુજબ સવડભર્યા કેન્દ્રમાં કે ભવનમાં જોડાય છે. એમ.એ. ગુજરાતી અભ્યાસને માટે કેન્દ્રની અને ભવનની એમ બન્ને પ્રકારની વ્યવસ્થા યુનિવર્સિટી ચલાવે છે. તેમનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો ગણાય એમ અમને ભવનનું નિરીક્ષણ કરતાં લાગ્યું. ભવનની પેઠે કેન્દ્રનું નિરીક્ષણ થાય છે કે કેમ તે અમને ખબર નથી. જો ન થતું હોય તો તે સિન્ડિકેટે કરાવવું જોઈએ એવી અમારી ભલામણ છે, જેથી બે પ્રકારના ગુણદોષ તપાસીને અરસપરસ સુધારણા કરવા માટે મદદરૂપ વિચારબિન્દુઓ અને સૂચનો મળી શકે.

૭ ભવનના વિદ્યાર્થીઓ સાથેની અમારી વાતચીતમાં એકબે સૂચનો અમને મળ્યાં હતાં કે જે આમ તો નવાં નથી, છતાં નોંધપાત્ર લાગે છે. ઘેરથી અભ્યાસ કરીને બારોબાર બેસાય તેવું 'એક્સ્ટર્નલ' એમ.એ. હોય તો કેમ? અને જો ભવનના કામકાજનો સમય સવારનો હોય તો સારું. આની અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. બી.એ. એક્સ્ટર્નલ છે તેથી આગળ ન જવું, એવો અમારો મત છે. અને સવારનો સમય ભવનનું કામ સાંગોપાંગ રીતે કરવાને માટે ઓછો પડે એમ બતાવવામાં આવ્યું. અમને એ બરોબર લાગે છે.

૮. શિક્ષણની પદ્ધતિ અંગે અમને કહેવામાં આવ્યું કે, આ વર્ષે સત્રમાં થયેલા કામની કસોટી રૂપે, સત્રાંત પરીક્ષા લેવામાં આવી હતી તથા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સ્વાધ્યાયની વ્યવસ્થા કરવામાં આવી છે. એક એવો વિચાર પણ અમે ચર્ચ્યો હતો કે બી.એ.થી અગળ વધી એમ.એ.માં પણ ત્રીસેક ગુણનું કામ ભવનના આંતરિક પરીક્ષણ પેઠે કરી શકાય તો કેવું? આ સૂચન સ્વીકારાય તો ભવનનો અભ્યાસક્રમ વધારે સમયનો અને સંગીન યોજવો ઘટે, એ ફાયદો ગણાય. બીજી તરફ જોતાં, તે કેટલું સફળ કહી શકાય, તે પ્રયોગ કરી જોયે જણાય. કેન્દ્રોમાં જ્યાં કેવળ એકબે દિવસ અને તે કેવળ વ્યાખ્યાન પૂરતું જ કામ થાય છે ત્યાં આવું આંતરિક પરીક્ષણ કેમ ફાવે એ પણ જોવાનું રહે. તથા એમ.એ. જેવા ઉચ્ચ અભ્યાસના વિદ્યાર્થીઓને માટે આવી વ્યવસ્થા કરવી જરૂરી ખરી? એ સવાલ થાય. આ વિષે ચોક્કસ સૂચન કરી શકતા નથી.

૯. છેલ્લાં ત્રણ વર્ષોમાં ભવનના વિદ્યાર્થીઓની પરીક્ષાના પરિણામ બતાવતો કોઠો (પરિશિષ્ટ પ તરીકે)* આ સાથે જોડ્યો છે. પરિણામ વિષે એક નોંધપાત્ર વસ્તુ એ ધ્યાનમાં આવી કે ત્રણ વર્ષમાં કોઈ પ્રથમ વર્ષમાં પાસ થયું નથી. પાસ સંખ્યા લગભગ ૭૦ ટકા આસપાસ જેટલી છે.

૧૦. ભવનને છાત્રાલયની સવડ યુનિવર્સિટી છાત્રાલયમાં મળી રહે છે, પરંતુ બહુ ઓછા વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. એક પીએચ.ડી.નો વિદ્યાર્થી જ આ વર્ષે છાત્રાલયમાં રહે છે.

વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓ સંભાળવા માટે તેમનું વિધિસર મંડળ રચાતું નથી, પણ અમને જણાવવામાં આવ્યું કે આપોઆપ તેઓમાંથી એત્રણેક જણા એમના મુખી પેઠે કામ કરે એવું તેઓ યોજી લે છે. રમતગમત ઇત્યાદિ જેવી પ્રવૃત્તિઓ આ કક્ષાના વિદ્યાર્થીઓમાં ખાસ જામી શકતી નથી એમ લાગે છે. યુનિવર્સિટીનાં બધાં ભવનોના વિદ્યાર્થીઓનું એક મંડળ બની, તેમની કોઈ વિદ્યાર્થીપ્રવૃત્તિ યોજાતી જણાતી નથી.

૧૧. ભવનના સંચાલક જોડે એમ.એ.ના ચાલુ અભ્યાસક્રમ વિષે થોડી ચર્ચા નીકળી હતી. અમને લાગ્યું કે હવે શરૂ થતા ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના સંદર્ભમાં એમ.એ.ના અભ્યાસક્રમને સળંગ કરી વિચારવાનું આવશે. તથા આપણી મુખ્ય ભારતીય પ્રદેશ-ભાષાઓ અને તેમના સાહિત્ય વિષે સામાન્ય પરિચય એમ.એ. કક્ષાએ પહોંચતા વિદ્યાર્થીને મળે એ ઇષ્ટ અને આવશ્યક પણ કહેવાય. ભાષાની દૃષ્ટિએ તેમનો પરસ્પર તુલનાત્મક અભ્યાસ પણ તે તે ભાષાના યુનિવર્સિટી ભવનમાં થવો જોઈએ. આ વસ્તુને નવો અભ્યાસક્રમ વિચારતી વખતે ઘટતું સ્થાન આપવા જેવું લાગે છે. હવે પછી ગુજરાતી ઉપરાંત બીજી ભાષાઓને માટે પણ ભવનમાં જોગવાઈ થશે ત્યારે આવા અભ્યાસ માટે સારી સગવડ પણ થશે એમ કહેવાય.

યુનિવર્સિટીમાં આ વિષય ભણતા બધા વિદ્યાર્થીઓ (કેન્દ્રો અને ભવનમાં બધે) અને તેમના અધ્યાપકો માટે વર્ષમાં એકાદ વાર અને અનુકૂળ સમયે થોડા દિવસનો શિબિરક્રમ યોજાય તો કેમ એવી એક સૂચના હતી. આ એક પ્રયોગ કરી જોવા જેવું સૂચન છે. એ જ.

તા. ૨૦મી માર્ચ ૧૯૬૩.

લિ.

ડોલરરાય માંકડ,
મગનભાઈ દેસાઈ.

* પરિશિષ્ટો સામેલ નથી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

G.U.P. 784-350 11-64

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની એક ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-ખંડમાં શનિવાર, તા. ૧૭-૧૦-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી, અને રવિવાર, તા. ૧૮-૧૦-૧૯૬૪ના રોજ પણ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. સભાનું પ્રમુખસ્થાન બન્ને દિવસોએ, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૧૦-૧૯૬૪	તા. ૧૮-૧૦-૧૯૬૪
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૩.	શ્રી. ક. ચં. પરીખ, મહામાત્ર	હાજર	હાજર
૪.	શ્રી. વી. એચ. ભાનોટ (નાયબ શિક્ષણસંચાલક)	હાજર	ગેરહાજર
૫.	શ્રી. ટી. એ. દેસાઈ	હાજર	ગેરહાજર
૬.	ડૉ. ટી. બી. પટેલ	હાજર	હાજર
૭.	શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૮.	શ્રી. ઉમાશંકર જે. જોશી	હાજર	ગેરહાજર
૯.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૦.	આચાર્ય વાય. જી. નાયક	હાજર	હાજર
૧૧.	આચાર્ય એ. આર. રાવ	હાજર	હાજર
૧૨.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૧૩.	આચાર્ય એમ. એન. કોરગાંઉકર	હાજર	હાજર
૧૪.	આચાર્ય એન. એન. ભરૂચા	હાજર	હાજર
૧૫.	આચાર્ય એ. આર. દેસાઈ	હાજર	હાજર
૧૬.	ડૉ. ઈ. એમ. એસ્ટ	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૧૦-૧૯૬૪	તા. ૧૮-૧૦-૧૯૬૪
૧૭.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર
૧૮.	આચાર્ય વી. એ. વ્યાસ	હાજર	હાજર
૧૯.	આચાર્ય આર. એન. પંડ્યા	હાજર	હાજર
૨૦.	આચાર્ય સી. એસ. શાહ	હાજર	હાજર
૨૧.	આચાર્ય ટી. એમ. પરીખ	ગેરહાજર	હાજર
૨૨.	આચાર્ય પી. એસ. કલત્રયવાલા	હાજર	હાજર
૨૩.	આચાર્ય એચ. એસ. સંઘવી	હાજર	ગેરહાજર
૨૪.	આચાર્ય ય. પ્રા. શુક્લ	હાજર	હાજર
૨૫.	આચાર્ય કે. વી. દેસાઈ	હાજર	ગેરહાજર
૨૬.	આચાર્ય એસ. એમ. સેન	હાજર	હાજર
૨૭.	આચાર્ય એચ. એ. હકીમ	હાજર	હાજર
૨૮.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૨૯.	આચાર્ય જી. પી. ભટ્ટ	હાજર	ગેરહાજર
૩૦.	આચાર્ય જે. બી. સાવિડલ	હાજર	ગેરહાજર
૩૧.	આચાર્ય સી. એન. હકાણી	હાજર	ગેરહાજર
૩૨.	આચાર્ય કે. જી. નાયક	હાજર	હાજર
૩૩.	આચાર્ય આર. એલ. સંઘવી	હાજર	હાજર
૩૪.	આચાર્ય આર. ડી. મુનશી	હાજર	હાજર
૩૫.	આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર
૩૬.	આચાર્ય પી. જી. માવળંકર	હાજર	હાજર
૩૭.	આચાર્ય એલ. એન. ઠાકર	હાજર	હાજર
૩૮.	આચાર્ય વી. આર. રણદીવે	હાજર	હાજર
૩૯.	આચાર્ય એમ. એસ. શાહ	હાજર	હાજર
૪૦.	આચાર્ય પી. એમ. જની	હાજર	હાજર
૪૧.	આચાર્ય સી. જે. પટેલ	હાજર	હાજર
૪૨.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર
૪૩.	આચાર્ય આર. એમ. શુક્લ	હાજર	હાજર
૪૪.	આચાર્ય એ. જી. મુનશી	હાજર	હાજર
૪૫.	આચાર્ય આઈ. વી. ત્રિવેદી	હાજર	ગેરહાજર
૪૬.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર
૪૭.	આચાર્ય બી. કે. રાવળ	હાજર	હાજર
૪૮.	આચાર્ય આર. એસ. બેટાઈ	હાજર	હાજર
૪૯.	આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર
૫૦.	આચાર્ય એમ. કે. દેસાઈ	હાજર	હાજર
૫૧.	આચાર્ય આર. જી. ભટ્ટ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૧૦-૧૯૬૪	તા. ૧૮-૧૦-૧૯૬૪
૫૨.	આચાર્ય એ. વી. દેશી	હાજર	હાજર
૫૩.	આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર	હાજર
૫૪.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૫૫.	આચાર્ય વી. આર. કાપડિયા	હાજર	હાજર
૫૬.	આચાર્ય જી. સી. પટેલ	હાજર	ગેરહાજર
૫૭.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૫૮.	આચાર્ય સી. સી. શાહ	હાજર	ગેરહાજર
૫૯.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૬૦.	આચાર્ય કે. આર. દવે	હાજર	હાજર
૬૧.	આચાર્ય એચ. કે. બુખારી	હાજર	હાજર
૬૨.	આચાર્ય જે. જે. દેસાઈ	હાજર	હાજર
૬૩.	આચાર્ય વી. જી. ઉપાધ્યાય	હાજર	હાજર
૬૪.	આચાર્ય જે. એલ. દવે	હાજર	હાજર
૬૫.	આચાર્ય સી. એમ. મહેતા	હાજર	હાજર
૬૬.	આચાર્ય એમ. એન. તોલાની	હાજર	હાજર
૬૭.	આચાર્ય એન. એમ. પરીખ	હાજર	હાજર
૬૮.	આચાર્ય એમ. ડી. ત્રિવેદી	હાજર	હાજર
૬૯.	આચાર્ય પ્રિયમાળા જે. શાહ	હાજર	હાજર
૭૦.	આચાર્ય કે. એલ. દેસાઈ	હાજર	હાજર
૭૧.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૭૨.	આચાર્ય બી. પી. કોઠારી	હાજર	હાજર
૭૩.	આચાર્ય વી. એસ. રાવળ	હાજર	હાજર
૭૪.	ડૉ. એમ. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર
૭૫.	આચાર્ય આઈ. કે. દવે	હાજર	હાજર
૭૬.	આચાર્ય એમ. એલ. શાહ	હાજર	ગેરહાજર
૭૭.	આચાર્ય એન. એસ. યાજ્ઞિક	હાજર	હાજર
૭૮.	આચાર્ય એસ. વી. ત્રિવેદી	હાજર	હાજર
૭૯.	આચાર્ય એસ. એમ. નાગામિયા	હાજર	હાજર
૮૦.	આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	હાજર
૮૧.	આચાર્ય એસ. ટી. જેસલપુરા	હાજર	હાજર
૮૨.	આચાર્ય ડી. એસ. નેપી	હાજર	હાજર
૮૩.	આચાર્ય એ. એચ. આઈ. વોરા	હાજર	હાજર
૮૪.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર
૮૫.	આચાર્ય એચ. એમ. શુકલ	હાજર	હાજર
૮૬.	આચાર્ય જી. બી. પરીખ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૧૦-૧૯૬૪	તા. ૧૮-૧૦-૧૯૬૪
૮૭.	આચાર્ય એચ. જી. પંડિત	હાજર	હાજર
૮૮.	ડૉ. જે. ડી. પાઠક	હાજર	ગેરહાજર
૮૯.	આચાર્ય ડી. પી. જોષી	હાજર	હાજર
૯૦.	આચાર્ય આઈ. એમ. પટેલ	હાજર	હાજર
૯૧.	આચાર્ય સી. કે. ભટ્ટ	હાજર	હાજર
૯૨.	આચાર્ય જે. એસ. જેટલી	હાજર	હાજર
૯૩.	આચાર્ય કે. એન. શાહ	હાજર	હાજર
૯૪.	ડૉ. સૌદામિનીબહેન પંડ્યા	હાજર	ગેરહાજર
૯૫.	ડૉ. ટી. એન. દવે	હાજર	હાજર
૯૬.	શ્રી. બી. એન. ચૌધરી	હાજર	હાજર
૯૭.	શ્રી. આર. એમ. દવે	ગેરહાજર	હાજર
૯૮.	શ્રી. જી. બી. ઓઝા	હાજર	હાજર
૯૯.	શ્રી. ડી. એમ. શાહ	હાજર	હાજર
૧૦૦.	શ્રી. સી. કે. પટેલ	હાજર	હાજર
૧૦૧.	શ્રી. એમ. ડી. શુક્લ	હાજર	હાજર
૧૦૨.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૧૦૩.	શ્રી. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૦૪.	શ્રી. એન. પી. વ્યાસ	હાજર	હાજર
૧૦૫.	શ્રી. આર. એમ. ભટ્ટ	હાજર	હાજર
૧૦૬.	શ્રી. એચ. સી. શુક્લ	હાજર	હાજર
૧૦૭.	ડૉ. સી. એમ. દેસાઈ	હાજર	હાજર
૧૦૮.	શ્રી. એન. જી. પટેલ	હાજર	હાજર
૧૦૯.	ડૉ. એન. એમ. શાહ	હાજર	હાજર
૧૧૦.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર
૧૧૧.	શ્રી. આઈ. એ. મહેતા	હાજર	હાજર
૧૧૨.	ડૉ. બી. આર. સેજુ	હાજર	હાજર
૧૧૩.	શ્રી. સી. એચ. શાહ	હાજર	ગેરહાજર
૧૧૪.	ડૉ. એચ. જી. પંડ્યા	હાજર	હાજર
૧૧૫.	ડૉ. આર. એમ. પ'લ	હાજર	ગેરહાજર
૧૧૬.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૧૭.	શ્રી. ડી. સી. ત્રિવેદી	હાજર	ગેરહાજર
૧૧૮.	ડૉ. સી. જે. મોદી	હાજર	હાજર
૧૧૯.	ડૉ. એચ. એચ. શાહ	હાજર	હાજર
૧૨૦.	ડૉ. એન. સી. શાહ	હાજર	હાજર
૧૨૧.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭-૧૦-૧૯૬૪	તા. ૧૮-૧૦-૧૯૬૪
૧૨૨.	શ્રી. બી. એન. ઝાલભટ્ટ	હાજર	હાજર
૧૨૩.	શ્રી. સી. સી. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨૪.	ડૉ. એ. પી. શુકલ	હાજર	ગેરહાજર
૧૨૫.	શ્રી. સી. એમ. ભટ્ટ	હાજર	હાજર
૧૨૬.	શ્રી. બી. એ. ખ્લ્યૂ	હાજર	ગેરહાજર
૧૨૭.	શ્રી. બી. પી. વૈદ્ય	હાજર	હાજર
૧૨૮.	શ્રી. એમ. ટી. શુકલ	હાજર	ગેરહાજર
૧૨૯.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર	હાજર
૧૩૦.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૧૩૧.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર
૧૩૨.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૩૩.	શ્રી. એચ. એન. વ્યાસ	હાજર	હાજર
૧૩૪.	શ્રી. એન. એન. દલાલ	હાજર	હાજર
૧૩૫.	શ્રી. એ. કે. ઝવેરી	હાજર	ગેરહાજર
૧૩૬.	શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૩૭.	ડૉ. એસ. સી. કુસુમગર	હાજર	હાજર
૧૩૮.	શ્રી. સી. આર. પટેલ	હાજર	હાજર
૧૩૯.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	ગેરહાજર
૧૪૦.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૪૧.	શ્રી. આર. ટી. લેઉઆ	હાજર	ગેરહાજર
૧૪૨.	ડૉ. વી. કે. વાણી	હાજર	ગેરહાજર
૧૪૩.	શ્રી. જી. સી. ઓઝા	ગેરહાજર	હાજર
૧૪૪.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર	ગેરહાજર
૧૪૫.	શ્રી. બી. વી. શાહ	હાજર	ગેરહાજર
૧૪૬.	શ્રી. વી. સી. શાહ	હાજર	હાજર
૧૪૭.	શ્રી. એસ. યુ. ઉનિયા	હાજર	ગેરહાજર
૧૪૮.	શ્રી. વી. એમ. દ્વિવેદી	હાજર	હાજર.

૧. તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ના રોજ મળેલી સેનેટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ના રોજ મળેલી સેનેટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

તે પછી, યાદી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં, પ્રમુખસ્થાનેથી નીચેના બે શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

શોકદર્શક ઠરાવ નં. ૧

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ભારતના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના તા. ૨૭-૫-૧૯૬૪ના રોજ થયેલા અવસાનની નોંધ લેતાં અત્યંત દિલગીરી અને દુઃખની

લાગણી અનુભવે છે. પૂજ્ય ગાંધીજીના સિદ્ધાંતોનો લોકશાહીના ઉચ્ચતમ આદર્શો સાથે સુમેળ સાધી તથા સતત પરિશ્રમ અને સ્વાર્પણ દ્વારા રાષ્ટ્રના નવનિર્માણના કાર્યમાં જીવનની અંતિમ પળો સુધી કાર્યરત રહી, પ્રજાના હૃદયમાં વસેલા પંડિતજી આંતરરાષ્ટ્રીય રાજનીતિજ્ઞ મહાપુરુષ હતા એટલું જ નહિ, પણ પોતાની સાંસ્કૃતિક તથા સાહિત્યિક ક્ષેત્રોની સેવાઓ મારફત તથા દેશની વૈજ્ઞાનિક પ્રગતિના સુકાની તરીકે પોતે આપેલા ફાળા દ્વારા એક તેજસ્વી સાહિત્યકાર અને વિજ્ઞાનના પ્રખર હિમાયતી તરીકેની કીર્તિ સંપાદન કરનાર આજીવન કેળવણીકાર હતા. તેમણે પ્રાધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓનાં અપ્રતિમ આદર અને પ્રીતિ સંપાદન કર્યાં હતાં એટલું જ નહિ, પણ તેમની સમક્ષ તેઓ એક ઉચ્ચ આદર્શ તરીકે હતા.

વિશ્વશાંતિ, માનવતા અને સ્વાતંત્ર્યના એક પ્રમુખ પુરસ્કર્તા તરીકે તેઓ અમર બન્યા છે.

રાષ્ટ્રને તેમ જ જગતને તેમના અવસાનથી પડેલી ખોટ તેમણે સેવેલા આદર્શોને માર્ગે આગળ વધીને જ પૂરી પાડી શકાય એમ આ સભા માને છે, અને પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ બક્ષે અને ભારતના હરેક નાગરિકને તેમણે ચીંધેલા માર્ગે પ્રયાણ કરવા માટે શક્તિ બક્ષે એવી પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ યોગ્ય સ્થળે મોકલી આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે."

ઉપરનો ઠરાવ સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

શોકદર્શક ઠરાવ નં. ૨

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા તેના એક વખતના સભ્ય શ્રી. લલિતમોહન ચુનીલાલ ગાંધીના અવસાનની સખેદ નોંધ લે છે, અને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સદ્‌ગતે બજાવેલી સેવાને અંજલિ આપે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા સેનેટની આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરનો ઠરાવ સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

૧-અ. પ્રશ્નોત્તરી :

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવેલ છે.)

શ્રી. કુંજબિહારી સી. મહેતાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : શ્રી. રામપ્રસાદ શુક્લ વિનયન અને શિક્ષણ વિદ્યાશાખામાં શિક્ષક વિભાગમાંથી ચૂંટાયા હતા. તેઓ હવે આચાર્ય થતાં હોદ્દાની રૂએ સેનેટના સભ્ય બને છે; તો તેમની જગ્યા ચૂંટાયેલા પ્રતિનિધિઓના વિભાગમાં ખાલી પડેલી હોવા છતાં પેટાચૂંટણી કેમ કરવામાં આવી નથી?

ઉત્તર ૧ : સદરહુ જગ્યા ખાલી પડેલી ગણવામાં આવી નથી; તેથી પેટાચૂંટણી કરવાનો સવાલ ઊભો થતો નથી.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : માર્ચ ૧૯૬૩ની સભામાં જણાવ્યા પ્રમાણે કુલપતિશ્રીએ આપેલા નિર્ણય પ્રમાણે આ જગ્યા ખાલી ન ગણાય?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, આચાર્ય એસ. આર. ભટ્ટના પૂરક પ્રશ્નમાં અભિપ્રેત છે તે બે જગ્યાઓ (શ્રી. હાકારભાઈ મ. દેસાઈ અને ડૉ. પ્રિયબાળાબહેન શાહની જગ્યાઓ) કુલપતિશ્રીએ નિયુક્ત કરેલા સભ્યોની જગ્યાઓ પૈકીની હતી અને તે અંગે કુલપતિશ્રીનો નિર્ણય આવેલો છે, જ્યારે આ પ્રશ્નમાં શ્રી. રામપ્રસાદ શુકલની જગ્યાનો ઉલ્લેખ થયો છે તે જગ્યા આચાર્યો સહિત શિક્ષકોના મતદારમંડળમાંથી ચૂંટાયેલા સભ્યની છે.

શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:
પ્રશ્ન : સદરહુ બાબત અંગે આચાર્ય રામપ્રસાદ શુકલને પુછાવ્યું છે ખરું?

ઉત્તરમાં શ્રી. રજિસ્ટ્રારે જણાવ્યું કે, સંબંધકર્તા પરિપત્રની નકલ શ્રી. રામપ્રસાદ શુકલને પણ મોકલવામાં આવેલી છે.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:
પ્રશ્ન : આમ કરવાથી વિસંગતિ થતી હોય તેમ લાગતું નથી?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, એ અભિપ્રાયનો સવાલ છે.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:
પ્રશ્ન : શ્રી. જયેશ દેસાઈની ખાલી પડેલી જગ્યાએ પેટાચૂંટણી થઈ હતી?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, "હા".

શ્રી. મગનભાઈ પ્ર દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:
પ્રશ્ન : કુલપતિશ્રીનો નિર્ણય આવેલો છે તે જણાવ્યું, તો તે નિર્ણયનો પાઠ જણાવશો?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ સેનેટની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની નોંધમાંથી નીચેનો ફકરો વાંચી સંભળાવ્યો:

> "આ સંબંધમાં ઉપકુલપતિશ્રીએ સદરહુ નિમણૂક બાબતમાં કાર્યાલય, શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિશ્રી અને કુલપતિશ્રી વચ્ચે થયેલ પત્રવ્યવહારની હકીકત રજૂ કરી હતી, અને જણાવ્યું હતું કે, શ્રી. હાકારભાઈ દેસાઈ સેનેટમાં હોદ્દાની રૂએ પણ સભ્યપદ ધરાવતા થયા હોવાથી તેમની તે જગ્યા (કુલપતિનિયુક્ત જગ્યા) કુલપતિશ્રીએ ખાલી પડેલી ગણી છે, અને તેથી તે જગ્યા પર કરેલી નિયુક્તિ અંગેનો કુલપતિશ્રીનો નિર્ણય યુનિવર્સિટી ધારાની કલમ ૫૮ મુજબ આખરી છે."

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:
પ્રશ્ન : કુલપતિશ્રીનો નિર્ણય માગ્યો તે કયા મુદ્દા ઉપર માગ્યો હતો?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, જે બે સભ્યોને કુલપતિશ્રીએ નિયુક્ત કર્યા હતા તે બે સભ્યો હોદ્દાની રૂએ સેનેટના સભ્યો બન્યા હતા, તેની કુલપતિશ્રીને જાણ કરવામાં આવી હતી.

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:
પ્રશ્ન : કુલપતિશ્રીએ જે મુદ્દા ઉપર નિર્ણય આપ્યો હતો તે મુદ્દા પર કાયદાનો ભંગ થતો નથી?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, કુલપતિશ્રીને જાણ કરવામાં આવી હતી. તેઓશ્રીએ આપેલો નિર્ણય જોતાં કાયદાના ભંગનો સવાલ રહેતો નથી.

શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:

પ્રશ્ન : તો એમ કહી શકાય ને કે, કુલપતિશ્રીનું કોઈ "રૂલિંગ" ન હતું ?

ઉત્તરમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, કુલપતિશ્રીના "નિર્ણય" અંગે હું આગળ જણાવી ગયો છું.

આચાર્ય એસ. આર. ભટ્ટે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો:
(*iii*) members of the Senate elected under sub-clause (*g*) of clause (*iv*) of paragraph (*a*) under "Class II—Ordinary Members" in sub-section (1) of section 16 by registered graduates in the Faculty;

(*iv*) *such teachers in the University Departments as hold the substantive post of a Professor in the subject or group of subjects comprised in the Faculty.*

Class II — Ordinary Members

Such members of the Senate as are assigned to by the Syndicate on the recommendation of the Academic Council from amongst the following :

(*a*) Ex-officio members of the Senate mentioned in paragraphs (*a*) and (*b*) under "Class I — Ex-officio Members" in sub-section (1) of section 16;

(*b*) members of the Senate elected under clauses (*i*) and (*ii*) of paragraph (*a*) under "Class II — Ordinary Members" in sub-section (1) of section 16;

(*c*) members of the Senate elected under sub-clauses (*a*) to (*f*) of clause (*iv*) of paragraph (*a*) under "Class II — Ordinary Members" in sub-section (1) of section 16;

(*d*) members of the Senate nominated under paragraph (*b*) under "Class II — Ordinary Members" in sub-section (1) of section 16;

(*e*) members of the Senate elected under paragraph (*c*) under "Class II — Ordinary Members" in sub-section (1) of section 16 :

Provided that no member shall be assigned to more than one Faculty.

(3) A teacher in a subject comprised in more Faculties than one, shall within one month from the date on which he becomes a member of the Senate, select by intimation in writing to the Registrar any one of such faculties to which he wishes to be assigned. If he fails to make such selection, the Syndicate may assign to him any one of such Faculties and the assignment so made shall be final.

(4) The powers and duties of the Faculties shall be determined by the Statutes."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. જે. ચિનોયે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩, ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૪. सिन्डिकेटनी भलामण अनुसार, गुजरात युनिवर्सिटी धारानी कलम २५, नीचे प्रमाणे वंचाय ते रीते सुधारवा राज्य सरकारने भलामण करवा बाबत :

Section 25 :

"(1) There shall be a Board of Studies for every subject or group of subjects as may be prescribed by the Statutes.

(2) Each Board shall consist of the following members :

I. Ex-officio Members

(*i*) Such members of the Faculty under which the Board is constituted as may be assigned to by the Syndicate after ascertaining the wishes of the members concerned :

(*a*) no member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty, and

(*b*) no assignment of a member so made shall be changed during the term of this office except when any of the Boards are reconstituted, in which case he shall have the option to choose one of the Boards so reconstituted and be assigned to accordingly.

(*ii*) *Such teachers in the University Departments as hold the post of a Professor in the subject.*

II. Co-opted Members

(1) Three persons to be co-opted by the Board from among recognised post-graduate teachers of the subject or group of subjects for which the Board is constituted :

(2) Provided that in the event of there being no recognised post-graduate teacher in the University Area, it shall be competent for the Board to co-opt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least Professor of any subject for which the Board is constituted.

(3) The Chairman shall be elected by the members of the Board from amongst themselves.

(4) The term of office of all members *shall be co-terminus with the term of office of the elected members on the Senate.*

(5) The other powers and duties of the Boards of Studies shall be as prescribed by the Statutes."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. જે. જે. ચિનોયે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫, ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર ડૉ. ય. ગુ. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"Section 25ના I. Ex-officio Members નીચે કલમ (*ii*)માં વાકયને છેડે નીચેના શબ્દો ઉમેરો :

'or the senior most Reader in the subject, if no Professor is appointed in that subject.'

સુધારેલી કલમ નીચે પ્રમાણે વંચાશે:

I. Ex-officio Members

(*ii*) Such teachers in the University Departments as hold the post of a Professor in the subject or the senior most Reader in the subject, if no Professor is appointed in that subject.

ઉપરનો સુધારો કોઈએ રજૂ કર્યો નહિ, તેથી તે પર વિચારણા કરવાની જરૂર રહી નહિ.

તે પછી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૫. તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન એન્ડ ઓક્યુપેશનલ હાઈજીન (ડી.આઈ.એમ.એન્ડ ઓ.એચ.)નો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન એન્ડ ઑકયુપેશનલ હાઇજીન (ડી.આઈ.એમ. એન્ડ ઓ.એચ.) માટે એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા સારુ સિન્ડિકેટ અને સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૬૪ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન એન્ડ ઑકયુપેશનલ હાઇજીન (ડી.આઈ.એમ. એન્ડ ઓ.એચ.)નો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. એમ. ડી. પટેલે નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન એન્ડ ઑકયુપેશનલ હાઇજીન (ડી.આઈ.એમ. એન્ડ ઓ.એચ.)નો એક વર્ષનો ડિપ્લોમા સ્થાપવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. એમ. ડી. પટેલની ગેરહાજરીમાં શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૬. **समाजविद्या भवनमांथी आंकडाशास्त्रनो विषय विज्ञानविद्या भवनमां फेरववाथी, सेनेटे तेनी** તા. ૨૮/૨૯-૬-૧૯૫૭ની સભામાં **समाजविद्या भवन माटे मंजूर करेली १० मेरिट शिष्यवृत्तिओमांथी बे शिष्यवृत्तिओ विज्ञानविद्या भवनमां फेरववा बाबत.**

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫/૧૬/૧૭-૧-૧૯૬૪ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટે તેની તા. ૨૮/૨૯-૬-૧૯૫૭ની સભામાં **સમાજવિદ્યા** ભવન માટે મંજૂર કરેલી ૧૦ મેરિટ શિષ્યવૃત્તિઓમાંથી બે શિષ્યવૃત્તિઓ વિજ્ઞાનવિદ્યા ભવનમાં — તેના આંકડાશાસ્ત્રના વિભાગ માટે — ફેરવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૬૪ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટે તેની તા. ૨૮/૨૯-૬-૧૯૫૭ની સભામાં **સમાજવિદ્યા** ભવન માટે મંજૂર કરેલી ૧૦ મેરિટ શિષ્યવૃત્તિઓમાંથી બે શિષ્યવૃત્તિઓ વિજ્ઞાનવિદ્યા ભવનમાં — તેના આંકડાશાસ્ત્રના વિભાગ માટે — ફેરવવા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. જે. જે. ચિનોયે** નોટિસ આપી હતી :

"આથી આ સભા ઠરાવે છે કે, **સમાજવિદ્યા** ભવન માટે મંજૂર કરેલી ૧૦ મેરિટ શિષ્યવૃત્તિઓમાંથી બે શિષ્યવૃત્તિઓ વિજ્ઞાનવિદ્યા ભવનમાં — તેના આંકડાશાસ્ત્રના વિભાગમાં — ફેરવવાની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. જે. ચિનોયને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને **આચાર્ય** ચિમનભાઈ જે. પટેલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૭. **युनिवर्सिटी विज्ञानविद्या भवनमां लेक्चरर-इन-झूलोजीनी बे कायमी जग्या, अेकेडेमिक काउन्सिल तथा सिन्डिकेटनी भलामण अनुसार स्थापवा बाबत.**

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં ઝૂલોજીના એક વ્યાખ્યાતાની જગ્યા સ્થાપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટની તા. ૫/૬-૯-૧૯૬૪ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઝૂલોજીના લેક્ચરરની જગ્યા ઊભી કરવા માટે સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. જે. જે. ચિનોયે** નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-ઝૂલોજીની એક જગ્યા સ્થાપવામાં આવે."

ઉપરનો પ્રસ્તાવ ડૉ. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને ડૉ. એ. એમ. ત્રિવેદીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૮. **શ્રી. બાબુભાઈ પી. વૈદ્યે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં જે આંતરિક પરીક્ષાઓ લેવામાં આવે છે તેના માર્કસની માહિતી કૉલેજો તરફથી વિદ્યાર્થીઓને તરત આપવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આંતરિક ગુણાંકનમાં ગુણ બાબતની માહિતી કૉલેજો તરફથી વિદ્યાર્થીઓને તુરત આપવાની સૂચના આપવામાં આવેલી છે."

સદરહુ પ્રસ્તાવ કોઈ સભ્યે રજૂ કર્યો નહિ, તેથી તે પર વિચારણા કરવાની જરૂર રહી નહિ.

૧૯. **શ્રી. રણજિતરાય શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"ગુજરાત યુનિવર્સિટીમાં વિનયન શાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપવાની જોગવાઈ છે. આ પ્રકારની જોગવાઈ વિનયન શાખામાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે પણ કરવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતી-વળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, **સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.**"

ઉપરનો પ્રસ્તાવ શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને **આચાર્ય જિતેન્દ્ર એસ. જેટલીએ** ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સમય પૂરો થતાં સભાગૃહનું કામકાજ સમાપ્ત થયું, અને સભા બરખાસ્ત કરવામાં આવી, અને તેથી બાકીની બાબતો પર વિચારણા કરવાનું બની શકયું નહિ.

એ બાબતો નીચે પ્રમાણે હતી :

૨૦. **શ્રી. રમેશભાઈ ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :**

"આ સભા ઠરાવે છે કે, યુનિવર્સિટીની વિવિધ સંલગ્ન કૉલેજો અને શિક્ષણ-સંસ્થાઓમાં કામ કરતા અધ્યાપકો માટે કામકાજની અને નોકરીની શરતો અંગે એકરૂપતા લાવવા તથા તેમને સુસંગત બનાવવા, સેવા-કામગીરી અંગેનાં ધારાધોરણો અને નિયમો ઘડી કાઢવા અને તેની સંહિતા બનાવી તેનો અમલ કરવા ૧૯૬૫ના જૂન સુધીમાં યોગ્ય પગલાં ભરવાં.

વધુમાં એમ પણ ઠરાવવામાં આવે છે કે, અત્યારનાં ચાલુ શરતો-નિયમો અને ભાવિ સંહિતાની અમલબજાવણીમાંથી ઊભા થતા પ્રશ્નો અને અર્થઘટન અંગે ઉકેલ આણવા નિષ્પક્ષ એવું ન્યાયાધીશી કક્ષાનું એક તંત્ર પણ રચવું."

સિન્ડિકેટનો રિપોર્ટ

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨૧. શ્રી. રમેશભાઈ ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થયા બાદ તેના કામકાજમાં, તેના બંધારણમાં, તેની રચના અને તેની ગતવિધિઓ અંગે અવારનવાર ઊણપો અને મુશ્કેલીઓ અનુભવાતી આવી છે. આ અંગેના સૂરો વારંવાર સેનેટની બેઠકોમાં પણ ઊઠ્યા છે. વળી ગુજરાત યુનિવર્સિટીનો કાયદો ઘડાયા બાદ તેના અમલમાંથી પણ ઠીક ઠીક અનુભવ પ્રાપ્ત થયો છે. શિક્ષણ, તેનું ધ્યેય, તેની વહીવટી વ્યવસ્થા ઇત્યાદિ અંગેના વિચારોમાં પણ નવાં સોપાનો મંડાયાં છે.

આ બધું ધ્યાનમાં લઈને આ સભા ઠરાવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં ઉચ્ચ શિક્ષણ વધુ તેજસ્વી બને એ હેતુસર ઘટતા ફેરફારો કરવા માટે, એક સમિતિ નીમી અહેવાલ તૈયાર કરી, કાયદામાં લાગતાવળગતા ફેરફાર કરવા માટે, ગુજરાત સરકારને વિનંતી કરવા માટે, તાત્કાલિક યોગ્ય પગલાં ભરવાં."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨૨. શ્રી. રમેશભાઈ ભટ્ટે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કૉલેજો અને અન્ય શિક્ષણ-સંસ્થાઓમાં કામ કરતા અધ્યાપકો માટે પ્રોવિડંટ ફંડ અને ગ્રેચ્યુઇટીની યોજના મોડામાં મોડી ૧૯૬૫ના જૂનથી દાખલ કરવા માટે ઘટતાં પગલાં લેવાનું આ સભા ઠરાવે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨૩. શ્રી. સી. કે. પટેલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"સેનેટની આ સભા ઠરાવે છે કે, યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલી કૉલેજોની આર્થિક બાબતોને સ્પર્શતા કોઈ પણ નિર્ણયો યુનિવર્સિટીની સિન્ડિકેટ કે સેનેટ લે તે પહેલાં કૉલેજોના સંચાલક મંડળોનું દૃષ્ટિબિંદુ અને સૂચનો જાણી લેવાં અને તેમને પૂરતા પ્રમાણમાં વિચારણામાં લીધા પછી જ એવા કોઈ નિર્ણયો કરવા."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨૪. ડૉ. જે. જે. દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"This Senate resolves that the post of the Rector be revived and a Rector be appointed from June, 1965."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨૫. શ્રી. મનહર શુક્લે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંયોજિત થયેલી કૉલેજોના બિનશિક્ષકવર્ગ (નૉન-ટીચિંગ સ્ટાફ)ના કર્મચારીઓનાં પગારધોરણો, રજાઓ તથા પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી, કામના કલાકો તેમજ કામકાજની સ્થિતિ અંગેની અન્ય શરતો અંગે ઘટતી વિચારણા કરીને જરૂરી ધારાધોરણ ઘડવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨૬. આચાર્ય વી. એસ. રાવલે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષાના સ્ટાન્ડર્ડ ઑફ પાસિંગ અંગેના સુધારેલા રેગ્યુલેશનો અનુક્રમે રેગ્યુ.-૩૦, રેગ્યુ.-૯૧ અને રેગ્યુ.-૨૧૯ જે ૧૯૬૫ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓથી અમલમાં આવે છે તે મુજબ એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષામાં હવેથી બધાં પેપરોના મેળવી શકાતા કુલ ગુણના સરવાળા (ગ્રાન્ડ ટોટલ)ના ઓછામાં ઓછા ૪૮ ટકા ગુણ મેળવનારને બીજા વર્ગમાં પાસ થયેલ ગણવામાં આવશે.

આ સુધારેલા રેગ્યુલેશનો અનુક્રમે ૩૦, ૯૧ અને ૨૧૯ના સંદર્ભમાં જે વ્યક્તિઓએ, એ જ નંબરના સુધાર્યા વિનાના જૂના રેગ્યુલેશનો અનુસાર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલી એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષામાં બધાં પેપરોના મેળવી શકાતા કુલ ગુણના સરવાળા (ગ્રાન્ડ ટોટલ)ના ઓછામાં ઓછા ૪૮ ટકા ગુણ મેળવ્યા હોય, તેમને ઓછામાં ઓછા ગુજરાત યુનિવર્સિટીની સત્તાક્ષેત્રની બાબતો પૂરતા, શૈક્ષણિક લાયકાત અંગે ૧૯૬૫ના વર્ષથી સેકન્ડ કલાસની સમકક્ષાના ગણવામાં આવે એવી સેનેટની આ સભાની, એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને વિનંતી છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ પ્રસ્તાવ પરત્વે સિન્ડિકેટ હાલ કોઈ અભિપ્રાય વ્યક્ત કરવા માગતી નથી."

સદરહુ બાબત પરત્વે આવેલ સુધારાઓ:

૧. **આચાર્ય વાય. જી. નાયકે** નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી:

(૧) ઠરાવની છેલ્લેથી ઉપરની લીટીમાં 'ગણવામાં આવે' અને 'એવી સેનેટની આ સભાની' એ શબ્દોની વચ્ચે નીચેના શબ્દો ઉમેરો:

'અને જેમણે ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ મેળવ્યા હોય તેમને ફર્સ્ટ ક્લાસની સમકક્ષાના ગણવામાં આવે.'

સુધારેલા ઠરાવની છેલ્લી બે લીટી નીચે પ્રમાણે વંચાશે:

"ક્લાસની સમકક્ષાના ગણવામાં આવે અને જેમણે ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ મેળવ્યા હોય તેમને ફર્સ્ટ ક્લાસની સમકક્ષામાં ગણવામાં આવે એવી સેનેટની આ સભાની એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને વિનંતી છે."

(૨) ઠરાવના પહેલા પેરેગ્રાફને અંતે નીચેની નોંધ ઉમેરો:

"અને જેમણે ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ મેળવ્યા હશે તેમને પહેલા વર્ગમાં પાસ થયેલ ગણવામાં આવશે."

૨. **શ્રી. એચ. એન. વ્યાસે** નીચેના સુધારા રજૂ કરવાની નોટિસ આપી હતી:

(૧) ઠરાવના બીજા ફકરામાં છેલ્લી ચાર લીટી નીચે પ્રમાણે વંચાય તેમ સુધારો કરો:

"ગ્રાન્ડ ટોટલના ઓછામાં ઓછા ૪૮ ટકા તથા ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ મેળવ્યા હોય તેમને અનુક્રમે સેકન્ડ ક્લાસ તથા ફર્સ્ટ ક્લાસની સમકક્ષ ગણી યુનિવર્સિટીના શિક્ષકોની બાબતના, અનુસ્નાતક શિક્ષકો બાબતના તથા સ્કોલરશિપ વગેરે બાબતના નિયમો લાગુ પાડવા અને તે અંગે ઘટતાં પગલાં લેવા આ સેનેટની સભા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરે છે."

(૨) ઠરાવને અંતે નીચેનો નવો ફકરો ઉમેરો:

"વધુમાં સેનેટની આ સભા ભલામણ કરે છે કે, ૧૯૬૪ની એમ.એ.ની પરીક્ષાના ડબલ એસેસમેન્ટમાં ભારે વિસંવાદ દેખાતો હોવાથી છેલ્લી એકેડેમિક કાઉન્સિલે ડબલ એસેસમેન્ટ અંગે પ્રશ્નપત્રોની ફેર ચકાસણી કરવાનો જે નિયમ મંજૂર કર્યો છે તેનો લાભ ૧૯૬૪માં બેઠેલા એમ.એ.,એમ.એસસી. અને એમ.કોમ.ના વિદ્યાર્થીઓને પણ આપવો."

૨૭. **શ્રી. સી. એલ. શાસ્ત્રીએ** નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોલેજોમાં કાર્ય કરતા શિક્ષકો જે અમુક કોલેજમાં ત્રણ વર્ષ સુધી કાર્ય કરી ચૂકયા હોય તો તેમને તેમની અધ્યાપનવિષયક અયોગ્યતાનું કારણ આપીને કોઈ પણ સંજોગોમા તે કોલેજમાંથી છૂટા ન કરી શકાય એ માટે સિન્ડિકેટ યોગ્ય નિયમો ઘડે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨૮. શ્રી. સી. એલ શાસ્ત્રીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી:

"ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન થયેલી કૉલેજોમાં કામ કરતા અધ્યાપકોના પગારમાંથી કપાતા પ્રોવિડંટ ફંડની રકમમાં સમાન ધોરણ જળવાય, અને કોઈ પણ સંસ્થામાં ઓછામાં ઓછાં ૧૦ વર્ષ સુધી સતત કાર્ય કરનાર અધ્યાપકને ગ્રેન્યુઇટીનો લાભ મળે તે અંગે સિન્ડિકેટને ઘટતું કરવા માટે સેનેટની આ સભા ભલામણ કરે છે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"સદરહુ પ્રસ્તાવનો અમલ કરવાનું સિન્ડિકેટને હાલને તબક્કે યોગ્ય લાગતું નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨૯. જોડાણઅરજીઓ માટે સિન્ડિકેટ તરફથી નિમાતી સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓમાં કરેલા સુધારાઓ બાબત સિન્ડિકેટનો નીચેનો ઠરાવ (જાણ સારુ):

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, જોડાણની કાર્યવાહી અંગે સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓ સુધારવી તથા સુધારેલી સૂચનાઓ અંગે સેનેટને જાણ કરવી."

(સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓનો મુસદ્દો પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવેલ છે.)

૩૦. નીચેનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો રિપોર્ટ (જાણ સારુ):

(૧) રાયબહાદુર શ્રી. છગનલાલ પ્રાણલાલ જેતલી તરફથી માર્ચ–એપ્રિલમાં લેવાયેલ એમ.એ.ની પરીક્ષામાં "પ્રાચીન ભારતીય સંસ્કૃતિ"નો સ્પેશિયલ અગર એન્ટાયર વિષય લઈ બેઠેલ ઉમેદવારો પૈકી ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણાંક સાથે સૌથી વધારેમાં વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "રાયબહાદુર છગનલાલ પ્રાણલાલ જેતલી સુવર્ણચંદ્રક" આપવા માટેનું રૂા. ૬,૦૦૦ની હિંદ સરકારની ૩ ટકાની ૧૯૮૬ની કન્વરઝન લોનરૂપે મળેલ પ્રદાન.

(૨) પ્રોફેસર એ. ડી. ઝાલા, એમ.એ., એલએલ.બી. તરફથી દર વર્ષે માર્ચ–એપ્રિલમાં લેવાયેલ એમ.એ.ની પરીક્ષામાં "Home Science"નો ખાસ વિષય લઈ બેઠેલા ઉમેદવારોમાં સૌથી વધારે સરવાળે ગુણાંક મેળવી ઓછામાં ઓછા બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને દર વર્ષે આશરે રૂા. ૧૫૦ની કિંમતનો "શ્રીમતી ભલીબેન અરવિંદરાય ઝાલા મેમોરિયલ સુવર્ણચંદ્રક" આપવા માટે રૂા. ૫,૩૦૦ની હિંદ સરકારની ૩ ટકા કન્વરઝન લોન તથા ચાલુ વર્ષના રૂા. ૧૫૦ રોકડા મળી કુલ રૂા. ૫,૪૫૦નું મળેલ પ્રદાન.

(૩) પ્રોફેસર ટી. કે. એન. મેનન એજ્યુકેશન ફંડ કમિટીના ચેરમેન શ્રી. એન. બી. પટેલ તરફથી એમ.એડ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધારે ગુણાંક મેળવી ઓછામાં ઓછા બીજા વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "પ્રોફેસર ટી. કે. એન. મેનન ગોલ્ડ મેડલ-ઇન-એજ્યુકેશન" એ નામનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આપવા માટે રૂા. ૫,૦૦૦ રોકડાનું મૂળભૂત પ્રદાન.

૩૧. એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટે નોંધ લીધેલ યુનિવર્સિટીનાં સમાજવિદ્યા ભવન તથા ભાષા સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક તપાસના અહેવાલ (જાણ સારુ).

(સદરહુ ત્રિવાર્ષિક તપાસના અહેવાલોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

નં. સે./૧/૩૯૩૨૧/ ૧૯૬૪.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
નવેંબર, ૨૮, ૧૯૬૪.
માર્ગશીર્ષ ૭, ૧૮૮૬ (શક).

હુકમથી,
કં. ચં. પરીખ
યુનિવર્સિટી રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩

(અ) મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સો

O. 120-C :

An institution, other than a college applying for recognition as an institution of research or specialised studies shall satisfy the Syndicate in the first instance regarding the following requirements :

(1) That it has at least five years' standing as an institution of higher learning and research in the subject to its credit.

(2) That it has on its rolls the following minimum staff in the subject :

(*i*) One scholar having adequate qualifications to guide Ph.D. students in the subject;

(*ii*) Two scholars having adequate qualifications for recognition as full-fledged post-graduate teachers, or one full-fledged post-graduate teacher plus two post-graduate assistants;

(*iii*) Adequate number of research assistants.

(3) That it has a well equipped library with an adequate number of books, periodicals, old numbers of periodicals, Manuscripts, if necessary, etc., in the subject.

(4) That in the case of experimental subjects it has adequate Laboratory and/or Museum facilities for post-graduate teaching and research.

(5) That it has adequate quantum of published work through the research activities of its staff in the forms of research papers, articles, reports, etc.

All applications for recognition, extension of recognition or continuation of recognition of an Institution, shall be sent to the Registrar in

the form prescribed by the Syndicate so as to reach him on or before the first of August of the year preceding the year from which recognition is intended to take effect.

Every application for recognition shall be accompanied with a deposit of Rs. 1,000/- provided, however, that application for continuation or extension of recognition shall be only Rs. 200/-. This deposit will be returned after the application is finally disposed of, but will be forfeited in case the application is withdrawn or the recognition asked for is not accepted. No request for postponement of consideration of the application for recognition, renewal of recognition or extension of recognition, as the case may be, shall entertained.

The Syndicate may, however, consider any application received after the aforesaid date for reasons deemed sufficient by it.

Transitory O. 120-D :

Notwithstanding anything contained in Ordinance 120-B and the maximum limit of 1500 students laid down therein, the Vice-Chancellor may, at his discretion, allow a college to admit 50% more students in place of 10% per division of 100 students in the Pre-University Science and the First Year B.Sc. classes only for the academic year 1964-65.

That this Ordinance having been framed in view of the special circumstances that have arisen this year, the operation of this Ordinance shall cease from the close of the academic year 1964-65.

This Ordinance comes into force immediately.

O. 57-A (9) :

In order to organise the youth welfare activities over all the colleges affiliated to the University, the University region will be divided into the following eight areas, each comprising of the colleges located in that area :

1. Ahmedabad Ellisbridge Area ..	Comprising of the colleges situated on the west side of the river Sabarmati.

2. Ahmedabad City Area	..	Comprising of the colleges situated on the east side of the river Sabarmati.
3. Mehsana Area	..	Comprising of the colleges situated in Mehsana, Banaskantha, Kutch Districts and *Viramgam and Sanand Taluka.*
4. Nadiad Area	..	Comprising of the colleges situated in Kaira, Sabarkantha and Panchmahals Districts and *Dholka Taluka.*
5 Surat Area	..	Comprising of the colleges situated in Surat, Broach and *Baroda* Districts.
6. Rajkot Area	..	Comprising of the colleges situated in Rajkot and Jamnagar Districts except Upleta.
7. Bhavnagar Area	..	Comprising of the colleges situated in Surendranagar, Amreli and Bhavnagar Districts and *Dhandhuka Taluka.*
8. Junagadh Area	..	Comprising of the colleges situated in Junagadh Districts and Upleta.

The Area youth welfare committee for each of the above areas shall also work as a committee of the Board of students welfare and their constitution and functions shall be as follows.

O. 65-P-4 (iv) :

In the case of centres for different groups under History, Economics, etc., two recognised teachers shall constitute the necessary Local staff, provided that in each of the groups there is at least one recognised post-graduate teacher or at least two assistant recognised post-graduate teachers for that group.

O. 117 :

Out of the interest earned on the amount invested by the Fund subject to deduction of ¼ % per annum to meet the expenses incurred

by the University in operation of the Fund, each subscriber's account shall be credited yearly on *31st March* as under :

(1) 3 % per annum on the opening balance.
(2) 1 ½ % per annum on the subscriptions for the first half of the year.

(*Note.* — The above rates of interest be revised by the Syndicate from time to time taking into consideration the interest earned by the Fund.)

O. 174 :

A candidate who has passed the B.Com. Examination *of this University will be permitted to take the B.A. Examination without keeping any terms* subject to the following conditions :

(1) He will be required to pass the *First B.A. Examination* in a Classical or a Modern European Language either before or in the same examination season as that in which he appears for the B.A. Final Examination;

(2) He will be required to appear and pass in the paper in Compulsory English on Shakespeare only at the B.A. Examination :

Provided that the marks obtained by him in any of the examinations mentioned in (1) and (2) above shall be treated prorata on the basis of the written papers set at the University examination concerned.

O. 174-E :

The commencing date and the last date for receiving applications and fees for registration for the Pre-University, First B.A. and Second B.A. External examinations are as under :

Examination	*Last date for receiving application*	*Date of commencement*	*Registration fees*
Pre-Uni. Arts	28th February	Monday following the 5th October	Rs. 50/-
First B.A.	,,	,, ,,	Rs. 70/-
Second B.A.	,,	4th Monday in October	Rs. 85/-

O. 175 :

Any person who has taken the Degree of Bachelor of Arts of this University or a degree of another University recognised as equivalent thereto may, after he has worked under the guidance of a University teacher for at least two years subsequent to his passing the Bachelor of Arts Examination, be admitted to the examination for the Degree of Master of Arts in any one of the branches mentioned in R. 22, *provided he has worked to the satisfaction of the Professor-in-charge of the centre.*

O. 278 :

Every candidate presenting himself for Part II of the M.D. Examination for the first time, shall submit, with his application for admission to the examination *five type-written* copies of a dissertation for Br. I and Br. III examination and *three type-written* copies of a dissertation for all other remaining branches, prepared under the direction and guidance to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy record, discussion of topics (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for the particular Branch, and acceptance of it by the Examiners shall be a condition precedent to his being declared successful. It may form the basis of the viva voce examination and due credit may be given to the same.

When the dissertation is rejected, the Examiners shall clearly specify the reasons for the same for the guidance of the candidate.

O. 291 :

Every candidate presenting himself for Part II of the M.S. Examination for the first time, shall submit with his application for admission to the examination, *five type-written* copies of a dissertation for Br. I examination and *three type-written* copies of a dissertation for all other remaining branches, prepared under the direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy records, discussion of a topic (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for the particular branch and acceptance of it by the Examiners shall be a condition

precedent to his being declared successful. It may form the basis of the viva voce examination and due credit may be given to the same.

When the dissertation is rejected, the Examiners should clearly specify the reasons for the same for the guidance of the candidate.

O. 321-A :

There shall be a viva voce examination of the candidate submitting thesis for the Degree of Ph.D. It shall be held at a suitable place in the Gujarat University area and on the date or dates to be decided by the Referee concerned by mutual consent. In the event of *both* the external Referees being from outside India, a third (external) Referee from within India shall be appointed by the Syndicate in consultation with the relevant Board of Studies. If the candidate does not satisfy the Examiners at the viva voce examination only, the candidate shall be re-examined after a period of not less than three months. The candidate shall not be declared eligible for the Degree unless all the Examiners unanimously declare him eligible for the Degree.

However in case of a candidate who after having submitted his thesis, has gone abroad and is likely to stay there for a period of at least a year, his viva voce examination may at his request and at the discretion of the Syndicate be held in that country if the Board of Studies in the relevant subject recommends a Referee or Referees for holding the viva voce examination of the candidate, provided the candidate concerned undertakes to present himself before the Referee at his own expense.

(બ) પુનર્વિચારણા માટે મોકલેલ ઑર્ડિનન્સ

O. 129 (Relevant part) :

Examination	*How many times held in a year ?*	*Date of commencement*	*Date of Application*	*Examination fee*
(1) *Junior Certificate Examination in English*	*Once*	*2nd Monday in October*	*One month before the Examination*	*Rs. 20/-*
(2) *Senior Certificate Examination in English*	*Once*	*2nd Monday in October*	*One month before the Examination*	*Rs. 20/-*
(3) *Second Year Diploma in Drama*	*Once*	*4th Monday in March*	*8 weeks before the Examination*	*Rs. 40/-*

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪

O. 135-A :

(1) It shall be the duty of every male student other than a student reading for the final year in the Degree Examination, joining a college affiliated to this University for pursuing a course of studies leading to his first degree, or diploma, as the case may be, to join the N.C.C. and attend the parades, camps, and other programmes that may, from time to time, be prescribed by the N.C.C. authorities, as and when the N.C.C. is introduced in the affiliated college. For the purpose of admission to an examination, a student shall obtain a certificate from the Principals of his having attended during the course of the terms entitling him to admission to that Examination not less than 75% of the total number of parades in each year provided that it shall be competent for the Principal of a college to condone a candidate's deficiency in attendance at parades to a further extent of 15% of parades on grounds of health or participation in Inter-collegiate, Inter-zonal or Inter-University tournaments.

(2) Notwithstanding anything contained in (1) above, students (*i*) who cannot be enrolled in N.C.C. on account of age restriction or other rules, laid down by N.C.C. authorities, or being overseas students or, having foreign domicile, or (*ii*) who have not been found by N.C.C. authorities medically fit to join the N.C.C., will be exempted from N.C.C. training, provided that students so exempted shall complete to the satisfaction of the Principal of his college, a compulsory programme of physical training and also a course, as far as possible, of Preliminary Nursing including first-aid to be prescribed by the University.

(3) Notwithstanding anything contained in (1) above, it shall be competent for the Vice-Chancellor to exempt any male student from the N.C.C. training on medical grounds on the recommendation of the Chief Medical Officer of the University or the Civil Surgeon of the District where the college is situated, or a special Medical Board that may be constituted in that behalf by the Vice-Chancellor in his discretion.

Provided that a student so exempted or not enrolled for want of N C.C. facilities, shall complete to the satisfaction of the Principal of his college, a compulsory programme of Physical Training and also a course as far as possible, of Preliminary Nursing including first-aid, to be prescribed by the University.

(4) It shall be the duty, of every female student, other than a student reading for the final year in the Degree or Dip'oma examination, as the case may be, joining a college affiliated to the University, for pursuing a course of studies leading to her first degree, to complete to the satisfaction of the Principal of her college, a programme of compu'sory physical training and also a course, as far as possible, of Preliminary Nursing including first-aid, to be prescribed by the University. No female student shall be admitted to an examination unless she has, during the course of the terms entitling her to admission to that examinati n, comp'eted to the satisfaction of the Principal of her college, the compulsory programme of physical training and also a course, as far as possible, of Preliminary Nursing including first-aid.

(5) Notwithstanding anything contained in (4) above, a female student who has joined the N.C.C. will be exempted from the programme of physical training and a course of Preliminary Nursing including first-aid, provided she attends N.C C. training to the satisfaction of her Principal as per provisions in (1) above.

(6) Notwithstanding anything contained above, a student who has undergone N.C.C. training for three years (*Excepting those joining technical units for whom the training in that Unit will be compulsory for two years*) shall not be required to join the N C.C. or undergo a compulsory programme of physical training and a course of Nursing including first-aid.

(7) Notwithstanding anything contained above, it is hereby provided that it shall be competent for the Principal of a college, to grant exemption from physical training on medical grounds to a candidate who is otherwise required to undergo a course of physical training under sub-clauses (2) and (4) above.

પરિશિષ્ટ "ગ"
ઠરાવઠાજ ક્રમાંક ૫

O. 120–A :

(1) There shall be a Professor for each subject taught in the final year of the Three Year Degree Course in the Faculties of Arts, Science and Commerce;

(2) There shall be at least one full-time Lecturer in every subject offered at first and/or second years and part-time teachers and Tutors in the degree course will be permitted only where there is at least one full-time Lecturer and there is extra work which cannot be met by the full-time teachers in the subject.

Provided, however, that in the following subjects, a part-time Professor or Lecturer, as the case may be, should be considered as the minimum requirement in those subjects :

(*a*) In Commerce Faculty, Accountancy (where C. A employed), Mercantile Law and Statistics (if offered at F.Y.B.Com. as compulsory subject only);

(*b*) In all Faculties for General Education, a part-time teacher may be permitted where the rest of the work can be distributed amongst existing staff.

(3) The maximum workload per week for the full-time teachers of the various categories shall be as under :

(*i*) Demonstrators . . 28 periods of 45 minutes each (or 21 hours) (The Demonstrator with a post-graduate degree may be assigned lectures or tutorials not exceeding 8 periods);

(*ii*) Tutors . . 21 periods of 45 minutes each, or 15·45 hours, of which lectures shall not exceed eight.

(*iii*) Lecturers and Professors . . 21 periods of 45 minutes each, or 15·45 hours, of which lectures shall not exceed 15.

(*iv*) Lecturers and Professors who are recognised Post-gradaute teachers	..	18 periods of 45 minutes each, or 13·5 hours, of which lectures shall not exceed 13.
(*v*) Lecturers and Professors who are recognised as guides for Ph.D.	..	14 periods of 45 minutes each, or 10·5 hours, of which lectures shall not exceed 10.

For part-time teachers in various categories, the maximum periods shall not exceed ten including tutorials, and in the case of part-time Tutors, lecture periods shall not exceed four.

(*Note.*— Daily attendance of not less than four hours will be compulsory for every full-time teachers on all working days.)

For practicals

(*1*) *Pre-Uni. Science*	..	*There should be 1 practical of 3 periods every week (2¼ hours)*
(2) *F.Y. & S.Y. B.Sc.*	..	*There should be 2 practicals per week each of 3 periods (2¼ hours)*
(*3*) *Third Year B.Sc.*	..	(*i*) *There should be 4 practicals for the special subject each of 4 periods (3 hours)* (*ii*) *There should be 2 practicals for the general subject, each of 4 periods (3 hours).*

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૨૯

જોડાણઅરજી અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિઓને સૂચનાઓ

૧. કોઈ પણ એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૨૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછી ૩૫૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ દાખલ થયા ન હોય ત્યાં સુધી તે વિદ્યાશાખાની અથવા વિદ્યાશાખાઓની બીજી કૉલેજની જરૂરિયાત અસ્તિત્વ ધરાવતી કૉલેજની આસપાસના ૫ માઈલની ત્રિજ્યાના વિસ્તારમાં સામાન્યપણે સ્વીકારવી નહિ.

૨. એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરોમાં એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૪૦૦ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ઓછામાં ઓછા ૬૫૦ વિદ્યાર્થીઓ ન થાય ત્યાં સુધી એ જ વિદ્યાશાખા અથવા વિદ્યાશાખાઓવાળી નવી કૉલેજની આવશ્યકતા સામાન્યપણે સ્વીકારવી નહિ.

નીચેની બાબતો અપવાદરૂપે ગણાશે :

(૧) વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને — જેવી કે, અધ્યાપન કૉલેજને — આ નિયમ લાગુ પડશે નહિ.

(૨) સ્ત્રી-શિક્ષણની એક વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૨૦૦ વિદ્યાર્થિનીઓ હોય અગર બે વિદ્યાશાખાવાળી ચાલુ કૉલેજમાં ઓછામાં ઓછી ૩૫૦ વિદ્યાર્થિનીઓ હોય તો સ્ત્રી શિક્ષણની નવી સંસ્થાની આવશ્યકતા સ્વીકારી શકાય.

(૩) અમદાવાદ શહેરનાં આ નિયમ વિષે અપવાદ કરવાની જરૂર વિચારીને અને તેનાં કારણો જણાવીને નિરીક્ષણસમિતિ તેવી ભલામણ કરી શકશે.

૩. અરજી કરનાર સંસ્થા પાસે અરજી કરતી વેળા તેમની પાસે અરકચામત અને/અથવા રોકડ રકમ કે ફંડફાળા અંગે શી સ્થિતિ છે તે વિષે સ્થાનિક તપાસસમિતિએ જાણી લઈને વિગતે રિપોર્ટ કરવો.

આમ કરતાં વિનયન કે વાણિજ્યની એક વિદ્યાશાખાથી શરૂ થતી કૉલેજ માટે ઓછામાં ઓછા એક લાખ રૂપિયાની અને વિજ્ઞાનની વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે ઓછામાં ઓછા બે લાખ રૂપિયાની ઋણમુક્ત અરકચામત કે ભંડોળ હોવું જોઈએ. કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસે પોતાની માલિકીનું મકાન હોવું જરૂરી છે. એકથી વધુ વિદ્યાશાખાથી શરૂ થનાર કૉલેજ માટે વિદ્યાશાખા દીઠ સદરહુ જોગવાઈ ઉપર મુજબ કરવાની રહેશે. જો એ આખી રકમ સંસ્થા તાત્કાલિક રીતે બતાવી ન શકે તો જોડાણ મળ્યાથી વધુમાં વધુ ત્રણ વર્ષમાં એવું ભંડોળ એકઠું કરવાની સંચાલક મંડળની ક્ષમતા છે તેવી ખાતરી કરી તે મુજબ લેખિત બાંયધરી કૉલેજ શરૂ કરનાર સંસ્થા પાસેથી તપાસસમિતિએ મેળવવી.

(નોંધ.— ઋણમુક્ત અરકચામત એટલે જે તે સંસ્થાની કુલ અરકચામત (total assets)માંથી તેનું જે કાંઈ દેવું કે જવાબદારી હોય તે બાદ કરતાં વધે તે રકમની સ્થાવર તથા જંગમ મિલકતથી તાત્કાલિક બજાર ભાવે થતી કિંમત.)

એ ઉપરાંત સંસ્થા શરૂ કરવાને માટે તાત્કાલિક કેટલું ખર્ચ કરવું જરૂરી છે તેનો બને તેટલો ચોક્કસ અંદાજ તપાસસમિતિએ આપવો. એ ઉપરાંત જોડાણ મળ્યાના ત્રણ વર્ષમાં સંસ્થા પોતાની માલિકીનું કૉલેજ માટેનું મકાન બાંધવાની ક્ષમતા ધરાવે છે અને તે માટેની જરૂરી જમીન સંસ્થા પાસે છે એની ખાતરી કરી તે અંગેની ઘટતી બાંયધરી મેળવી તપાસસમિતિએ રિપોર્ટ કરવો.

૪. જોડાણ મેળવનાર દરેક કૉલેજને માટે રમતગમતના મેદાનની પૂરતી જોગવાઈ કરવી ફરજિયાત ગણાશે.

૫. કોઈ પણ ચાલુ કૉલેજ, ઉપરની સૂચના એક અને બેમાં દર્શાવેલી લઘુતમ વિદ્યાર્થીસંખ્યા પોતાની સ્થાપના પછીનાં પાંચ વર્ષને અંતે પણ મેળવી શકી ન હોય તો તે વિસ્તારમાં નવી સંસ્થા ખોલવા દેવાની છૂટ આપી શકાશે.

૬. કૉલેજ માટેનું મકાન ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે જ વપરાવું જોઈએ.

૭. કૉલેજના મકાન કે મકાનોમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જગ્યાની જોગવાઈ જરૂરી છે:

વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ જગ્યા (વિદ્યાર્થીઓની બેઠકોની હારબંધ ગોઠવણીનો મુદ્દો સમિતિ ધ્યાનમાં લઈ શકશે).

જરૂર પ્રમાણે વર્ગોના ઓરડાઓ ઉપરાંત નીચેની ગોઠવણ પણ પ્રત્યેક કૉલેજે કરવાની રહેશે:

(૧) શિક્ષકો માટેનો ખંડ
(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૩) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૪) ગ્રંથાલય અને અધ્યયન માટે ઘટતી જોગવાઈ
(૫) સ્વચ્છ સંડાસ-મુતરડી વગેરેની વ્યવસ્થા.

૮. કૉલેજ ઉઘાડનાર મંડળ કે સંસ્થાએ કૉલેજના મકાનની બની શકે તેટલી પાસે, આચાર્ય માટે ભાડામુક્ત નિવાસસ્થાનની તથા કૉલેજના જે શિક્ષક છાત્રાલયની સંભાળ રાખતા હોય તેમને માટે છાત્રાલયની નજીક ભાડામુક્ત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરી આપવી આવશ્યક ગણાશે.

૯. દરેક કૉલેજ ઉઘાડનાર મંડળે કે સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે.

છાત્રાલયમાં નીચે પ્રમાણે જગ્યાની ગોઠવણ રાખવી:

એક છાત્રવાળી ઓરડી માટે ૮૫થી ૯૦ ચોરસ ફૂટ.

બે છાત્રવાળી ઓરડી માટે ૭૫થી ૮૦ ચોરસ ફૂટ એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૧૬૦ ચોરસ ફૂટ.

ત્રણ છાત્રવાળી ઓરડીઓ માટે ૭૦થી ૭૫ ચોરસ ફૂટ એક વિદ્યાર્થી દીઠ, એટલે કે ૨૧૦થી ૨૨૫ ચોરસ ફૂટ.

ઉપરની જોગવાઈ કરવાનું હવે પછી બંધાનાર છાત્રાલયો માટે જ રહેશે.

૧૦. કૉલેજોમાં શિખવાડાના અભ્યાસક્રમની જરૂરિયાત મુજબ સુસજ્જ ગ્રંથાલય તથા યુનિવર્સિટીએ નક્કી કરેલ ધોરણો પ્રમાણે પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૧૧. શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં નક્કી કરેલાં ધોરણો મુજબની નિમણૂક કરવામાં આવેલી છે તે તથા તેમનું કામકાજનું ભારણ ધોરણસર છે તેની ખાતરી પણ કૉલેજના પુરસ્કર્તાઓએ કરાવવી જોઈએ.

૧૨. (૧) ૩૧મી માર્ચ સુધીમાં સેનેટે મૂકેલી બધી શરતોનું સંતોષકારક પાલન કર્યાનો અહેવાલ સંસ્થાએ યુનિવર્સિટીના મહામાત્રને મોકલવાનો રહેશે. આ પ્રકારનો અહેવાલ મળ્યેથી શરતોનું યથાર્થ પાલન થયું છે કે કેમ તેની ખાતરી કરવા સિન્ડિકેટને જરૂર જણાય તો એક અથવા વધુ સભ્યોની ચકાસણી સમિતિ નીમી તેનો રિપોર્ટ મેળવી તા. ૩૦મી એપ્રિલ સુધીમાં ઘટતાં પગલાં લઈ બધી નવી કૉલેજોના જોડાણ અંગે રાજ્ય સરકારને સિન્ડિકેટ ભલામણ કરશે.

(૨) ૩૧મી માર્ચ પહેલાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂકો પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક શિક્ષકની નિમણૂક અને સ્વીકૃતિપત્રની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૧૩. જોડાણ અંગે જે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન તા. ૩૧મી માર્ચ પહેલાં કરવું આવશ્યક રહેશે.

૧૪. પ્રથમવાર જોડાણ માગતી કૉલેજોને ફક્ત એક જ વર્ષના સમય માટે જોડાણ મળી શકશે.

૧૫ સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ કરીને ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકી હોય તો તે સ્પષ્ટપણે દર્શાવવી જોઈશે.

૧૬. ઉપરના કોઈ પણ નિયમમાં અપવાદ કરવાની જરૂર જો સ્થાનિક તપાસસમિતિને લાગે તો તેમ કરવાનાં કારણો શાં છે તે પોતાના અહેવાલમાં સ્પષ્ટ જણાવીને તેની ભલામણ તે કરી શકશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૧

સમાજવિદ્યા ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૧૫-૧-૧૯૬૩ના આપના પત્રાંક Syn./Tr./O 1848 મુજબ, અમે સમાજવિદ્યા ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણ માટે, તા. ૯-૩-૧૯૬૩ના રોજ ગયા હતા. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી; કેટલીક બીજી અમે માગી તે બધી અમને તે બાદ તેમણે પહોંચતી કરી હતી. સત્રનો અંત હોવાથી વિદ્યાર્થીઓના વર્ગો બંધ હતા, એટલે એમને અમારાથી મળી શકાયું નહોતું. અધ્યાપકગણ જોડે કામકાજ બાબત બેત્રણ કલાક સારી પેઠે અમે વાતચીત કરી હતી. તે ઉપરાંત ભવનના સંચાલકશ્રી તથા રીડરોને અમે મળ્યા હતા. એ બધી સગવડ આપવાને માટે અમે આભારી છીએ. આ બધા પરથી, અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. આ ભવન ૧૯૫૪માં યુનિવર્સિટીએ સ્થાપ્યું ત્યારથી તેના સંચાલકશ્રી મારફત યુનિવર્સિટી તેનું સંચાલન કરે છે. મકાન તેમ જ ગ્રંથાલયની સગવડ યુનિવર્સિટીએ જ કરી છે, અને તે પૂરતી અને સારી પેઠે થયેલી છે.

૨. એના નામ પ્રમાણે, ભવન સમાજવિદ્યાઓના અધ્યાપન તથા સંશોધનને માટે સ્થાપવામાં આવ્યું છે. સમાજવિદ્યાઓમાં નીચેની વિદ્યાઓનો (એમ.એ. તથા પીએચ.ડી. માટે) અભ્યાસ કરાવવાની જોગવાઈ છે :

(૧) અર્થશાસ્ત્ર, (૨) રાજકારણ, (૩) આંકડાશાસ્ત્ર, (૪) સમાજવિજ્ઞાન, અને (૫) મજૂરકલ્યાણ (અનુસ્નાતક ડિપ્લોમા માટે).

આને માટે કુલ ૧૯ અધ્યાપકો કામ કરે છે. તેમને વિષે તથા તેમના કામકાજને વિષે વિગતવાર હકીકત આપતું નિવેદન ભવનના સંચાલકે અમને આપ્યું હતું, તે આ સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડ્યું છે. કુલ ૧૯માં અંદર, ૧ અધ્યાપક કક્ષાના, ૬ રીડર અને બાકીના લેક્ચરર કક્ષાના શિક્ષકો છે. વિષયવાર જોતાં, અર્થશાસ્ત્રને માટે એક અધ્યાપક અને ત્રણ રીડર છે, રાજકારણ માટે એક રીડર છે, અને એક અધ્યાપકની જગ્યા પૂરવાની બાકી છે. સમાજવિજ્ઞાન માટે એક રીડર છે, તથા આંકડા-શાસ્ત્ર માટે પણ એક રીડર છે.

૩. સામાન્ય રીતે અધ્યાપકોને અઠવાડિયામાં રોજ એકથી બે (એક એક કલાકના) 'પીરિયડ' જેટલું કામ હોય છે. ભવનના અધ્યાપનના કામને માટે આ જોગવાઈ પૂરતી અને સંતોષકારક રીતે રહે છે. બહારના કોઈ માન્ય અધ્યાપકને મદદમાં બોલાવવાની સામાન્યપણે જરૂર રહેતી નથી. [આમાં મજૂરકલ્યાણ અંગેનો અપવાદ ગણાય કે જેમાં ચારેક અધ્યાપકોને 'વિઝિટિંગ વ્યાખ્યાતાઓ' તરીકે ચાલુ વર્ષમાં (૧૯૬૨-૬૩માં) બોલાવવામાં આવ્યા હતા.]

૪. અમને જણાવવામાં આવ્યું કે, જુદા જુદા વિષયોના નિષ્ણાતોને જો શિક્ષણના કામમાં તેમના ખાસ અભ્યાસ અંગે વ્યાખ્યાન, પરિસંવાદ ઇત્યાદિ માટે બોલાવી શકાય તો શિક્ષણને વધુ સમૃદ્ધ અને સભર કરી શકાય, પરંતુ યુનિવર્સિટીની સૂચના તેમ નહિ કરવાની છે, એવી છાપ ભવનના સંચાલકની હોય એમ અમે જોયું. આ બાબતની સૂચના જોતાં જણાયું કે, સામાન્ય વર્ગશિક્ષણ તથા સ્વાધ્યાય વગેરેને માટે ઉપરની સૂચના લાગુ પડે છે, પણ શિક્ષણને વધુ સમૃદ્ધ કરવાને વાસ્તે તે તે વિષયના ખાસ અભ્યાસીઓને વિશેષ ચર્ચા, વસ્તુનિરૂપણ વગેરેને માટે બોલાવવાની તેમાં મના નથી, એ તરફ અમે ધ્યાન દોર્યું હતું.

૫. 'પીએચ.ડી.'ના સંશોધનનું માર્ગદર્શન કરવાને માટે 'ગાઈડ' તરીકે અર્થશાસ્ત્રમાં પ્રોફેસર શિનોય અને સમાજવિજ્ઞાનમાં પ્રોફેસર તારાબહેન પટેલ માન્ય થયેલાં છે. રાજકારણ અને આંકડાશાસ્ત્ર માટે માન્ય 'ગાઈડ' ભવનના સ્ટાફ પર અત્યારે કોઈ નથી. સામાન્ય રીતે, યુનિવર્સિટી ભવનના રીડર કક્ષાએ નિમાયેલા અધ્યાપકને આવી માન્યતા આપોઆપ મળે એવો નિયમ હોવો જોઈએ એવી લાગણી હોય, એમ ભવનના સ્ટાફની જોડેની અમારી ચર્ચામાંથી અમને જોવાને મળ્યું. આ વસ્તુ, અમારું અગાઉ જે ત્રિવાર્ષિક નિરીક્ષણ થયું હતું તેમાં પણ નોંધાયેલી છે. આ વિષયમાં યુનિવર્સિટીના અનુસ્નાતક અધ્યાપક તરીકેની માન્યતા આપવાનો જે નિયમ છે તે સામાન્યપણે આખી યુનિવર્સિટીને સમાન ધોરણે નિરપવાદ લાગુ પાડવામાં આવ્યો છે, એમ અમે જણાવ્યું. અમને એ પણ કહેવામાં આવ્યું કે, ભવનમાં કેટલાક રીડર એવા છે કે જે બીજી યુનિવર્સિટીઓમાં પીએચ.ડી.ના પરીક્ષક તરીકે પાત્ર ગણાય છે, પરંતુ આપણે ત્યાં 'ગાઈડ' તરીકે માન્ય નથી કરી શકાતા. અમને એમ પણ કહેવામાં આવ્યું કે, આવા રીડરોના વિદ્યાર્થીઓ બીજી યુનિવર્સિટીઓમાં 'ગાઈડ' તરીકે કામ કરે છે. આ ઉપરથી અમે જોયું કે, રીડરોની માન્યતા વિષેની આ બાબત ભવનમાં સારી પેઠે ઘોળાયા કરે છે. અમે એમનું ધ્યાન નિયમના એ ભાગ તરફ ખેંચ્યું કે જ્યાં આગળ એમ કહ્યું છે કે, 'ગાઈડ'ની લાયકાત માટે સામાન્ય નિયમોમાંથી કાંઈક ખૂટતું હોય તેમ છતાં જો વ્યક્તિની ખાસ કામગીરી અને સંશોધન-શક્તિ જણાય તો અપવાદ કરી શકાય છે.

૬. ભવનમાં કામ કરતા શિક્ષકો પોતે પીએચ.ડી. થવા માગતા હોય, પણ આપણી યુનિવર્સિટીમાં તેમના વિષયને માટે માન્ય 'ગાઈડ' હયાત ન હોય તો મુશ્કેલી પડે છે, અને પીએચ.ડી.નો અભ્યાસ કરી શકાતો નથી. આવી સ્થિતિમાં યુનિવર્સિટી બહારના ક્ષેત્રમાંથી પણ ત્યાંના માન્ય 'ગાઈડ' હોય તેમનો સંસર્ગ સાધીને, યુનિવર્સિટીના અધ્યાપકો પોતાનું પીએચ.ડી. કામ કરી શકે છે તે નિયમ તરફ અમે ધ્યાન દોર્યું હતું. તેના જવાબમાં અમને એવી મુશ્કેલી બતાવવામાં આવી કે, આવા શિક્ષકો પોતાને ત્યાંના જ વિદ્યાર્થીઓને માટે રોકાઈ રહેલા હોય છે, તથા ભાગ્યે જ બહારનું કામ લેવા તત્પર થાય છે. આ સંજોગોમાં શું કરવું તે સવાલ જરૂર ઊભો થાય છે. આવા વ્યક્તિગત કેસ હોય તેમણે પોતાની વિશિષ્ટ સ્થિતિ બતાવીને યુનિવર્સિટી પાસે રાહત માગવી જોઈએ, એ જ માર્ગ બાકી રહે છે. આ પ્રશ્ન અમે સિન્ડિકેટના ધ્યાન પર લાવીએ છીએ.

૭. અમને જણાવવામાં આવ્યું કે, આંકડાશાસ્ત્રનો વિભાગ આવતા વર્ષથી ગણિતવિદ્યા ભવનના ભાગ તરીકે આ ભવનમાંથી તે ભવનમાં લઈ જવામાં આવશે. આજે સમાજવિદ્યાઓનું ખેડાણ, સંશોધન વગેરે જે રીતે થાય છે તે જોતાં, આંકડાશાસ્ત્ર આ ભવનનો પણ એક મહત્ત્વનો ભાગ છે તેમાં શંકા નથી. એમ કહીએ તો ચાલે કે 'એપ્લાઇડ' આંકડાશાસ્ત્રનો વિભાગ સામાન્ય રીતે આ ભવનમાં જરૂરનો ગણાય, જોકે એક વિદ્યા તરીકે તે ગણિતવિદ્યાનો ભાગ છે તેમાં શંકા નથી. ભવનમાં સંશોધન વગેરેનું કામ થાય તેમાં અમુક કક્ષાએ અમુક આંકડાશાસ્ત્રનું કામ અને તેની જરૂરિયાત ઊભાં થાય જ છે. આ સગવડ ભવન પાસેથી જઈ, તેના ભાગ તરીકે ન રહે તો, બીજું કાંઈ નહિ તોપણ કામમાં વિલંબ તો પડે જ. સંશોધન અંગે આવા વખતે તે તે અધ્યાપકોએ અવાર-નવાર મળીને પણ કામ કરવાનું જરૂરી બને છે. આંકડાશાસ્ત્રનો વિભાગ જુદા ભવનની વ્યવસ્થામાં જાય તો આવાં કારણોથી અમને મુસીબત પડશે, એ પ્રકારની રજૂઆત ભવનના સ્ટાફે અમારી આગળ કરી હતી. અમને લાગે છે કે, અમુક જાતની તકલીફ જરૂર અહીં બતાવી શકાય પરંતુ, ગણિત-ભવન પણ યુનિવર્સિટી 'કૅમ્પસ' પર સાથે જ છે, તેથી એમાં કાંઈક ઘટાડો થતો માનવો જોઈએ. એટલે એમ કરવું રહ્યું કે, આંકડાશાસ્ત્રને અંગે ગણિતભવન અને સમાજવિદ્યા ભવન, કોઈક રીતે, ભેગાં મળીને વ્યવસ્થા કરી લે એવો બંદોબસ્ત વિધિસર થવો જોઈએ. અમારી ભલામણ છે કે, આ બાબતમાં જે તકલીફ ભવન તરફથી અમને વર્ણવી બતાવવામાં આવી તે અંગે નવી ગોઠવણી થાય ત્યારે કાંઈક સમાધાનકારક રસ્તો યોજવો જોઈએ.

૮. ભવનના કામકાજમાં અધ્યાપન ઉપરાંત, મહત્ત્વનું કામ સંશોધનની પ્રવૃત્તિ ગણાય છે. અને ભવન સામાન્ય શિક્ષણના કામ ઉપરાંત, સંશોધનમાં પણ યોજનાપૂર્વક કામ કરે એ આવશ્યક અને તેને માટે શોભારૂપ પણ મનાય છે. આ બાબતમાં પણ અમે ભવનના અધ્યક્ષ તથા સ્ટાફ જોડે લંબાણથી ચર્ચા કરી હતી. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા નિરીક્ષણમાં પણ આ વિષે અમે સામાન્યપણે કેટલીક બાબતો નોંધી છે કે જે અહીં પણ લાગુ પડે છે. ભવનમાં અત્યારે સંશોધન અંગે જે કામકાજ ચાલે છે તેનો અધ્યાપકવાર અહેવાલ અમને મળ્યો છે, તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨* તરીકે) અમે જોડી આપ્યો છે. આ કામ દરેક અધ્યાપક પોતાની અંગત રુચિ અને ઇચ્છા પ્રમાણે અંગીકાર કરે છે, અને તે પોતાની રીતે આગળ ચલાવે છે. ભવન તરફથી અને સમગ્રરૂપે કરવાના કામ તરીકે કોઈ યોજનાબદ્ધ સંશોધન-કાર્યક્રમમાં હોતો નથી. આજે આપણા દેશની યુનિવર્સિટીઓમાં સંશોધનનું કામ આ ઢબે જ મુખ્યત્વે ચાલે છે.

ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અમારા રિપોર્ટમાં સંશોધનકાર્યને ત્રણ ભાગમાં અમે વહેંચી બતાવ્યું છે તે અહીં ફરીથી લખવાની જરૂર નથી. આ ભવનના અધ્યક્ષે બીજા દૃષ્ટિબિંદુથી સંશોધન-કાર્યને નીચેની ત્રણ રીતમાં વહેંચી શકાય એવું અમારી આગળ જણાવ્યું:

(૧) કોઈ પણ મુદ્દાનું, તપાસ કે સરવેની દૃષ્ટિએ કરાતું તપાસકાર્યની ઢબનું, સંશોધન;

(૨) મુખ્યત્વે ગ્રંથાલયની મદદથી, દસ્તાવેજી આધારે અભ્યાસ કરીને રજૂ થતું પ્રબંધની ઢબનું સંશોધનકાર્ય; અને

(૩) કોઈ વિદ્યાના પ્રશ્નનું મૌલિક સંશોધન.

આ વર્ગીકરણ નોંધપાત્ર છે. પહેલા પ્રકારનું કામ ભવનમાં 'ટીમ વર્ક' તરીકે અને આયોજનપૂર્વક ઉપાડી શકાય એવું છે. કાંઈક અંશે બીજા પ્રકારનું કામ પણ એ ઢબે યોજવાનું શકય હોય. ત્રીજા પ્રકારનું કામ એવું છે કે, જ્યાં સંશોધનની અંગત કામગીરી પ્રસ્તુત બને છે, એટલે અમે ભવનના અધ્યક્ષને એમ સૂચવ્યું કે, ભવન અધ્યાપન ઉપરાંત સંશોધનની પણ સંસ્થા છે, તથા અધ્યાપકો પાસે રોજ એકબે સમયના અધ્યાપનકામ પછી અભ્યાસ તથા સંશોધન માટે નવરાશ પણ હોય છે. એટલે ભવને એક સંશોધન-સંસ્થા તરીકે સંશોધન માટે વ્યવસ્થિત કાર્યક્રમ પણ યોજવા જોઈએ. ભવનના અધ્યક્ષે આ વસ્તુ વિચારવા જેવી છે એમ કહીને જણાવ્યું કે, આ અંગે આગળ ઘટતી યોજના કરીશું.

૯. ભવનની જુદી જુદી વિદ્યાશાખાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે તેના ૧૯૬૦, ૧૯૬૧ અને ૧૯૬૨ના ત્રણ વર્ષના ક્રમિક કોઠા આ સાથે (પરિશિષ્ટ ૩માં)* આપ્યા છે તે જોતાં જણાય છે. ૧૯૬૦-૬૧માં જુનિયર-સીનિયર એમ.એ. થઈને કુલ ૧૫૮, ૧૯૬૧-૬૨માં ૨૫૧ અને ૧૯૬૨-૬૩માં ૨૭૦ વિદ્યાર્થીઓની સંખ્યા જોવા મળે છે; અને પીએચ.ડી.માં ૧૯૬૦-૬૧માં ૨, અને ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩માં ૪ વિદ્યાર્થીઓ હતા, એમ જણાય છે. અમદાવાદમાં કામ કરતાં આ વિષયો અંગેનાં અનુસ્નાતક કેન્દ્રો કયાં કયાં અને કેટલાં છે તથા તેમાં કેટલી સંખ્યા તેનો લાભ લે છે તે માહિતી અમે મેળવી શકયા નથી. પણ કેટલાક વિષયોમાં આ ભવન જ આખી યુનિવર્સિટીમાં કામ કરતું હોય એમ જણાય છે. 'યુનિવર્સિટીના ભવન તથા તેમને મળતું કામ કરતાં' બહારનાં કેન્દ્રો વચ્ચે અમુક પ્રકારનો સંબંધ જોડાય એ વિષે અમે ગુજરાતી ભવનના નિરીક્ષણના અમારા રિપોર્ટમાં કયાંક ચર્ચા કરી છે તે અહીં બેવડાવતા નથી. ત્યાં કરેલું સૂચન અહીં પણ રજૂ કરીએ છીએ.

૧૦. પરીક્ષાનાં પરિણામો બતાવતો કોઠો, અમને જે મળ્યો તે, આ સાથે અલગ (પરિશિષ્ટ ૪ તરીકે)* જોડયો છે. તેમાં ત્રણેય વર્ષોનાં પરિણામ આપવામાં આવેલાં છે. ત્રણેય વર્ષ, દર વર્ષે ૭૦ ટકા ઉપર પરિણામ આવેલું જોવા મળે છે. સિવાય કે, ૧૯૬૧માં, D.L.W. પરીક્ષામાં, તે કાંઈક ઓછું છે. પરિણામ જોતાં એ પણ ધ્યાનમાં આવે છે કે, એમ.એસસી. આંકડાશાસ્ત્ર સિવાય બીજી પરીક્ષાઓમાં ત્રણે વર્ષમાં કોઈ પહેલા વર્ગમાં આવ્યું નથી. બીજા વર્ગમાં ૧૯૬૦-૬૧માં ૨૫ ટકા જેટલું પરિણામ છે, જ્યારે ત્રીજા વર્ગમાં (૧૯૬૨માં) તેના ટકા ૧૬-૧૭ જેટલા છે.

૧૧. ભવનના વિદ્યાર્થીઓનું વિદ્યાર્થીમંડળ ચાલે છે, તથા તેની ઇતર પ્રવૃત્તિઓમાં તેનું (અને અમદાવાદની બધીય કૉલેજોનું પણ) "પ્લાનિંગ ફોરમ" ચાલે છે. વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓમાં રમતગમતો, વાર્ષિક દિન સંમેલન વગેરે જોવામાં આવે છે. શરૂમાં જણાવ્યું તેમ અમે વિદ્યાર્થીઓને મળી શકયા નહોતા, એટલે એ વિષે કાંઈ વધુ જણાવી શકીએ તેમ નથી.

૧૨. ભવનને માટે છાત્રાલયની વ્યવસ્થા યુનિવર્સિટીના છાત્રાલયમાં થયેલી છે. ભવનના વિદ્યાર્થીઓ તેનો ઠીક ઠીક લાભ લેતા જણાય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સંખ્યા જુનિયર-સીનિયર મળીને ૧૯૬૦-૬૧માં (૨૩+૫૧) ૭૪, ૧૯૬૧-૬૨માં (૩૨+૩૫) ૬૭ અને ૧૯૬૨-૬૩માં (૩૩+૩૮) ૭૧ હતી.

૧૩. પીએચ.ડી. માટે ૪ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, તેમાંના ૨ અર્થશાસ્ત્ર અને ૨ સમાજશાસ્ત્રમાં કામ કરે છે. અર્થશાસ્ત્રના એમાંથી એક વિદ્યાર્થીએ પોતાનો પ્રબંધ પૂરો કરીને આ વર્ષે પરીક્ષા માટે સાંપ્યો છે. અને બીજા વિદ્યાર્થીનો પ્રબંધ લગભગ પૂરો થવા આવ્યો છે. આ બે વિદ્યાર્થીઓ

૧૯૬૦-૬૧થી ચાલુ થયા છે. સમાજવિજ્ઞાનની અંદર ગયા વર્ષે ત્રણ વિદ્યાર્થીઓ હતા, તેમાંથી આ વર્ષે બે ચાલુ છે.

પીએચ.ડી. માટેના વિદ્યાર્થીઓની સંખ્યા અંગે અમે ભવનના અધ્યક્ષ સાથે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, અર્થશાસ્ત્ર માટે માર્ગદર્શક તરીકે જેઓ મારી પાસે આવે છે તેમની હું અમુક ધોરણની કસોટી લઉં છું અને તેમાં જો મને કામચલાઉ સંતોષ થાય કે જેથી પીએચ.ડી.નું ધોરણ સચવાઈ રહે, તો તે હિસાબે તેને દોરવણી આપવાનું કામ માથે લઉં છું. તે મુજબ કામ કરતાં મેં એને લીધેલા છે. કસોટીમાંથી પસાર ન થાય તો હું સામાન્યપણે લેતો નથી. સંખ્યાની બાબતમાં આ પ્રમાણે અમને તેમણે પોતાના વિષય અંગે જણાવ્યું. સમાજવિદ્યામાં ત્રણમાંથી એક ઓછો કેમ થયો તેનું કારણ એવું જાણવા મળ્યું કે, એક સત્ર દરમિયાન તેનું કામ આગળ ચાલતું ન લાગ્યું તેથી યુનિવર્સિટીમાં નવા વરસે તેની ફી લેવામાં આવી નહિ, અને એ રીતે વિદ્યાર્થી કમી થયેલો છે.

યુનિવર્સિટીની પીએચ.ડી. પરીક્ષા બને તેટલા ઉત્તમ ધોરણે અને ઉત્કૃષ્ટ કક્ષાએ રહે એ જાળવવું જોઈએ. ઉપર સંશોધન અંગેની ત્રણ રીતો અમે નોંધી છે તેમાંની અમુક તપાસકામ લઈને કરવામાં આવતા સંશોધનની રીતને પીએચ.ડી. જેવા લેવલ માટે પૂરતી ગણાય કે કેમ એવો સવાલ પ્રમાણિકપણે કેટલાક વિદ્વાનો સેવે છે. અર્થશાસ્ત્રના વિષયમાં તો આ જાતનું સંશોધન પ્રાથમિક કક્ષાનું જ ગણાય, કે જે આદરપાત્ર સંશોધનો માટે તેની તૈયારીરૂપે કરવાનું હોય. આ દૃષ્ટિએ જોતાં, બનવાજોગ છે કે, 'ગાઈડ'ની આ વિષેની પોતાની જેવી કસોટી હોય તે પ્રમાણે વર્તે. આથી કરીને, કદાચ અર્થશાસ્ત્રમાં પ્રો. શિનોયને બે વિદ્યાર્થીઓ જ મળી શકયા હોય એવું બને.

સમાજશાસ્ત્રમાં એક વિદ્યાર્થી કમી થયો તેના કારણ વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. એ કક્ષાએ કામ કરતો વિદ્યાર્થી, કૉલેજમાં ભણતો વિદ્યાર્થી, વિદ્યાર્થીની પેઠે, પોતાના સંજોગોવશાત્ એકધારું કામ ન કરી શકે. યુનિવર્સિટી તેમને ચારથી પાંચ વર્ષનો ગાળો એ દૃષ્ટિએ આપે છે, કે જે વીત્યા પછી પણ કામ ન પરવારે તો તેવાઓએ ફરીથી નોંધાવું પડે. એટલે ઉપર જણાવેલા કારણે, કોઈ વિદ્યાર્થીને ફી ભરતો રોકવામાં આવે, એ ઠીક? એવો સવાલ, અમે તેમની આગળ વિચારવા માટે મૂકયો હતો.

૧૪. શિક્ષણની પદ્ધતિ બાબતમાં અમને જાણવા મળ્યું છે કે, દર વર્ષે, સત્રમાં થયેલા કામકાજને અંતે સત્રાંતમાં અને વાર્ષિક પરીક્ષાઓ લેવાય છે. તે ઉપરાંત 'ટયૂટોરિયલ', સેમિનાર વગેરે દરેક વિષયમાં યોજવામાં આવે છે.

૧૫. અધ્યાપકોના વિષયો તરફ જોતાં જણાયું કે, ઇતિહાસના અનુસ્નાતક અભ્યાસને માટે ભવનમાં જોગવાઈ આપી શકાતી નથી. પરિણામે, ઇતિહાસનું કેન્દ્ર અહીં ચાલતું નથી. અમે આ વિષે ભવનના સ્ટાફ જોડે ચર્ચા કરી હતી. આવું કેન્દ્ર, અને તે પણ ઇતિહાસ જેવા પાયાના મહત્ત્વના અભ્યાસના વિષયને માટે ન હોય, એ એક ઊણપ લાગે. હવે પછી ઇતિહાસના અધ્યાપક નિમાશે, એટલે અમે માનીએ છીએ કે આ ઊણપ દૂર કરવાની જોગવાઈ થઈ શકશે.

લિ.

ડાહ્યાભાઈ માંકડ
ભગનભાઈ દેસાઈ.

તા. ૩૦મી માર્ચ, ૧૯૬૩.

---

* પરિશિષ્ટો સામેલ નથી.

ભાષા-સાહિત્ય ભવનનો ત્રિવાર્ષિક તપાસસમિતિનો અહેવાલ

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

ભાઈશ્રી,

તા. ૧૫-૧-૧૯૬૩ના આપના પત્રાંક સિં./ટ્રાયે. ૧૯૫૧ મુજબ અમે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક નિરીક્ષણને માટે તા. ૮-૧-૧૯૬૩ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે ગયા હતા. ભવનના વિદ્યાર્થીઓને મળવાને અને તેમની જોડે વાતચીત કરવાને માટે તા. ૯મીએ બીજે દિવસે એક કલાક વધુ ગયા હતા; જે દરમિયાન વિદ્યાર્થીઓએ ભવનના તેમના અભ્યાસ અંગે વિગતે પ્રશ્નોત્તરી કરી હતી. ભવન વિષે કેટલીક જરૂરી માહિતી તેના સંચાલકશ્રીએ અમને અગાઉથી મોકલી આપી હતી. કેટલીક બીજી, અમે માગી તે બધી, તે બાદ, અમને પહોંચતી કરી હતી. એ માટે તથા સ્ટાફના અધ્યાપકગણને માટે તથા વિદ્યાર્થીઓને મળવાની અને તેમની જોડે ચર્ચા કરવાની સવડ પણ અમને આપી, તે માટે આભારી છીએ. એ બધા પરથી અમે ભવનના ત્રિવાર્ષિક કામકાજ વિષે નીચેનો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. ભવનનું સંચાલન યુનિવર્સિટી પોતે તેના સંચાલકશ્રી મારફતે કરે છે. મકાનની તેમ જ ગ્રંથાલયની સવડ યુનિવર્સિટીએ કરી છે તે સારી પેઠે પૂરતી છે. મકાનનો અમુક ભાગ અત્યારે વિજ્ઞાનવિદ્યા ભવન વાપરે છે. તે ભવન જ્યારે પોતાના અલાયદા મકાનમાં જશે, ત્યારે એ જગા ખાલી થશે. ભાષા-ભવનમાં ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, ફારસી ઇત્યાદિ કેટલીક ભાષાઓના અભ્યાસને માટે હવે પછી ઉમેરો થશે એવી યોજના છે. તો ખાલી થતું મકાન તેને માટે ખપમાં આવી શકશે. ગ્રંથાલયનો ઉપયોગ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને જરૂરી બધી રીતે મળી શકે તે માટે યુનિવર્સિટીનો ગ્રંથાલય વિભાગ ધ્યાન રાખે છે અને તેને સારુ ઘટતી વ્યવસ્થા આપે છે. તેમાં જે ઘટે તે રીતે સુધારોવધારો થતો રહેશે. તેથી ગ્રંથાલયની સવડ વિષે કાંઈ ચિંતા નહિ રહે એમ અમે જોયું.

૨. અનુસ્નાતક અધ્યાપન તથા સંશોધનને માટે ભવનમાં હાલ ગુજરાતી (મુખ્ય અને ગૌણ) તથા ભાષાવિજ્ઞાન (ગૌણ) — એમ બે વિષયોના (એમ.એ. વર્ગના) શિક્ષણની જોગવાઈ છે, તથા સંશોધન અર્થે કામકાજ ચાલે છે જેને માટે ભવનના સંચાલક શ્રી. ઉમાશંકર તથા ભાષાવિજ્ઞાનના રીડર પ્રોફેસર પંડિત—બને 'ગાઈડ' તરીકે માન્ય થયેલા છે. તેમની મદદમાં શિક્ષણ-સંશોધન અર્થે બીજો જે સ્ટાફ છે તે તથા તેમના કામકાજને વિષે ભવનના અધ્યક્ષે અમને જે વિગતવાર નોંધ આપી છે તે આની સાથે (પરિશિષ્ટ ૧ તરીકે)* જોડી છે; તેમાંથી આ વિષેની માહિતી મળી રહેશે.

૩. એ માહિતીમાંથી જણાશે કે અધ્યાપકો એમ.એ.ના અધ્યાપન પેટે અઠવાડિયે ચાર-પાંચ સમય લે છે. આથી શિક્ષણકાર્યને સંભાળી લેવામાં બહારના અધ્યાપકોની મદદની જરૂર સામા-યપણે રહેતી નથી. કોઈ વિશેષ પ્રસંગ કે ચર્ચા યા પરિસંવાદની દૃષ્ટિએ બહારની વ્યક્તિઓને બોલાવાય તે જુદી વાત. બાકીનો સમય અધ્યાપકો પોતાના અભ્યાસ તથા સંશોધન અને તેના માર્ગદર્શનના કાર્યમાં આપે છે. તે અંગે હાલમાં જે ચાલે છે તે વર્ણવતી નોંધ ભવનના સંચાલકે આપી, તે પણ સાથેના પરિશિષ્ટ ૧માં* મળે છે.

૪. ભવનમાં થતા કામકાજને અમે ઉપર બે ભાગમાં વર્ણવ્યું છે: (૧) એમ.એ. વર્ગનું અધ્યાપન વર્ગ કાર્ય, અને (૨) ભવન તથા તેમાં કામ કરતા અધ્યાપકોનું સંશોધન અને પીએચ.ડી.નું માર્ગદર્શન કાર્ય—એમાં સંશોધન અંગે અમે બે ભાગમાં વિચાર કરીએ છીએ: (૧) ભવન તરફથી સમન્વિતરૂપે વિચારેલ કાર્ય, અને (૨) અધ્યાપકો પોતાની રુચિ અને ઇચ્છા મુજબ અંગતરૂપે અંગીકાર કરે તે કાર્ય. આ બેમાંના પહેલા પ્રકારમાં એ જાતનું કામ પણ ગણી લેવું જોઈએ, કે જે યુનિવર્સિટીને બહારથી સોંપાતું હોય અને જે ભવન દ્વારા કરવા માટે લેવામાં આવ્યું હોય. જેમ કે, ભારત સરકારના કેળવણી ખાતાએ ગુજરાતી ભાષાની 'મોર્ફિમ' અને 'ફોનિમ' ફરીતા (ફિકવન્સી) અંગે ભારવેલું કામ અથવા સાહિત્ય અકાદમીની રાષ્ટ્રીય 'ગ્રંથસૂચિ'ના ગુજરાતી વિભાગનું કામ ભવન તરીકે તેણે પોતે આપણા પ્રાચીન કાવ્ય-ગ્રંથોનું સંપાદનકામ કેટલાંક વર્ષથી હાથ ધર્યું છે. તેમાંનું 'દશમસ્કંધ' કામ ગઈ ત્રિવર્ષીથી ચાલુ છે. આ ત્રિવર્ષીમાં, તેમાં 'અખેગીતા'નું સંપાદન ઉમેરાયું છે. આ બે ગ્રંથોના સંપાદન વિષે માહિતી આપતી અલગ નોંધ ભવનના અધ્યક્ષ પાસેથી મળી તે આ સાથે અલગ (પરિશિષ્ટ ૨ તરીકે)* જોડી છે.

૫. ઉપર જણાવ્યું તેમ ભવનના સંશોધનકાર્યને નીચેના ત્રણ ભાગમાં વહેંચીને તપાસી શકાય:

(૧) પીએચ.ડી.ના વિદ્યાર્થીનું સંશોધન—તેનું માર્ગદર્શન;
(૨) અધ્યાપકોએ અંગત અંગીકાર કરેલું; અને
(૩) ભવન તરફથી આયોજન કરીને આદરવામાં આવતું સંપાદક-સંશોધનકાર્ય.

આમાંનું ત્રીજું કાર્ય મહત્ત્વનું છે અને તે એ રીતે કે, તે દ્વારા ગુજરાતી પ્રજાની ભાષા, સાહિત્ય વગેરે ક્ષેત્રે સેવાનાં કામો, તેની એક સંસ્થા તરીકે યુનિવર્સિટી ઉપાડીને કરી શકે. અધ્યાપનના કામ ઉપરાંતના આ સંશોધનકાર્ય વિષે અમે ભવનના અધ્યક્ષ જોડે ઠીક ઠીક ચર્ચા કરી હતી. તેથી અમને સંતોષ થયો કે ઉપરની દૃષ્ટિ તેમને ગમી અને તે ધોરણે ભવનનું આગામી કામકાજ યોજવા પ્રયત્ન થશે. એ બાબતમાં અમારી જોડે તેમણે વિચારણા પણ કરી હતી. તેને અંગે તેમણે જે એક યોજના વિચારી તે અમારી માગણી પરથી તેમણે એક નોંધરૂપે અમને આપી છે, તે (પરિશિષ્ટ ૩ તરીકે)* જોડી છે, તેમાં તેમણે સૂચવેલાં કામો તથા તેના ખર્ચ વિષે ઘટતું કરવા અમારી ભલામણ છે.

આમ સંશોધન અને સંપાદનકાર્ય યોજાય તો ભાષાના અધ્યાપન કામકાજ પૂરતું જ જોતાં જે નવરાશ લાગવા સંભવ છે તે યુનિવર્સિટી ભવનના બીજા અને મહત્ત્વના એવા સંશોધનકાર્યમાં લેખે લાગશે એટલું જ નહિ, પણ ભવનને શોભારૂપ નીવડશે એમ અમો માનીએ છીએ.

૬. ભવનમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા છેલ્લાં ત્રણ વર્ષમાં કેવી હતી તે બતાવતું તારણ આની જોડે (પરિશિષ્ટ ૪ તરીકે)* આપ્યું છે. તે ઉપરથી જણાશે કે આ વર્ષે (૧૯૬૨-૬૩) ભવનમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ છે, જેનો ફોડ એમ છે કે, તેમાંના ૫૦ એમ.એ.ના મુખ્ય વિષય તરીકે અને ૫૫ ગૌણ વિષય તરીકે, તથા ૩ પીએચ.ડી. માટે ભણે છે. અગાઉનાં ત્રણ વર્ષની સંખ્યા સાથે જોતાં ગયા વર્ષ અગાઉ તે વધારે હતી, બે વર્ષથી તે ૧૦૭-૮ જેટલી સ્થિર ચાલે છે.

ભવનમાં વિદ્યાર્થી-સંખ્યાની બાબતમાં એક વસ્તુ ધ્યાનમાં લેવી જોઈએ કે, યુનિવર્સિટી વિસ્તારમાં અમદાવાદ બહાર ગુજરાતીનાં અનુસ્નાતક કેન્દ્રો બીજાં આઠ ચાલે છે, જેમાં લગભગ ૪૫૦ જેટલા

વિદ્યાર્થીઓ ભણે છે એની માહિતી જાણવા મળી. ભવનનો સમય રોજ અને કામકાજના સામાન્ય રીતના બપોરના કલાકોનો હોય છે. કેન્દ્રોનો સામાન્ય સમય અઠવાડિયામાં શનિ-રવિવારે હોય છે. આથી વિદ્યાર્થીઓ પોતપોતાની અનુકૂળતા મુજબ સવડભર્યા કેન્દ્રમાં કે ભવનમાં જોડાય છે. એમ.એ. ગુજરાતી અભ્યાસને માટે કેન્દ્રની અને ભવનની એમ બન્ને પ્રકારની વ્યવસ્થા યુનિવર્સિટી ચલાવે છે. તેમનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો ગણાય એમ અમને ભવનનું નિરીક્ષણ કરતાં લાગ્યું. ભવનની પેઠે કેન્દ્રનું નિરીક્ષણ થાય છે કે કેમ તે અમને ખબર નથી. જો ન થતું હોય તો તે સિન્ડિકેટે કરાવવું જોઈએ એ એની અમારી ભલામણ છે, જેથી એ પ્રકારના ગુણદોષ તપાસીને અરસપરસ સુધારણા કરવા માટે મદદરૂપ વિચારબિંદુઓ અને સૂચનો મળી શકે.

૭. ભવનના વિદ્યાર્થીઓની સાથેની અમારી વાતચીતમાં એકબે સૂચનો અમને મળ્યાં હતાં કે જે આમ તો નવાં નથી, છતાં ને.ધપાત્ર લાગે છે. ઘેરથી અભ્યાસ કરીને બારોબાર બેસાય તેવું 'એકસ્ટર્નલ' એમ એ. હોય તો કેમ? અને જો ભવનના કામકાજનો સમય સવારનો હોય તો સારું. આની અમે ભવનના અધ્યક્ષ જોડે ચર્ચા કરી હતી. બી.એ. એકસ્ટર્નલ છે તેથી આગળ ન જવું, એવો અમારો મત છે. અને સવારનો સમય ભવનનું કામ સાંગોપાંગ રીતે કરવાને માટે ઓછો પડે એમ બતાવવામાં આવ્યું. અમને એ બરોબર લાગે છે.

૮. શિક્ષણની પદ્ધતિ અંગે અમને કહેવામાં આવ્યું કે, આ વર્ષે સત્રમાં થયેલા કામની કસોટી-રૂપે, સત્રાંત પરીક્ષા લેવામાં આવી હતી તથા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સ્વાધ્યાયની વ્યવસ્થા કરવામાં આવી છે. એક એવો વિચાર પણ અમે ચર્ચ્યો હતો કે બી.એ.થી આગળ વધી એમ.એ.માં પણ ત્રીસેક ગુણનું કામ ભવનના આંતરિક પરીક્ષણ પેઠે કરી શકાય તો કેવું? આ સૂચન સ્વીકારાય તો ભવનનો અભ્યાસક્રમ વધારે સમયનો અને સંગીન યોજવો ઘટે, એ ફાયદો ગણાય. બીજી તરફ જોતાં, તે કેટલું સફળ કહી શકાય, તે પ્રયોગ કરી જોયે જણાય. કેન્દ્રોમાં જ્યાં કેવળ એકબે દિવસ અને તે કેવળ વ્યાખ્યાન પૂરતું જ કામ થાય છે ત્યાં આવું આંતરિક પરીક્ષણ કેમ ફાવે એ પણ જોવાનું રહે. તથા એમ.એ. જેવા ઉચ્ચ અભ્યાસના વિદ્યાર્થીઓને માટે આવી વ્યવસ્થા કરવી જરૂરી ખરી? એ સવાલ થાય. આ વિષે ચોક્કસ સૂચન કરી શકતા નથી.

૯. છેલ્લાં ત્રણ વર્ષોમાં ભવનના વિદ્યાર્થીઓની પરીક્ષાનાં પરિણામ બતાવતો કોઠો (પરિશિષ્ટ ૫ તરીકે)* આ સાથે જોડ્યો છે. પરિણામ વિષે એક નોંધપાત્ર વસ્તુ એ ધ્યાનમાં આવી કે ત્રણ વર્ષમાં કોઈ પ્રથમ વર્ષમાં પાસ થયું નથી. પાસ સંખ્યા લગભગ ૭૦ ટકા આસપાસ જેટલી છે.

૧૦. ભવનને છાત્રાલયની સવડ યુનિવર્સિટી છાત્રાલયમાં મળી રહે છે, પરંતુ બહુ ઓછા વિદ્યાર્થી તેનો લાભ લે છે. એક પીએચ.ડી.નો વિદ્યાર્થી જ આ વર્ષે છાત્રાલયમાં રહે છે.

વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓ સંભાળવા માટે તેમનું વિધિસર મંડળ રચાતું નથી, પણ અમને જણાવવામાં આવ્યું કે આપોઆપ તેઓમાંથી બેત્રણેક જણા એમના મુખી પેઠે કામ કરે એવું તેઓ યોજી લે છે. રમતગમત ઇત્યાદિ જેવી પ્રવૃત્તિઓ આ કક્ષાના વિદ્યાર્થીઓમાં ખાસ જામી શકતી નથી એમ લાગે છે. યુનિવર્સિટીનાં બધાં ભવનોના વિદ્યાર્થીઓનું એક મંડળ બની, તેમની કોઈ વિદ્યાર્થીપ્રવૃત્તિ ચોજાતી જણાતી નથી.

૧૧. ભવનના સંચાલક જોડે એમ.એ.ના ચાલુ અભ્યાસક્રમ વિષે થોડી ચર્ચા નીકળી હતી. અમને લાગ્યું કે હવે શરૂ થતા ત્રણ વર્ષના ડિગ્રી કોર્સના સંદર્ભમાં એમ.એ.ના અભ્યાસક્રમને સંગીન કરી વિચારવાનું આવશે, તથા આપણી મુખ્ય ભારતીય પ્રદેશ-ભાષાઓ અને તેમના સાહિત્ય વિષે સામાન્ય પરિચય એમ.એ. કક્ષાએ પહોંચતા વિદ્યાર્થીને મળે એ ઇષ્ટ અને આવશ્યક પણ કહેવાય. ભાષાની દૃષ્ટિએ તેમનો પરસ્પર તુલનાત્મક અભ્યાસ પણ તે તે ભાષાના યુનિવર્સિટી ભવનમાં થવો જોઈએ. આ વસ્તુને નવો અભ્યાસક્રમ વિચારતી વખતે ઘટતું સ્થાન આપવા જેવું લાગે છે. હવે પછી ગુજરાતી ઉપરાંત બીજી ભાષાઓને માટે પણ ભવનમાં જોગવાઈ થશે ત્યારે આવા અભ્યાસ માટે સારી સગવડ પણ થશે એમ કહેવાય.

યુનિવર્સિટીમાં આ વિષય ભણતા બધા વિદ્યાર્થીઓ (કેન્દ્રો અને ભવનમાં બધે) અને તેમના અધ્યાપકો માટે વર્ષમાં એકાદ વાર અને અનુકૂળ સમયે થોડા દિવસનો શિબિરક્રમ યોજાય તો કેમ એવી એક સૂચના હતી. આ એક પ્રયોગ કરી જોવા જેવું સૂચન છે. એ જ.

લિ.
ડાલરરાય માંકડ
મગનભાઈ દેસાઈ.

તા. ૨૦મી માર્ચ ૧૯૬૩.

---

* પરિશિષ્ટો સામેલ નથી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 33-350-4-64

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક સભા, ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-ખંડમાં, બુધવાર તા. ૨૫-૩-૧૯૬૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી તથા ગુરુવાર તા. ૨૬-૩-૧૯૬૪ના રોજ અને તા. ૨૭-૩-૧૯૬૪ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. સભાનું પ્રમુખસ્થાન, ત્રણે દિવસોએ, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૩-૧૯૬૪	તા. ૨૬-૩-૧૯૬૪	તા. ૨૭-૩-૧૯૬૪
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર	હાજર
૩.	શ્રી. જે. એમ. મહેતા, કાર્યકારી રજિસ્ટ્રાર	હાજર	હાજર	હાજર
૪.	શ્રી. કે. જી. બાદલાણી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. ટી. એ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૬.	શ્રી. ટી. એમ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૭.	પ્રો. ઉમાશંકર જોશી	હાજર	હાજર	હાજર
૮.	ડૉ. પી. એચ. પ્રભુ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૯.	ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર	હાજર
૧૦.	આચાર્ય ય. ગુ. નાયક	હાજર	હાજર	હાજર
૧૧.	આચાર્ય બી. સી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૨.	આચાર્ય એ. આર. રાવ	હાજર	હાજર	ગેરહાજર
૧૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર	હાજર
૧૪.	આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫–૩–૧૯૬૪	તા. ૨૬–૩–૧૯૬૪	તા. ૨૭–૩–૧૯૬૪
૧૫.	આચાર્ય એમ. એન. કૈારગાંઉકર	હાજર	હાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય એન. એન. ભરુચા	હાજર	હાજર	હાજર
૧૭.	આચાર્ય કે. બી. વ્યાસ	હાજર	હાજર	ગેરહાજર
૧૮.	આચાર્ય એ. આર. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૧૯.	આચાર્ય ઈ. એમ. થેસ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૨૦.	આચાર્ય આર. પી. પટેલ	હાજર	હાજર	ગેરહાજર
૨૧.	આચાર્ય એસ. કે. કાત્રક	હાજર	હાજર	હાજર
૨૨.	આચાર્ય એસ. સી. પાઠક	હાજર	ગેરહાજર	ગેરહાજર
૨૩.	આચાર્ય કે. જી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૨૪.	આચાર્ય એચ. એસ. સંઘવી	ગેરહાજર	હાજર	હાજર
૨૫.	આચાર્ય ય. પ્રા. શુક્લ	હાજર	હાજર	હાજર
૨૬.	આચાર્ય કે. વી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૨૭.	આચાર્ય એ. ડી. જોસેફ	હાજર	હાજર	ગેરહાજર
૨૮.	આચાર્ય એચ. ઈ. હકામ	હાજર	હાજર	હાજર
૨૯.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૩૦.	આચાર્ય કે. એમ. આચાર્ય	હાજર	હાજર	હાજર
૩૧.	આચાર્ય જી. પી. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૩૨.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૩૩.	આચાર્ય જે. બી. સાવિડલ	હાજર	હાજર	ગેરહાજર
૩૪.	આચાર્ય આર. વાય. પાઠક	હાજર	હાજર	હાજર
૩૫.	આચાર્ય કે. જી. નાયક	હાજર	હાજર	ગેરહાજર
૩૬.	આચાર્ય સી. એન. હકાણી	ગેરહાજર	ગેરહાજર	હાજર
૩૭.	આચાર્ય એન. યુ. ત્રિવેદી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૩૮.	આચાર્ય એમ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૩૯.	આચાર્ય બી. જી. વૈદ્ય	હાજર	હાજર	ગેરહાજર
૪૦.	આચાર્ય પી. જી. માવળંકર	હાજર	હાજર	હાજર
૪૧.	આચાર્ય એલ. એન. હાકર	હાજર	હાજર	હાજર
૪૨.	આચાર્ય વી. આર. રણદીવે	હાજર	હાજર	ગેરહાજર
૪૩.	આચાર્ય એમ. એસ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૪૪.	આચાર્ય સી. જે. પટેલ	હાજર	હાજર	હાજર
૪૫.	આચાર્ય ડી. પી. હાકર	હાજર	હાજર	હાજર
૪૬.	આચાર્ય બી. કે. શાહ	હાજર	હાજર	હાજર
૪૭.	આચાર્ય આર. જી. નાયક	ગેરહાજર	ગેરહાજર	હાજર
૪૮.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર	હાજર
૪૯.	આચાર્ય સી. એમ. પટેલ	હાજર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૩-૧૯૬૪	તા. ૨૬-૩-૧૯૬૪	તા. ૨૭-૩-૧૯૬૪
૫૦.	આચાર્ય ચન્દ્રકાન્ત સી. શાહ	હાજર	હાજર	હાજર
૫૧.	આચાર્ય આર. જી. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૫૨.	આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર	હાજર	ગેરહાજર
૫૩.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૫૪.	આચાર્ય જે. એસ. જેટલી	હાજર	હાજર	હાજર
૫૫.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર	હાજર
૫૬.	આચાર્ય ચન્દ્રવદન સી. શાહ	હાજર	હાજર	હાજર
૫૭.	આચાર્ય સી. બી. મહેતા	હાજર	હાજર	હાજર
૫૮.	આચાર્ય ડી. જી. વર્શી	હાજર	હાજર	ગેરહાજર
૫૯.	આચાર્ય કે. આર. દવે	ગેરહાજર	હાજર	હાજર
૬૦.	આચાર્ય વી. જી. ઉપાધ્યાય	હાજર	હાજર	ગેરહાજર
૬૧.	આચાર્ય એમ. ડી. માણેક	હાજર	હાજર	હાજર
૬૨.	આચાર્ય જે. એલ. દવે	ગેરહાજર	ગેરહાજર	હાજર
૬૩.	આચાર્ય એમ. એન. તોલાની	ગેરહાજર	હાજર	ગેરહાજર
૬૪.	આચાર્ય પ્રિયબાળા જે. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૬૫.	આચાર્ય કે. એલ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૬૬.	આચાર્ય દશરથભાઈ પી. ઠક્કર	હાજર	હાજર	હાજર
૬૭.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૬૮.	ડૉ. એન. ડી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૬૯.	ડૉ. એ. એમ. મલાકિવાળા	હાજર	હાજર	ગેરહાજર
૭૦.	ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર	હાજર	ગેરહાજર
૭૧.	ડૉ. ટી. એન. દવે	ગેરહાજર	હાજર	હાજર
૭૨.	પંડિત ડી. ડી. માલવણિયા	હાજર	હાજર	ગેરહાજર
૭૩.	શ્રી. બી. એન. ચૌધરી	હાજર	હાજર	હાજર
૭૪.	શ્રી. આર. એમ. દવે	હાજર	ગેરહાજર	ગેરહાજર
૭૫.	શ્રી. ડી. એમ. શાહ	હાજર	હાજર	હાજર
૭૬.	શ્રી. સી. કે. પટેલ	હાજર	હાજર	હાજર
૭૭.	શ્રી. ટી. એસ. ઠાકોર	હાજર	હાજર	હાજર
૭૮.	શ્રી. એન. ડી. શુક્લ	હાજર	હાજર	હાજર
૭૯.	ડૉ. સી. આર. નાયક	ગેરહાજર	ગેરહાજર	હાજર
૮૦.	શ્રી. સી. એલ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૮૧.	શ્રી. આર. એમ. શુક્લ	ગેરહાજર	હાજર	હાજર
૮૨.	શ્રી. એન. પી. વ્યાસ	ગેરહાજર	હાજર	હાજર
૮૩.	શ્રી. આર. એન. ભટ્ટ	હાજર	હાજર	હાજર
૮૪.	શ્રી. એચ. સી. શુક્લ	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૩-૧૯૬૪	તા. ૨૬-૩-૧૯૬૪	તા. ૨૭-૩-૧૯૬૪
૮૫.	શ્રી. એન. જે. પટેલ	હાજર	હાજર	હાજર
૮૬.	ડૉ. એન. એમ. શાહ	હાજર	હાજર	હાજર
૮૭.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૮૮.	ડૉ. કે. સી. ક્ષત્રિય	હાજર	હાજર	હાજર
૮૯.	શ્રી. આઈ. એ. મહેતા	હાજર	હાજર	હાજર
૯૦.	ડૉ. બી. આર. સેજુ	હાજર	હાજર	હાજર
૯૧.	શ્રી. સી. એચ. શાહ	હાજર	હાજર	હાજર
૯૨.	શ્રી. વી. જે. જાની	હાજર	હાજર	હાજર
૯૩.	ડૉ. આર. એમ. પટેલ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૯૪.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૯૫.	શ્રી. ડી. સી. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર	હાજર
૯૬.	ડૉ. એન. સી. શાહ	હાજર	ગેરહાજર	હાજર
૯૭.	ડૉ. પી. એલ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૯૮.	શ્રી. જી. આર. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૯૯.	શ્રી. કે. એમ. તલાટી	ગેરહાજર	હાજર	હાજર
૧૦૦.	ડૉ. એમ. જી. પટેલ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૧.	શ્રી. કે. એસ. ઠાકર	હાજર	હાજર	ગેરહાજર
૧૦૨.	શ્રી. બી. એન. પ્રહ્મભટ્ટ	હાજર	હાજર	હાજર
૧૦૩.	ડૉ. એ. પી. શુક્લ	હાજર	હાજર	હાજર
૧૦૪.	શ્રી. સી. એમ. ભટ્ટ	હાજર	હાજર	ગેરહાજર
૧૦૫.	શ્રી. બી. એ. બ્લ્યૂ	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૦૬.	શ્રીમતી મંજુલા જે. દવે	હાજર	હાજર	ગેરહાજર
૧૦૭.	શ્રી. બી. પી. વૈદ્ય	હાજર	હાજર	ગેરહાજર
૧૦૮.	શ્રી. એન. એ. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૧૦૯.	શ્રી. એમ. ટી. શુકલ	હાજર	હાજર	હાજર
૧૧૦.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૧૧.	શ્રી. બી. એમ. નવલખા	હાજર	હાજર	હાજર
૧૧૨.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૧૩.	શ્રી. આર. બી. શાહ	હાજર	હાજર	હાજર
૧૧૪.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૧૧૫.	શ્રી. એન. એન. વ્યાસ	હાજર	હાજર	હાજર
૧૧૬.	શ્રી. એન. એન. દલાલ	હાજર	હાજર	હાજર
૧૧૭.	શ્રી. ડી. જે. ઝાલા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૧૮.	શ્રી. બી. એચ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૧૯.	ડૉ. જે. જે. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૩-૧૯૬૪	તા. ૨૬-૩-૧૯૬૪	તા. ૨૭-૩-૧૯૬૪
૧૨૦.	ડૉ. એસ. સી. કુસુમગર	હાજર	હાજર	હાજર
૧૨૧.	શ્રી. એચ. વી. વસા	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૨૨.	શ્રી. સી. આર. પટેલ	ગેરહાજર	હાજર	હાજર
૧૨૩.	શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૨૪.	ડૉ. એન. એચ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૨૫.	શ્રીમતી કમલિની સારાભાઈ	હાજર	હાજર	હાજર
૧૨૬.	શ્રી. એસ. સી. શ્રોફ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૨૭.	શ્રી. આર. ડી. લેઉઆ	ગેરહાજર	ગેરહાજર	હાજર
૧૨૮.	ડૉ. વી. કે. રાણી	હાજર	હાજર	હાજર
૧૨૯.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર	હાજર	હાજર
૧૩૦.	શ્રી. બી. પી. શાહ	હાજર	હાજર	ગેરહાજર
૧૩૧.	ડૉ. લીલા શાહ	હાજર	હાજર	હાજર
૧૩૨.	શ્રી. વી. સી. શાહ	હાજર	હાજર	હાજર
૧૩૩.	શ્રી. વી. બી. શાસ્ત્રી	હાજર	હાજર	ગેરહાજર
૧૩૪.	શ્રી. ડી. આર. માંકડ	હાજર	હાજર	હાજર
૧૩૫.	શ્રી. એસ. વાય. યુનિયા	હાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩૬.	શ્રી. એસ. આર. વસાવડા	હાજર	હાજર	ગેરહાજર.

૧. તા. ૪/૫-૧૦-૧૯૬૩ના રોજ મળેલી સેનેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૪/૫-૧૦-૧૯૬૩ના રોજ મળેલી સેનેટની ખાસ સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

ત્યાર બાદ કામકાજની યાદીમાં જણાવેલી બાબતો હાથ પર લેવામાં આવે તે પહેલાં, પ્રમુખસ્થાનેથી નીચેના બે શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા, જે સભાગૃહે ઊભા થઈ એક મિનિટનું મૌન પાળી, એક પછી એક પસાર કર્યા :

(૧) સેનેટના કુલપતિ-નિયુક્ત સભ્ય શ્રી. સરોશ સોરાબજી ગાંધીના દુઃખદ અવસાનની આ સભા સખેદ નોંધ લે છે અને સદ્‌ગતે શિક્ષણના તેમ જ અન્ય ક્ષેત્રોમાં આપેલી સેવાઓને અંજલિ અર્પે છે.

વધુમાં આ શોકદર્શક ઠરાવ સદ્‌ગતના કુટુંબીજનો પ્રતિ પાઠવવા ઉપકુલપતિશ્રીને સત્તા આપે છે.

(૨) તબીબી વિદ્યાશાખાના શિક્ષક મતદારવિભાગમાંથી સેનેટ પર ચૂંટાયેલ ડૉ. એચ. એસ. ખંધેરિયાના દુઃખદ અવસાનની આ સભા સખેદ નોંધ લે છે અને સદ્‌ગતે શિક્ષણના તથા અન્ય ક્ષેત્રોમાં કરેલી સેવાઓને અંજલિ અર્પે છે.

વધુમાં આ શોકદર્શક ઠરાવ સદ્‌ગતના કુટુંબીજનોને પાઠવવા ઉપકુલપતિશ્રીને સત્તા આપે છે.

ત્યાર બાદ સભાના કામકાજની યાદી પરનાં કામ હાથ પર ધરવામાં આવે તે પહેલાં શ્રી. મગનભાઈ દેસાઈએ મુદ્દો એ રજૂ કર્યો કે, સેનેટના સભ્ય શ્રી. ઠાકોરભાઈ દેસાઈએ કુલપતિ-

નિયુક્ત સભ્યપદેથી રાજીનામું આપ્યું ન હોવા છતાં કુલપતિશ્રીએ તેમની જગ્યા ખાલી પડેલી ગણી, તે જગ્યા પર બીજી નિયુક્તિ કરી છે તે અરોબર છે કે કેમ ?

આ સંબંધમાં ઉપકુલપતિશ્રીએ સદરહુ નિમણૂક બાબતમાં કાર્યાલય ને, શ્રી. મગનભાઈ દેસાઈ, ઉપકુલપતિશ્રી અને કુલપતિશ્રી વચ્ચે થયેલ પત્રવ્યવહારની હકીકત રજૂ કરી હતી, અને જણાવ્યું હતું કે, શ્રી. ઠાકોરભાઈ દેસાઈ સેનેટમાં હોદ્દાની રૂએ પણ સભ્યપદ ધરાવતા થયા હોવાથી તેમની તે જગ્યા (કુલપતિ-નિયુક્ત જગ્યા) કુલપતિશ્રીએ ખાલી પડેલી ગણી છે. અને તેથી તે જગ્યા પર કરેલી નિયુક્તિ અંગેનો કુલપતિશ્રીનો નિર્ણય યુનિવર્સિટી ધારાની કલમ ૫૮ મુજબ આખરી છે.

૨. ૧૯૬૪-૬૫ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

કામકાજની યાદીમાં આ બાબત અંગે નીચેની નોંધ આપવામાં આવી હતી :

(નોંધ.—સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઑફ એકાઉન્ટ્સના માર્ચ ૧૯૬૩માં ચૂંટાયેલા સભ્યોની મુદત ૩૧મી માર્ચ ૧૯૬૪ના રોજ પૂરી થતી હોઈ, ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની છે.

ચૂંટણી સેનેટની સભામાં થવાની હોવાથી આ ચૂંટણી સ્ટે. ૧૫૭, ૧૫૮, ૧૫૯ અને ૧૬૦માં દર્શાવેલી રીતે થશે. ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું, એટલે કે ૧લી એપ્રિલ ૧૯૬૪થી ૩૧મી માર્ચ ૧૯૬૫ સુધીનું રહેશે.

મત આપવા મતદાન-પેટી, **બુધવાર, તા. ૨૫-૩-૧૯૬૪**ના રોજ બપોરના ૧૨-૪૫થી ૨-૧૫ વાગ્યા સુધી ખુલ્લી રાખવામાં આવશે. ચૂંટણીની નોટિસ સેનેટના સભાસદોને તા. ૨૪-૨-૧૯૬૪ના રોજ યુનિવર્સિટી પરિપત્રાંક સિં./૩/૬૯૫૫થી મોકલવામાં આવી છે.)

મજકૂર ચૂંટણી માટે આવેલાં ઉમેદવારીપત્રોની ચકાસણી માટે ઉપકુલપતિશ્રીએ નીચેના સભ્યોની ચકાસણીકાર (Scrutineers) તરીકે નિમણૂક કરી હતી :

૧. આચાર્ય એમ. એસ. પંડિત; અને
૨. આચાર્ય કે. જી. દેસાઈ.

મજકૂર ચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની, ઉપકુલપતિશ્રીએ મુકરર કરેલી, છેલ્લી તારીખ અને સમય (તા. ૧૭-૩-૧૯૬૪ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યા) સુધીમાં નીચેના ત્રણ જ સભ્યોનાં ઉમેદવારીપત્રો આવ્યાં હોવાથી, અને તા. ૧૮-૩-૧૯૬૪ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે ચકાસણી-કારોએ ચકાસણી કરતાં, સદરહુ ત્રણે ઉમેદવારીપત્રો માન્ય ઠર્યાં હોવાથી, તે ત્રણે સભ્યોને સભામાં બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :

૧. શ્રી. ચૌધરી બચુલદાસ નારાયણદાસ
૨. શ્રી. દેસાઈ જીવણજી દયાળજી
૩. શ્રી. દેસાઈ ગુલાબભાઈ રતનજી.

૨-અ. **પ્રશ્નોત્તરી :**

(નોંધ.—પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવેલ છે.)

(અ) શ્રી. કુંજબિહારી સી. મહેતાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : ચાલુ વર્ષે કેટલી સ્થાનિક તપાસસમિતિઓ નિમાઈ હતી ?

ઉત્તર ૧ : ૯૦.

પ્રશ્ન ૨ : આ સમિતિઓ ઉપર સિન્ડિકેટના કેટલા સભ્યો નિમાયા હતા?

ઉત્તર ૨ : સિન્ડિકેટના ૮ સભ્યો નિમાયા હતા, જેમાં ૫ આચાર્યો હતા.

પ્રશ્ન ૩ : આ સમિતિઓ ઉપર કેટલા આચાર્યો નિમાયા હતા?

ઉત્તર ૩ : ૫૩.

પ્રશ્ન ૪ : આચાર્યો સિવાયના કેટલા સભ્યો નિમાયા હતા?

ઉત્તર ૪ : ૨૮.

પ્રશ્ન ૫ : ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજમાંથી કેટલી કૉલેજોએ અધ્યાપકો માટે પ્રોવિડંટ ફંડની જોગવાઈ કરી નથી?

ઉત્તર ૫ : ઉપલબ્ધ માહિતી મુજબ યુનિવર્સિટી સાથે સંલગ્ન સરકારી કૉલેજોમાં પેન્શનની જોગવાઈ છે. બિનસરકારી કૉલેજો પૈકી નવ કૉલેજોએ પ્રોવિડંટ ફંડની જોગવાઈ કરી નથી.

(બ) શ્રી. ગુલાબભાઈ ર. દેસાઈએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : (ક) તા. ૩-૬-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટના ઠરાવ નંબર ૨૬ અનુસાર મંજૂર કરવામાં આવેલા સીનિયોરિટીના નિયમોનો અમલ કરવામાં આવ્યો છે?
(ખ) ન કરવામાં આવ્યો હોય તો તેમ કરવાનું કોઈ ખાસ પ્રયોજન છે?
(ગ) શું?

ઉત્તર ૧ : (ક) હા, તે નિયમો જાણ માટે નીચે ટાંકવામાં આવે છે :

1. The seniority of the employees in any particular cadre shall be considered on the length of service put in by them in that cadre.
2. In case, two or more employees in a particular cadre have joined on the same date, the person joining before noon shall be considered senior to the person joining afternoon.
3. If two or more persons join in the same cadre on the same date and at the same time (i.e. before noon or afternoon, as the case may be) the seniority shall be considered on the basic of educational qualifications (including the class obtained by them) which they possess on the date of joining.
4. If two persons join on the same date and time with identical educational qualifications, the older person shall be considered senior.
5. The seniority of employees working in the same cadre at various sections and departments of the University will be considered cumulatively.

(ખ) અને (ગ) : (ક)નો ઉત્તર જોતાં આ પ્રશ્નો અંગે કાંઈ કહેવાનું રહેતું નથી.

પ્રશ્ન ૨ : (ક) સિન્ડિકેટના ઠરાવોનો અમલ કરવાની જવાબદારી કોની છે?

(ખ) સિન્ડિકેટના ઠરાવોનો અમલ બરાબર થાય છે કે નહિ તેની તકેદારી રાખવા આપણી યુનિવર્સિટીમાં કોઈ વ્યવસ્થા છે?

(ગ) ઠરાવોનો અમલ ન થાય તો કેટલા સમયે તેની યુનિવર્સિટીને જાણ થાય છે?

ઉત્તર ૨ : (ક) ઉપકુલપતિશ્રીની અને તેઓશ્રીની સૂચના પ્રમાણે રજિસ્ટ્રારની તથા અન્ય લાગતાવળગતા અધિકારીઓ / અધ્યક્ષોની.

(ખ) હા.

(ગ) પ્રશ્નની વ્યાપ્તિ અને અસ્પષ્ટતા જોતાં તેનો ઉત્તર આપવો શક્ય નથી.

પ્રશ્ન ૩ : (ક) સીનિયોરિટીના નિયમો અસ્તિત્વમાં આવ્યા પછીથી ઉપરની જગ્યાઓ પરની નિમણૂંકો તે નિયમો મુજબ કરવામાં આવી છે?

(ખ) ઉપરની જે જગ્યાઓ પૂરવા માટે તેમ ન કરવામાં આવ્યું હોય તો તેની વિગતો તથા કારણો આપશો?

ઉત્તર ૩ : (ક) અને (ખ) : સદરહુ નિયમો અસ્તિત્વમાં આવ્યા પછી ઉપરની જગ્યાઓ પરની નિમણૂંકો કરતી વખતે સીનિયોરિટીના નિયમો ધ્યાનમાં લેવાય છે, પણ કેવળ સીનિયોરિટીના ધોરણે ઉપરની જગ્યાઓ પૂરવાનું સ્વીકારવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૪ : સીનિયોરિટી પ્રમાણે બઢતી આપવામાં યુનિવર્સિટીને કોઈ આર્થિક કે અન્ય નુકસાન થાય છે ખરું?

ઉત્તર ૪ : કેવળ સીનિયોરિટીના ધોરણે બઢતી આપવામાં આવે તો કાર્યક્ષમતાની બાબતમાં યુનિવર્સિટીને નુકસાન થવાનો સંભવ ખરો.

શ્રી ગુલાબભાઈ દેસાઈએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો; જેનો ઉપકુલપતિશ્રીએ નીચે પ્રમાણે ઉત્તર આપ્યો :

પ્રશ્ન : કાર્યાલયના સ્ટાફના સભ્યોની સીનિયોરિટીની યાદી રાખવામાં આવે છે? અને જો રાખવામાં આવતી હોય તો તે જાહેર કરવામાં આવે છે?

ઉત્તર : યાદી તૈયાર કરવામાં આવે છે. હવેથી આ યાદી કાર્યાલયના કર્મચારીઓની જાણમાં આવે તે રીતે જાહેર (publish) કરવામાં આવશે.

(ક) ડૉ. એન. એમ. શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : ભાડાં-ભથ્થાંના સુધારેલા નવા દર પ્રમાણે યુનિવર્સિટીને કેટલો ફાયદો થવાનો અંદાજ છે?

ઉત્તર ૧ : ભાડાં-ભથ્થાંના સુધારેલા દર પ્રમાણે યુનિવર્સિટીને ખર્ચમાં આશરે વાર્ષિક રૂા. ૧૫,૦૦૦ જેટલી બચત થશે એમ અંદાજ છે.

પ્રશ્ન ૨ : (ક) જૂના દર પ્રમાણે સેનેટની એક સભા બોલાવવાનું ખર્ચ શું આવતું?
(ખ) હવે નવા દર પ્રમાણે શું આવશે?

ઉત્તર ૨: (ક) જૂના દર પ્રમાણે ગઈ સેનેટની સભાના પહેલા દિવસનું ખર્ચ રૂા. ૪,૩૬૭-૪૦ ન.પૈ. આવ્યું હતું.

(ખ) નવા દર પ્રમાણે એ સભામાં હાજર રહેલા સભ્યો હાજર રહે તેમ ગણતરી કરતાં, સેનેટની એક દિવસની સભાનું ખર્ચ આશરે રૂા. ૩,૮૦૦ જેટલું થાય.

પ્રશ્ન ૩: (ક) પરીક્ષકોનાં ભાડાં-ભથ્થાંનો આંકડો દર વર્ષે સરેરાશ કેટલો આવતો?

(ખ) હવે નવા દર પ્રમાણે શું આવવાનો અંદાજ છે?

ઉત્તર ૩: (ક) પરીક્ષકોનાં ભાડાં-ભથ્થાં પેટે છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબ રકમ ચૂકવવામાં આવી હતી:

૧૯૬૧-૬૨ : રૂા. ૩૯,૯૯૨-૨૦ ન.પૈ. (આ વર્ષ નવ માસનું હતું.);
૧૯૬૨-૬૩ : રૂા. ૯૪,૨૫૦-૬૦ ન.પૈ.

(ખ) પરીક્ષકોનાં ભાડાં-ભથ્થાંના દરના નિયમોમાં કશો સુધારો કરવામાં આવ્યો નથી. તેથી તે અંગે ખર્ચના ફેરફારનો કોઈ સવાલ રહેતો નથી.

પ્રશ્ન ૪: કરકસર સમિતિએ સૂચવેલાં બીજાં ખર્ચોની બાબતોમાં શી કરકસર કરવામાં આવી છે?

ઉત્તર ૪: કરકસર સમિતિની ભલામણ પર ચર્ચા-વિચારણા કરીને કરકસરનાં પગલાં અંગે સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ્યું છે:

(૧) પરીક્ષા પરચૂરણ ખર્ચ હાલ જે ખરેખર આપવામાં આવતું હતું તેને બદલે વિદ્યાર્થી દીઠ ૨૦ ન.પૈ.ના દરે પરીક્ષાના દરેક દિવસ માટે યુનિવર્સિટીએ ખર્ચ આપવું, અથવા પરીક્ષાના પ્રત્યેક દિવસના રૂા. ૧૦ એ બેમાંથી જે વધુ હોય તે આપવું.

(૨) યુનિવર્સિટીનાં જુદાં જુદાં કેન્દ્રો પર પ્રશ્નપત્રો છાપવા માટે હાલ એક વર્ષ માટે દરો મગાવવામાં આવે છે તેને બદલે ત્રણ વર્ષ માટેના દરો મગાવી કૉન્ટ્રાક્ટ કરવા અને જરૂર જણાય ત્યાં કેન્દ્રના પ્રિન્સિપાલને સાથે લઈને પ્રેસના માલિકોને ભાવો ઘટાડી આપવા વાત કરવી.

(૩) યુનિવર્સિટીના હૉલેરિથ પંચ વિભાગમાં જુ. ઑપરેટરની જે ૧૪ જગ્યા ઊભી કરવામાં આવી છે તે રદ કરવી નહિ, પરંતુ હૉલેરિથ વિભાગના કર્મચારીઓને પરીક્ષાનું કામકાજ ન હોય ત્યારે, જરૂર પ્રમાણે તેમની સેવાઓ કાર્યાલયના બીજા વિભાગોના કામકાજ માટે ઉપયોગમાં લેવી. હૉલેરિથ યંત્રોનો પૂરતો ઉપયોગ થઈ શકે તે માટે બહારનું કામ (જૉબ વર્ક) કરવાનું બને તો રાખવું. પંચિંગનું કામ કરવા માટે કાર્યાલયના બીજા સભ્યોને પણ પ્રોત્સાહિત કરવા.

પ્રશ્ન ૫: (ક) અમદાવાદના સ્થાનિક સભ્યોનું સ્થાનિક ભાડાં-ભથ્થાંનું ખર્ચ યુનિવર્સિટીને ગયા વર્ષે કેટલું આવ્યું હતું?

(ખ) અને બહારગામના સભ્યોનું એ ખર્ચ કેટલું આવ્યું હતું?

ઉત્તર ૫: (ક) ૧૯૬૨-૬૩ના વર્ષમાં અમદાવાદના સ્થાનિક સભ્યોનું ભાડાં-ભથ્થાંનું ખર્ચ યુનિવર્સિટીને રૂા. ૬,૫૮૦ થયું હતું.

(ખ) તે જ વર્ષમાં બહારગામના સભ્યોનાં ભાડાં-ભથ્થાંનું ખર્ચ રૂા. ૭૭,૮૩૯-૪૫ નયા પૈસા થયું હતું.

પ્રશ્ન ૬ : કૉલેજો અંગે સ્થાનિક તપાસસમિતિઓનાં ભાડાં-ભથ્થાંનાં ગઈ સાલના આંકડા આપશો?

ઉત્તર ૬ : કૉલેજો અંગે સ્થાનિક તપાસસમિતિઓનાં ભાડાં-ભથ્થાંનો ૧૯૬૨-૬૩નો કુલ ખર્ચ રૂા. ૧૦,૯૭૭-૩૯ નયા પૈસા જેટલો થયો હતો.

૩. **ધી સૈફી જ્યુબિલી હાઈસ્કૂલ ઍન્ડ મદ્રેસાહે યુસૂફિયાહ સોસાયટી, સિદ્ધપુર તરફથી સિદ્ધપુર ખાતે શરૂ કરાનાર મહિલાઓ માટેની આર્ટ્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાનિક તપાસસમિતિના અહેવાલ સાથે ઍકૅડેમિક કાઉન્સિલની આ સભા સંમત છે, અને સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે ભલામણ કરી શકાય તેમ નથી, એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. બી. વ્યાસે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સૈફી જ્યુબિલી હાઈસ્કૂલ ઍન્ડ મદ્રેસાહે યુસૂફિયાહ સોસાયટી તરફથી સિદ્ધપુર ખાતે શરૂ કરાનાર મહિલાઓ માટેની આર્ટ્સ કૉલેજને જોડાણ ન આપવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે."

આચાર્ય કે. બી. વ્યાસની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાવિડલે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

આ તબક્કે આચાર્ય કે. એલ. દેસાઈએ નવી કૉલેજોના તેમ જ બાકીની કૉલેજોના જોડાણ અંગેના પ્રસ્તાવોમાં જે સામાન્ય ઢબે શરતો જણાવવામાં આવી છે તે શરતો અંગે કેટલીક સામાન્ય સ્પષ્ટતા માગી.

ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, જુદી જુદી કૉલેજોમાં મોકલવામાં આવેલ સ્થાનિક તપાસસમિતિઓના અહેવાલ પરથી જોડાણની બાબતમાં એકસૂત્રતા જળવાય તેથી ઍકૅડેમિક કાઉન્સિલે અને સિન્ડિકેટે નવી કૉલેજો માટે તથા જ્યાં નવા વિષયોનું જોડાણ ત્રિવાર્ષિક અભ્યાસક્રમને કારણે આપવાનું થતું હોય તેને માટે એક સામાન્ય ધોરણ અપનાવી બધી કૉલેજો માટે શરતો ઘડવામાં આવી છે.

વધુમાં એમ પણ જણાવ્યું કે, જો કોઈ કૉલેજની બાબતમાં મૂકવામાં આવેલી શરતો બિનજરૂરી લાગે અથવા હળવી કરવાની સ્પષ્ટ જરૂર જણાય તો તે કૉલેજના આચાર્યશ્રી તરફથી શરતોનું પરિપાલન

કર્યા બાબતનો અહેવાલ સિન્ડિકેટને મોકલવામાં આવે તેમાં તે સ્થિતિ જણાવે તો સિન્ડિકેટ તે બાબત ધ્યાનમાં લઈ ઘટતું કરશે.

આચાર્ય પી. જી. માવળંકરે એમ પૂછ્યું કે, જો કોઈ કૉલેજમાં હિંદી વિષય લેનાર વિદ્યાર્થી ન હોય તોપણ તે કૉલેજમાં હિંદીના વ્યાખ્યાતાની નિમણૂકને આવશ્યક લેખવી કે કેમ?

ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, કોઈ પણ કૉલેજ, પોતાને ત્યાં હિંદી વિષય શીખવવાની જોગવાઈ નથી, કેવળ એ કારણસર હિંદી વિષય લેવા ઇચ્છનાર વિદ્યાર્થીને પ્રવેશ લેતો અટકાવી શકે નહિ. પરંતુ હિંદી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા અને તે વિષય અંગેનું કાર્યભારણ જોઈ હિંદી વિષયના વ્યાખ્યાતાની નિમણૂકની શરત વિષે સિન્ડિકેટ ઘટતી વિચારણા કરશે.

૪. શ્રી. વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાલા ચૅરિટી ફંડ, જામનગર ખાતે શરૂ કરાનાર મહિલાઓ માટેની આર્ટ્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાલા ચૅરિટી ફંડ તરફથી શરૂ કરાનાર આર્ટ્સ (મહિલા) કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે દર્શાવ્યા અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે:

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૭) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) રાજ્યબંધારણ અને ઇતિહાસના એક વ્યાખ્યાતા;
(૯) ગૃહવિજ્ઞાન માટે એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર અને વિજ્ઞાનના વિષયો માટે બંડ સમયના જરૂરી વ્યાખ્યાતાઓ
(૧૦) હિન્દીના એક વ્યાખ્યાતા
(૧૧) વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણેની વ્યવસ્થાવાળું મકાન તૈયાર કરવામાં આવે :

(૧) આચાર્યનો ખંડ
(૨) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૩) ગ્રંથાલય માટેનો ખંડ
(૪) કાર્યાલય માટેનો ખંડ
(૫) શિક્ષકો માટેનો ખંડ
(૬) જરૂરી વર્ગ-ખંડો;

૩. ૧૫મી જૂન ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. પુસ્તકો તેમજ સામયિકો માટે કુલ રૂા. ૭,૦૦૦ (જેમાં ગૃહવિજ્ઞાનના રૂા. ૨,૦૦૦)નો ખર્ચ કરવામાં આવે;

૬. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. આચાર્યશ્રી તથા ગૃહપતિને કૉલેજની નજીકમાં ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે; અને

૧૦. કૉલેજ ચલાવવા માટે જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આઈ. વી. ત્રિવેદી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી. વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાલા ચૅરિટી ફંડ, જામનગર તરફથી જામનગર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય આઈ. વી. ત્રિવેદીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ, આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવિડલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. જનતા કેળવણી મંડળ, જંબુસર તરફથી જંબુસર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જનતા કેળવણી મંડળ, જંબુસર તરફથી શરૂ થનાર આર્ટ્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) એક સંસ્કૃતના વ્યાખ્યાતા
(૩) એક અંગ્રેજીના વ્યાખ્યાતા
(૪) એક ગુજરાતીના વ્યાખ્યાતા
(૫) એક અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૬) એક ઇતિહાસ અને રાજ્યબંધારણ માટેના વ્યાખ્યાતા
(૭) એક તર્કશાસ્ત્રના વ્યાખ્યાતા
(૮) એક હિન્દીના વ્યાખ્યાતા
(૯) એક વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવા માટેની યોગ્યતા ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગો માટેના ખંડો;

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. વિનયનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજની પાસે ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. રમતગમતના યોગ્ય મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૯. કૉલેજની વ્યવસ્થામાં જતી ખોટ પૂરી કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. કૉલેજ અને હાઈસ્કૂલના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એન. એન. ભરૂચા**એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, જનતા કેળવણી મંડળ, જંબુસર તરફથી જંબુસર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એન. એન. ભરૂચાએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાણ્ડિલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬. **શેઠ એચ. એચ. શિરોલીવાળા હાઈસ્કૂલ કમિટી, બોડેલી તરફથી બોડેલી ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને, જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. એચ. શિરોલીવાળા હાઈસ્કૂલ કમિટી તરફથી શરૂ થનાર આર્ટ્સ કૉલેજ, બોડેલી, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચે દર્શાવ્યા અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે:

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૭) રાજ્યબંધારણ અને ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૮) હિન્દીના એક વ્યાખ્યાતા
(૯) એક વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણેની વ્યવસ્થાવાળું મકાન તૈયાર કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) ગ્રંથાલય માટેનો ખંડ
(૬) શિક્ષકો માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો;

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. આચાર્યશ્રી અને ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. કૉલેજ અને હાઈસ્કૂલના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ય. ગુ. નાયકે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શેઠ એચ. એચ. શિરોલીવાળા હાઈસ્કૂલ કમિટી, બોડેલી તરફથી બોડેલી ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે,

અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય બી. સી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭. **આર્યકન્યા ગુરુકુળ, પોરબંદર તરફથી પોરબંદર ખાતે શરૂ કરાનાર મહિલાઓ માટેની આર્ટ્સ કૉલેજને જૂન ૧૯૬૪થી પ્રી-યુનિવર્સિટી વિનયનના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્યકન્યા ગુરુકુળ, પોરબંદર તરફથી શરૂ કરાનાર આર્ટ્સ (મહિલા) કૉલેજ, પોરબંદર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે દર્શાવ્યા અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૮) રાજ્યબંધારણ અને ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૯) વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણેની વ્યવસ્થાવાળું મકાન તૈયાર કરવામાં આવે :

(૧) આચાર્યનો ખંડ
(૨) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૩) ગ્રંથાલય માટેનો ખંડ
(૪) કાર્યાલય માટેનો ખંડ

(૫) શિક્ષકો માટેનો ખંડ
(૬) જરૂરી વર્ગ-ખંડો;

૩. ૧૫મી જૂન ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલય માટે વ્યવસ્થા કરવામાં આવે;

૫. પુસ્તકો તેમ જ સામયિકો માટે કુલ રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. આચાર્યશ્રી તથા ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૭. કૉલેજના વહીવટ માટે યોગ્ય સંચાલક મંડળ (ગવર્નિંગ બૉડી)ની રચના કરી આચાર્યને હોદ્દાની રૂએ તેના સભ્ય બનાવવામાં આવે;

૮. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૯. કૉલેજ ચલાવવા માટે જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. જ્યારે કૉલેજ બંધ કરવાની જરૂર જણાય ત્યારે તે શૈક્ષણિક વર્ષના અંતે જ બંધ કરી શકાશે તથા તે માટે ઓછામાં ઓછા ૭ માસ પહેલાં યુનિવર્સિટીને, કૉલેજના શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને તેની જાણ કરવી આવશ્યક રહેશે અને તે માટે ટ્રસ્ટીઓએ જરૂરી બાંયધરી યુનિવર્સિટીને આપવી; અને

૧૧. યુનિવર્સિટી સાથે જોડાયેલી સ્થાનિક કૉલેજ કરતાં સત્ર-ફી ઓછી રાખી શકાશે નહિ."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. ભટ્ટે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્યકન્યા ગુરુકુળ, પોરબંદર તરફથી પોરબંદર ખાતે શરૂ કરાનાર મહિલાઓ માટેની આર્ટ્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય કે. એલ. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. **અમદાવાદ કેળવણી ટ્રસ્ટ અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અેન્ડ સાયન્સ કૉલેજને પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ તથા પ્રી-યુનિવર્સિટી સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી શરૂ કરાનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
- (૧) આચાર્ય
- (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
- (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
- (૪) હિંદીના એક વ્યાખ્યાતા
- (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
- (૬) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
- (૭) ઇતિહાસ-રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
- (૮) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
- (૯) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
- (૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
- (૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક ડેમોન્સ્ટ્રેટર
- (૧૨) ગણિતના એક વ્યાખ્યાતા
- (૧૩) એક વ્યાયામ શિક્ષક;

[નોંધ.—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને તેની જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવી શકે તે માટે જુદા વ્યાખ્યાતા નીમવાની જરૂર રહેશે નહિ.]

૨. કૉલેજ માટે વપરાનાર મકાનમાં નીચે પ્રમાણેની સગવડો માટે પ્રબંધ કરવામાં આવે :
- (૧) આચાર્યનો ખંડ
- (૨) શિક્ષકોનો ખંડ
- (૩) કાર્યાલયનો ખંડ
- (૪) વિદ્યાર્થીઓનો ખંડ
- (૫) વિદ્યાર્થિનીઓનો ખંડ
- (૬) ગ્રંથાલય
- (૭) જરૂરી વર્ગ-ખંડો
- (૮) પ્રયોગશાળા માટેના ખંડો;

૩. જૂન ૧૯૬૭ સુધીમાં પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૪. છાત્રાલય માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૫. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦ અને વિનયનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦—એમ કુલ રૂા. ૧૦,૦૦૦ ખર્ચવામાં આવે;

૬. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને ભાડા-મુક્ત મકાન આપવામાં આવે;

૮. રમતગમતના મેદાનનો પ્રબંધ કરવામાં આવે;

૯. મંડળને કાયદેસર રજિસ્ટર કરાવી આચાર્યને હોદ્દાની રૂએ કૉલેજની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૧૦. કૉલેજની વ્યવસ્થામાં જતી ખોટ પૂરી કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક ૬ નીચે પ્રમાણે સુધારવી :

'પ્રયોગશાળાને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે તે પૈકી રૂા. ૫૦,૦૦૦નો ખર્ચ તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં કરવામાં આવે તથા બાકીના રૂા. ૫૦,૦૦૦ તા. ૧૪-૬-૧૯૬૫ સુધીમાં ખર્ચવામાં આવે.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય કે. બી. વ્યાસે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલ શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય કે. બી. વ્યાસે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એન. કારગાંઉકરે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. શ્રી. દેવેન્દ્રપ્રસાદ રજત જયંતી મહોત્સવ સમિતિ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અૅન્ડ સાયન્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. તથા બી.એસસી. સુધીના અભ્યાસ-ક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દેવેન્દ્રપ્રસાદ રજત જયંતી મહોત્સવ સમિતિ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા બી.એસસી. સુધીના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪ થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૭) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૮) હિન્દીના એક વ્યાખ્યાતા
(૯) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૩) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા જીવવિજ્ઞાન — એ દરેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ
(૧૪) એક વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. ૧૫મી મે ૧૯૬૪ સુધીમાં, કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) પ્રયોગશાળા માટેના ખંડો
(૮) જરૂરી વર્ગો માટેના ખંડો.

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજ તરફથી પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦ તથા વિનયનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પ્રયોગશાળાઓને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૭. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજની નજીક ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;
૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;
૯. રમતગમત માટે યોગ્ય મેદાનનો પ્રબંધ કરવામાં આવે; અને
૧૦. કૉલેજના સંચાલનમાં જરૂરી ખોટ પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક ૬ નીચે પ્રમાણે સુધારવી :

'પ્રયોગશાળાને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦ નો ખર્ચ કરવામાં આવે અને તે પૈકી રૂા. ૫૦,૦૦૦નો ખર્ચ તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં કરવામાં આવે તથા બાકીના રૂા. ૫૦,૦૦૦ તા. ૧૪-૬-૧૯૬૫ સુધીમાં ખર્ચવામાં આવે.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એસ. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શ્રી. દેવેન્દ્રપ્રસાદ રજત જયંતી મહોત્સવ સમિતિ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલ શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય એમ. એસ. શાહની ગેરહાજરીમાં, ઉપરનો ઠરાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૦. છોટાઉદેપુર નગર પંચાયત, છોટાઉદેપુર તરફથી છોટાઉદેપુર ખાતે શરૂ કરાનાર વિનયન અને વિજ્ઞાનની કૉલેજને, જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. તથા બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, છોટાઉદેપુર નગર પંચાયત, છોટાઉદેપુર તરફથી શરૂ કરાનાર વિનયન અને વિજ્ઞાનની કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) હિન્દીના એક વ્યાખ્યાતા
(૮) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) પરિશયનના એક વ્યાખ્યાતા
(૧૦) રાજ્યબંધારણ તથા ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) પદાર્થવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૪) રસાયણવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ ત્રણેને માટે એક એક ડેમો સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ
(૧૫) એક વ્યાયામ શિક્ષક;

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) પ્રયોગશાળા માટેના ખંડો
(૮) જરૂરી વર્ગો માટેના ખંડો;

૩. ૧૫મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૫. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦ તથા વિનયનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજની પાસે ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. રમતગમતના યોગ્ય મેદાનનો પ્રબંધ કરવામાં આવે; અને

૧૦. કૉલેજની વ્યવસ્થામાં જતી ખોટ પૂરી કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક ૬ નીચે પ્રમાણે સુધારવી :

'પ્રયોગશાળાને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે અને તે પૈકી રૂા. ૫૦,૦૦૦નો ખર્ચ તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં કરવામાં આવે તથા બાકીના રૂા. ૫૦,૦૦૦ તા. ૧૪-૬-૧૯૬૫ સુધીમાં ખર્ચવામાં આવે.'"

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. ગુ. નાયકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, છોટાઉદેપુર નગર પંચાયત, છોટાઉદેપુર તરફથી છોટાઉદેપુર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલ શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય કે. બી. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૧૧. **શ્રી. પ્રગતિ મંડળ, ભાદરણ તરફથી ભાદરણ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. અને બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પ્રગતિ મંડળ, ભાદરણ તરફથી ભાદરણ ખાતે શરૂ કરાનાર વિનયન અને વિજ્ઞાન કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૬) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) હિન્દીના એક વ્યાખ્યાતા
"આથી ઠરાવવામાં આવે છે કે, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પત્રકારિત્વના ડિપ્લોમાની પરીક્ષાના તથા નાટ્યના ડિપ્લોમાની પરીક્ષાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) સમાજશાસ્ત્રના હાલના વ્યાખ્યાતાને જૂન ૧૯૬૪થી બીજા કોઈ વિષયનું અધ્યાપન કાર્ય સોંપવું નહિ; અને
   (૨) જૂન ૧૯૬૫થી સમાજશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. સમાજશાસ્ત્રનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. નાટ્યવિદ્યાના અધ્યાપન માટે અલાયદા 'વર્કશોપ'ની જોગવાઈ કરવામાં આવે; અને
૫. પ્રકાશ સેટિંગ્ઝ વગેરેનું શાસ્ત્રીય જ્ઞાન આપવા ઓછામાં ઓછાં રૂ. ૫,૦૦૦ના સાધનો પૂરાં પાડવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવ[redacted] આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ [redacted] કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. પી. ઠાકરે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય ડી. પી. ઠાકરની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય જે. એસ. જેટલીએ રજૂ કર્યો, તેને આચાર્ય વા. જી. ઉપાધ્યાયે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૧. નેશનલ કૉલેજ, કુબેરનગર, અમદાવાદ તરફથી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ) અર્થશાસ્ત્ર, હિંદી, સિંધી, અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત, પર્શિયન, ગુજરાતી અને ઇતિહાસ તથા બી.એ. (સબસિડિયરી)માં માનસશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નેશનલ કૉલેજ, કુબેરનગર જૂના જોડાણની તમામ શરતોનું પાલન ... ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તે શરતે તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ તબક્કે આ કૉલેજને વધારાનું જોડાણ આપવું નહિ એમ સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય બી. પી. કોઠારીએ નોટિસ આપી હ

"આથી સેનેટની આ સભા, નેશનલ કૉલેજ, કુબેરનગર (અમદાવાદ)ના જોડાણ અ
સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી
પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલી મુદત સુધી શીખવવા માટે સદરહુ
ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય બી. પી. કોઠારીનાં ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ ડૉ. રણજિત શાસ્ત્રીએ રજૂ
આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૨. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં તત્ત્વજ્ઞાન, હિંદી, સિંધી, ગુજરાતી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં અંગ્રેજી, સંસ્કૃત તથા માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં તત્ત્વજ્ઞાન, હિન્દી, સિંધી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, અંગ્રેજી અને ગુજરાતી, તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) સિંધીના પૂરા સમયના એક વ્યાખ્યાતા

(૨) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૩) હિન્દીના એક વ્યાખ્યાતા

(૪) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક;

૨. તત્ત્વજ્ઞાન, હિન્દી, સિંધી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, અંગ્રેજી, ગુજરાતી — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૫. જૂના જોડાણની બાકી રહેતી શરતોનું પાલન કરવામાં આવે"

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. એસ. જેટલીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર (કચ્છ)ના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઠરાવ આચાર્ય જે. એસ. જેટલીએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ

લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૩. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ તરફથી જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં માનસશાસ્ત્ર તથા હિંદીના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ગૃહવિજ્ઞાન, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તથા અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબોર્ડિનેટ)માં માનસશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) સંસ્કૃતના બે વ્યાખ્યાતા
(૩) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૭) ગૃહવિજ્ઞાનના એક પૂરા સમયના વ્યાખ્યાતા તથા વિજ્ઞાનના વિષયો માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ અને એક ડેમોન્સ્ટ્રેટર
(૮) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) પૂરા સમયના એક વ્યાયામ શિક્ષક;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૫) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૬) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૭) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક;

૨. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. દરેક પ્રિન્સિપલ વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને સબોર્ડિનેટ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ પુસ્તકો પાછળ કરવામાં આવે (કુલ રૂા. ૧૮,૦૦૦);

૪. ગ્રંથાલય માટે પ્રતિ વર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૬. હોદ્દાની રૂએ આચાર્યશ્રીને કૉલેજના સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ચિમનભાઈ પટેલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય ચિમનભાઈ પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો.

આચાર્ય પ્રિયમ્બાળા શાહે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

૧ (૧) માં નીચે પ્રમાણે વાંચવું :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક ટ્યૂટર

(૨) સંસ્કૃતના બે વ્યાખ્યાતા

(૩) અને (૪) તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર

(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૬) ગુજરાતીમાં એક પાર્ટ-ટાઈમ વ્યાખ્યાતા અથવા પૂરા સમયના એક ટ્યૂટર

(૭) ગૃહવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા વિજ્ઞાનના વિષયો માટે પાર્ટ ટાઈમ વ્યાખ્યાતા અને ડેમોન્સ્ટ્રેટર, અને

(૯) પૂરા સમયના એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**—(૮) બિનજરૂરી—અર્થશાસ્ત્રના વિષય માટે પૂરતો સ્ટાફ છે.]

જૂન ૧૯૬૫થી અમલી

(૭) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક, ૧૯૬૬ જૂનથી અમલી."

ઉપકુલપતિશ્રી તરફથી બાબત ક્રમાંક ૩ પછી જે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું તેને ધ્યાનમાં લઈ ઉપરનો સુધારો આચાર્ય પ્રિયમ્બાળા શાહે રજૂ કર્યો નહિ.

આથી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં તે, સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૪. **કલોલ મ્યુનિ. આર્ટ્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ–પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; બી.એ. (જનરલ–સબોર્ડિનેટ)માં હિંદી, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને અંગ્રેજીના વિષયો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને હિંદી; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં પર્શિયન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા** આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ફરાવવામાં આવે છે કે, કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, કલોલ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, માનસશાસ્ત્ર તથા અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને હિન્દી તથા બી.એ. (સબોર્ડિનેટ)માં પરિશયન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂંકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) હિન્દીના એક વ્યાખ્યાતા
(૩) પરિશયનના એક વ્યાખ્યાતા
(૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૬) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

જૂન ૧૯૬૫થી અમલી

હિન્દીના એક પ્રાધ્યાપક;

૨. કૉલેજના પોતાના નવા મકાનમાં નીચેની વ્યવસ્થા કરી નવા શૈક્ષણિક વર્ષથી કૉલેજને ત્યાં બેસાડવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) શિક્ષકો માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગો માટેના ખંડો;

૩. અંગ્રેજી અને હિન્દી એ દરેક વિષયનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો તથા પરિશયન, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રનાં પુસ્તકો તથા સામયિકો માટે દરેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા ૮,૦૦૦);

૪. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય વી. જી.** ઉપાધ્યાયે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ફલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, ફલોલના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય વી. જી. ઉપાધ્યાયે રજૂ કર્યો, તેને આચાર્ય જે. એસ. જેટલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨૫. **ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈને જૂન ૧૯૬૪થી બી.એ. (સબૉર્ડિનેટ)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે આવેલ વધારાના જોડાણ માટેની અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉમેદરામ પંચાલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબૉર્ડિનેટ)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

(૧) સમાજશાસ્ત્રનાં પુસ્તકો પરત્વે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો પરત્વે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) કૉલેજની વ્યવસ્થામાં જે કંઈ ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. પી. એચ. પ્રભુ**એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ડૉ. પી. એચ. પ્રભુની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ શ્રી. રણજિત શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવ્હડે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૬. ગુજરાત રાજ્યના શિક્ષણ સંચાલક તરફથી **ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદીનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ આપવા આવેલ અરજી.**

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

એક હિંદીના વ્યાખ્યાતા;

જૂન ૧૯૬૫થી અમલી

એક હિંદીના પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. ભટ્ટે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, શીખવવા માટે સદરહુ કૉલેજને કાયમી જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૭. **ભારતીય વિદ્યાભવન, મુંબઈ તરફથી ભવન કૉલેજ, ડાકોરને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં ગણિત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.**

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભવન કૉલેજ, ડાકોર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃતના અને બી.એ. (સબૉર્ડિનેટ)માં ગણિત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી

તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૨) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા;

જૂન ૧૯૬૫થી અમલી

સંસ્કૃતના એક પ્રાધ્યાપક;

૨. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવાનાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. પી. એચ. પ્રભુ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ભવન કૉલેજ, ડાકોરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેના ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ડૉ. પી. એચ. પ્રભુની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૮. **બી. ડી. કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સબોર્ડિનેટ)માં અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબોર્ડિનેટ)માં અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસ એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૩,૦૦૦); અને

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ય. પ્રા. શુક્લે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, બી. ડી. કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય ય. પ્રા. શુક્લની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાણિડલે રજૂ કર્યો, તેને આચાર્ય કે. જી. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૩૯. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ અૅન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ઇતિહાસ અને બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૨થી ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં હિંદી, ભૂગોળ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ અૅન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પે./પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા બી.એ. (જન./સબો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું તથા બી.એ. (જન./સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌ગામી (Retrospective) ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, ભૂગોળ, સમાજશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

જૂન ૧૯૬૫થી અમલી

(૧) હિન્દીના એક પ્રાધ્યાપક
(૨) ભૂગોળના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક;

૨. હિન્દી, ભૂગોળ અને સમાજશાસ્ત્ર - એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. ભૂગોળની પ્રયોગશાળા માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. ભટ્ટે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ એન્ડ એ.એમ.પી. લૉ. કૉલેજ, રાજકોટના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એન. કોરગાંઉકરે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૦. **સંત ઝેવિયર કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં માનસશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ આપવા આવેલ અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સંત ઝેવિયર કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પે./પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૩થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌ગામી (Retrospective) ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. જૂન ૧૯૬૫થી પ્રાયોગિક માનસશાસ્ત્ર માટે જરૂરી શિક્ષકોની નિમણૂક કરવામાં આવે;

૨. જૂન ૧૯૬૫ સુધીમાં ૩૪'×૩૨', ૩૧'×૨૦' તથા ૨૪'×૨૦'ના ક્ષેત્રફળવાળા ઓરડાઓ પ્રાયોગિક માનસશાસ્ત્રની પ્રયોગશાળા માટે તૈયાર કરવામાં આવે;

૩. માનસશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આઈ. વી. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સંત ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના ગ્રેડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ ગ્રેડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય આઈ. વી. ત્રિવેદીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. મગનભાઈ પ્र. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૧. સંગીત નાટ્ય ભારતી, રાજકોટ સંચાલિત સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટને જૂન ૧૯૬૪થી સંગીતના તૃતીય વર્ષ ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ડિપ્લોમા-ઇન-મ્યુઝિકના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકની નિમણૂક કરવામાં આવે :
જો વાદ્યસંગીત માટે વિદ્યાર્થીઓ ૧૯૬૪-૬૫ની સાલમાં નોંધાય તો તે માટે એક વધારાના વ્યાખ્યાતા નીમવામાં આવે;

૨. નીચે પ્રમાણેની સગવડોવાળું કૉલેજનું પોતાનું મકાન જૂન ૧૯૬૬ પહેલાં તૈયાર કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે :
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) ગ્રંથાલય માટેનો ખંડ
(૪) અધ્યાપકગણનો ખંડ
(૫) પ્રૅક્ટિસ માટેનો ખંડ
(૬) રેકર્ડ અને લીસનિંગ માટેનો ખંડ
(૭) વિદ્યાર્થીઓનો ખંડ
(૮) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૯) જરૂરી વર્ગ-ખંડો;

૩. પુસ્તકો, ટેપ તથા રેકર્ડ માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. ભટ્ટે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, સંગીત, નૃત્ય-નાટય ભારતી, રાજકોટના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને શ્રી. ડોલરરાય માંકડે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૨. **એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૪-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે:

(અ) જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૨) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા; અને

(બ) જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના પ્રાધ્યાપક

(૨) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક;

૨. જરૂર પડે ત્યારે પ્રાયોગિક માનસશાસ્ત્રના વિષય માટે એક સુસજ્જ પ્રયોગશાળાની ગોઠવણ કરવામાં આવે;

૩. અંગ્રેજી અને માનસશાસ્ત્રનાં પુસ્તકો પાછળ વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૪,૦૦૦);

૪. પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. આર. ભટ્ટે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં

મૂકવેલી શરતોનું પારપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય મુદ્દી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૩. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી ગુજરાત કૉલેજનું (૧) ગુજરાત આર્ટ્સ કૉલેજ, તથા (૨) માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ—એમ વિભાગીકરણ કરવા, તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગૃહવિજ્ઞાન અને ભૂગોળ તથા બી.એ (સબ્સિડિયરી માં આંકડાશાસ્ત્ર; અને બી.એસસી. (ઑનર્સ)માં ભૂસ્તરશાસ્ત્ર, ભૂગોળ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજો.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદનું નીચે પ્રમાણે બે કૉલેજોમાં વિભાગીકરણ કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. ગુજરાત આર્ટ્સ કૉલેજ, તથા

૨. માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજોને, નીચેની શરતોનું પાલન તા. ૨૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો ગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિપલ)માં ગૃહવિજ્ઞાન અને ભૂગોળ તથા બી.એ. (સબ્સિડિયરી)માં આંકડાપદ્ધતિ અને માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને બી.એસસી. (ઑનર્સ)માં ભૂસ્તરશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર તથા ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

આર્ટ્સ કૉલેજ માટે

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ગૃહવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર અને વિજ્ઞાનના વિષયો માટે જરૂરી સંખ્યામાં ખંડ સમયના શિક્ષકો

(૨) ભૂગોળના એક વ્યાખ્યાતા

(૩) આંકડાપદ્ધતિના એક વ્યાખ્યાતા

(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૬) સંસ્કૃત, ગણિત તથા અર્થશાસ્ત્ર—એ દરેકના એક એક ટ્યૂટર

(૭) ગણિતમાં એક પ્રોફેસર અને એક વ્યાખ્યાતા

જૂન ૧૯૬૫થી અમલી

(૮) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૯) ભૂગોળના એક પ્રાધ્યાપક;

વિજ્ઞાન કૉલેજ માટે

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ભૂસ્તરશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) હિન્દીના એક વ્યાખ્યાતા
(૪) અંગ્રેજીના બે વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૫) ગણિતના એક પ્રોફેસર તથા એક ટ્યૂટર
(૬) ભૂગોળના એક વ્યાખ્યાતા
(૭) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ દરેક માટે એક એક ડેમો-સ્ટ્રેટર

જૂન ૧૯૬૫થી અમલી

(૮) ભૂસ્તરશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૯) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૧૦) ભૂગોળના એક પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે:

(૧) ગૃહવિજ્ઞાન ... રૂા. ૨,૦૦૦
(૨) ભૂગોળ ... રૂા. ૨,૦૦૦
(૩) આંકડાશાસ્ત્ર ... રૂા. ૨,૦૦૦
(૪) ભૂસ્તરશાસ્ત્ર ... રૂા. ૨,૦૦૦;

૩. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૪. ભૂગોળ માટે રૂા. ૧૦,૦૦૦નાં સાધનો ખરીદવામાં આવે;
૫. આંકડાશાસ્ત્ર અને આંકડાપદ્ધતિ માટે, પ્રત્યેક ૩ વિદ્યાર્થી માટે, એક મશીન ખરીદવામાં આવે;
૬. ભૂસ્તરશાસ્ત્ર માટે રૂા. ૧૦,૦૦૦નાં સાધનો ખરીદવામાં આવે;
૭. ગ્રંથાલય માટે પ્રત્યેક કૉલેજ માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૮. એક નવા આચાર્ય, એક નવા રેક્ટર નીમવામાં આવે તથા તેમને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને
૯. બન્ને કૉલેજો માટે જુદી ઑફિસોની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. વી. શાહે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી (૧) ગુજરાત આર્ટ્સ કૉલેજ, તથા (૨) મણિલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ—એમ વિભાગીકરણ કરી, તેમનાં જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી રીતનું પરિવર્તન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજોને વંચાતું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય એસ. વી. શાહની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવિડેએ ટેકો આપ્યો.

આચાર્ય ય. ગુ. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઠરાવમાં નીચે પ્રમાણે એક વધારાની કલમ દાખલ કરવી:

કલમ નં. ૧૦:

"જે અન્ને કૉલેજને જુદી ન થાય તો હાલના ચાલુ સ્ટાફ ઉપરાંત જે નવા વિષયો માટે જોડાણ માગ્યું છે તે માટે કલમ નં. ૬માં જણાવેલો જે તે જોડાણના વિષયો માટેનો સ્ટાફ નીમવામાં આવે."

આચાર્ય ય. ગુ. નાયકે ઉપરનો સુધારો રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

ચર્ચા થયા બાદ સદરહુ સુધારાને મૂળ ઠરાવના ભાગરૂપે આચાર્ય એસ. આર. ભટ્ટે સ્વીકારી લીધો.

ત્યાર બાદ સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૪. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને જૂન ૧૯૬૪થી જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદથી સ્વતંત્ર કૉલેજ કરી, તેને (૧) બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિન્દી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા (૨) બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાંથી આર્ટ્સ વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદી અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ અને બી.એ. (પ્રિન્સિપલ) માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

(૧) કૉલેજ માટે આચાર્ય તથા માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
(૨) રમતગમત માટે વધારાના મેદાનની સ્વતંત્ર જોગવાઈ કરવામાં આવે;
(૩) એક છાત્રાલયની જોગવાઈ અને તે માટે નિયુક્ત થયેલ ગૃહપતિને ભાડા-મુક્ત મકાન આપવા અંગેની વ્યવસ્થા કરવામાં આવે;
(૪) આચાર્યને હોદ્દાની રૂએ ગવર્નિંગ બૉડીના સભ્ય બનાવવામાં આવે;
(૫) આચાર્યને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;
(૬) માનસશાસ્ત્રનાં પુસ્તકોનો પાછળ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
(૭) પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
(૮) કૉલેજની વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય પી. એમ. જનીએ** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, જે. એન્ડ જે. કૉલેજ ઓફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાંથી આર્ટ્સ વિભાગ અલગ કરી, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય પી. એમ. જનીની ગેરહાજરીમાં, ઉપરનો ઠરાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાહિલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૫. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને જૂન ૧૯૬૪થી સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટથી અલગ કરી, સ્વતંત્ર કૉલેજ તરીકે તેને બી.એસસી. (ઑનર્સ)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાંથી સાયન્સ વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (ઑનર્સ)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચે બતાવ્યા પ્રમાણે શિક્ષક વર્ગની નિમણૂક કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર
(૩) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

જૂન ૧૯૬૫થી અમલી

આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક;

૨. (૧) વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન — એ દરેક વિષયના પ્રયોગો માટે પ્રયોગશાળાની જરૂરી વ્યવસ્થા કરી તેને રૂા. ૬૦,૦૦૦નાં સાધનોથી સુસજ્જ કરવામાં આવે;

(૨) એક સંગ્રહસ્થાન માટેની વ્યવસ્થા કરવામાં આવે;

(૩) એક "હર્બેરિયમ રૂમ"ની વ્યવસ્થા કરવામાં આવે; અને
(૪) આંકડાશાસ્ત્રની પ્રયોગશાળા માટે દર ત્રણ વિદ્યાર્થીઓ એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૩. વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર—એ દરેક વિષયનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૫૦૦ એમ કુલ રૂ. ૬,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પાછળ કરવામાં આવે;
૫. કૉલેજની હાલની વ્યવસ્થામાં જે વધારાના વર્ગો, પ્રયોગશાળાઓ અને તે માટે જરૂરી શિક્ષકોનો ઉમેરો કરવામાં ન આવે તો નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહિ;
૬. કૉલેજની વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;
૭. સાયન્સ કૉલેજ માટે સ્વતંત્ર કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૮. આચાર્યશ્રી અને ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ફરમાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય પી. એમ. જાની**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ શી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાંથી સાયન્સ વિભાગ અલગ કરી, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય પી. એમ. જાનીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને શ્રી. મગનભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૬. પ્રમુદાસ ટકર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી પ્રમુદાસ ટકર આર્ટ્સ ઍન્ડ પ્રમુદાસ ટકર કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી અલગ કરી, સ્વતંત્ર કૉલેજ તરીકે તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો, તથા બી.એ. (સબ્સિડિયરી)માં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ફરમાવવામાં આવે છે કે, પ્રમુદાસ ટકર આર્ટ્સ ઍન્ડ પ્રમુદાસ ટકર કૉમર્સ કૉલેજ, અમદાવાદ-માંથી આર્ટ્સ વિભાગ તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી તેને પ્રમુદાસ ટકર આર્ટ્સ કૉલેજ તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૫-૧૯૬૪થી

તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

૧૯૬૪ના જૂનથી અમલી

(૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા

૧૯૬૫ના જૂનથી અમલી

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક;

૨. હાલના બંડા ઉપરાંત નીચેના બંડોની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) વિદ્યાર્થીઓ માટેનો બંડ
(૨) વિદ્યાર્થિનીઓ માટેનો બંડ
(૩) વધારાના વર્ગો માટેના બંડો;

૩. અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો તથા સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્ર — એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા અગાઉના વર્ષના શરતના રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો પણ મગાવી લેવામાં આવે (કુલ રૂ. ૧૨,૦૦૦);

૪. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫. રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૬. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે તથા ગૃહપતિને ભાડાન્મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને

૭. કૉલેજના સંચાલનમાં કાંઈ ખોટ જાય તો તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય બી. પી. કોઠારી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, પ્રભુદાસ હકકર આર્ટ્સ ઍન્ડ પ્રભુદાસ હકકર કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી આર્ટ્સ વિભાગ અલગ કરી, પ્રભુદાસ હકકર આર્ટ્સ કૉલેજનો સ્વતંત્ર જોડાણ આપવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં

સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય પી. પી. કોઠારીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ શ્રી. રણજિત શાસ્ત્રીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. પી. સાવિડલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૭. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ પ્રભુદાસ ઠક્કર કૉમર્સ કૉલેજ, અમદાવાદથી અલગ કરી સ્વતંત્ર કૉલેજ તરીકે તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ અને બી.કૉમ. તથા પ્રી-યુનિવર્સિટી સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી કૉમર્સ વિભાગ જુદો કરી તેની સાથે નવા થનાર સાયન્સ વિભાગને જોડી પ્રભુદાસ ઠક્કર સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરીકે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ; બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને ફર્સ્ટ ઇયર બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) હિન્દીના એક વ્યાખ્યાતા
(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૮) ગણિતના એક વ્યાખ્યાતા
(૯) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—દરેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ; અને
(૧૩) એક વ્યાયામ શિક્ષક;

[નોંધ—(૧) ઉપરના વિષયો સિવાયના વધારાના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;
(૨) આચાર્ય જે વિષય શીખવી શકે તે માટે અલગ શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. ૧૯૬૪ સુધીમાં નીચેની સગવડવાળું કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે:
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલયનો ખંડ
(૩) શિક્ષકોનો ખંડ
(૪) ગ્રંથાલય માટેનો ખંડ
(૫) વિદ્યાર્થીઓનો ખંડ
(૬) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૭) જરૂરી વ્યાખ્યાન ખંડો
(૮) પ્રયોગશાળા માટેના ખંડો;

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા કૉમર્સ વિભાગ માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક અને પુસ્તકો માટે કરવામાં આવે;

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૬. આચાર્ય અને ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત મકાન આપવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને

૮. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલનો ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. જે. ત્રિવેદીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી કૉમર્સ વિભાગ અલગ કરી, તેની સાથે નવા થનાર સાયન્સ વિભાગને જોડી, પ્રભુદાસ ઠક્કર સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજને જોડાણ આપવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય જે. જે. ત્રિવેદીએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાણિકે ટેકો આપ્યો.

રો. જે. જે. ચિનોયે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"એકૅડેમિક કાઉન્સિલના ઠરાવમાં જણાવેલ શરત ૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી તથા તે મુજબના સુધારા સાથે સેનેટનો ઠરાવ મંજૂર કરવો:

"**શરત ૩:** પ્રયોગશાળાને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; તે પૈકી રૂા. ૫૦,૦૦૦નો ખર્ચ તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં કરવામાં આવે તથા બાકીના રૂા. ૫૦,૦૦૦ તા. ૧૪-૬-૧૯૬૫ સુધીમાં ખર્ચવામાં આવે."

ઉપરનો સુધારો રો. જે. જે. ચિનોયે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. આર. ભટ્ટે ટેકો આપ્યો. ચર્ચા થયા બાદ સદરહુ સુધારાને મૂળ ઠરાવના ભાગરૂપે આચાર્ય જે. જે. ત્રિવેદીએ સ્વીકારી લીધો. ત્યાર બાદ સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૪૮. **સર્વોદય એજ્યુકેશન સોસાયટી**, મુંબઈ તરફથી જૂન ૧૯૬૪થી હાલની શ્રી. ઉમિયાશંકર **નાનચંદ મહેતા આર્ટ્સ** કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, **મોરબીથી** શ્રી. ઉમિયાશંકર **નાનચંદ મહેતા આર્ટ્સ** કૉલેજને અલગ કરી આર્ટ્સ કૉલેજને બી.એ. (મૉડર્રેટ)માં **માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ** માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે, કે, શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ **જમનાદાસ** શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીમાંથી તા. ૧૫-૬-૧૯૬૪થી આર્ટ્સ વિભાગ અલગ કરી તેને **શ્રી. ઉમિયાશંકર** નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે, નીચેની **શરતોનું** પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (**સૅમૅડિનેટ**)માં માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી **તા. ૧૪-૬-૧૯૬૫** સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) ઇતિહાસ અથવા રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) અત્યારે જે વ્યાયામ શિક્ષક છે તે વિનયન વિભાગ માટે ચાલુ રહે;

૨. કૉલેજના મકાન માટે નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) કાર્યાલય માટેનો ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૬) પુસ્તકાલય માટેનો ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો;

૩. માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર — એ પ્રત્યેક વિષય માટે રૂ. ૧૦,૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂ. ૨,૦૦૦);

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. સંયુક્ત છાત્રાલયમાં ૧૦ બેઠકો વિનયન વિભાગ માટે અલાયદી રાખવામાં આવે;

૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૭. આર્ટ્સ કૉલેજ માટે અલાયદા કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. જે. દેસાઈ**એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીમાંથી શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજને અલગ કરી તેને સ્વતંત્ર જોડાણ આપવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય જે. જે. દેસાઈની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય એસ. સી. પાઠક રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે **સર્વાનુમતે** મંજૂર કરવામાં આવ્યો.

૪૯. **સર્વોદય એજ્યુકેશન સોસાયટી, મુંબઈ** તરફથી જુન ૧૯૬૪થી હાલની શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીથી શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજને અલગ કરી કૉમર્સ કૉલેજને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીમાંથી તા. ૧૫-૬-૧૯૬૪થી કૉમર્સ વિભાગ અલગ કરી શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી તરીકે સ્વતંત્ર જોડાણ આપવું તથા તે, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. હાલના સ્ટાફ ઉપરાંત નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) આચાર્ય
   (૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૬) ગણિતના એક વ્યાખ્યાતા
(૭) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૮) સ્ટેટિસ્ટિક્સના એક પ્રાધ્યાપક (જૂન ૧૯૬૫થી)
(૯) એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક (જૂન ૧૯૬૫થી)
(૧૦) વ્યાયામ શિક્ષક;

૨. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. છાત્રાલયમાં કૉમર્સના વિદ્યાર્થીઓ માટે ૧૦ બેઠક અલગ રાખવામાં આવે;

૫. આચાર્યને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે;

૬. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને

૭. કૉમર્સ કૉલેજ માટે સ્વતંત્ર કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય જે. જે. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી. ઉમિયાશંકર નાનચંદ મહેતા આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીમાંથી શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજને અલગ કરી તેના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય જે. જે. દેસાઈની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય કે. વી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાવિડલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૦. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૬૪થી (અ) બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સમાજશાસ્ત્ર અને અર્ધમાગધી માટે ચાલુ જોડાણ આપવા માટે; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને માનસશાસ્ત્રમાં વધારાનું જોડાણ આપવા; તથા (બ) ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, રજની પારેખ આર્ટ્સ કૉલેજ અને કેશવલાલ ખુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને સમાજશાસ્ત્ર અને પ્રાકૃતના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને મનોવિજ્ઞાન તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) હિન્દીના એક વ્યાખ્યાતા
(૨) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક પ્રાધ્યાપક તથા એક ટ્યૂટર
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) અંગ્રેજીના એક ટ્યૂટર
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૦) સંસ્કૃતના એક વ્યાખ્યાતા;

૨. કૉલેજના હાલના મકાનને બદલે કૉલેજને અન્ય સ્થળે બસેડવાની વ્યવસ્થા જૂન ૧૯૬૪થી કરવામાં આવે તથા ૧૫મી મે ૧૯૬૫ સુધીમાં કૉલેજનું પોતાનું નવું મકાન નીચેની સગવડ સાથે બાંધી તૈયાર કરવામાં આવે :

(**નોંધ.**—અત્યારના મકાનમાં કોઈ પણ વિદ્યાશાખાના વર્ગો ચલાવી શકાય નહિ.)

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) શિક્ષકો માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) ગ્રંથાલય માટેનો ખંડ
(૬) કાર્યાલય માટેનો ખંડ
(૭) વર્ગો માટેના જરૂરી ખંડો;

૩. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને માનસશાસ્ત્ર, એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા વાણિજ્યની વિદ્યાશાખાનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૯,૦૦૦);

૪. ૧૯૬૪-૬૫ના વર્ષ માટે વિનયન વિભાગ માટે પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરી :

૧. કૉલેજનું ચાલુ તથા વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી આપવું.

૨. શરત ક્રમાંક ૧ (૧૦)માં સંસ્કૃતને બદલે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ રાખવું."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. ડોલરરાય ર. માંકડે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ અને કેશવલાલ ભુલાખાદાસ કૉમર્સ કૉલેજ, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે મૂકેલ શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ શ્રી. ડોલરરાય માંકડે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

આચાર્ય શ્રી. કે. શાહે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"શરત ક્રમાંક ૧ (૯)માં 'વાણિજ્યના વ્યાખ્યાતા' નીમવાની શરતમાં વ્યાખ્યાતાને બદલે 'વાણિજ્યના એક વ્યાખ્યાતા અથવા એક ટ્યૂટર (જરૂરિયાત મુજબ)' એ પ્રમાણે શરતમાં ફેરફાર કરવા મારો સુધારો મોકલું છું.

મારા સુધારાથી આઇટેમ નં. ૫૦માં ૧(૯)માં 'વાણિજ્યના એક વ્યાખ્યાતા'ને બદલે 'વાણિજ્યના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર (જરૂર પ્રમાણે)' એમ વંચાશે."

ઉપકુલપતિશ્રીએ અગાઉ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને આચાર્ય શ્રી. કે. શાહે ઉપરનો સુધારો રજૂ કર્યો નહિ.

આથી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૧. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સબોર્ડિનેટ)માં સ્ટેટિસ્ટિક્સ; તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિક-વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના વિષયોમાં જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબોર્ડિનેટ)માં સ્ટેટિસ્ટિક્સ તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું ખેડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

(૧) માનસશાસ્ત્ર માટે એક વધારાના વ્યાખ્યાતા

(૨) સમાજશાસ્ત્ર માટેના ખંડ સમયના વ્યાખ્યાતાને બદલે પૂરા સમયના એક વ્યાખ્યાતા

(૩) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર એ દરેક વિષય માટે એક એક વધારાના વ્યાખ્યાતા

(૪) ૦૪૩૨ પ્રમાણે ટ્યૂટર, ડેમોન્સ્ટ્રેટર તથા લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. રસાયણવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, એ દરેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૭,૦૦૦);

૩. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. લેબોરેટરી સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૪) પ્રાણીવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
	કુલ	રૂા. ૮૫,૦૦૦;

૫. રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના વિષયો માટે સુસજ્જ ત્રણ પ્રયોગશાળાઓ તથા તૃતીય વર્ષ બી.એસસી. માટે ફિઝિકલ કેમિસ્ટ્રીના વિષય અંગેની એક પ્રયોગશાળાની જોગવાઈ અત્યારે અસ્તિત્વ ધરાવતી પ્રયોગશાળા ઉપરાંત કરવામાં આવે; અને

૬. આચાર્યશ્રીની નિમણૂક કાર્યકારી હોય તોપણ તેમને માટે ઘરભાડું કે ભાડા-મુક્ત મકાન આપવાની જોગવાઈ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. એમ. મહેતા**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા સ્વામિનારાયણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા

માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય સી. એમ. મહેતાની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૨. શેઠ એચ. પી. આર્ટ્સ અન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી; તથા બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, આંકડાશાસ્ત્ર અને ગણિત; બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિત અને આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ-સ્પેશિયલ) અર્થશાસ્ત્ર, બી.એસસી. (ઑનર્સ-પ્રિન્સિપલ) રસાયણવિજ્ઞાન, બી.એસસી. (જનરલ-સબોર્ડિનેટ) ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, આંકડાશાસ્ત્ર અને ગણિત; બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિત અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૬-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકવર્ગની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ગણિતના એક વ્યાખ્યાતા
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવનાર વ્યાયામ શિક્ષક;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૩) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૪) ગણિતના એક પ્રાધ્યાપક

(૫) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક પ્રાધ્યાપક

(૬) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક;

૨. જો મકાનનો પહેલો માળ તૈયાર ન થઈ શકે તો ચાર કામચલાઉ ઓરડા બનાવવાની બાંયધરી આપે અને નીચે પ્રમાણેના ઓરડાનો પ્રબંધ કરવામાં આવે :

(૧) શિક્ષક વર્ગ માટેનો ઓરડો
(૨) વિદ્યાર્થિનીઓ માટેનો ઓરડો
(૩) વિદ્યાર્થીઓ માટેનો ઓરડો
} —જરૂરી સેનિટરી વ્યવસ્થા સાથે;

૩. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન માટે રૂા. ૩૦,૦૦૦ના ખર્ચે પ્રયોગશાળાનાં સાધનો વસાવવામાં આવે. સ્ટેટિસ્ટિક્સની લેબોરેટરી માટે ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;

૪. અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, આંકડાશાસ્ત્ર અને ગણિત—એ દરેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા સમાજશાસ્ત્ર માટે વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૫,૦૦૦);

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય વાય. ડી. ભાવેએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય વાય. ડી. ભાવેની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાવિડસે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. ડી. માણેકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૩. એસ. બી. ગાર્ડા કૉલેજ એન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીને જૂન ૧૯૬૪થી બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર; અને બી.એસસી. (જનરલ-સબોર્ડિનેટ)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી, નીચેની શરતોનું પાલન તા.૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (જનરલ-સબ્સિડિયરી)માં સમાજશાસ્ત્ર; અને બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. બાયોલોજી વિભાગમાં એક વધુ પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;
૨. પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો પરત્વે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૩. કૉલેજ વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય આર. ડી. દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, એસ. બી. ગાર્ડા કૉલેજ ઍન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય આર. ડી. દેસાઈની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય કે. વી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. જી. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૪. શ્રી. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે,શ્રી. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે.

જૂન ૧૯૬૪થી અમલી

(૧) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

૨. ઇતિહાસ, અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર તથા ગણિતશાસ્ત્ર — એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો પુસ્તકો માટે ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૮,૦૦૦);

૩. પુસ્તકો માટે અગાઉનાં વર્ષોમાં ઓછા ખર્ચાયેલા રૂા. ૬૦,૦૦૦નાં પુસ્તકો તાત્કાલિક ખરીદવામાં આવે;

૪. સામયિકો, સમાચારપત્રો વગેરે મૂકવા માટે તેમ જ વાંચવા માટે ગ્રંથાલયમાં પૂરી સગવડ ઊભી કરવામાં આવે, તથા ગ્રંથાલય માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. વિજ્ઞાનની હાલની પ્રયોગશાળાઓમાં, મકાન તેમ જ સાધનસામગ્રીમાં, સુધારાવધારા કરી યોગ્ય રીતે તૈયાર કરવી અને તેમ ન થાય તો પ્રથમ વર્ષ બી.એસસી.ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ;

૬. ગૃહપતિને હૉસ્ટેલ નજીક ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને

૭. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. જી. ભટ્ટે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય આર. જી. ભટ્ટે રજૂ કર્યો, તેને શ્રી. મગનભાઈ દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૫. વી. એસ. પટેલ કૉલેજ આફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, ગણિતવિજ્ઞાન તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં માનસશાસ્ત્ર, અંગ્રેજી, ઇતિહાસ અને સંસ્કૃત; તથા બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, બીલીમોરા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ/પ્રિન્સિપલ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, ગણિત; બી.એ. (જનરલ/સબોર્ડિનેટ)માં માનસશાસ્ત્ર, અંગ્રેજી, ઇતિહાસ અને સંસ્કૃત; બી.એસસી. (પ્રિન્સિપલ/ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (સબ્સિડિયરી/જનરલ)માં ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૨) માનસશાસ્ત્રના એક ટ્યૂટર
(૩) રસાયણવિજ્ઞાનના બે ડેમોન્સ્ટ્રેટર
(૪) ભૌતિકવિજ્ઞાનના બંડ સમયના શિક્ષકોને પૂરા સમયના બનાવવામાં આવે
(૫) હિન્દીના એક પ્રાધ્યાપક;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકાલયમાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૧૦,૦૦૦ ખર્ચવામાં આવે;

૩. પુસ્તકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળાઓ માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે:

	અનાવર્તક રૂા.	**આવર્તક રૂા.**
(૧) ભૌતિકવિજ્ઞાન	૭,૫૦૦	૧,૫૦૦
(૨) રસાયણવિજ્ઞાન	૧૬,૦૦૦	૮,૦૦૦
(૩) જીવવિજ્ઞાન	૧૨,૦૦૦	૪,૦૦૦
(૪) વનસ્પતિ-ભાગ	૨,૦૦૦	૧,૦૦૦;

૫. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલનાં ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. વી.** દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, બીલીમોરાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય કે. વી. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૬. **આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત; તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર; અને બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈ, નીચેની શરતોનું પાલન તા. ૧૫–૫–૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો, તેને બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત; તથા બી.એ. (સબૉર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર; અને બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૩) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન — એ દરેકમાં એક એક ડેમાન્સ્ટ્રેટર;

જૂન ૧૯૬૫થી અમલી

સંસ્કૃતના એક પ્રાધ્યાપક;

૨. વનસ્પતિવિજ્ઞાન માટે એક વધારાની પ્રયોગશાળા ઊભી કરવી તથા રૂા. ૧૫,૦૦૦ સાધનસામગ્રી પાછળ ખર્ચવામાં આવે;

૩. વનસ્પતિવિજ્ઞાનના બાગની વ્યવસ્થા કરવામાં આવે;

૪. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા સમાજશાસ્ત્ર તથા વનસ્પતિવિજ્ઞાન—એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૪,૦૦૦);

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની કૉલેજના સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. એમ. પટેલે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય સી. એમ. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય જે. એસ. જેટલીએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૭. **બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, બારડોલી તરફથી આર્ટ્સ અેન્ડ સાયન્સ કૉલેજ, બારડોલીને જુન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. અને બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; બી.એ. (પ્રિન્સિપલ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, માનસશાસ્ત્ર, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (ઓનર્સ)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, બારડોલી, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, માનસશાસ્ત્ર; ઇતિહાસ તથા સમાજશાસ્ત્ર, તથા બી.એસસી. (ઓનર્સ)માં રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડા-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના બે વ્યાખ્યાતા (તેમાંની એક નિમણૂક ૧૯૬૩ માટે)

(૨) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૪) રસાયણશાસ્ત્રના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર

(૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર

(૭) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર

(૮) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર

(૯) સંસ્કૃતના એક ટ્યૂટર

(૧૦) હિન્દીના એક ટ્યૂટર

(૧૧) માનસશાસ્ત્રના એક ટ્યૂટર;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૩) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૪) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક;

૨. ૧૯૬૩ના વર્ષના પ્રયોગશાળા માટેના બાકીના રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂા. ૪૦,૦૦૦ તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન—એ પ્રત્યેકની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. ૧૯૬૩ના વર્ષનાં પુસ્તકો માટેના બાકીના રૂા. ૨,૨૨૮-૩૫ ન.પૈ.નો ખર્ચ કરવામાં આવે;

૫. ગુજરાતી, અર્થશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન અને ગણિત—એ દરેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો; તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, માનસશાસ્ત્ર, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૮,૦૦૦);

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૭. રમતગમતનું મેદાન યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની કૉલેજના સંચાલન મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

શ્રી. ઝીણાભાઈ દેસાઈની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાણ્ડલે રજૂ કર્યો, તેને આચાર્ય કે. જી. નાયકે ટેકો આપ્યો.

આચાર્ય કે. એલ. દેસાઈએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"નિમણૂકો અંગેના વિભાગ નં. ૧ નો ક્રમાંક (૧૧) પડતો મૂકવો."

ઉપકુલપતિશ્રીએ અગાઉ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને ઉપરનો સુધારો આચાર્ય કે. એલ. દેસાઈએ રજૂ કર્યો નહિ.

આથી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫૮. શ્રી. અમરેલી જિલ્લા વિદ્યાસભા, અમરેલી તરફથી કામાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ગુજરાતી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી, ઇતિહાસ અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગણિતશાસ્ત્ર અને રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કામાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ગુજરાતી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી, ઇતિહાસ અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગણિતશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૪) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૬) ગુજરાતીના એક ટ્યૂટર
(૭) સંસ્કૃતના એક ટ્યૂટર
(૮) ફિઝિક્સના એક ડેમોન્સ્ટ્રેટર;

(નોંધ.— વ્યાયામ શિક્ષકને યુનિ ીએ નિયત કરેલું પગારધોરણ આપવામાં આવે.)

જૂન ૧૯૬૫થી અમલી

(૧) ગણિતશાસ્ત્રના વધારાના એક વ્ય તા
(૨) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યા
(૩) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) વનસ્પતિવિજ્ઞાનના એક ટ્યૂટર;

૨. ૧૫મી જૂન ૧૯૬૪થી કૉલેજને પોતાના મકાનમાં બેસાડવામાં આવે;

૩. રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર—એ પ્રત્યે વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા સમાજ- શાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અ ર્ષિક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૫,૦૦૦);

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ ,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ો કરવાની કૉલેજના સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટને રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક ન્સલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ય એમ. એન. કોરગાંઉકરે નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, કામાણી -સ કૉલેજ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ અમરેલીના બેઠાણ અંગેનો સિન્ડિકેટનો નિ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયે સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા પંચ બેઠાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એમ. એન. કોરગાંઉકરે ્ કર્યો, તેને આચાર્ય એમ. સી. શાહે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે ક કરવામાં આવ્યો.

૫૯. શ્રી. એન. કે. એમ. આર્ટ્સ એન્ડ શાય કૉલેજ, વલસાડ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા .એ. (જનરલ-સબોર્ડિનેટ)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને હિંદી; તથા બી.એસસી. (પ્રિન્સિપલ-આં ાં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એસસી. (ર્સ)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી. (જનરલ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખ માટે વધારાનું જોડાણ મેળવવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નૂતન કેળવણી મંડળ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, વલસાડમાંથી સાયન્સ વિભાગને તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી, નૂતન કેળવણી મંડળ સાયન્સ કૉલેજ, વલસાડને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું; તથા તે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી. (જનરલ-સબ્જિ.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (ઑનર્સ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી. (જનરલ)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

ગણિતના એક વ્યાખ્યાતા;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક;

૨. ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન—એ દરેકમાં રૂા. ૨,૦૦૦ તથા ગણિતમાં રૂા. ૧,૦૦૦નો પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. વિજ્ઞાનનાં પુસ્તકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં અવે;

૪. પાછળનાં વર્ષોની પુરવણી પેટે પુસ્તકાલયમાં બધાં મળીને રૂા. ૩૦,૦૦૦નાં પુસ્તકો ૩ વર્ષમાં ખરીદવામાં આવશે એવી બાંયધરી આપવામાં આવે તથા તેની વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાં યોગ્ય ફાળવણી કરવામાં આવે;

૫. ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન—એ દરેક વિષયની પ્રયોગશાળાઓ માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૬૦,૦૦૦);

૬. વનસ્પતિવિજ્ઞાન માટે બાગની યોગ્ય જોગવાઈ કરવામાં આવે;

૭. જૂન ૧૯૬૬ પહેલાં આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજ નજીક રહેઠાણની વ્યવસ્થા કરવાની ખાતરી આપવામાં આવે;

૮. મકાન વગેરે માટે જૂના જોડાણની બાકીની શરતોનું પાલન તાકીદે કરવામાં આવે;

૯. વિજ્ઞાનની કૉલેજ માટે હાલના મકાનોમાંથી ત્રણ વિંગ અલાયદી રાખવામાં આવે; અને

૧૦. કૉલેજ ચલાવવામાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ચંદ્રકાંત સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, નૂતન કેળવણી મંડળ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, વલસાડમાંથી નૂતન કેળવણી મંડળ સાયન્સ કૉલેજ, વલસાડને અલગ કરી તેના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય ચંદ્રકાન્ત સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈ એ ટેકો આપ્યો.

આચાર્ય કે. જી. નાયકે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"કામકાજની યાદી નં. ૫૯નું કામકાજ, જે કામકાજની યાદીમાં પાન નં. ૫૭ ઉપર, શ્રી. એન. કે. એમ. સાયન્સ અને આર્ટ્સ કૉલેજ, વલસાડના જોડાણને લગતું છે, તેને લગતી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ, જેની સાથે સિન્ડિકેટ સંમત છે, એવો સિન્ડિકેટે રિપોર્ટ કરેલો છે, — તે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ નં. ૧માં જૂન ૧૯૬૪થી અમલી બનતી નિમણૂકોની યાદીમાં 'ગણિતના એક વ્યાખ્યાતા' એ શબ્દો છાપેલા છે, જે શબ્દો પછી આ (;) ચિહ્ન છે. ઉપર જણાવેલા શબ્દો 'ગણિતના એક વ્યાખ્યાતા' તથા આ (;) ચિહ્નની વચ્ચે, 'અથવા ટ્યૂટર (જરૂર પ્રમાણે)' એ શબ્દો ઉમેરો."

એમેન્ડમેન્ટના ઉપરના શબ્દો ઉમેર્યા પછી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ નં. ૧ નીચે પ્રમાણે વંચાશે :

(૧) નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

ગણિતના એક વ્યાખ્યાતા **અથવા** ટ્યૂટર (જરૂર પ્રમાણે).

ઉપકુલપતિશ્રીએ અગાઉ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને આચાર્ય કે. જી. નાયકે પોતાનો ઉપરનો સુધારો પાછો ખેંચી લીધો.

આથી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે **સર્વાનુમતે** મંજૂર કરવામાં આવ્યો.

૬૦. **શ્રી. નૂતન કેળવણી મંડળ, વલસાડ તરફથી જૂન ૧૯૬૪થી હાલની એન. કે. એમ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ કરી આર્ટ્સ વિભાગ જુદો કરી આર્ટ્સની કૉલેજને બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા હિંદીના અભ્યાસક્રમ અંગેનું ચાલુ જોડાણ આપવા તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નૂતન કેળવણી મંડળ સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડમાંથી આર્ટ્સ વિભાગને તા. ૧૫-૬-૧૯૬૪થી અલગ કરી તેની સાથે નવા શરૂ થનાર વાણિજ્ય વિભાગને જોડી નૂતન કેળવણી મંડળ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વલસાડને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવું તથા તે નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે,

કરે તો તેને બી.એ. (સ્પેશિયલ / પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; અને બી.એ. (જનરલ / સબોર્ડિનેટ)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે દર્શાવ્યા અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે:

આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે

(૧) આચાર્ય
(૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૩) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

[**નોંધ.**—આર્ટ્સ વિદ્યાશાખાના હાલના બધા જ શિક્ષકો (વ્યાયામ શિક્ષક સહિત) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં શિક્ષણ કાર્ય કરે.]

૨. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ માટે હાલ તૈયાર થતા બાંધકામ ઉપરાંત નીચે પ્રમાણેનું વધારાનું બાંધકામ કરવું:

(૧) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્ય માટેનો ખંડ
(૨) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના શિક્ષકો માટેનો ખંડ
(૩) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના કાર્યાલય માટેનો ખંડ;

૩. કૉમર્સના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૪. પાછળનાં વર્ષોની પુરવણી પેટે પુસ્તકાલયમાં બધાં મળીને રૂા. ૩૦,૦૦૦નાં પુસ્તકો ત્રણ વર્ષમાં ખરીદવામાં આવશે એવી બાંયધરી આપવામાં આવે તથા વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં યોગ્ય ફાળવણી કરવામાં આવે;

૫. વાણિજ્યની વિદ્યાશાખામાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. આર્ટ્સ વિભાગના પુસ્તકાલય માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્ય તથા ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૮. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના આચાર્યને મંડળની વ્યવસ્થાપક સમિતિમાં હોદ્દાની રૂએ સભ્ય બનાવવામાં આવે;

૯. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે; અને

૧૦. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ માટે અલાયદું કાર્યાલય કરવામાં આવે.

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ય. ગુ. નાયકે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, નૂતન કેળવણી મંડળ સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડમાંથી આર્ટ્સ વિભાગ અલગ કરી, નૂતન કેળવણી મંડળ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વલસાડના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય મુદ્દી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય એ. આર. દેસાઈએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૧. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને માનસશાસ્ત્ર; તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી સંસ્કૃત, ફારસી, ઇતિહાસ અને હિન્દી; તથા બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં રાજ્યશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જનરલ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર; બી.એ. (જનરલ-સબ્સિડિયરી)માં અંગ્રેજી, સંસ્કૃત, પર્શિયન, ઇતિહાસ અને હિન્દી; અને બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ગણિત; બી.એસસી. (જનરલ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :
   (૧) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૨) માનસશાસ્ત્રના એક ટ્યૂટર
   (૩) ગુજરાતીના એક ટ્યૂટર;

૨. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, રાજ્યનીતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર — એ દરેક વિષયનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો તથા રસાયણવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૫,૦૦૦);

૩. ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. વનસ્પતિ-બાગની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે; અને

૫. કૉલેજની વ્યવસ્થામાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **પ્રો. ઉમાશંકર જે. જોશી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

પ્રો. ઉમાશંકર જે. જોશીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

આચાર્ય કે. વી. દેસાઈએ નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી :

" Item No. 61 — Conditions :

Amendment No. 1

Delete condition " 1 (1)" and write condition "1(2)" as "1(1)"

Amendment No. 2

Delete condition " 1(3) " and write

"1(2) જૂન ૧૯૬૫થી ગુજરાતીના ટયૂટર"

ઉપકુલપતિશ્રીએ અગાઉ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને આચાર્ય કે. વી. દેસાઈએ ઉપરનો સુધારો રજૂ કર્યો નહિ.

આથી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૨. **पारेख ग्रधर्स सायन्स कोलेज अन्ड शाह केशवलाल सोमाभाई आर्ट्स कोलेज, कपडवणज तरफथी जून १९६४थी बी.ए. (स्पेशियल-प्रिन्सिपल)मां अंग्रेजी, अर्थशास्त्र, गुजराती; अने बी.ए. (जनरल-सबोर्डिनेट)मां हिंदी, संस्कृत, अर्धमागधी, फारसी, इतिहास, राज्यनीतिशास्त्र, तत्त्वज्ञान, मानसशास्त्र, अंग्रेजी; तेम ज बी.एससी. (प्रिन्सिपल-ओनर्स)मां रसायणशास्त्र; अने बी.एससी. (सिब्सिडियरी-जनरल)मां वनस्पतिविज्ञान, गणित अने भौतिकविज्ञानना अभ्यासक्रमो शीखववा माटे चालु जोडाण; तथा बी.ए. (प्रिन्सिपल)मां अंग्रेजी, संस्कृत अने हिंदी; तथा बी.ए. (सबोर्डिनेट)मां फारसी, अर्धमागधी, प्राचीन भारतीय संस्कृति, अने उर्दू; तथा बी.एससी. (ओनर्स)मां गणित; अने बी.एससी. (जनरल)मां प्राणीविज्ञानना अभ्यासक्रमो शीखववा माटे वधारानुं जोडाण आपवा माटे आवेल अरजी.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પારેખ ગ્રધર્સ સાયન્સ ઍન્ડ કેશવલાલ સોમાભાઈ આર્ટ્સ કૉલેજ, કપડવણજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે

તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ગુજરાતી; અને બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં સંસ્કૃત, હિન્દી, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, અંગ્રેજી; તથા બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી. (જનરલ-સબ્સિડિયરી)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી, સંસ્કૃત અને હિંદી; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં ફારસી, અર્ધમાગધી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ઉર્દૂ; તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિત; અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧ નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૫થી અમલી

(૧) હિન્દીના એક પ્રાધ્યાપક
(૨) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૪) ગણિતના એક પ્રાધ્યાપક;

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અર્ધમાગધીના એક વ્યાખ્યાતા
(૨) ઉર્દૂના એક વ્યાખ્યાતા
(૩) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા;

૨. હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત તથા ગણિતનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦ તથા ફારસી, અર્ધમાગધી અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઉર્દૂ તથા પ્રાણીવિજ્ઞાન—એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૬,૦૦૦);

૩. પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૬,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ **સંમત** છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. મ. પ્ર. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, પારેખ ગ્રધર્સ સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કેશવલાલ સોમાભાઈ આર્ટ્સ કૉલેજ, કપડવણજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ શ્રી. મગનભાઈ દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય જે. એસ. જેટલીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૩. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાને જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (જનરલ)માં પ્રાણીવિજ્ઞાન અને કીટાણુ-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં સંસ્કૃત; અને બી.એ. (સબોર્ડિનેટ)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (જનરલ)માં પ્રાણીવિજ્ઞાન અને કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરશે:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક (જૂન ૧૯૬૫થી)
   (૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) કીટાણુવિજ્ઞાનના એક વ્યાખ્યાતા;
૨. સંસ્કૃતમાં રૂા. ૨,૦૦૦ તથા સમાજશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાન અને કીટાણુવિજ્ઞાન—એ દરેકમાં રૂા. ૧,૦૦૦નો પુસ્તકો પાછળ અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૫,૦૦૦);
૩. પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પાછળ કરવામાં આવે;
૪. કીટાણુવિજ્ઞાનમાં રૂા. ૨૦,૦૦૦ અને પ્રાણીવિજ્ઞાનમાં રૂા. ૧૫,૦૦૦નો (પ્રયોગશાળાઓમાં) ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૩૫,૦૦૦); અને
૫. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. ડી. દેસાઈ**એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલ શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય આર. ડી. દેસાઈની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાવિડલે રજૂ કર્યો, તેને શ્રી. મગનભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૪. એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં હિંદી અને માનસશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑનર્સ)માં રસાયણશાસ્ત્ર; અને બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિ-

વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગણિતશાસ્ત્ર અને બી.એ. (સબોર્ડિનેટ); તથા બી.એસસી. (જનરલ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં હિન્દી અને માનસશાસ્ત્ર; તથા બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણુશાસ્ત્ર; અને બી.એસસી. (જનરલ-સબ્સિડિયરી)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગણિત; બી.એ. (સબોર્ડિનેટ)માં અને બી.એસસી. (જનરલ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :
   (અ) ગણિતના એક વધારાના વ્યાખ્યાતા
   (બ) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (ક) હાલના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકને પૂરા સમયના પ્રાધ્યાપક બનાવવામાં આવે;
૨. ફિઝિકલ કેમિસ્ટ્રીની પ્રયોગશાળાને રૂા. ૨૦,૦૦૦નો ખર્ચ કરી સુસજ્જ કરવામાં આવે;
૩. એક લેબોરેટરી આસિ. અથવા એક સ્ટોરકીપરની નિમણૂક રસાયણુવિભાગમાં કરવામાં આવે;
૪. આંકડાશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૬,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. ગ્રંથાલય માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રતિવર્ષ કરવામાં આવે;
૬. વનસ્પતિ-બાગનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે;
૭. વિજ્ઞાનની પ્રયોગશાળાઓ માટે જરૂરી આવર્તક ખર્ચનો પ્રબંધ કરવામાં આવે; અને
૮. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય આર. ડી. દેસાઈએ** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય આર. ડી. દેસાઈની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય ય. ગુ. નાયકે રજૂ કર્યો, તેને આચાર્ય જે. બી. સાણિડલે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભૂજ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં અંગ્રેજી અને ગણિત; તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરશે :

૧. નીચે પ્રમાણે શિક્ષક વર્ગની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વધારાના વ્યાખ્યાતા

(૨) હાલના આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા ગણિત શીખવે છે તેને બદલે ગણિતની લાયકાતવાળા વ્યાખ્યાતાની વ્યવસ્થા કરવામાં આવે :

જૂન ૧૯૬૫થી અમલી

(૧) ગણિતના એક પ્રાધ્યાપક

(૨) ગણિતના એક ટ્યૂટર;

૨. અંગ્રેજીનાં પુસ્તકો પાછળ રૂા. ૨,૦૦૦ અને ગણિતનાં પુસ્તકો પાછળ રૂા. ૨,૦૦૦નો એમ કુલ રૂા. ૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રતિવર્ષ ગ્રંથાલયમાં રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે તથા ગ્રંથાલયને સુવ્યવસ્થિત કરવામાં આવે;

૪. કૉલેજ તથા હૉસ્ટેલમાં સેનિટરી તથા પાણીની વ્યવસ્થા સુવ્યવસ્થિત કરવામાં આવે; અને

૫. ગયા જોડાણની બાકી રહેલી શરતોનું પાલન કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝાએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર. આર. લાલન કૉલેજ, ભૂજના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય હર્બર્ટ એ. ડિસોઝાની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય ચિમનભાઈ પટેલે રજૂ કર્યો, તેને શ્રી. મગનભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૬. વહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ તરફથી જુન ૧૯૬૪થી—

(અ) બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે;

(બ) બી.એસસી. (ઑનર્સ)માં વનસ્પતિવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા વધારાનું જોડાણ આપવા માટે; અને

(ક) બી.એસસી. (જનરલ)માં પ્રાણીવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિપલ)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (ઑનર્સ)માં વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી. (જનરલ)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા (વનસ્પતિવિજ્ઞાનમાં લાયકાત ધરાવતા)

(૨) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર (પ્રાણીવિજ્ઞાનમાં લાયકાત ધરાવતા);

જૂન ૧૯૬૫થી અમલી

(૧) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) જીવવિજ્ઞાનના એક પ્રાધ્યાપક;

૨. સમાજશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાન એ પ્રત્યેક વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૫,૦૦૦);

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. વનસ્પતિવિજ્ઞાન માટે જુદી પ્રયોગશાળા પૂર્ણ રીતે તૈયાર કરવામાં આવે; અને

૫. વનસ્પતિવિજ્ઞાનના બાગ માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. મ. પ્ર. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, વહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી,

સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ શ્રી. મગનભાઈ દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૭. **ગુજરાત લૉ સોસાયટી તરફથી સિટી આર્ટ્સ અેન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિંદી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર; તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને આંકડાપદ્ધતિ; તથા બી.કૉમ.માં બૅન્કિંગ તથા અેકાઉન્ટિંગ અેન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી.**

અૅકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સિટી આર્ટ્સ અૅન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર; બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને આંકડાપદ્ધતિ તથા બી.કૉમ.માં બૅન્કિંગ તથા અેકાઉન્ટિંગ અેન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે હાલ છે તે કરતાં વધારે મોટા ખંડનો ઉપયોગ કરવામાં આવે;

૨. પ્રતિવર્ષ ગ્રંથાલય માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. કૉલેજની વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, અૅકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એ. આર. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સિટી આર્ટ્સ અૅન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને અૅકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૮. નવગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. બી.કોમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબોર્ડિનેટ)માં ગુજરાતી, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નવગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને, ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કોમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા.૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (સ્પેશિયલ)માં અર્થશાસ્ત્ર; અને બી.એ. (જનરલ)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ તથા બી.એ. (પ્રિન્સિપલ)માં રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં આંકડાશાસ્ત્ર સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; અને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઓડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૩) આંકડાશાસ્ત્રના પૂરા સમયના એક વ્યાખ્યાતા
(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૫) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૬) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) બૅન્કિંગના એક પ્રાધ્યાપક;

૨. ૮૦૦ ચો. ફૂટના બે ઓરડા વર્ગો માટે તથા ઐચ્છિક વિષયો માટે વધારાના બે ઓરડા તૈયાર કરવામાં આવે;

૩. અર્થશાસ્ત્ર, ગુજરાતી, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, બૅન્કિંગ તથા એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનાં પુસ્તકો માટે પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ઇતિહાસ, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્રમાં વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૫,૦૦૦);

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. માનસશાસ્ત્રના પ્રાયોગિક શિક્ષણ માટે પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે; અને
૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની કૉલેજના સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એ. આર.** દેસાઈએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, નવગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

આચાર્ય એમ. સી. શાહે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણની પાંચમી લીટીમાં સૌથી પહેલાં 'ગુજરાતી' શબ્દ ઉમેરવો જોઈએ."

આમ સુધારેલો ઠરાવ નીચે મુજબ થશે :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નવગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને, ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સ્પેશિયલ)માં અર્થશાસ્ત્ર અને બી.એ. (જનરલ)માં ગુજરાતી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગુજરાતી અને અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબ્સિડિયેટ)માં આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી..... બાકીનું મૂળ પ્રમાણે છે."

આચાર્ય એમ. સી. શાહે ઉપરનો સુધારો રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

ચર્ચા થયા બાદ સદરહુ સુધારાને મૂળ ઠરાવના ભાગ રૂપે આચાર્ય એ. આર. દેસાઈએ સ્વીકારી લીધો.

ત્યાર બાદ સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૬૯. કડી હિતવર્ધક મંડળ કડી, તરફથી સી. એન. આર્ટ્સ અન્ડ બી. ડી. કોમર્સ કૉલેજ, કડીને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. તથા બી.કોમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને માનસશાસ્ત્ર; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં આંકડાપદ્ધતિ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત અને હિંદી; તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, બૅન્કિંગ તથા થિયરી એન્ડ પ્રેક્ટિસ ઑફ ઇકોનોમિક ડેવેલપમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને માનસશાસ્ત્ર તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં આંકડાપદ્ધતિ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત અને હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅન્કિંગ તથા થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ ઇકોનોમિક ડેવેલપમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચે પ્રમાણે વધારાની નિમણૂકો કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) કાયદાના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(૫) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૬) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
(૭) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૮) ગુજરાતીના એક ટ્યૂટર
(૯) વ્યાયામ શિક્ષક પૂરા સમયના રાખવા;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ ઇકોનોમિક ડેવેલપમેન્ટ માટેના એક પ્રાધ્યાપક;

૨. અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર, એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅન્કિંગ તથા થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ ઇકોનોમિક ડેવેલપમેન્ટ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા આંકડાપદ્ધતિ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત તથા હિન્દી, એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે, તથા ગયા વર્ષની

શરતની પુરવણી પેટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ ગ્રંથાલય માટે કરવામાં આવે (કુલ રૂ. ૨૨,૦૦૦);

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. બી. વ્યાસે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સી. એન. આર્ટ્સ ઍન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય કે. બી. વ્યાસની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ શ્રી. મગનભાઈ દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૯. **ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી તથા માનસશાસ્ત્ર; બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) ગુજરાતીના એક ટ્યૂટર
(૨) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૩) અંગ્રેજીના એક ટ્યૂટર

(૪) સંસ્કૃતના એક ટ્યૂટર
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા
(૬) અંગ્રેજીના એક પ્રાધ્યાપક;

જૂન ૧૯૬૫થી અમલી

એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ માટે એક પ્રાધ્યાપક;

૨. કૉલેજના ચાલુ મકાનમાં ૨૦'×૨૦'ના ૭ ઓરડા વધારવામાં આવે;

અથવા

ઘટતા ફેરફાર સાથે તાલુકા સ્કૂલના મકાનનો કબજો મેળવવામાં આવે;

૩. રૂા. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પરત્વે કરવામાં આવે;

૪. પ્રતિવર્ષ પુસ્તકાલય માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલય માટે ઘટતી વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે;

૭. આચાર્યનું નિવાસસ્થાન તાકીદે કૉલેજ-વિસ્તારમાં બનાવી આપવામાં આવે;

૮. રમતગમતના મેદાનનો સુયોગ્ય પ્રબંધ કરવામાં આવે; અને

૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એસ. સી.** પાઠકે નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એસ. સી. પાઠકે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો. **આચાર્ય જે. એસ. જેટલીએ** નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી :
"શરત (૧) જૂન ૧૯૬૪થી અમલી"—

એ હેડિંગ નીચે ક્રમાંક (૬) અંગ્રેજીના એક પ્રાધ્યાપક — કમી કરવો તથા એને બદલે ક્રમાંક (૬) 'પોલિટિકલ સાયન્સના એક ટ્યૂટર' તથા ક્રમાંક (૭) 'તત્ત્વજ્ઞાનના એક ટ્યૂટર' એમ ઉમેરવું.

શરત (૨) ૧૯૬૫થી અમલીમાં નં. ૨ ૧૯૬૪થી અમલીમાં મૂકવું તથા નં. ૫ તથા નં. ૬ કમી કરવા."

ઉપકુલપતિશ્રીએ અગાઉ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને આચાર્ય જે. એસ. જેટલીએ ઉપરનો સુધારો રજૂ કર્યો નહિ.

આથી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૧. **નવયુગ આર્ટ્સ અેન્ડ કોમર્સ કોલેજ, પોરબંદરને જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી, સંસ્કૃત, ફારસી, તત્ત્વજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.કોમ.માં અેડવાન્સ્ડ અેકાઉન્ટિંગ અેન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (સબોર્ડિનેટ)માં સ્ટેટિસ્ટિકલ મેથડ્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.**

અેકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નવયુગ આર્ટ્સ અેન્ડ કોમર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અંગ્રેજી, સંસ્કૃત, પર્શિયન, તત્ત્વજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર શીખવવા માટે; તથા બી.કોમ.માં અેડવાન્સ્ડ અેકાઉન્ટિંગ અેન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબોર્ડિનેટ)માં આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે :
   (૧) કૉમર્સના એક પ્રાધ્યાપક — કૉમર્સના વ્યાખ્યાતાની જગ્યાએ
   (૨) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૪) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૫) સંસ્કૃતના એક ટ્યૂટર
   (૬) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર;
૨. આંકડાપદ્ધતિના વિષય અંગેનાં રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;
૩. પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો અને સામયિકો પરત્વે આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. છાત્રાલયનું મકાન જૂન ૧૯૬૪ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;
૫. ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને
૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ આવે તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, અેકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આજ્ઞાયં આઈ. વી. ત્રિવેદીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, નવયુગ આર્ટ્સ અેન્ડ કોમર્સ કૉલેજ, પોરબંદરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને અેકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય આઈ. વી. ત્રિવેદીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય એસ. આર. ભટ્ટે રજૂ કર્યો, તેને શ્રી. મગનભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

સદરહુ બાબત પરત્વે નીચેના બે સુધારાઓ આવ્યા હતા:

(૧) **આચાર્ય એલ. એન.** ઠાકરે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"એકેડેમિક કાઉન્સિલની ભલામણ અંગેની શરત ૪માં 'છાત્રાલયનું મકાન જૂન ૧૯૬૪ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે' તેમાં 'જૂન ૧૯૬૪'ને બદલે 'જૂન ૧૯૬૫' ઉમેરો, જેથી આખી શરત નીચે પ્રમાણે વંચાય:

છાત્રાલયનું મકાન જૂન ૧૯૬૫ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે."

અને

(૨) **આચાર્ય એ. આર.** દેસાઈએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરતા ઠરાવમાં શરત ૪ નીચે પ્રમાણે છે:

"(૪) છાત્રાલયનું મકાન જૂન ૧૯૬૪ સુધીમાં બાંધવાની બાંયધરી આપવામાં આવે" — આમાં '૧૯૬૪'ને બદલે '૧૯૬૫' શબ્દ સુધારી હવે મૂકવો કે જેથી ૪થી શરત આ પ્રમાણે વંચાય:

"(૪) છાત્રાલયનું મકાન જૂન ૧૯૬૫ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે."

ઉપરના બન્ને સુધારાઓ એક જ પ્રકારના હોઈ, આચાર્ય એ. આર. દેસાઈએ ઉપરનો સુધારો (ક્રમાંક ૨) રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો.

ચર્ચા થયા બાદ સદરહુ સુધારાને મૂળ ઠરાવના ભાગ રૂપે આચાર્ય એસ. સી. પાઠકે સ્વીકારી લીધો.

ત્યાર બાદ સુધારા સાથેના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

આથી આચાર્ય એલ. એન. ઠક્કરના ઉપરના સુધારા (ક્રમાંક ૧) પર વિચારણા કરવાની જરૂર રહી નહિ.

૭૨. સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સિદ્ધપુર તરફથી જૂન ૧૯૬૪થી બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અરેબિક, ગુજરાતી, સંસ્કૃત, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.કોમ.માં એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગનો વિષય શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ (પ્રિન્સિપલ)માં ગુજરાતી અને સમાજશાસ્ત્ર; અને બી.એ. (સબોર્ડિનેટ)માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી અને સ્ટેટિસ્ટિકલ મેથડ્સ તથા બી.કોમ.માં બેન્કિંગનો વિષય શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સિદ્ધપુર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સ્પેશિયલ-પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ. (જનરલ-સબોર્ડિનેટ)માં અરેબિક, ગુજરાતી, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં ગુજરાતી અને સમાજશાસ્ત્ર; બી.એ. (સબોર્ડિનેટ)માં રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી અને આંકડા-

પદ્ધતિ તથા બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે શિક્ષક વર્ગની નિમણૂક કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૨) અરેબિકના એક પૂરા સમયના વ્યાખ્યાતા
(૩) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૫) આંકડાપદ્ધતિના એક વ્યાખ્યાતા
(૬) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
(૨) કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતાને બદલે પૂરા સમયના વ્યાખ્યાતા
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ગુજરાતીના એક પ્રાધ્યાપક;

૨. બૅન્કિંગ, ગુજરાતી અને સમાજશાસ્ત્ર, એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો પાછળ રૂા. ૨,૦૦૦ અને રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી અને આંકડાપદ્ધતિ, એ દરેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૦,૦૦૦);

૩. પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પરત્વે કરવામાં આવે;

૪. છાત્રાલયનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે તથા ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. દેસાઈ**એ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એમ. સી. દેસાઈ એ રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે **સર્વાનુમતે** મંજૂર કરવામાં આવ્યો.

૭૩. ધોળકા એજ્યુકેશન સોસાયટી, ધોળકા તરફથી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધોળકાને જૂન ૧૯૬૪થી ફર્સ્ટ ઇયર બી.એ. તથા બી.કોમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં હિંદી, ગુજરાતી અને અર્થશાસ્ત્ર, અને બી.એ. (સબોર્ડિનેટ)માં આંકડાશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, અંગ્રેજી, ફારસી, સંસ્કૃત, માનસશાસ્ત્ર, ઇતિહાસ, અને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધોળકા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કોમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી; અને બી.એ. (સબોર્ડિનેટ)માં આંકડાપદ્ધતિ, રાજ્યનીતિશાસ્ત્ર, અંગ્રેજી, ફારસી, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.કોમ.માં બૅન્કિંગ અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે વધારાના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) આંકડાપદ્ધતિના એક વ્યાખ્યાતા
(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) હિંદીના એક પ્રાધ્યાપક
(૩) બૅંકિંગના એક પ્રાધ્યાપક
(૪) એકાઉન્ટન્સી અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના ખંડ સમયના એક પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના એક વ્યાખ્યાતા;

૨. ૮૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળવાળો દરેક એમ કુલ ૬ વર્ગ-ખંડો બંધાવવામાં આવે;

૩. વધારાના જોડાણના ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા આંકડાપદ્ધતિ, રાજ્યનીતિ-શાસ્ત્ર, અંગ્રેજી, ફારસી, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસ — એ દરેક વિષયોનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૭,૦૦૦);

૪. પુસ્તકાલયમાં રૂા. ૬,૭૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલય માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;

૬. કૉલેજની વ્યવસ્થામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ય. પ્રા. શુક્લે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પોળકાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય ય. પ્રા. શુક્લે ઉપરનો ઠરાવ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

આચાર્ય બી. પી. કોઠારીએ નીચેના સુધારાઓ રજૂ કરવાની નોટિસ આપી હતી :

(૧) "ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ" એ મથાળા હેઠળના લખાણમાં "આથી ઠરાવવામાં આવે છે કે," એ શબ્દોથી શરૂ કરી, "સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી" — એ લખાણ નીચે પ્રમાણે વંચાય એ રીતે સુધારવું :

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પોળકા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિપલ)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, અને બી.એ. (સબોર્ડિનેટ)માં હિંદી, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

(૨) "જૂન ૧૯૬૪થી અમલી" — એ મથાળા નીચે વધારાના શિક્ષકોની નિમણૂકનો ભાગ નીચે પ્રમાણે વંચાય એ રીતે લખાણ સુધારવું :

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૩) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા.

(૩) "જૂન ૧૯૬૫થી અમલી" — એ મથાળા નીચે વધારાના શિક્ષકોની નિમણૂકવાળું લખાણ નીચે પ્રમાણે વંચાય એ રીતે સુધારવું :

જૂન ૧૯૬૫થી અમલી

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) એકાઉન્ટન્સી અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના ખંડ સમયના એક પ્રાધ્યાપક;

(૩) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના એક વ્યાખ્યાતા.

(૪) પુસ્તકાલયના અનાવર્તક ખર્ચ અંગેની ૩જી શરત નીચે પ્રમાણે વંચાય એ રીતે સુધારવી:

"વધારાના જોડાણના ગુજરાતી, અર્થશાસ્ત્ર અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા હિંદી, સંસ્કૃત, માનસશાસ્ત્ર ઇતિહાસ એ દરેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૧૦,૦૦૦)."

આચાર્ય બી. પી. કોઠારી ગેરહાજર હોવાથી સદરહુ સુધારો કોઈ તરફથી રજૂ કરવામાં આવ્યો નહિ. આથી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૪. સર પી. ટી. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને જૂન ૧૯૬૪થી બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાનમાં ચાલુ જોડાણ, તથા વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સર પી. ટી. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન અને ગણિત; તથા બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે શિક્ષકોની નિમણૂકો કરવામાં આવે:
   (૧) ગણિતના એક વ્યાખ્યાતા; અને
   (૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા;

૨. વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળાઓ રૂા. ૩૦,૦૦૦ના ખર્ચે સુસજ્જ કરવામાં આવે;

૩. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન, એ દરેકનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૨,૦૦૦);

૪. બન્ને વિદ્યાશાખાનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજની વ્યવસ્થામાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. બી. સાણ્ડલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાણ્ડલે રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૫. પેટલાદ કૉલેજ, પેટલાદને જૂન ૧૯૬૪થી બી.એસસી. (જનરલ)માં ગણિતશાસ્ત્ર અને પ્રાણી-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ કૉલેજ, પેટલાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જનરલ)માં ગણિત અને પ્રાણી-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે શિક્ષકની નિમણૂક કરવામાં આવે :
   પ્રાણીવિજ્ઞાનના એક ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;
૨. ગણિત અને પ્રાણીવિજ્ઞાનને લગતાં પુસ્તકો માટે દરેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૨,૦૦૦);
૩. પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. પ્રાણીવિજ્ઞાન માટેની પ્રયોગશાળાની સાધનસામગ્રીઓ વસાવવા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ મત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એ. આર. રાવે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, પેટલાદ કૉલેજ, પેટલાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એ. આર. રાવે રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૬. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતને જૂન ૧૯૬૪થી બી.એસસી. (જનરલ)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જનરલ)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. સ્ટેટિસ્ટિકલ લેબોરેટરી માટે એક બંડની અલાયદી વ્યવસ્થા કરવામાં આવે;

૨. પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. આંકડાશાસ્ત્ર માટે ત્રણ વિદ્યાર્થી દીઠ એક ફ્રેક્ચુલેટિંગ મશીન ખરીદ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્ર તથા પ્રાણીવિજ્ઞાન, એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે (કુલ રૂા. ૨,૦૦૦); અને

૫. પ્રતિવર્ષ પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્ય ડી. જી. વશીએ નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકૅડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય ડી. જી. વશીએ રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો.

આચાર્ય એ. આર. દેસાઈએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"એકૅડેમિક કાઉન્સિલની ભલામણમાં શરત ૨ નીચે પ્રમાણે છે:

પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે"

એમાંથી નીચેના શબ્દો કાઢી નાખવા:

"માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે" અને તેને સ્થાને નીચેના શબ્દો સુધારારૂપે મૂકવા:

"યોગ્ય રીતે સુસજ્જ કરવી" — આમ થતાં શરત નં. ૨ નીચે પ્રમાણે વંચાશે:

"૨. પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા યોગ્ય રીતે સુસજ્જ કરવી."

ચર્ચા થયા બાદ સદરહુ સુધારાને મૂળ ઠરાવના ભાગરૂપે આચાર્ય ડી. જી. વશીએ સ્વીકારી લીધો.

ત્યાર બાદ સુધારા સહિતના મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૭. **શ્રીમતી બો. સી. જલુધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૬૪થી બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જનરલ)માં વનસ્પતિવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.**

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી બો. સી. જલુધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી. (સબ્સિડિયરી-જનરલ)માં ગણિત, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એસસી. (ઑનર્સ)માં ગણિતનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪ થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતના બે વ્યાખ્યાતા જૂન ૧૯૬૫થી નીમવામાં આવે;
   (૨) ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન — એમ દરેક વિષય માટે જરૂરી સંખ્યામાં ડેમોન્સ્ટ્રેટરો નીમવામાં આવે;
   (૩) અંગ્રેજી, ગુજરાતી અને હિંદી — એ દરેક વિષયો માટે જરૂરી લાયકાત ધરાવતા પૂરા સમયના વ્યાખ્યાતાઓ નીમવામાં આવે; અને
   (૪) રસાયણવિભાગમાં એક વધારાના લેબોરેટરી આસિસ્ટન્ટની નિમણૂક કરવામાં આવે તથા ઓછામાં ઓછી લેબોરેટરીફી તરીકે ઉઘરાવાતી ફી જેટલો આવર્તક ખર્ચ લેબોરેટરીમાં રસાયણો અને સાધનો પાછળ કરવામાં આવે;
૨. રસાયણવિભાગ માટે પદવી કક્ષાના વિદ્યાર્થીઓ માટેનો એક સુસજ્જ ઓરડો તૈયાર કરવામાં આવે;
૩. જરૂરી સવલતોવાળું કૉલેજનું મકાન તૈયાર કરવામાં આવે;
૪. ગણિતના વિષયનાં રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ગ્રંથાલયમાં વસાવવામાં આવે;
૫. પુસ્તકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૬. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ, નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત ક્રમાંક ૧ (૪)માંથી નીચે જણાવેલ ભાગ રદ કરવો :

"..... તથા ઓછામાં ઓછી લેબોરેટરી-ફી તરીકે ઉઘરાવવાની ફી જેટલો આવર્તક ખર્ચ લેબોરેટરીમાં રસાયણો અને સાધનો પાછળ કરવામાં આવે."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. બી. સાણ્ડિલે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલ શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાણ્ડિલે રજૂ કર્યો, તેને આચાર્ય ય. ગુ. નાયક ટેકો આપ્યો.

આચાર્ય જે. જે. ત્રિવેદીએ નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી:

"શરત ૧ (૩)માં 'અંગ્રેજી, ગુજરાતી અને હિંદી એ દરેક વિષયો માટે જરૂરી લાયકાત ધરાવતા પૂરા સમયના વ્યાખ્યાતાઓ નીમવામાં આવે.' આમાંથી "પૂરા સમયના" શબ્દ પડતા મૂકવા."

ઉપકુલપતિશ્રીએ અગાઉ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને, આચાર્ય જે. જે. ત્રિવેદીએ ઉપરનો સુધારો રજૂ કર્યો નહિ.

આથી મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૮. **ધી સર્વોદય એજ્યુકેશન સોસાયટી, મોરબી તરફથી મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીને જુન ૧૯૬૪થી બી.એસસી. (ઑનર્સ)માં ગણિતશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે આવેલ જોડાણ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલનો ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (પ્રિન્સિપલ-ઑનર્સ)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તેમ જ સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:

જૂન ૧૯૬૪થી અમલી

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૨) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર
(૩) રસાયણવિજ્ઞાનના એક ટ્યૂટર
(૪) ગણિતના એક વ્યાખ્યાતા

જૂન ૧૯૬૫થી અમલી

ગણિતના એક પ્રાધ્યાપક;

૨. કૉલેજના મકાનમાં ગણિત વિભાગ માટે એક વધારાના ઓરડાની વ્યવસ્થા કરવામાં આવે;
૩. ગણિતનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પાછળ કરવામાં આવે;
૫. આચાર્યને ભાડા-મુક્ત મકાન આપવામાં આવે; અને
૬. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એન. કોરગાંઉકરે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એમ. એન. કોરગાંવકરે રજૂ કર્યો, તેને આચાર્ય એસ. સી. પાઠકે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૭૯. સર. પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગરને જૂન ૧૯૬૪થી બી.એસસી. (જનરલ)માં કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જનરલ)માં કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવામાં આવે :

૧. નીચે પ્રમાણે શિક્ષકોની નિમણૂક કરવામાં આવે :
કીટાણુવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર;
૨. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા માટે નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) પ્રયોગશાળા માટેના ઓરડાની વ્યવસ્થા કરવામાં આવે અને તેને રૂા. ૨૦,૦૦૦ના ખર્ચે સુસજ્જ કરવામાં આવે;
(૨) "માડિયા" માટેનો ઓરડો;
૩. કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. પુસ્તકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય જે. બી. સાણ્ડલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી

શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાવિડલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. સી. દેસાઈ એ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૦. **ગુજરાત રાજ્યના શિક્ષણસંચાલક તરફથી એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને જુન ૧૯૬૪થી બી.કૉમ.માં (૧) એકાઉન્ટિંગ અન્ડ ઑડિટિંગ, (૨) બૅન્કિંગ, (૩) ઇકોનોમિક્સ ઑફ કોટન, (૪) સ્ટેટિસ્ટિક્સ, અને (૫) ટ્રાન્સપોર્ટમાં કાયમી જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅન્કિંગ, ઇકોનોમિક્સ ઑફ કૉટન, આંકડાશાસ્ત્ર અને ટ્રાન્સપોર્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

અધ્યાપક વર્ગની નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે:

(૧) હાલના અંગ્રેજીના વ્યાખ્યાતાના સ્થાને યોગ્ય લાયકાત ધરાવનાર શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

(૨) બૅંકિંગના એક પ્રાધ્યાપક;

(૩) હાલના જરૂરી લાયકાત નહિ ધરાવતા કૉમર્સના ટ્યૂટરના સ્થાને યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે; અને

(૪) કૉમર્સના ટ્યૂટરને નિયમ કરતાં વધારે કામ સોંપવામાં ન આવે તથા જરૂરી સંખ્યામાં વધારાના વ્યાખ્યાતા તથા ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. સી. દેસાઈ એ નોટિસ આપી હતી:**

"આથી સેનેટની આ સભા, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એમ. સી. દેસાઈ એ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. ડી. માણેક ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૧. સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી, સુરેન્દ્રનગર સંચાલિત શ્રી. એમ. પી. શાહ કોલેજ ઑફ કોમર્સ, સુરેન્દ્રનગરને જૂન ૧૯૬૪થી પ્રો-યુનિવર્સિટી વાણિજ્ય તથા ફર્સ્ટ ઇયર બી.કોમ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.કોમ.માં ઑડિટિંગ અૅન્ડ અૅકાઉન્ટિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

અૅકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં અૅડવાન્સ્ડ અૅકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) અૅકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૩) મર્કન્ટાઇલ લૉના એક વ્યાખ્યાતા
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) અૅકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૬) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૮) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૧૦) અંગ્રેજીના એક ટ્યૂટર;

૨. તા. ૧૫મી જૂન ૧૯૬૬ સુધીમાં કૉલેજનું સ્વતંત્ર મકાન તૈયાર કરવાની કૉલેજના સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૩. અૅડવાન્સ્ડ અૅકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલય માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે; અને

૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, અૅકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય સી. એન.** હકાણીએ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી. એમ. પી. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, સુરેન્દ્રનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય સી. એન. હકાણીએ સદરહુ ઠરાવ પર સુધારો રજૂ કરવાની નોટિસ આપેલ હોઈ, આચાર્ય એસ. સી. પાઠકે ઉપરનો ઠરાવ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

આચાર્ય સી. એન. હકાણીએ નીચેનો ઠરાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."—છપાયું છે તેના બદલે નીચે મુજબ આ ઠરાવ વંચાય તે રીતે ઘડવા યોગ્ય સુધારો કરવા વિનંતી છે :

સુધારેલો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.કૉમ. (એસ.વાય.બી.કૉમ. અને બી.કૉમ. (ઑ. ૩૦૯ પ્રમાણે બેસતા બી.એ., બી.કૉમ.ના વિદ્યાર્થીઓ માટેનો વર્ગ)માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

ઉપકુલપતિશ્રીએ અગાઉ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને આચાર્ય સી. એન. હકાણીએ ઉપરનો સુધારો રજૂ કર્યો નહિ.

ત્યાર બાદ મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૨. **ગુજરાત લૉ સોસાયટી તરફથી શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને જૂન ૧૯૬૪થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.**

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું

જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. સ્ટેટિસ્ટિક્સના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. સ્ટેટિસ્ટિક્સ વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. દરેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ, નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

શરત ક્રમાંક ૪ રદ કરવી અને શરત ક્રમાંક ૫ને ક્રમાંક ૪ આપવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **શ્રી. કે. એમ. તલાટી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી તથા સિન્ડિકેટે સુધારેલ શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

શ્રી. કે. એમ. તલાટીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય એ. આર. દેસાઈએ રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૩. **શ્રી. વિદ્યોત્તેજક મંડળ, જામનગર તરફથી એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૪થી બી.કૉમ.માં એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ અથવા કાયમી જોડાણ આપવા આવેલ અરજી.**

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એચ. કે. બુખારી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રી. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય એચ. કે. બુખારીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય એમ. સી. દેસાઈએ રજૂ કર્યો, તેને શ્રી. ભગનભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૪. શ્રી. વિદ્યામંડળ, અલિયાબાડા તરફથી દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને જૂન ૧૯૬૪થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના શિક્ષકો સાથે પૂરા સમયના કુલ ૭ શિક્ષકો હોવા જોઈશે; જેમાંના એક એજ્યુકેશનના પ્રાધ્યાપક હોવા જરૂરી છે. ખાસ મેથડ્સના બધા વિષયો માટે, જે કૉલેજ શીખવવા માગતી હોય તેને માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકો ન હોય તો તે શીખવવા યોગ્યતા ધરાવતા હોય તેવા ખંડ સમયના શિક્ષકો નીમવામાં આવે;
૨. વધારાના ૩૦ વિદ્યાર્થીઓના સંદર્ભમાં છાત્રાલયમાં વધુ વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવે; અને
૩. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની કૉલેજના સંચાલકો તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય કે. જી. દેસાઈ**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી

શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય કે. જી. દેસાઈની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય ચન્દ્રવદન સી. શાહે રજૂ કર્યો, તેને આચાર્ય જે. એસ. જેટલીએ ટેકો આપ્યો.

શ્રી. ડોલરરાય ર. માંકડે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

"૧. નીચે જે લખ્યું છે તેને બદલે નીચે પ્રમાણે વાંચવું :

આજે જે સ્ટાફ છે તે સહિત નીચે પ્રમાણે સ્ટાફ નિયુક્ત કરવો :

(૧) આચાર્ય
(૨) એજ્યુકેશનના પ્રાધ્યાપક
(૩) એજ્યુકેશનના ત્રણ વ્યાખ્યાતા
(૪) એક ટ્યૂટર અથવા બે પાર્ટટાઈમ વ્યાખ્યાતા.

જો ઉપર પ્રમાણેનો અધ્યાપક વર્ગ મૅથડ્સના બધા વિષયો શીખવી શકે એમ ન હોય તો વધારાના બે સમયના વ્યાખ્યાતાઓ નીમવા."

ઉપકુલપતિશ્રીએ અગાઉ કરેલી સ્પષ્ટતાને અનુલક્ષી શ્રી. ડોલરરાય માંકડે ઉપરનો સુધારો રજૂ કર્યો નહિ.

ત્યાર બાદ મૂળ ઠરાવ પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૫. વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કૉલેજ, સુરત તરફથી જૂન ૧૯૬૪થી ડિપ્લોમા-ઇન-લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ અને ડિપ્લોમા-ઇન-ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કૉલેજ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ડિપ્લોમા-ઇન-લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ તથા ડિપ્લોમા-ઇન-ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. ડિપ્લોમાના અભ્યાસક્રમને લગતાં પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૫૦૦ ખર્ચવામાં આવે; અને

૨. કૉલેજ ચલાવવામાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. એસ. પંડિતે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કૉલેજ, સુરતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એમ. એસ. પંડિતે રજૂ કર્યો, તેને શ્રી. કે. ડી. દેસાઈ એ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૬. શેઠ એચ જે. લૉ કૉલેજ, ભાવનગર તરફથી જૂન ૧૯૬૪થી દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર, નીચેની શરતનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો પ્રતિવર્ષ આવર્તક ખર્ચ કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એચ. એસ. સંઘવી**એ નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા શેઠ એચ. જે. લૉ કૉલેજ, ભાવનગરના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય એચ. એસ. સંઘવીની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય વી. આર. રણદીવેએ રજૂ કર્યો, તેને આચાર્ય કે વી. દેસાઈ એ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૭. એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૬૪થી દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એસ. ભગત અને સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૬-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને

દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪ થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. કૉલેજ નીચેની સગવડો ધરાવતું પોતાનું મકાન તૈયાર કરે:
   (૧) આચાર્યનો ખંડ
   (૨) શિક્ષકોનો ખંડ
   (૩) વિદ્યાર્થીઓનો ખંડ
   (૪) વિદ્યાર્થિનીઓનો ખંડ
   (૫) ગ્રંથાલય
   (૬) જરૂરી વર્ગ-ખંડો
   (૭) કાર્યાલય માટેનો ખંડ;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે તથા અગાઉની જોડાણની શરતોના બાકીના રૂા. ૧,૪૫૦ પુસ્તકો પાછળ ખર્ચવામાં આવે; અને
૩. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એમ. ડી. માણેકે** નોટિસ આપી હતી:

"આથી સેનેટની આ સભા, એમ. એસ. ભગત અને સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ આચાર્ય એમ. ડી. માણેકે રજૂ કર્યો, તેને આચાર્ય એમ. એસ. પંડિતે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૮. સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરત તરફથી જૂન ૧૯૬૪થી બી.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. કૉલેજનું પોતાનું મકાન મે ૧૯૬૬ સુધીમાં તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૨. મેટાલર્જી-લેબોરેટરીને બરાબર સાધન-સજ્જ કરવામાં આવે અને અન્ય જરૂરી સામગ્રી તાકીદે આપવા કરવાની વ્યવસ્થા કરવામાં આવે; અને

૩. જ્યાં સુધી જરૂરી સાધનો ન આવે ત્યાં સુધી જરૂરી પ્રાયોગિક કાર્ય કરવા વિદ્યાર્થીઓને માટે અન્યત્ર વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય ટી. એમ. પરીખે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ ઍન્ડ ટેક્નોલોજી, સૂરતના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય ટી. એમ. પરીખની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ શ્રી. આઈ. એ. મહેતાએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮૯. મ્યુનિસિપલ કમિશનર તરફથી શ્રીમતી નાથીબા હરગોવનદાસ લખમીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૪થી પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ અને દ્વિતીય તથ તૃતીય એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી નાથીબા હરગોવનદાસ લખમીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય અને તૃતીય એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવ :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો જૂન ૧૯૬૪થી કરવામાં આવે :
   (૧) સ્વતંત્ર ીન
   (૨) આસિ. પ્રોફેસર ઑફ ઍનેટોમી
   (૩) આસિ. પ્રોફેસર ઑફ બાયો-કેમિસ્ટ્રી
   (૪) ઈ.એન.ટી. માટે એક પ્રોફેસર કે ઍસોસિયેટ પ્રોફેસર અને એક લેક્ચરર
   (૫) પેડિયાટ્રિક્સ માટે એક પ્રોફેસર કે ઍસોસિયેટ પ્રોફેસર અને એક લેક્ચરર

(૬) ઑપ્થેલ્મોલોજીના એક વ્યાખ્યાતા
(૭) ડર્મેટોલોજી ઍન્ડ વેનેરિયોલોજી માટે એક પ્રોફેસર કે ઍસોસિયેટ પ્રોફેસર અને એક લેક્ચરર
(૮) ડેન્ટિસ્ટ્રીના એક લેક્ચરર
(૯) નોન-ક્લિનિકલ સ્ટાફ — પેથોલોજી, ફાર્માકોલોજી, પ્રીવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન અને ફોરેન્સિક મેડિસિન માટે નિયમ અનુસાર નિમણૂક કરવામાં આવે.

૨. કૉલેજનું પોતાનું મકાન સંપૂર્ણ સગવડવાળું તૈયાર થાય ત્યાં સુધી પોસ્ટ-ગ્રેજ્યુએટ વિભાગમાં જરૂરી વ્યવસ્થા કરવામાં આવે;

૩. ફાર્માકોલોજી, પેથોલોજી, પ્રીવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન અને ફોરેન્સિક મેડિસિન વગેરે માટે યાદી પ્રમાણેનાં સાધનો વસાવવામાં આવે;

૪. ઓટો-રિહ્નો લેરિંગોલોજી, ડર્મેટોલોજી ઍન્ડ વેનેરિયોલોજી, પેડિયાટ્રિક્સ અને ઑપ્થેલ્મોલોજી તથા ડેન્ટિસ્ટ્રીના વિષયો માટે જરૂરી પથારીઓ માટે વ્યવસ્થા કરવામાં આવે;

૫. દ્વિતીય અને તૃતીય વર્ષ એ પ્રત્યેકને માટે રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે (કુલ રૂ. ૧૦,૦૦૦);

૬. પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ પુસ્તકો અને સામયિકો પરત્વે કરવામાં આવે; અને

૭ આચાર્ય અને ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંગત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **આચાર્ય એ. ડી. જોસેફે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, શ્રીમતી નાથીબા હરગોવનદાસ લખમીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ. તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

આચાર્ય એ. ડી. જોસેફની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ ડૉ. એમ. ડી. પટેલે રજૂ કર્યો, તેને શ્રી. મગનભાઈ દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૪થી પ્રથમ વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ; અને દ્વિતીય વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૬૪ સુધીનાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ વર્ષ બી.ડી.એસ.નો

અભ્યાસક્રમ શીખવવા માં તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ બી.ડી.એસ.નો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષક વર્ગની નિમણૂક કરવામાં આવે :

પ્રથમ વર્ષ બી.ડી.એસ. માટે

(૧) પ્રોસ્થોડોન્ટિક્સના પ્રાધ્યાપક
(૨) પ્રોસ્થોડોન્ટિક્સના વ્યાખ્યાતા;
(૩) ડેન્ટલ એનેટોમી અને ફિઝિયોલોજીના વ્યાખ્યાતા
(૪) ફિઝિયોલોજીના અર્ધ સામયિક વ્યાખ્યાતા.

દ્વિતીય વર્ષ બી.ડી.એસ. માટે

(૧) જનરલ એન્ડ ડેન્ટલ ફાર્માકોલોજી એન્ડ થેરાપ્યુટિક્સમાં એક વ્યાખ્યાતા અને એક જુનિયર વ્યાખ્યાતા
(૨) જનરલ પેથોલોજી એન્ડ બેક્ટેરિયોલોજીમાં એક વ્યાખ્યાતા અને એક જુનિયર વ્યાખ્યાતા
(૩) ડેન્ટલ પ્રોસ્થેટિક્સમાં બે જુનિયર વ્યાખ્યાતા
(૪) ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રીમાં એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા અને બે જુનિયર વ્યાખ્યાતા
(૫) પિરિયોડોન્શિયા એન્ડ પ્રીવેન્ટિવ ડેન્ટિસ્ટ્રીના એક વ્યાખ્યાતા અને એક ડેન્ટલ સર્જન
(૬) પિરિયોડોન્શિયાના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા
(૭) ઓર્થોડોન્શિયાના એક વ્યાખ્યાતા, એક જુનિયર વ્યાખ્યાતા અને એક ડેન્ટલ સર્જન; અને
(૮) ઓરલ સર્જરીના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા;

૨. દ્વિતીય વર્ષ બી.ડી.એસ.ના વર્ગ માટે વધુ બેઠની વ્યવસ્થા કરવામાં આવે;
૩. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૪. કૉલેજના અલાયદા મકાનની વ્યવસ્થા જૂન ૧૯૬૫ સુધીમાં કરવામાં આવે;
૫. જરૂરી પ્રાયોગિક સાધનસામગ્રી ખરીદવામાં આવે અને પ્રયોગશાળામાં ગોઠવવામાં આવે;
૬. ગ્રંથાલય માટે ગયા વર્ષની બાકીની રકમ રૂા. ૫,૦૦૦ ખર્ચવામાં આવે અને ચાલુ વર્ષ માટે રૂા. ૧૦,૦૦૦ ખર્ચવામાં આવે; અને
૭. ડીન તેમ જ સ્ટાફના સભ્યો માટે કૉલેજના પટાંગણમાં રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની **ડૉ. એમ. ડી. પટેલે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે અને ઍકેડેમિક કાઉન્સિલે તેની ભલામણમાં સૂચવેલી શરતોનું પરિપાલન થયેથી, સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ તથા વધારાનું જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ઉપરનો ઠરાવ ડૉ. એમ. ડી. પટેલે રજૂ કર્યો, તેને આચાર્ય બી. જી. વૈદ્યે ટેકો આપ્યો.
તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૧. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ તરફથી જૂન ૧૯૬૪થી બી.એસસી. (એગ્રિકલ્ચર)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢને બી.એસસી. (એગ્રિ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

સિન્ડિકેટ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની ડૉ. **સી. સી. શાહે** નોટિસ આપી હતી :

"આથી સેનેટની આ સભા, એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢના જોડાણ અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સ્વીકારે છે, અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સદરહુ અભ્યાસક્રમ, તેમાં જણાવેલ સમય સુધી શીખવવા માટે સદરહુ કૉલેજને ચાલુ જોડાણ આપવામાં આવે, એમ રાજ્ય સરકારને ભલામણ કરે છે."

ડૉ. સી. સી. શાહની ગેરહાજરીમાં ઉપરનો ઠરાવ આચાર્ય જે. બી. સાવિડેએ રજૂ કર્યો, તેને આચાર્ય કે. વી. દેસાઈએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં, તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૯૨. નીચે જણાવેલ કૉલેજોના જોડાણ અંગે આવેલી અરજીઓ તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની પેટાકલમ (૨) તથા (૪) પ્રમાણે તે ઉપર શ્રી. રજિસ્ટ્રારે લીધેલાં પગલાં બાબતના મજકૂર ધારાની પેટાકલમ (૪) મુજબ શ્રી. રજિસ્ટ્રારે કરેલ રિપોર્ટ (જાણ સારુ) :

ક્રમાંક	કૉલેજનું નામ	જોડાણ માટેના વિષયો
(૧)	કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ ...	તૃતીય વર્ષ બી.એસસી. (એગ્રિ.) પદવી પરીક્ષાનું વધારાનું જોડાણ (તા. ૧૫–૬–૧૯૬૩થી તા. ૧૪–૬–૧૯૬૪)
(૨)	શ્રી. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર ...	દ્વિતીય અને તૃતીય વર્ષ એમ.બી., બી.એસ. પરીક્ષાનું ચાલુ જોડાણ (તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૬)
(૩)	શ્રી. બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત ...	બી.એસસી. (ગૌણ)માં ગણિતશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૫)
(૪)	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ ...	બી.એસસી. (મુખ્ય)માં કીટાણુશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫–૬–૧૯૬૪થી તા. ૧૪–૬–૧૯૬૫)

ક્રમાંક કૉલેજનું નામ		જોડાણ માટેના વિષયો
(૫) કામાણી સાયન્સ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	...	બી.એ. (સ્પે.) માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (જન.)માં રાજ્યશાસ્ત્ર; તથા બી.એસસી. (મુખ્ય)માં રસાયણશાસ્ત્ર અને બી.એસસી. (ગૌણ)માં ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫)
(૬) આર. આર. લાલન કૉલેજ, ભૂજ	...	બી.એ. (જન.)માં માનસશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (મુખ્ય) રસાયણશાસ્ત્ર, તથા બી.એસસી. (ગૌણ)-માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૪થી તા. ૧૪-૬-૧૯૬૫)
(૭) ગુજરાત કૉલેજ, અમદાવાદ	...	બી.એ. (સ્પે.) સમાજશાસ્ત્રનું વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૩થી તા. ૧૪-૬-૧૯૬૫)
